આચાર્ય રવિષેણના પદ્મપુરાણ પર આધારિત

# રામ કહાની

**"ધર્મ કરત સંસાર સુખ, ધર્મ કરત નિર્વાણ,**
**ધર્મ પંથ સાધે બિના, નર તિર્યંચ સમાન."**

સાંસારિક સુખને પ્રાપ્ત કરાવવાવાળો પણ ધર્મ જ છે અને ધર્મથી મુક્તિની પ્રાપ્તિ પણ થાય છે, તેથી દરેક જીવે પોતાનું જીવન ધર્મમય બનાવવું જોઈએ .

જે વ્યક્તિ ધર્મનાં માર્ગે ચાલતો નથી, તે મનુષ્ય થઈને પણ પશુ સમાન જ છે. મનુષ્ય અને પશુનાં જીવનમાં એકમાત્ર ધર્મનું જ તો અંતર (ફરક) છે. ખાવું - પીવું (ભોજન-પાણી) અને વિષય-વાસના તો મનુષ્ય અને પશુમાં સરખી જ જોવા મળે છે, એક ધર્માચરણ જ એવું છે કે જે પશુઓનાં જીવનમાં જોવા મળતું નથી.

ગુરુજી ધારાપ્રવાહથી બોલી રહ્યાં હતાં અને વચ્ચે જ અટકાવીને નમ્રતાથી વિનય બોલ્યો - "ગુરુજી ! એવું કેવી રીતે હોઈ શકે કે જે ધર્મ મુક્તિની પ્રાપ્તિનું કારણ છે તે જ ધર્મ સાંસારિક સુખની પ્રાપ્તિ પણ કરાવે, કેમકે સંસાર અને મોક્ષ તો પરસ્પર વિરોધી છે ને ?

અત્યંત નમ્રતાથી પૂછવામાં આવેલ વિનયનો પ્રશ્ન સાંભળીને પ્રવચનકાર ગુરુજી બોલ્યા - "તમે સાચું જ કહો છો કે સંસાર અને મોક્ષ પરસ્પર વિરોધી છે, તેથી તેનાં કારણ પણ જુદાંજુદાં હોવા જોઈએ. અને ખરેખર, બંનેનાં કારણો પણ અલગ-અલગ છે, સંસારસુખનું કારણ શુભભાવરૂપ પુણ્ય છે અને મુક્તિનું કારણ વીતરાગભાવરૂપ (શુદ્ધભાવ) રૂપ ધર્મ છે. શુદ્ધભાવરૂપ વીતરાગભાવ તો ધર્મ છે જ, પરંતુ શુભભાવરૂપ પુણ્યભાવને પણ વ્યવહારથી ધર્મ કહી દેવામાં આવે છે. તેથી જ્યાં ધર્મનું ફળ સાંસારિક સુખને કહેવામાં

આવે, ત્યાં ધર્મનો અર્થ પુણ્યભાવરૂપ શુભભાવ જાણવો જોઈએ, તથા જ્યાં ધર્મને મુક્તિનું કારણ બતાવવામાં આવે, ત્યાં શબ્દનો અર્થ શુદ્ધભાવરૂપ વીતરાગભાવ સમજવો જોઈએ. જ્ઞાની ધર્માત્માઓનાં જીવનમાં યથાયોગ્ય બંને પ્રકારના ધર્મભાવ જોવા મળે છે અને હોવા પણ જોઈએ.

જોકે, આ સંસાર તો દુઃખમય જ છે, તેમાં રહેવાવાળા મોટાભાગનાં જીવો પણ દુઃખી જ છે, તેમ છતાં આત્માનુભવી જ્ઞાનીજન તેનાથી વિરક્ત જ રહે છે. આ સંસારમાં રોકાવા યોગ્ય કાંઈ છે પણ નહીં.

અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓ તો બધાનાં જીવનમાં આવે જ છે. જ્ઞાની ધર્માત્માઓનાં જીવનમાં પણ અનુકૂળતાઓની જેમ પ્રતિકૂળતાઓ પણ આવે જ છે, પરંતુ તેઓ કોઇપણ સ્થિતિમાં પોતાનું ધૈર્ય ખોતાં નથી. આ જ તો જ્ઞાની અને અજ્ઞાનીનાં જીવનમાં મુખ્ય અંતર છે.

**સુખ-દુઃખ અર જીવન - મરણ, હર કોઉ કે હોય,**
**જ્ઞાની ભોગે જ્ઞાન સે, મૂરખ ભોગે રોય.**

**સુખ-દુઃખ કોનાં જીવનમાં નથી હોતા ? ખરાબ દિવસો કોઇને પણ આવી શકે છે, અજ્ઞાની વ્યક્તિ જે વિષય - પરિસ્થિતિઓથી ગભરાઇને પોતાનું સંતુલન ખોઇ બેસે છે, જ્ઞાનીજન તે જ સ્થિતિમાં પ્રેરણા મેળવે છે અને ધર્મનાં માર્ગે ચાલવાનો દ્રઢ સંકલ્પ કરે છે તથા બીજાને પણ એ જ પ્રેરણા આપે છે. અરે, જેમણે તેમને સંકટમાં મૂક્યા હોય તેમનું પણ તેઓ ભલું ઈચ્છે છે, તેમને પણ ધર્મમાર્ગ પર સ્થિર રહેવાની પ્રેરણા આપે છે.**

જ્યારે ગર્ભવતી સીતાને સેનાપતિ કૃતાંતવક્ર શ્રીરામનાં આદેશથી ભયાનક જંગલમાં એકલાં છોડી દે છે ત્યારે પૂછે છે કે હે માતા! શું આપને શ્રીરામને કોઈ સંદેશ આપવો છે ? ત્યારે જ્ઞાની ધર્માત્મા સીતા એક જ વાત કહે છે કે હે સેનાપતિ ! તમે મહારાજ શ્રીરામને માત્ર એટલું જ કહેજો કે જેવી રીતે લોકાપવાદનાં ભયથી મારો ત્યાગ કર્યો તેવી રીતે લોકાપવાદનાં ભયથી ધર્મને છોડતાં નહીં. કેમ કે, મને છોડવાથી કોઈ મોટું નુકસાન થવાનું નથી, પરંતુ જો ધર્મને છોડી દીધો તો ભવ - ભવમાં અનંત દુઃખ ઉઠાવવું પડશે.

લોકમાં સાચા ધર્મની નિંદા કરવાવાળાં પણ ઓછાં નથી. લોકાપવાદથી ડરવું તો સારું છે, પરંતુ એટલું બધું ન ડરવું જોઈએ કે જ્યાં ન્યાય -

અન્યાય નું પણ ધ્યાન ન રહે.

જુઓ, ધર્માત્મા સીતાએ આટલાં મોટા મુશ્કેલીનાં પ્રસંગમાં પણ ધીરજ ન છોડી, પોતાનું સંતુલન કાયમ રાખ્યું, તેથી જ તો તેઓ આટલી મોટી મુસીબતનો સામનો કરી શક્યા. **સર્વત્ર સંતુલન જ શ્રેષ્ઠ છે, આવશ્યક છે.**

ગુરુજી બોલી રહ્યાં હતાં અને વિનયવાન વિનય બોલ્યો - 'એ સીતા કોણ હતાં ? શ્રીરામ કોણ હતાં ? તેમણે સીતાને કેમ છોડી દીધાં હતાં ?

'અરે, તમને રામકહાની પણ ખબર નથી ! રામકહાની જાણવા માટે આચાર્ય રવિષેણકૃત પદ્મપુરાણ વાંચવું જોઈએ. પદ્મપુરાણ મૂળ તો સંસ્કૃત ભાષામાં છે. જેને કદાચ જ તમે ભણી શકો, પરંતુ પંડિત દૌલતરામ કાસલીવાલે તેનો હિન્દી અનુવાદ કર્યો છે, તે વાંચીને તમે તમારા પ્રશ્નોનું સમાધાન કરી શકો છો.'

ગુરુજીની આ વાત સાંભળીને બધા શ્રોતા એકીસાથે બોલ્યા - 'ગુરુજી! આપ જ અમને રામકહાની સંભળાવો ને !

ગુરુજી કહેવા લાગ્યાં કે 'રામકહાની એટલી નાની થોડી છે કે એક દિવસમાં સંભળાવી દેવાય, તેના માટે તો ઘણાં દિવસો લાગે, જો તમે બધાં રોજ આવો તો...

બધા એકીસાથે બોલ્યા - "અમે રોજ આવીશું, તમે સંભળાવો તો ખરા !" ચોક્કસ સંભળાવીશ, પરંતુ કાલથી. કાલથી બધા સમયસર આવી જજો, કેમકે એક જ વાત ને હું ફરી-ફરી નહીં કહું. આમ કહીને ગુરુજી જતાં રહ્યાં અને શ્રોતા પણ શ્રી રામકહાની સાંભળવાના ભાવ સાથે પોતપોતાના ઘરે ગયાં.

# પ્રથમ દિવસ

સવારે જ્યારે ગુરુજી પધાર્યા ત્યારે તેમણે આવતાંવેંત જ કહ્યું કે ધ્યાનથી સાંભળો, હવે અમે રામકથા શરૂ કરીએ છીએ. એ તો તમે સૌ જાણતાં જ હશો કે ત્રેસઠશલાકા મહાપુરુષોમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બલભદ્ર, ૯ નારાયણ તથા ૯ પ્રતિનારાયણ હોય છે.

બલભદ્ર અને નારાયણ ભાઈ - ભાઈ જ હોય છે. તથા પ્રતિનારાયણ ત્રણખંડનાં માલિક અર્ધચક્રવર્તી સમ્રાટ હોય છે. અર્ધચક્રવર્તી સમ્રાટ પ્રતિનારાયણને યુદ્ધમાં હરાવીને નારાયણ અર્ધચક્રવર્તી સમ્રાટ બને છે. આ શાશ્વત નિયમ છે. રામ, લક્ષ્મણ અને રાવણ ભરતક્ષેત્રનાં આ અવસર્પિણી કાળનાં ૮ મા બલભદ્ર, ૮ મા નારાયણ અને ૮ મા પ્રતિનારાયણ હતા.

વીસમા તીર્થંકર મુનિસુવ્રતનાથનાં કાળમાં ઉત્પન્ન રામ અને લક્ષ્મણ અયોધ્યાનાં ઇક્ષ્વાકુવંશી અર્થાત સૂર્યવંશી રાજા દશરથનાં પુત્ર હતાં. તેમનાં વંશનું નામ રઘુવંશ, રાજા દશરથનાં દાદા અતિશય પરાક્રમી રાજા રઘુનાં નામ પરથી પડયું. રાજા રઘુનાં પુત્રનું નામ અનરણ્ય પડયું કેમકે તેણે નગરજનોનાં રહેઠાણ બનાવીને દેશને વનથી રહિત કરી દીધું હતું. રાજા અનરણ્યને બે પુત્ર હતાં - અનંતરથ અને દશરથ.

એક દિવસ રાજા અનરણ્ય મહેલમાં બેઠા હતાં. ત્યારે દૂતે આવીને સૂચના આપી કે આપનાં મિત્ર રાજા સહસ્ત્રરશ્મિ રાવણથી હારીને વૈરાગ્ય પામ્યાં છે અને હવે દીક્ષા લઈ રહ્યાં છે. તથા આપને આપેલ વચન પ્રમાણે, દીક્ષા લેતાં પહેલાં તેમણે આપની પાસે આ સૂચના મોકલી છે.

મિત્રનાં વૈરાગ્યનાં સમાચાર સાંભળીને અનરણ્ય રાજા પણ દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયા તથા પોતાનાં મોટાં પુત્ર અનંતરથને બોલાવીને કહ્યું કે હું આ દુ:ખમય સંસારથી પાર ઉતારવા માટે મુનિવ્રત લેવા માંગું છું. તેથી હવે તમે રાજ્ય સંભાળો તથા એ સિવાય તમારે બીજી કોઈ ઇચ્છા હોય તો પણ કહો.

આ સાંભળીને વૈરાગ્યચિત્ત અનંતરથ બોલ્યાં - **"શું કહ્યું આપે ? કોઈ અન્ય ઈચ્છા ? ઈચ્છાઓનું તો શું કહેવું ? ઝડપી વિમાન પણ ક્યાંક ને ક્યાંક તો રોકાય છે, કલ્પનાની પણ કોઈ સીમા હોય જ છે, સ્વપ્ન પણ જાગૃત અવસ્થામાં પોતાની ગતિ બંધ કરી લે છે, વિચાર શૃંખલા પણ કોઈ એક કેન્દ્રબિંદુએ અટકી જાય છે, પરંતુ ઇચ્છાઓનો તો કોઈ અંત જ નથી. ઈચ્છા ન તો રોકાય છે, ન તો પોતાની ગતિ બંધ કરે છે, ન તો તૃપ્ત થાય છે, પરંતુ સમયે - સમયે તે વધતી જ જાય છે. એક ઈચ્છા પૂરી થઈ નથી કે બીજી ઉત્પન્ન થઈ જાય છે. તેથી હવે હું પણ આપની સાથે એ જ માર્ગ આગળ વધવા ઈચ્છું છું કે જ્યાં ઈચ્છા ઉત્પન્ન જ ન થાય."**

રાજા અનરણ્ય દ્વારા ઘણું સમજાવવા છતાં પણ જ્યારે યુવરાજ અનંતરથ પોતાના નિર્ણય પર અડગ રહ્યાં, ત્યારે રાજ્યલક્ષ્મીથી અત્યંત નિઃસ્પૃહ રાજા અનરણ્યે પોતાનાં ૧ મહિનાનાં પુત્ર દશરથને રાજલક્ષ્મી સોંપીને મોટા પુત્ર અનંતરથ ની સાથે અભયસેન મુનિની પાસે જઇને દિગંબરી દીક્ષા લીધી. એ તો સાચું જ છે કે, સંસારથી ઉદાસ, વૈરાગ્ય - પ્રવૃત્તિવાળા નિર્મોહી વ્યક્તિઓની વૃત્તિ એવી અદ્દ્ભુત જ હોય છે.

રાજા અનરણ્યે મુનિ બનીને ઘોર તપસ્યા કરી, અને બધાં કર્મોનો નાશ કરીને મુક્તિસુંદરીને પ્રાપ્ત કરી ત્યારે તેમનાં મોટાંપુત્ર મુનિ બનીને પૃથ્વી પર વિહાર કરવા લાગ્યાં. કલેશરહિત ૨૨ પરીષહ નું પાલન કરવાથી તેઓ 'અનંતવીર્ય' નાં નામે જાણીતાં થયાં. થોડા સમય પછી તેમણે પણ મોક્ષ પ્રાપ્ત કર્યો તથા તેમનાં નાના ભાઈ રાજા દશરથ માતાની દેખરેખમાં મોટાં થઈને (ઉછરીને) સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યા.

રાજા દશરથે ચાર લગ્ન કર્યા. તેમની પત્નીઓનાં નામ આ પ્રમાણે હતાં - અપરાજિતા (કૌશલ્યા), સુમિત્રા, કૈકેયી અને સુપ્રભા, જેમનાંથી રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન - આ ચાર પુત્ર ની ઉત્પત્તિ થઇ.

સમ્યગ્દ્રષ્ટિ પરમ વૈભવશાળી રાજા દશરથ પોતાનાં રાજ્યને તણખલાં સમાન તુચ્છ માનતાં હતાં. ધાર્મિક પ્રવૃત્તિવાળા રાજા દશરથે ઘણાં નવીન મંદિર બનાવ્યાં, જૂનાં મંદિરોનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

એકવાર જ્યારે રાજા દશરથ રાજ્યસભામાં તત્વચર્ચા કરી રહ્યાં હતાં ત્યારે નારદજી આવ્યાં અને એકાંતમાં જણાવ્યું કે ત્રણખંડનાં સમ્રાટ અર્ધચક્રી દશાનનને સાગરબુદ્ધિ નામનાં નિમિત્તજ્ઞાનીએ બતાવ્યું છે કે તેમનું મૃત્યુ દશરથનાં પુત્ર તથા જનકની પુત્રીનાં નિમિત્તથી થશે, જે સાંભળીને દશાનન ચિંતામાં પડી ગયો છે. અર્ધચક્રી દશાનન ને ચિંતિત જોઈને તેમનાં નાના ભાઈ વિભીષણે તેમને આશ્વાસન આપ્યું છે કે તમે ચિંતા ન કરો. હું એ બંને ને પુત્ર - પુત્રી થતાં પહેલાં જ મારી નાંખીશ, પછી વાંસ પણ નહીં રહે અને બાંસુરી પણ નહીં રહે.

તમારાં બંનેનાં કુલ - રૂપાદિ લક્ષણોથી અપરિચિત વિભીષણ ઘણાં સમયથી બધાં રાજ્યોમાં ફરી રહ્યો છે, તથા ઈચ્છાનુસાર વેશ બદલનારા પોતાનાં કુશળ જાસૂસોને પણ તમને બંનેને શોધવા માટે મોકલ્યાં છે, પરંતુ હજી સુધી તમારાં બંનેની ઓળખાણ તેમને થઈ શકી નથી. તેથી મને ભ્રમણશીલ જાણીને તેઓએ પૂછ્યું કે શું તમે આ પૃથ્વી પર દશરથ અને જનક નામનાં કોઇ બે વ્યક્તિઓને જાણો છો ? તેમનો ખોટો અભિપ્રાય સમજીને મેં તેમને કહ્યું કે હું તમને શોધીને બતાવીશ. આ વિભીષણ જ્યાં સુધી તમારા વિષે કોઈ ઓળખાણ ન મેળવી લે ત્યાં સુધી તમે પોતાની જાતને સંતાડીને ગુપ્તરૂપે રહેવા લાગો.

આ પ્રમાણે રાજા દશરથને સતર્ક કર્યા પછી નારદ રાજા જનક પાસે ગયા તથા તેમને પણ ઉપર પ્રમાણેનાં સમાચાર આપીને સતર્ક કરી દીધાં.

રાજા દશરથે પોતાનાં વિશ્વાસુ સ્વામીભક્ત્ત સમુદ્રહૃદય નામનાં મંત્રીને બોલાવ્યા અને આખી ઘટના બતાવી.

ગંભીર સમુદ્રહૃદય કંઇક વિચારીને બોલ્યાં કે આપ કોઈ ઓળખી ન શકે એ પ્રમાણે વેશ બદલીને આ ધરતી પર રહો, બાકીની વ્યવસ્થા હું સંભાળી લઇશ.

રાજ્યભાર વિશ્વાસુ મંત્રી ને સોંપીને રાજા તો નગરની બહાર જતાં રહ્યાં અને મંત્રીએ રાજાનાં રૂપ - આકાર નું એક જીવતું લાગે એવું પૂતળું બનાવ્યું. તેની અંદર લાખનો રસ વગેરે ભરાવીને લોહીની રચના કરી તથા તે પૂતળાને રાજાની જેમ જ સિંહાસન પર બેસાડી દીધું. દૂરથી જોવાથી તો તે

પૂતળું દશરથ જેવું જ લાગતું હતું. તેથી કોઈને જરા પણ શંકા ન થઈ.

રાજા જનકનાં મંત્રીએ પણ આમ જ કર્યું. સંસારની સ્થિતિનાં જાણકાર બંને રાજાઓ પૃથ્વી પર છૂપાતાં - છૂપાતાં સામાન્ય પ્રજાની જેમ ભટકતાં - રખડતાં રહ્યાં.

આ સાંભળીને તાર્કિકપ્રકૃતિવાળો અનુરાગ બોલ્યો - 'ગુરુજી! રાજા દશરથ અને જનકને છૂપાવવાની શું જરૂરત પડી ? તેઓ તો રાજા હતાં, દુશ્મનોનો સામનો કરી શકતાં હતાં, વળી, અહીં તો શત્રુની સેના તો હતી જ નહીં, માત્ર જાસૂસ જ હતાં કે જેમને એ પણ ખબર ન હતી કે જેમને મારવાનું આ કાર્ય સોંપવામાં આવ્યું છે તે રાજા છે કે સામાન્ય પ્રજામાંથી બે વ્યક્તિ ? તો પછી રાજા દશરથ અને જનકે પોતાની સુરક્ષાની વ્યવસ્થા કડક બનાવવાની જગ્યાએ વેશ બદલીને નગરની બહાર રહેવાનું કેમ યોગ્ય માન્યું ?'

ગુરુજી બોલ્યાં - 'તમારી શંકા યોગ્ય જ છે કેમકે વીરનો ધર્મ તો યુદ્ધભૂમિમાં હિંમતથી સામનો કરવાનો છે, ભાગી ને સંતાવવાનો નહીં. પરંતુ રાજા દશરથ તથા જનક પોતાની તથા દશાનનની શક્તિને સારી રીતે જાણતાં હતાં. તેઓ જાણતાં હતાં કે દશાનન અર્ધચક્રી સમ્રાટ છે. ત્રણખંડનાં મોટાં - મોટાં શક્તિશાળી ભૂમિગોચરી અને વિદ્યાધર રાજાઓ તેમને આધીન છે. તેમનાં પિતા અનરણ્યનાં પરમમિત્ર બળવાન સહસ્ત્રરશ્મિને હરાવીને પોતાને આધીન કર્યા છે. તેથી તેમણે એ જ યોગ્ય સમજ્યું કેમ કે, **પોતાનાથી શક્તિશાળી વ્યક્તિ સાથે વગરવિચાર્યે યુદ્ધમાં ઉતરવું તે સમજદારીનું કામ નથી.**

શત્રુનાં જેવી જો પોતાનામાં શક્તિ ન હોય તો યુક્તિથી પ્રાણની રક્ષા કરવી તેમાં જ બુદ્ધિમાની છે. આ સમયે સામનો કરવાથી તેમનાં જીવનું તો જોખમ હતું જ, વળી, વ્યર્થમાં બંન્ને બાજુની સેનાનો નાશ થાત. ધર્માત્મા દશરથ અને જનકને અકારણ માણસોનો સંહાર યોગ્ય ન લાગ્યો તથા તેમણે પોતાનાં બુદ્ધિમાન મંત્રીઓની સલાહ માનીને જે કાંઈ કર્યું, યોગ્ય જ કર્યું.

મુશ્કેલી કોનાં પર નથી આવતી. મોટાંમોટાં સમ્રાટોને પણ સંતાઈને

પોતાનાં જીવનની રક્ષા કરવી પડે છે. ધિક્કાર છે આ જીવનને! - કહેતાં ગુરુજી એકદમ ગંભીર થઈ ગયાં.

ગુરુજીને મૌન જોઈને એક શ્રોતા બોલ્યો - એ પછી શું થયું ગુરુજી ?

ગંભીર ગુરુજીએ ધીરેથી કહ્યું - હવે કાલે. આ પ્રમાણે પ્રથમ દિવસની સભા સમાપ્ત થઈ અને સૌ પોતપોતાનાં ઘરે જતાં રહ્યાં.

# દ્વિતીય દિવસ

બીજા દિવસે કથાને આગળ વધારતાં ગુરુજીએ કહ્યું કે જ્યારે વિદ્યુતવિલસિત નામનાં વિદ્યાઘરનાં માધ્યમથી લંકાધિપતિ દશાનનનાં ભાઈ વિભીષણને એ ખબર પડી કે તેમના આદેશ અનુસાર દશરથ અને જનકની હત્યા કરવામાં આવી છે, તો તે ભાઈ પ્રત્યેનાં પ્રેમવશ કરેલાં આ દષ્કૃત્ય પર પણ પોતાને કૃતકૃત્ય માનીને લંકા પાછાં જતાં રહ્યાં.

કેટલાંક દિવસ પછી વિવેક જાગૃત થતાં, ક્રોધમાં કરાવવામાં આવેલ આ મનુષ્યની હત્યાના હલકાં કાર્ય પર વિભીષણને પશ્ચાતાપ થવા લાગ્યો. **સાચું જ કહ્યું છે કે, વિચાર કર્યા વિના કામ કરનારને છેવટે તો પસ્તાવાનો જ વારો આવે છે. કહ્યું પણ છે કે ક્રોધમાં માણસ આંધળો થઈ જાય છે. તે વખતે તે એવી ભૂલો કરી બેસે છે કે જેનું પ્રાયશ્ચિત લેવું અનિવાર્ય થઈ જાય છે.**

વિભીષણ મનમાં વિચારે છે કે - 'ભાઈનાં પ્રેમવેશ મેં તે બંનેને વ્યર્થ જ મારી નંખાવ્યા. શું ક્યારેય સિંહને પણ ગાયથી ખતરો હોઈ શકે ? શું કીડી ક્યારેય હાથીનો સામનો કરી શકે ? ના, તો પછી આ બધું શા માટે ? કયાં બિચારાં તે અલ્પશક્તિનાં ધારક ભૂમિગોચરી અને ક્યાં પાતાળમાં સ્થિત ચારેય બાજુ થી સુરક્ષિત અલંકારોદયમાં વસેલાં, અનેક વિદ્યાઓથી સહિત વિદ્યાધર! ક્યાં અમારો ભાઈ અર્ધચક્રી રાજા દશાનન અને કયાં તેમની જ રાજ્યસીમામાં આવવાવાળા, તેમની જ કૃપા પર જીવવાવાળાં તે નાનાં-નાનાં રાજાઓ! - કોઈ સરખામણી જ ન કરી શકાય એ બંનેમાં. પરંતુ હવે હું શું કરી શકું, કેમકે **હાથથી નીકળેલું તીર, મુખમાંથી નીકળેલા શબ્દ, અને વીતેલો સમય કયારેય પાછો આવતો નથી. ભૂતકાળ પાછો આવી શકતો નથી, પરંતુ તેમાંથી જરૂર શીખી શકાય છે.**

તેથી હું સંકલ્પ કરું છું કે ભવિષ્યમાં કયારેય નિર્દોષ પ્રાણીની હત્યા નહીં કરું, કોઈને અન્યાય નહીં કરું, તથા એવા કોઈ કાર્યની અનુમોદના કરીશ નહીં કે જે નીતિથી વિરુધ્ધ હોય.

**નીતિ અને ન્યાયમાર્ગે ચાલનાર શત્રુને પણ મારા માટે ભાઈ**

**સમાન જ ગણીશ તથા કદાચિત મારો ભાઈ અનીતિ - અન્યાયને માર્ગે હશે તો મારા માટે શત્રુ સમાન જ હશે.**

આ પ્રમાણે મનમાં દ્રઢ નિશ્ચય કરીને ઉદ્વિગ્ન મનને શાંત કરવા માટે વિભીષણ જિનમંદિર જઈને સ્વાધ્યાય કરવા લાગ્યા.

આ સાંભળીને કંઈક વિચારતાં અનુરાગ બોલ્યો - "ગુરુજી ! તો શું રાજા દશરથ અને જનકનાં મંત્રીઓની યોજના સફળ ન થઈ ? શું તેઓ ઓળખાઈ ગયાં ? વિભીષણનાં જાસૂસોએ મારી નાખ્યાં ?

'ના, એમ નથી' - ગુરુજી બોલ્યાં - 'રાજા દશરથ અને જનક તો સકુશલ હતાં, તેમના મંત્રીઓની યોજના ૧૦૦ ટકા સફળ રહી. વિભીષણનાં ગુપ્તચરોએ રાજા દશરથ અને જનકનાં પૂતળાંને મારીને એમ સમજ્યું કે ખરેખર રાજા દશરથ અને જનક જ મૃત્યુ પામ્યાં. તેમણે આ સમાચાર વિભીષણને આપ્યાં.

રાજા દશરથ અને જનકનાં મહેલમાં રોકકળ મચી ગઈ તેથી વિભિષણ અને જાસૂસોને પોતાનાં કાર્યની સફળતાનો વિશ્વાસ થયો અને તેઓ તુરંત જ લંકા પાછાં ફર્યા. મહેલમાં જ્યારે મંત્રીઓ દ્વારા રાણીઓને ખબર પડી કે રાજા દશરથ અને જનક તો સકુશલ છે, પૂતળાંને મારવામાં આવ્યાં હતાં - એમ જાણીને તેઓ પણ શાંત થઈ ગઇ.

રાવણની વાર્તા વિસ્તારથી જાણવામાં ઇચ્છુક વિનયે પૂછ્યું - 'ગુરુજી ! અર્ધચક્રી દશાનન કયા વંશનાં હતાં ? તેમણે ત્રણખંડને કેવીરીતે જીત્યાં ? તેઓ રાવણ કેમ કહેવાયાં ? મહેરબાની કરીને તેમનો પરિચય અમને વિસ્તારથી આપો.

ગુરુજી કહેવા લાગ્યાં - દશાનનનાં પૂર્વજો પાસે લંકા અને અલંકારોદય (પાતાળલંકા) બીજા તીર્થંકર અજીતનાથનાં સમયથી હતી.

એક સમયની વાત છે, પૂર્વજો દ્વારા ચાલી આવતાં વેરને લીધે રાજા સહસ્ત્રનયન અને રાજા પૂર્ણમેઘમાં ભયંકર યુદ્ધ થયું. રાજા સહસ્ત્રનયને દ્વિતીય ચક્રવર્તી સમ્રાટ સાગરની મદદથી રાજા પૂર્ણમેઘને યુદ્ધમાં મારીને તેના રાજ્યને જીતી લીધું અને તેના માટે મેઘવાહનને મારવા માટે પીછો કર્યો. પોતાનો

જીવ બચાવવા માટે મેઘવાહન દ્વિતીય તીર્થંકર અજીતનાથનાં સમવશરણમાં જતો રહ્યો. પીછો કરતાં-કરતાં સહસ્ત્રનયન પણ ત્યાં પહોંચ્યો, પરંતુ તીર્થંકર ભગવાનનાં પ્રભાવથી (અતિશય) તેનો વેરભાર દૂર થઈ ગયો અને તેમણે શાંતિપૂર્વક ધર્મશ્રવણ કર્યું.

શત્રુથી ડરેલાં વિદ્યાધર મેઘવાહનને જોઈને ત્યાં ઉપસ્થિત રાક્ષસોનાં ઇન્દ્ર ભીમને જાતિસ્મરણ થયું કે આ મેઘવાહન તો પૂર્વભવમાં મારો પુત્ર હતો, અત્યારે શત્રુથી કમજોર હોવાને લીધે પોતાના રાજ્યવૈભવથી વંચિત થયેલો તે મહાદુ:ખી છે, માટે પૂર્વજન્મનાં પુત્રનાં સ્નેહવશ તેણે દુ:ખ દૂર કરવા માટે મેઘવાહનને રાક્ષસદ્વીપ તથા રત્નમયી હાર આપતાં કહ્યું કે તમે લંકાને પોતાની રાજધાની બનાવો અને શત્રુનો ડર હોવાથી અલંકારોદય (પાતાળલંકા) માં જઈને રહેજો કેમકે ત્યાં શત્રુનો પ્રવેશ દુર્લભ છે. વળી, ભીમે તેમને ઘણી રાક્ષસવિદ્યાઓ પણ આપી. જે લઈને મેઘવાહન ઇચ્છાનુસાર ચાલવાવાળાં 'કામગ' વિમાનમાં બેસીને આકાશમાર્ગે લંકા ગયો.

ત્રિકુટાચલ પર્વતની નીચે વસેલી દક્ષિણ દિશાના આભૂષણસ્વરૂપ લંકાનગરીમાં મેઘવાહને પોતાની રક્ષામાં સમર્થ, રાક્ષસોનાં ઇન્દ્ર ભીમ દ્વારા આપેલી વિદ્યાઓનાં બળથી ઘણાં સમય સુધી સુખપૂર્વક રાજ્ય કર્યા પછી પોતાનાં પુત્ર મહારક્ષને રાજ્ય આપીને દીક્ષા લઈ લીધી.

આ જ વંશમાં ઘણા સમય પછી રાક્ષસ નામનાં પ્રતાપી રાજા થયાં, તેમનાં નામથી આ વંશ રાક્ષસવંશ કહેવાયો.

રાક્ષસવંશી બધા વિદ્યાધર આપણાં જેવાં મનુષ્ય છે, રાક્ષસ નહીં. રાક્ષસદ્વીપનાં રક્ષક હોવાથી ત્યાં રહેવાવાળા બધા વિદ્યાધર રાક્ષસ કહેવાયા. આ બધા વિદ્યાધર માયાવી અને પરાક્રમી હતાં તથા વિદ્યા, બળ અને મહાકાંતિને ધારણ કરનાર હતાં.

રાક્ષસવંશમાં રાજા રાક્ષસ પછી ઘણાં રાજાઓ થયા, જે પોતાનાં પુત્રને રાજ્ય સોંપીને દીક્ષા ધારણ કરતાં રહ્યાં. તેમાંથી કેટલાંક તો પોતાનાં ઉગ્ર તપ દ્વારા મોક્ષ ગયા અને કેટલાંક સર્વાર્થસિદ્ધિ તથા સ્વર્ગાદિ ગયા.

ઘણાં સમય બાદ પાતાળલંકામાં સુકેશ નામનાં રાજા થયા, જેમની

પત્નીનું નામ ઇંદ્રાણી હતું. તેમનાં 3 પુત્ર થયા - માલી, સુમાલી, માલ્યવાન.

ત્રણે યુવાન થતાં તેમનાં પિતાએ કહ્યું કે તમે લોકો રમતાં - રમતાં કિષ્કિંધાપુર જાઓ ત્યારે દક્ષિણમાં આવેલા સમુદ્ર તરફ ન જતાં. તેનું કારણ પૂછતાં રાજા સુકેશ બોલ્યાં કે લંકાપુરી બીજા તીર્થંકર અજિતનાથનાં સમયથી આપણાં વંશમાં ચાલી આવે છે, પરંતુ પછીથી અશનિવેગ અને આપણી વચ્ચે યુદ્ધ થયું. અને તેણે લંકા જીતી લીધી. અત્યારે નિર્ઘાત નામનો અત્યંત ક્રૂર અને બળવાન વિદ્યાધર તેને સાચવે છે. આ સાંભળીને માલીએ ગુસ્સે થઈને નિર્ઘાત પર આક્રમણ કર્યું અને નિર્ઘાતને જીતીને પોતાનાં પરિવાર સહિત સર્વેને લંકામાં બોલાવી લીધાં. એ પછી ત્રણે ભાઈઓએ વિજયાર્દ્ધ પર્વતની બંને શ્રેણીઓને પોતાનાં પરાક્રમથી જીતી.

રાજા સુકેશે કેટલોક સમય સુખપૂર્વક રાજ્ય કર્યું, ત્યારબાદ મોટા પુત્ર માલીને રાજ્ય આપીને મુનિદીક્ષા લઈ લીધી. તેમની સાથે તેમનાં પરમમિત્ર કિષ્કિંધાપુરનાં રાજા કિષ્કિંધ પણ પોતાનાં પુત્ર સૂર્યરજને રાજ્ય આપીને દીક્ષા લઈ લીધી.

રાજા માલીએ કેટલોક સમય સુખપૂર્વક રાજ્ય કર્યું. પરંતુ કેટલાક સમય પછી રાજા ઇંદ્રની સાથે મળીને કેટલાક વિદ્યાધર રાજા માલીની આજ્ઞાનો ભંગ કરવા લાગ્યા.

ઇન્દ્ર વિજયાર્દ્ધ ની દક્ષિણશ્રેણીમાં સ્થિત રથૂનુપુરનાં રાજા સહસ્ત્રારનો દીકરો હતો. તેણે સ્વર્ગનાં દેવોની જેમ જ પોતાની નગરીની રચના કરી હતી. પોતાની પત્નીનું નામ શચી રાખ્યું. હાથીનું નામ ઐરાવત રાખ્યું. ઉર્વશી, મેનકા, રંભા વગેરે નર્તકીઓનાં નામ રાખ્યાં. આ પ્રમાણે મંત્રી, સેનાપતિ, લોકપાલ બધાંની વ્યવસ્થા તથા નામ સ્વર્ગનાં ઇન્દ્ર પ્રમાણે કર્યા. ઘણાં વિદ્યાધર રાજા ઇન્દ્રની સેવામાં લાગ્યા તથા રાજા ઇન્દ્રનાં પીઠબળથી માલીની અવગણના કરવા લાગ્યા. તેથી ગુસ્સે થઈને મહાબળવાન રાજા માલીએ કિષ્કિંધાપુરનાં વાનરવંશીઓને સાથે લઈને રાજા ઇન્દ્ર પર આક્રમણ કરવાની તૈયારી કરી. રાજા માલીએ પોતાને આધીન સમસ્ત વિદ્યાધરોને યુદ્ધમાં જવા માટે આજ્ઞા-પત્ર મોકલ્યાં. તેમાંથી કેટલાંક વિદ્યાધર માલીની સાથે રહ્યાં

તથા કેટલાંક રાજા ઇન્દ્રનાં શરણે ગયાં.

તે પછી દેવો અને રાક્ષસો વચ્ચે ભયાનક યુદ્ધ થયું.

રાજા ઇન્દ્રની સેનાનાં વિદ્યાધરો દેવ કહેવાતાં હતાં તથા રાજા માલીની સેનાનાં વિદ્યાધરો રાક્ષસ કહેવાતાં હતાં. ખરેખર તેઓ દેવ તથા રાક્ષસ ન હતાં પરંતુ બધા વિદ્યાધર આપણાં જેવા મનુષ્યગતિનાં જ જીવ હતાં.

યુદ્ધમાં રાજા ઇન્દ્રએ રાજા માલીને મારી દીધો. શક્તિશાળી રાજા ઇન્દ્ર દ્વારા પોતાનાં ભાઈ રાજા માલીને મરેલો જોઈને તથા પરિસ્થિતિની વિપરીતતા સમજીને નિતિકુશળ સુમાલી સમયસૂચકતા વાપરીને પોતાનાં પરિવાર સહિત પાતાલલંકામાં જતો રહ્યો. તેનાં નાના ભાઈ માલ્યવાને રાજા ઇન્દ્રની સેનાને ત્યાં સુધી રોકીને રાખી જ્યાં સુધી રાક્ષસવંશી તથા વાનરવંશી સેના સુરક્ષિતપણે પાતાલલંકામાં ન પહોંચી. રાજા ઇન્દ્ર શત્રુને જીતીને ગર્વપૂર્વક પિતા પાસે ગયા તથા લંકાનું રાજ્ય વૈશ્રવણ નામનાં રાજાને આપ્યું. આ બાજુ પાતાલલંકામાં રાજા સુમાલીને રત્નશ્રવા નામનો પુત્ર થયો. યુવાન થતાં તે વિદ્યા સાધવા માટે પુષ્પક નામનાં વનમાં ગયો.

કેટલાંક દિવસો પછી રત્નશ્રવાનો નિયમ પૂરો થયો. તેને માનસ્તંભિની વિદ્યા સિદ્ધ થઈ. સિદ્ધોને નમસ્કાર કરીને તેણે પોતાનું ધ્યાન ભંગ કર્યું તો સામે એક સુંદર સ્ત્રીને એકલી બેસેલી જોઈ. રાજાએ પૂછ્યું કે તમે કોણ છો ? તમારું નામ શું છે ? અહીં શું કરી રહ્યાં છો ? ત્યારે તે બોલી - હું રાજા વ્યોમબિંદુની નાની પુત્રી છું. મારું નામ કેકસી છે. મને મારા પિતાએ આપની સેવા માટે મોકલી છે. તેથી આપ મને આપની પત્નીનાં રૂપમાં સ્વીકાર કરો. આ સાંભળીને રત્નશ્રવાએ પોતાની માનસ્તંભિની વિદ્યાનાં બળથી તે જ વનમાં પુષ્પાંતક નામનું નગર વસાવ્યું તથા કેકસી સાથે વિધિપૂર્વક લગ્ન કરીને તે જ નગર માં સુખપૂર્વક રહેવા લાગ્યા.

એક દિવસ કેકસીએ રાત્રિનાં ચોથા પ્રહરમાં ત્રણ સ્વપ્ન જોયાં - (૧) ગર્જના કરતો એક પરમ તેજસ્વી મહાબલવાન સિંહ હાથીઓનાં કુંભસ્થળને ચીરતો આકાશથી પૃથ્વી પર આવીને મુખમાં પ્રવેશીને સમાઈ ગયો. (2) પોતાનાં કિરણોથી અંધકારને દૂર કરનાર સૂર્ય ખોળામાં આવીને બેસી ગયો.

(3) ચાંદની વિખેરતો અને અંધકારને દૂર કરતો પૂનમનો અખંડ ચંદ્રમા.

ઉપરનાં સ્વપ્નોનાં ફળ જ્યારે રાણીએ રાજા ને પૂછ્યાં ત્યારે અષ્ટાંગનાં નિમિત્તોને જાણવાવાળાં રાજાએ તેનું ફળ બતાવતાં કહ્યું કે હે પ્રિયે ! તને ત્રણ પુત્ર થશે. જેની કીર્તિ જગતમાં ફેલાશે. તેઓ ઘણાં પરાક્રમી, કુળને વધારનારા, ઘણાં વૈભવને ભોગવનારાં, પોતાનાં પ્રકાશથી સૂર્યને પણ જીતવાવાળાં, પોતાની કાંતિથી ચંદ્રમાને પણ જીતવાવાળાં, ગંભીરતાથી સમુદ્ર ને પણ જીતવાવાળાં તથા સ્થિરતામાં પર્વતને પણ જીતવાવાળા થશે, જેનું નામ સાંભળવામાત્રથી જ દુશ્મનો ડરશે. તેમાં પ્રથમ પુત્ર ૮ મો પ્રતિનારાયણ થશે. તે જેની જીદ્ પકડશે, તે છોડશે નહીં. તથા ત્રણેય પુત્ર યુદ્ધનું નામ સાંભળીને પ્રસન્ન થઈ જશે.

આ સાંભળીને રાણી બોલી કે નાથ ! અમે બંને તો કોમલ હૃદયવાળા તથા જિનમાર્ગી છીએ. તો પછી અમારો પુત્ર ક્રૂરમાર્ગી કેવી રીતે થશે ?

રાજા બોલ્યા - 'દરેક જીવ પોતપોતાનાં પાપ - પુણ્ય અનુસાર શરીર ધારણ કરે છે. આપણે તો નિમિત્તમાત્ર છીએ. મોટો પુત્ર જિનમાર્ગી તો હશે, પરંતુ થોડો ક્રૂરપરિણામી હશે. તથા બંને નાનાં પુત્ર વીર, મહાધીર, જિનમાર્ગમાં પ્રવીણ થશે.

કેટલાક સમય પછી દશાનન ગર્ભમાં આવ્યા, ત્યારે માતાને ક્રૂર ઈચ્છાઓ થવા લાગી. તે ઇન્દ્ર પર આજ્ઞા ચલાવવા ઇચ્છતી, દુશ્મનોનાં મસ્તક પર પગ મૂકવા ઇચ્છતી, તલવારમાં પોતાનું મુખ જોતી.

આ પ્રમાણે વિચિત્ર ચેષ્ટાઓ કરતી માતાને (કેકસી) યોગ્યસમયે એક તેજસ્વી બાળકનો જન્મ થયો. તેનો જન્મ થતાં મિત્રોને ત્યાં સારાં શકુન થયાં તથા દુશ્મનોને ત્યાં ઘણાં તોફાન થયાં.

પિતા રત્નશ્રવાએ તે બાળકનો જન્મોત્સવ ઘણાં જ ઉત્સાહથી મનાવ્યો. થોડાં જ સમય પછી માતા - પિતા આશ્ચર્યચકિત થઇને તે બાળકને જોતાં જ રહી ગયા. કેમકે તે બાળક રાક્ષસોનાં ઇન્દ્ર ભીમ દ્વારા આપેલ હારથી રમી રહ્યો હતો - કે જેની હજારો નાગકુમાર દેવ રક્ષા કરે છે.

હારનાં રત્નોમાં બાળકનાં દસમુખ જોઇને પિતા રત્નશ્રવાએ તેનું નામ

દશાનન રાખ્યું.

કેટલાક સમય વીત્યા પછી રત્નશ્રવા અને કેકસીને ક્રમશઃ સૂર્યની સમાન તેજસ્વી ભાનુકર્ણ (કુંભકર્ણ), ચંદ્રમાનાં જેવા મુખવાળી ચંદ્રનખા તથા સૌમ્ય ચહેરાવાળા વિભીષણ ઉત્પન્ન થયાં.

# તૃતીય દિવસ

યુવાન દશાનન એક દિવસ પોતાના ભાઈ ભાનુકર્ણ (કુંભકર્ણ) અને વિભીષણની સાથે પોતાની માતા કેકસીની સાથે બેઠા હતા. તેઓ પોતાના પૂર્વજોની ચર્ચા કરી રહ્યાં હતાં. ત્યારે જ પોતાની કાંતિથી દસે દિશાઓને પ્રકાશિત કરતો કોઈ એક વિદ્યાધર પોતાની સમસ્ત વિભૂતિની સાથે આકાશમાર્ગથી નીકળ્યો. તેની સમસ્ત વિભૂતિને જોઈને સહજ ઉત્તપન્ન થયેલી જિજ્ઞાસાથી દશાનને માતાને પૂછ્યું - 'માતા ! આ કોણ છે ? શું તે કોઈ દેવ છે ?'

એ સાંભળીને માતા બોલી - 'ના બેટા ! તે કોઈ દેવ નથી. તે તો મારી મોટી બહેન કૌશિકીનો દીકરો વૈશ્રવણ છે, તારો માસીનો દીકરો ભાઈ જ છે. તેને અનેક વિદ્યાઓ સિદ્ધ (પ્રાપ્ત થયેલી) છે. તે રાજા ઇન્દ્રનો લોકપાલ છે. રાજા ઇન્દ્ર એ તારા દાદા સુમાલીના મોટા ભાઈ રાજા માલીને યુદ્ધમાં મારીને તથા સુમાલીને લંકામાંથી કાઢી મૂકીને, આપણા કુળમાં વર્ષોથી ચાલી આવતી લંકાનો લોકપાલ બનાવ્યો છે.

આટલું કહીને માતાએ નિરાશાથી કહ્યું - 'બેટા ! તારા દાદાજીને તો લંકા મેળવવાની જ ઈચ્છા છે. તેમને દિવસ- રાત ચેન પડતું નથી, તેઓ હમેશાં લંકાપ્રાપ્તિનાં જ સ્વપ્ન જોયાં કરે છે. મને પણ ચિંતા છે કેમકે **સ્થાનભ્રષ્ટ થવા કરતાં મૃત્યુ વધારે સારું.** કોણ જાણે એ દિવસ ક્યારે આવશે જ્યારે અમે તારી મદદથી આપણા કુળની ભૂમિ લંકામાં ફરીથી પ્રવેશ કરીશું.'

જોકે, વૈશ્રવણ કેકસીની મોટી બહેનનો જ દીકરો હતો, છતાં તે પોતાનાં પુત્રને તેનાં વિરુદ્ધ જ ઉશ્કેરી રહી હતી કેમકે, **પોતાનાં પૂર્વજોનું અપમાન કોઈ પણ સહન કરતું નથી તથા પોતાનાં પૂર્વજો દ્વારા ખોયેલી સંપત્તિને પણ પ્રત્યેક વ્યક્તિ મેળવવા ઈચ્છે છે.**

આ સાંભળીને ભાનુકર્ણએ કહ્યું - 'માતા ! મને તો હમેશાં દાદાજી પ્રસન્ન જ દેખાય છે. તેમને કોઈ દુઃખ હોય એવું અમને ક્યારેય લાગ્યું નહીં.'

માતાએ કહ્યુંઃ - 'બેટા ! હજી તું નાનો છો, એમનું દુઃખ દૂર કરવામાં

સમર્થ નથી. તેથી અત્યારે તેમણે પોતાનાં દુ:ખને તારી આગળ પ્રગટ કરવાનું યોગ્ય ન સમજ્યું. બીજી વાત એ પણ છે કે આ મનુષ્ય લોકમાં કેટલાંક માણસો એવાં પણ હોય છે, જે છોડ-વૃક્ષની જેમ બધું સહન કરી લે છે પણ તેમનાં ચહેરા પર દર્દ દેખાવા દેતાં નથી. દુ:ખની વેદના તેમનાં શબ્દોમાં ક્યારેય પ્રગટ થતી નથી. બસ, તેઓ તો પુષ્પોની માફક હમેશાં ખુશી જ પાથરે છે. તારાં દાદાજી પણ આ પ્રકારનાં એક ગંભીર વ્યક્તિ છે. તેથી તેમની અંદરની પીડા તેમનાં ચહેરા પર નજર આવતી નથી.'

આ બધું સાંભળીને તથા માતાને દુ:ખી જોઈને ત્રણે ભાઈઓએ માતાને આશ્વાસન આપ્યું. તે યોગ્ય જ છે કેમકે **સમર્થ વ્યક્તિ પોતાનાં પૂર્વજોનાં દુ:ખને સહન કરી શકતાં નથી. તથા તેઓ પોતાનાં વચનથી તેમને આશ્વાસન આપવા લાગ્યાં કે તેઓ તેમનું દુ:ખ દૂર કરવાનો તેમજ તેમની ઈચ્છા પૂરી કરવાનો પૂરેપૂરો પ્રયત્ન કરશે.**

ત્યાર બાદ તે ત્રણેય ભાઈ માતાની આજ્ઞા લઈને વિદ્યા સાધવા માટે જંગલમાં જતાં રહ્યાં. તથા ત્યાં જઈને વિદ્યાપ્રાપ્તિ માટે તેમણે તપ કરવાનું શરૂ કરી દીધું. સૌપ્રથમ તેમને સર્વકામપ્રદા વિદ્યા સિદ્ધ થઈ, જેનાથી તેમને ભૂખ લાગતી ન હતી. એ પછી બીજી વિદ્યા સાધવા માટે તેમણે ફરીથી તપ શરૂ કર્યું.

જ્યારે દશાનન, ભાનુકર્ણ અને વિભીષણ તપ કરી રહ્યાં હતા, ત્યારે જંબુદ્વીપનાં અધિપતિ અનાવૃત્ત નામનો યક્ષ પોતાની પત્નીઓ સહિત ત્યાં આવી પહોંચ્યો. તેણે ત્રણે ભાઈઓને તપથી ચલાયમાન કરવાનાં ઘણાં પ્રયત્નો કર્યા. જેમકે! વિદ્યાબળથી તેમનાં માતા - પિતાને રડતાં - વિલાપ કરતાં બતાવ્યાં. ભાઈઓને મરેલાં બતાવ્યાં, પરંતુ દ્રઢ શ્રદ્ધાની દશાનન બિલકુલ ડગ્યાં નહીં. તેથી તરત જ તેમને ઘણી વિદ્યા સિદ્ધ થઈ તથા ભાનુકર્ણ અને વિભીષણ બંને ભાઈઓ કિંચિત્ વિચલિત થઈ ગયાં , તેથી તેમને ક્રમશ: પાંચ અને ચાર વિદ્યાઓ સિદ્ધ થઈ.

અડગ તપસ્યાનાં બળથી દશાનનને અનેક વિદ્યાઓ સહિત જોઈને અનાવૃત્ત યક્ષ તેની પર પ્રસન્ન થઈને બોલ્યો કે તું બધા જ શત્રુ પર વિજય મેળવીશ. તથા જ્યારે પણ મને સ્મરણ કરીશ ત્યારે હું તારી પાસે આવીશ,

જેથી તને કોઈ જીતી નહીં શકે. આમ કહીને અનાવૃત્ત યક્ષ તો જતો રહ્યો તથા દશાનને ત્યાં જ વિદ્યાનાં પ્રભાવથી સ્વંયપ્રભ નામનું નગર વસાવ્યું.

દશાનનને અનેક વિદ્યાઓ સિદ્ધ થઈ છે એ સાંભળીને તેનાં દાદા સુમાલી અને માલ્યવાન તથા પિતા રત્નશ્રવા ઘણાં જ પ્રસન્ન થયાં. તે યોગ્ય જ છે કેમકે **પોતાનાં બાળકની સફળતા જોઇને તેમનાં વડીલો તથા ઇષ્ટમિત્ર પ્રસન્ન થાય જ છે.**

ખુશી- ખુશી દશાનનનાં પિતા તથા દાદાજી મુખ્ય રાક્ષસવંશી તથા વાનરવંશી રાજાઓની સાથે દશાનનને મળવા ગયાં.

ઇષ્ટમિત્રો સાથે દાદાજી અને પિતાજીને આવેલાં જોઇને દશાનને બધાનું યથોચિત સન્માન કર્યું, ભોજનાદિ કરાવ્યું તથા વસ્ત્રાદિ પણ આપ્યાં. તે યોગ્ય જ છે, કેમકે **સુયોગ્ય સંતાન પોતાનાં પૂર્વજો અને ઇષ્ટમિત્રોનું યોગ્ય સન્માન કરે જ છે.**

ભોજનાદિ પછી બધાં એકબીજા સાથે વાતો કરવા લાગ્યાં. ત્યાં મોટાભાઇ માલીની વાત આવતાં જ તેમનાં નાનાભાઈ સુમાલી બેહોશ થઈ ગયાં, હોશમાં આવતાં જ દશાનને આગ્રહપૂર્વક તેનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે અમને અવધિજ્ઞાની મુનિરાજે બતાવ્યું હતું કે રાજા ઇન્દ્ર દ્વારા રાજા માલીનું મૃત્યુ થવાથી જે લંકા તમારા હાથમાંથી જતી રહી છે, તેમાં તમારો પુનઃ પ્રવેશ તમારા જ પ્રપૌત્રના પ્રભાવથી થશે. તે શત્રુઓથી પોતાનાં પૂર્વજોની ભૂમિ છોડાવીને તેમને પોતાનાં સેવક બનાવશે. બસ, ત્યારથી તારા મોટાં થવાની અમે રાહ જોઈ રહ્યાં છીએ, કે જેથી પોતાની શક્તિથી તું અમને અમારા પૂર્વજોની ભૂમિમાં ફરીથી પ્રવેશ કરાવે. તું તો પ્રતિનારાયણ છો, અમારા કુળનો દીપક છો.

આ સાંભળીને દશાનન ગંભીર થઈ ગયા અને તરત જ લંકાને જીતવાની ઈચ્છાથી કેટલાંક દિવસ પછી ચંદ્રહાસ ખડગની પ્રાપ્તિ માટે ભીમ નામનાં વનમાં તપ કરવા જતાં રહ્યાં.

દશાનનને થોડાં જ દિવસોમાં બધી જ વિદ્યાઓ સિદ્ધ થઈ ગઈ છે - એમ સાંભળીને વિજયાર્દ્ધની દક્ષિણ શ્રેણીમાં સ્થિત અસુરસંગીત નામનાં નગરનો પ્રબળ યોદ્ધા તથા દૈત્યોનો અધિપતિ વિદ્યાધર રાજા મયને વિચાર

આવ્યો કે દશાનન અવશ્ય કોઈ મહાપુરુષ હોવો જોઈએ, તેથી મારે મારી સર્વગુણસંપન્ન સુંદર, રૂપાળી પુત્રી મંદોદરી નાં લગ્ન તેની સાથે કરવા જોઈએ. તે યોગ્ય જ છે કેમકે **બધાં જ માતા - પિતા પોતાની પુત્રી માટે સુયોગ્ય વરની શોધમાં નિરંતર હોય જ છે.**

મંત્રીઓની સાથે વિચાર- વિમર્શ કરીને તેઓ પોતાની પુત્રીને લઈને દશાનનનાં રાજ્યમાં ગયા. ત્યાં તેમને ખબર પડી કે દશાનન તો ભીમ નામનાં વનમાં ખડગ સાધવા ગયા છે. એ સાંભળીને રાજા મય પણ ભીમવન તરફ રવાના થયા.

જ્યારે રાજા મય દશાનનને શોધતાં શોધતાં વનમાં પહોચ્યાં ત્યારે તેમણે ત્યાં એક સુંદર સ્ત્રીને જોઈ. રાજા મયે તેને પૂછ્યું કે હે પુત્રી ! તું કોણ છે ? તું વનમાં એકલી કેમ રહે છે ?

આ સાંભળીને તે સુંદરી વિનયપૂર્વક બોલી કે હું દશાનનની બહેન ચંદ્રનખા છું. મારા ભાઈએ ચંદ્રહાસ ખડગની પ્રાપ્તિ કરી છે તથા અત્યારે તેની રક્ષાની જવાબદારી મને સોંપીને સ્વયં સુમેરૂ પર્વતનાં ચૈત્યાલયો ની વંદના કરવા ગયાં છે.

તેઓ આ પ્રમાણે વાત જ કરી રહ્યાં હતાં કે દશાનન આકાશમાર્ગેથી પાછાં ફર્યા. તેમણે રાજા મયનું ખૂબજ સન્માન કર્યું અને તેમનાં કહેવાથી અપૂર્વ રૂપસુંદરી એવી તેમની પુત્રી મંદોદરી સાથે વિધિપૂર્વક લગ્ન કરીને સ્વયંપ્રભ નામનાં પોતાનાં નગરમાં જતાં રહ્યાં.

થોડાં સમય પછી દશાનનને પટરાણી મંદોદરીથી ઇંદ્રજીત અને મેઘનાદ નામનાં મહાપ્રતાપી બે પુત્ર થયા.

એક દિવસ દશાનન મેઘવર પર્વત પર ફરવા ગયા. ત્યાં છહજાર કન્યાઓ જલમાં સ્નાન કરતી હતી. દશાનનને જોઈને તેઓ મોહિત થઈ ગઈ અને પોતાની સાથે વિવાહ કરવાની માંગણી કરી. તેને સ્વીકારીને દશાનને તેમની સાથે ગંધર્વવિવાહ કર્યા.

દશાનનની સાથે પુત્રીઓનો વિવાહ સાંભળીને તેમનાં પિતાઓએ ગુસ્સે થઈને દશાનન પર આક્રમણ કર્યું, પરંતુ શક્તિશાળી દશાનનની સામે તે

ટકી ન શક્યાં, તેથી તેઓ પોતાનાંથી સશક્ત અને બળવાન દશાનનની પ્રશંસા કરવા લાગ્યા તથા પોતાની કન્યાઓનો વિધિપૂર્વક વિવાહ કરાવીને ખુશી - ખુશી પોતપોતાનાં નગરમાં જતાં રહ્યાં. દશાનનનાં ભાઈ ભાનુકર્ણનો વિવાહ કુંભપુર નગરમાં રાજા મહોદરની તડિન્માલા નામની પુત્રીથી તથા વિભીષણનો વિવાહ જ્યોતિપ્રભ નગરનાં રાજા વિશુદ્ધકમલની રાજીવસરલી નામની પુત્રીથી થયો.

એકવાર કુંભપુર નગર પર કોઈ બળવાન શત્રુએ આક્રમણ કરીને તોફાન કર્યું ત્યારે સસરાજીનાં પ્રેમવશ ભાનુકર્ણનાં કાન કુંભપુર નગર પર પડ્યાં, અર્થાત્ ત્યાંનાં દુ:ખભર્યા શબ્દ ભાનુકર્ણએ સાંભળ્યા, ત્યારથી તેઓ સંસારમાં કુંભકર્ણનાં નામે પ્રસિદ્ધ થઈ ગયાં. કોલાહલ સાંભળીને મહાયોદ્ધા ભાનુકર્ણ મદદ માટે ત્યાં ગયા તથા તેમણે નગરવાસીઓનું દુ:ખ દૂર કર્યું.

ભાનુકર્ણ ધાર્મિક, અનેક કલાઓમાં પ્રવીણ, સર્વગુણસંપન્ન મહાયોદ્ધા હતાં. તેઓ સવારે જલ્દી ઊઠીને દેવદર્શનાદિ ધાર્મિક કાર્યોમાં પોતાનો સમય વ્યતીત કરતાં હતાં. તેમનો આહાર ખૂબજ પવિત્ર હતો. તેઓ મુનિઓને આહાર આપ્યા પછી જ ભોજન કરતાં હતાં, તથા તેમનું ચિત્ત હમેશાં ધર્મમાં જ લાગેલું રહેતું હતું.

પોતાનાં માતા - પિતાની ખુશીમાટે ભાનુકર્ણ એ પૂર્વજોનાં એ બધાં જ રાજ્યો પર આક્રમણ કર્યું જેની પર અત્યારે વૈશ્રવણનું રાજ્ય હતું તથા તેને જીતી ને ભાઈ દશાનનનાં રાજ્યમાં વધારો કર્યો.

આ બધું સાંભળીને વૈશ્રવણ ખૂબ જ ક્રોધિત થયો, પણ તેને નાદાની સમજીને ભાનુકર્ણને માફ કરી દીધો તથા તેમના દાદા સુમાલીની પાસે દૂતે સમાચાર મોકલ્યા કે શું તમે તમારા ભાઈ માલીના મૃત્યુને ભૂલી ગયાં છો કે રાજા ઇન્દ્ર દ્વારા કરવામાં આવેલ ઘા રૂઝાઈ ગયાં છે ?

આટલું સાંભળતાં જ દશાનન ગુસ્સે થઈ ગયા અને દૂતને વચ્ચે જ રોકીને પોતાનાં પૂર્વજો પ્રત્યે અપશબ્દ કહેનારની જીભ કાપી નાંખવા તૈયાર થયા. પરંતુ વિભીષણે તેમને સમજાવ્યું કે આમાં બિચારા દૂતનો શું વાંક ? એ તો બિચારા સેવક છે, માલિકનાં શબ્દોને જ સંભળાવી રહ્યાં છે ?

આ પ્રમાણે અનેક વચનો દ્વારા વિભીષણે દૂતને મારવા તૈયાર થયેલા મોટાભાઈ દશાનનને શાંત કર્યો. ત્યારે ઉપસ્થિત સભાજનો એ દૂતને અપમાનિત કરીને સભાભવનમાંથી કાઢી મૂક્યો.

દૂતે વૈશ્રવણની પાસે જઈને પોતાની દુર્દશાનું ચિત્રણ કર્યું. દશાનન દ્વારા કહેલા અપશબ્દોને સાંભળીને દશાનનનાં માસીનાં દીકરા વૈશ્રવણનો ગુસ્સો ભભૂકી ઉઠ્યો તથા તેઓ સેના લઈને યુદ્ધ માટે નીકળી પડ્યા.

બળવાન દશાનન, ભાઈઓ સહિત આ પરિસ્થિતિ નો સામનો કરવા માટે પહેલેથી જ તૈયાર હતાં. બંને સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. થોડા સમય પછી જ્યારે વૈશ્રવણનો રથ રાવણનાં રથની સામે આવ્યો ત્યારે વૈશ્રવણનો ભ્રાતૃપ્રેમ ઊભરાઈ ગયો. તે વિચારવા લાગ્યા કે આ નશ્વર ધનસંપત્તિ અને રાજ્ય માટે આજે ભાઈ - ભાઈને મારવા માટે તૈયાર થયો ! ધિક્કાર છે આવી રાજ્યલક્ષ્મી ને ! વૈશ્રવણની આ વૈરાગ્યમય મનઃ સ્થિતિ યોગ્ય જ છે, કેમકે **સંસારી જીવોની માનસિક દશા અને કષાયનું આવું જ સ્વરૂપ છે.**

આ પ્રમાણે વિચારીને વૈશ્રવણે દશાનનને કહ્યું કે હું તારા માસીનો દીકરો ભાઈ છું. તેથી ભાઈઓમાં વળી યુદ્ધ કેવું ? આ ક્ષણિક રાજ્યલક્ષ્મી માટે હિંસાનું તાંડવનૃત્ય તથા ભાઈઓની સાથે અયોગ્ય વ્યવહાર યોગ્ય નથી. તેથી ચાલો, દ્વેષભાવ છોડીને આપણે પ્રેમથી એકબીજાને મળીએ. આ સાંભળીને દશાનન બોલ્યાં કે આ ધર્મોપદેશની જગ્યા નથી તથા ધર્મોપદેશને યોગ્ય સમય પણ નથી. મદોન્મત્ત હાથી પર ચડેલા તથા તલવારને ધારણ કરેલા મનુષ્ય તો શત્રુઓનો સંહાર જ કરે, ધર્મનો ઉપદેશ ન આપે. તેથી ક્યાં તો મારી આધીનતા સ્વીકારો અથવા મારી તલવારનાં ઘા સહન કરો.

વૈરાગ્યચિત્તવાળા વૈશ્રવણ આ સાંભળીને ફરીથી ગુસ્સે થયા અને બોલ્યાં - તારું આયુષ્ય અલ્પ છે, તેથી તું આમ કહે છે. ચાલ, હવે તું તારી શક્તિપ્રમાણે શસ્ત્ર ચલાવ.

દશાનન બોલ્યાં - 'તમે મોટાં છો, તમે જ પહેલાં પ્રહાર કરો.'

એ પછી બંનેમાં ભયંકર યુદ્ધ થયું. વૈશ્રવણે શત્રુની શક્તિને બરાબર માપી ન હતી, તેથી તેમનાં શસ્ત્રોનાં પ્રહરોથી તેઓ બેહોશ થઈ ગયા, સૈનિકો

તેમને ઉઠાવીને યક્ષપુર લઈ ગયાં.

દશાનને શત્રુપક્ષનાં ધન -ધાન્યાદિ કોઈ પણ વસ્તુને હાથ ન લગાવ્યો, તે યોગ્ય જ છે, કેમકે **વીર યોદ્ધાનું પ્રયોજન દુશ્મનને જીતવાનું જ હોય છે, ધનાદિ લૂંટવાનું નહીં.**

એ પછી દશાનને શત્રુને જીતવાની નિશાનીનાં રૂપમાં પુષ્પક વિમાન પોતાના અધિકારમાં લઈ લીધું તથા તેમાં બેસીને પોતાનાં પરિવાર સહિત લંકા તરફ પ્રયાણ કર્યું.

આ બાજુ જ્યારે વૈશ્રવણને ભાન આવ્યું ત્યારે સંસારની અસારતાને જોઈને તેમને વૈરાગ્ય થઈ ગયો તથા તેમણે દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી તથા કઠિન તપસ્યા કરતાં - કરતાં થોડાં દિવસ પછી તેમને કેવલજ્ઞાન થઈ ગયું.

# ચોથો દિવસ

વાતાવરણ સરસ હતું. ઠંડો પવન ધીમીગતિએ ચાલી રહ્યો હતો. આ સમયનો આનંદ લેવા દશાનન પોતાનાં દાદા સુમાલીની સાથે વિમાન દ્વારા આકાશમાર્ગે જઈ રહ્યાં હતા. એ જ વખતે દશાનનને સામેનાં પર્વત પર કમળ દેખાયાં. તેમણે દાદાજીને પૂછ્યું કે :- ‘દાદાજી ! અહીં પર્વત પર કોઈ સરોવર તો છે નહીં, તો પછી આ કમળ કેવી રીતે ખીલ્યાં છે ?.

સુમાલી બોલ્યાં - ‘બેટા ! આ કમળોનું વન નથી, પરંતુ આ પર્વતનાં શિખર પર હરિષેણ ચક્રવર્તી દ્વારા બનાવવામાં આવેલ પદ્મરાગમણિનું જિનમંદિર છે.’ આટલું સાંભળતાં જ રાજા દશાનને દાદાજીની સાથે તે ચૈત્યાલયોનાં દર્શન કર્યા. તથા જ્યારે તેઓ લંકા પાછા ફર્યા ત્યારે સંપૂર્ણ સેનાને ભયભીત જોઈ. કારણ પૂછતાં એ ખબર પડી કે એક મદોન્મત્ત જંગલી હાથી કોઈના વશમાં આવી રહ્યો નથી તથા શહેરમાં તોફાન કરી રહયો છે. આ સાંભળીને દશાનન શાંતિથી, ધીમેથી ચાલીને, હાથી પાસે ગયા અને પોતાની કુશળતાથી તે મદમસ્ત હાથીને ક્ષણમાત્રમાં પોતાને વશ કરી લીધો તથા તેનું નામ ત્રૈલોક્યમંડન રાખીને ગજશાળામાં રાખી લીધો.

આ જ વખતે દીન -હીન દશામાં એક વિદ્યાધર રાજા દશાનનની પાસે આવીને બોલ્યો કે વાનરવંશી રાજા સૂર્યરજ તથા અક્ષરજને રાજા ઇન્દ્રનાં યમ નામનાં લોકપાલે કેદી બનાવી લીધો છે તથા નરક નામની જેલમાં પૂર્યો છે તથા તેને નરક સમાન જ કષ્ટ આપવામાં આવી રહ્યાં છે.

આ સાંભળીને રાજા દશાનને યમ પર આક્રમણ કર્યું તથા તેને જીતી લીધો. યમ હારીને રાજા ઇન્દ્રની પાસે જઈને છૂપાઈ ગયો.

દશાનને જીતેલા રાજ્યોમાંથી કિષ્કિંધપુર સૂર્યરજને તથા કિષ્કુપુર અક્ષરજને આપ્યું, જ્યાં તેઓ સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યા.

થોડાં સમય પછી સૂર્યરજને બાલી અને સુગ્રીવ નામનાં બે પુત્ર અને શ્રીપ્રભા નામની એક પુત્રી થઈ.

રાજા અક્ષરજને નળ અને નીલ નામનાં બે પુત્ર થયાં. સૂર્યરજનો યુવાન પુત્ર બાલી પોતાની તાકતનાં અભિમાનમાં દશાનનની આજ્ઞા ભંગ કરવા લાગ્યો. તેથી દશાનને બાલી પાસે દૂત મોકલીને કહેવડાવ્યું કે તમે હમેશાંથી મારાં મિત્ર જ રહ્યાં છો. અમે તમારા પિતાનાં દુશ્મન યમને હરાવીને કિષ્કિંધપુરનું રાજ્ય આપ્યું છે, જ્યાં અત્યારે તમે સુખેથી રાજ્ય કરી રહ્યાં છો. તમારાં અને અમારાં વંશજો ઘણાં સમયથી એકબીજાનાં મિત્ર હતાં, અને હવે તમે એ ઉપકાર ભૂલીને અમારાંથી કેવી રીતે વિમુખ થઈ ગયાં ? આવું કાર્ય યોગ્ય નથી. હું તમને તમારાં પિતાથી પણ વધારે સ્નેહ કરીશ. તેથી જલ્દીથી આવીને તમે મને પ્રણામ કરો અને તમારી બહેનનું લગ્ન અમારી સાથે કરો. જેથી તમને બધાં જ પ્રકારની સુખસુવિધા મળશે.

પરાક્રમનાં અભિમાનમાં બાલી પોતાની સામે કોઈને પણ ગણકારતો ન હતો. તે લંકાધિપતિ દશાનન સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. પરંતુ વિવેકી મંત્રીઓએ તેને સમજાવ્યો તેથી તે યુદ્ધથી વિરકત થઈને વિચારવા લાગ્યો કે મેં જિનદેવ, જિનગુરુ અને જિનશાસ્ત્ર સિવાય અન્ય કોઈને પ્રણામ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તેથી હું દશાનનને પ્રણામ કરવાવાળી વાતનો સ્વીકાર કરી શકતો નથી અને પ્રણામ નહીં કરું તો તે આક્રમણ કરશે. હવે મારે યુદ્ધ કરવું જ નથી કેમકે મારા અભિમાનને લીધે હજારો લોકોનું વ્યર્થ જ મોત થશે.

ઘણું વિચાર્યા પછી બાલીએ પોતાનું રાજ્ય પોતાનાં નાના ભાઈ સુગ્રીવને આપીને જિનદીક્ષા લઈ લીધી. કઠોર તપસ્યામાં લીન મુનિરાજ બાલીને અનેક ઋદ્ધિની પ્રાપ્તિ થઈ. બાલીનાં નાના ભાઈ સુગ્રીવે પોતાની બહેન દશાનન સાથે પરણાવીને તેમની અનુમતિથી વંશ પરંપરાગત રાજ્યનું સુખપૂર્વક પાલન કરવા લાગ્યા.

સુગ્રીવ સુતારા નામની રાજકુમારીનાં રૂપ પર મોહિત હતાં તથા તેની સાથે લગ્ન કરવા માંગતાં હતા. તેથી તેમણે સુતારાનાં પિતાની પાસે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો. તે જ વખતે રાજા ચદ્રાંકનાં પુત્ર સાહસગતિ નામના વિદ્યાધરનો પ્રસ્તાવ પણ તેમની પાસે આવ્યો. તેથી તેઓ દ્વિધા માં પડી ગયા કેમકે રૂપ, ગુણ અને કુળમાં બંને સમાન હતાં. તેથી તેઓ નિમિત્તજ્ઞાની પાસે

ગયા. નિમિત્તજ્ઞાની પાસેથી ખબર પડી કે સાહસગતિની આયુ અલ્પ છે તેથી તેમણે સુતારાનાં લગ્ન સુગ્રીવ સાથે કરી દીધા. તે યોગ્ય જ છે કેમકે ઓછા આયુષ્યવાળા પુરુષ સાથે કયા માતા - પિતા પોતાની દીકરી પરણાવે ?

સુતારાનાં લગ્ન સુગ્રીવ સાથે થવાથી, કામાંધ સાહસગતિ સુતારાને મેળવવાની ઈચ્છામાં, સુગ્રીવનું રૂપ ધારણ કરવામાટે રૂપપરિવર્તનની વિદ્યા સાધવા તૈયાર થયો. કેમકે, કામાંધ વ્યક્તિ શું ન કરે ?

થોડા સમય પછી સુગ્રીવને સુતારા રાણીથી અંગ અને અંગદ બે પુત્ર થયા. જેમની બાલસહજ ક્રીડાઓમાં પ્રસન્નચિત્ત સુગ્રીવ પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.સુગ્રીવની બહેનથી લગ્ન કરીને રાજા દશાનન પણ નિષ્કંટક થઈને સુખેથી રાજ્ય કરવા લાગ્યા.

થોડા સમય પછી, જ્યારે એકવાર દશાનન લંકાની બહાર ગયા હતા, ત્યારે મેઘપ્રભ વિદ્યાધર નો વિદ્યા તથા માયામાં પ્રવીણ પુત્ર ખરદૂષણ દશાનનની બહેન ચંદ્રનખાને ઉપાડી ગયો તથા પાતાલલંકામાં જઈને છૂપાઈ ગયો.

ત્યારે વિવેકે પૂછ્યું - ગુરુજી ! પાતાલલંકા તો દશાનનની પાસે જ હતી, પછી ગુરુજી બોલ્યા - બસ ! બસ ! હું સમજી ગયો. જુઓ ભાઈ ! જ્યારથી દશાનને વૈશ્રવણને હરાવીને લંકાને જીતી, ત્યારથી જ તેઓ તો પાતાલલંકામાં ચંદ્રોદર વિદ્યાધરને મૂકીને, સ્વયં પરિવાર સહિત લંકામાં રહેવા લાગ્યાં હતાં. થોડા સમય પછી ખરદૂષણે ચંદ્રોદરને હરાવીને પાતાલલંકા પર અધિકાર જમાવી લીધો હતો. ચંદ્રોદરને તે વખતે કોઈ બાળક ન હતું, જેની સહાયતાથી તે ફરીથી પાતાલલંકા પર રાજ્ય કરે. તેથી તે જંગલમાં ભટકવા લાગ્યો. અને કેટલાક સમય પછી મરી ગયો. તેની પત્ની એ જંગલમાં જ એક બાળકને જન્મ આપ્યો. આ પુત્રનાં ગર્ભમાં આગમન સમયથી માતા - પિતાની શત્રુઓ તરફથી વિરાધના થઈ હતી, તેથી માતાએ તેનું નામ વિરાધિત રાખ્યું. આ બાળક મોટો થઈને જ્યાં જવા લાગ્યો ત્યાંથી અપમાનિત થતો. એ યોગ્ય જ છે, કેમકે **પુણ્યહીન વ્યક્તિઓનું સર્વત્ર અપમાન જ થાય છે.**

વિરાધિત ખરદૂષણને મારીને પિતાનાં અપમાનનો બદલો લેવા

ઇચ્છતો હતો, પરંતુ અત્યારે શક્તિહીન હોવાથી ખરદૂષણને જીતવામાં અસમર્થ તે કોઈ બળવાન સહાયકની શોધમાં પૃથ્વી પર ભટક્વા લાગ્યો.

ખરદૂષણ પણ પાતાલલંકામાં સુરક્ષિત થઈને રાજ્ય કરવા લાગ્યો કેમકે તે ચંદ્રનખાને લઈને પાતાલલંકામાં સુરક્ષિત હતો, તે જાણતો હતો કે ત્યાં દશાનન નો પ્રવેશ પણ સંભવ નથી.

આ બાજુ દશાનનને જયારે પોતાની બહેનનાં અપહરણનાં સમાચાર મળ્યા ત્યારે તે ખૂબજ ગુસ્સે થઈને ખરદૂષણને મારવા માટે તૈયાર થયો. ત્યારે બુદ્ધિમતી મંદોદરી એ પતિને વિનમ્રતાથી કહ્યું - 'કન્યાનું અપહરણ થવાથી તે દૂષિત તો થઈ જ ગઈ છે. હવે તેની સાથે કોઈ અન્ય લગ્ન નહીં કરે. અને ખરદૂષણને મારવાથી તે વિધવા થઈ જશે. તેથી સંબંધી હોવાથી તેની પર ક્રોધ કરવો યોગ્ય નથી. વળી, ખરદૂષણમાં બીજો કોઈ દોષ પણ નથી. તે ૧૪૦૦૦ વિદ્યાધરોનો અધિપતિ છે, અત્યંત શક્તિશાળી પણ છે, તેને ઘણી વિદ્યાઓ પણ પ્રાપ્ત છે તથા તે પણ આપની જેમ જ બળવાન છે. તેથી ચંદ્રનખા માટે યોગ્ય વર છે.

આ બધું સાંભળીને દશાનન શાંત થઈ ગયા તથા તેમણે ખરદૂષણની સાથે ચંદ્રનખાનાં વિધિપૂર્વક લગ્ન કરી દીધાં.

ચંદ્રનખાનાં લગ્ન પછી નિશ્ચિંત થઈને દશાનને પોતાનાં પરાક્રમથી ધરતી પર જે - જે વિદ્યાધરોની કન્યાઓ સુંદર હતી, તેની સાથે લગ્ન કર્યા.

આ પ્રમાણે એકવાર જ્યારે તેઓ નિત્યાલોક નગરનાં રાજાની કુંવરી રત્નાવલી સાથે લગ્ન કરીને પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે કૈલાશપર્વત પર તેમનું વિમાન અટકી ગયું. તપાસ કરતાં ખબર પડી કે આ પર્વત પર કોઈ મુનિરાજ તપશ્ચર્યા કરી રહ્યા છે. તેથી મુનિરાજનાં દર્શન કરવા માટે જ્યારે તેઓ નીચે ઉતર્યા ત્યારે મુનિરાજને જોતાં જ ગુસ્સે થઇ ગયા. અને અવિવેકી શબ્દ બોલવા માંડ્યા. મુનિરાજને તેઓ કહેવા લાગ્યાં કે રાજ્ય અવસ્થામાં તો તને અભિમાન હતું જ, પરંતુ નિગ્રંથ વેશ ધારણ કરીને પણ તારું અભિમાન ન ગયું, કે મારું જતું (ચાલતું) વિમાન રોકી લીધું. હવે હું તારું આ અભિમાન દૂર કરીને જ રહીશ - આટલું કહીને શક્તિનાં અભિમાનમાં દશાનને મુનિને કષ્ટ આપવા માટે

કૈલાશપર્વત ને જ ઊઠાવીને ફેંકવાનો પ્રયત્ન કર્યો. જેનાથી પર્વત હલવા લાગ્યા, પશુ - પક્ષી ડરીને ભયાનક શબ્દ બોલવા લાગ્યાં. આ અવાજોથી મુનીરાજ બાલીનું ધ્યાન તૂટ્યું, ત્યારે પર્વત પર વિદ્યમાન મંદિર અને પ્રાણીની રક્ષા માટે બાલી મુનિએ પોતાના પગનો અંગૂઠો ધીરેથી દબાવ્યો. આ દબાણથી દશાનન પૃથ્વીમાં ધસવા લાગ્યા, તેમનાં હાથ - પગમાં ઈજા પહોંચી, અને જ્યારે તેમનાથી આ દર્દ સહન ન થયું ત્યારે રડવા લાગ્યાં, ત્યારથી જ બધા દશાનનને 'રાવણ' કહેવા લાગ્યાં.

પતિની દયનીય દશા જોઈને નવવધૂ રત્નાવલીએ મુનિરાજની વિનય પૂર્વક માફી માંગી, ત્યારે મુનિરાજે દયા કરીને અંગૂઠો ઢીલો કરી દીધો.

દશાનન પર્વતની નીચેથી નીકળીને મુનિરાજની પાસે આવ્યા અને તેમને નમસ્કાર કરીને ક્ષમા માંગી તથા મંદિરમાં જઈને મુનિરાજનાં અપમાનનાં પ્રાયશ્ચિત્ત માટે ભગવાનની પૂજા - સ્તુતિ કરવા લાગ્યા.

મુનિરાજ બાલીએ પણ ગુરુ સમક્ષ પ્રાયશ્ચિત લીધું, અને પછી ધ્યાનમાં એવાં લીન થયાં કે અંતર્મુહૂર્તમાં ચારેય ઘાતિકર્મનો નાશ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી લીધી.

દશાનન દ્વારા જિનેંદ્રદેવની મહાસ્તુતિને લીધે ધરણેન્દ્રનું આસન કંપવા લાગ્યું. ત્યારે અવધિજ્ઞાનથી સમગ્ર વાત જાણીને નાગરાજા ધરણેન્દ્ર કૈલાશપર્વત પર આવ્યા અને દશાનનને કહેવા લાગ્યાં કે આપની સ્તુતિથી પ્રસન્ન થઈને જ હું અહીં આવ્યો છું. હું તમારાથી પ્રસન્ન છું. તેથી તમે મારી પાસે જે કાંઈ માંગશો, હું આપીશ. દશાનન બોલ્યા - 'હું' જિનેન્દ્ર ભક્તિ સિવાય આપની પાસે બીજું શું માંગું ? ત્યારે પ્રેમથી ધરણેન્દ્રએ સ્વયં જ તેમને 'અમોઘવિજય' નામની શક્તિ આપી અને કહ્યું કે હે દશાનન ! હું તમને પ્રાર્થના કરું છું કે તમે આને સ્વીકારવામાં ના નહીં પાડો. જુઓ ! **બધાની દશા કયારેય એકસરખી નથી રહેતી.** જ્યારે પણ તમારી પર કોઈ મુશ્કેલી આવે તો આ શક્તિ શત્રુનો નાશ કરવાવાળી અને તમારી રક્ષા કરવાવાળી સાબિત થશે. એ શક્તિથી મનગમતાં રૂપ બનાવી શકાય છે. અગ્નિની જવાલાથી વ્યાપ્ત આ શક્તિથી મનુષ્ય તો શું, દેવો પણ ભયભીત રહે છે.

નાગરાજનાં સ્નેહને ઇન્કારવામાં અસમર્થ દશાનને વિનયપૂર્વક તે શક્તિનું ગ્રહણ કર્યું.

કહ્યું પણ છે – **'પુણ્યનો ઉદય હોય તો અચાનક જ અદ્દભુત શક્તિઓની પ્રાપ્તિ થઈ જાય છે.'**

# પાંચમો દિવસ

કથાને આગળ વધારતાં ગુરુજીએ કહ્યું - અનેક વિદ્યાઓ તથા શક્તિઓથી સંપન્ન રાજા દશાનને દિગ્વિજય કરવાનો નિર્ણય કર્યો. જ્યારે તેઓ દિગ્વિજય કરવા નીકળ્યા તો સહજ જ ઘણાં રાજા પોતપોતાનાં સૈન્ય સાથે તેમની જોડે જોડાઈ ગયાં. **આ વિશ્વમાં શક્તિશાળીની સાથે કોણ નથી રહેતું ? શક્તિશાળીનો સાથ લેવા માટે પહેલાં તેને સાથ આપવો જરૂરી હોય છે.**

આ પ્રમાણે તે રાજાઓનાં સહયોગથી દશાનને રાક્ષસવંશી અને વાનરવંશી અનેક મોટાં-મોટાં રાજાઓને પોતાનાં વશમાં કર્યા. વળી શક્તિશાળી સમ્રાટ ઇન્દ્ર પર આક્રમણ કરવાનાં ઉદ્દેશ્યથી તેમણે આગળ પ્રસ્થાન કર્યું તથા પાતાલલંકા પાસે રોકાયા.

દશાનનનાં બનેવી ખરદૂષણ તે વખતે પાતાલલંકાનાં રાજા હતા. તેમણે દશાનનનું જોરદાર સ્વાગત કર્યું તથા સફળતાથી શુભેચ્છા વ્યક્ત કરી તથા દિગ્વિજયનાં સહયોગ માટે પોતાની ઈચ્છાનુસાર રૂપ બદલવાની શક્તિ રાખવાવાળા ૧૪૦૦૦ વિદ્યાધર યોદ્ધા તેમને આપ્યા તથા પોતે પણ તેમાં જોડાયા. દશાનને તેમને પોતાનાં પ્રમુખ સેનાપતિ બનાવ્યા.

આ પ્રમાણે દશાનનની સાથે ૧૦૦૦ અક્ષૌહિણી વિદ્યાધર સેના હતી. પોતાની સંપૂર્ણ સેના સહિત આગળ વધી રહેલા દશાનન એકવાર નર્મદાનદીને કિનારે પહોંચીને જયારે પોતાની દિનચર્યા પ્રમાણે જિનપૂજા કરી રહ્યા હતા. ત્યારે અચાનક નર્મદામાં ગંદુ પાણી આવવાથી તેમની પૂજામાં વિઘ્ન થયું. તપાસ કરતાં ખબર પડી કે મહિષ્મતી નગરના રાજા સહસ્ત્રરશ્મિ પોતાની રાણીઓ સાથે ત્યાં જલક્રીડા કરી રહ્યા છે, જેનાથી પાણી મલિન થઈને આવી રહ્યું છે. આ જાણીને દશાનને પોતાના સેવકોને મોકલીને કહેવડાવ્યું કે હું અહીં જિનપૂજન કરી રહ્યો છું, તમારી જલક્રીડાથી અહીં બાધા પહોંચે છે, તેથી તેઓ જલક્રીડા ન કરે. પરંતુ અભિમાની સહસ્ત્રરશ્મિએ અજાણતાં કરેલાં પોતાનાં આ કૃત્યની માફી માંગવાને બદલે યુદ્ધની ઘોષણા કરી, બંને વચ્ચે ભયંકર યુદ્ધ

થયું. યુદ્ધમાં દશાનનની જીત થઈ. તેમણે સહસ્ત્રરશ્મિને જીવતો જ પકડી લીધો. એ સાંભળીને સહસ્ત્રરશ્મિનાં પિતાશ્રી આવ્યા અને તેમણે દશાનનને સહસ્ત્રરશ્મિને છોડી મૂકવાની પ્રાર્થના કરી.

દશાનને તેમને સન્માનપૂર્વક યોગ્ય સ્થાન પ્રદાન કર્યું તથા કહ્યું કે હું કોઈની સાથે પ્રયોજન વિના દ્વેષ કરતો નથી. હું અત્યારે અમારાં પૂર્વજોનો અપરાધ કરનાર વિદ્યાધરાધિપતિ રાજા ઇન્દ્રને વશમાં કરવા માટે નીકળ્યો છું. જો હું ઉદ્દંડ ભૂમિગોચરીઓને જીતવામાં સફળ ન થયો તો વધારે શક્તિશાળી, અનેક વિદ્યાઓનાં ધારી વિદ્યાધરોને કેવી રીતે જીતીશ ? તેથી જ હું પહેલાં અહંકારી ભૂમિગોચરીઓને વશમાં કરી રહ્યો છું, એ પછી વિદ્યાધરાધિપતિ ઇન્દ્રને વશમાં કરીશ. મેં આપના પુત્ર સહસ્ત્રરશ્મિને વશમાં કરી લીધો છે, તેથી હવે તેને છોડવો યોગ્ય જ છે.

આમ કહીને દશાનને સહસ્ત્રરશ્મિને બંધનમુક્ત કરીને કહ્યું કે આજથી તું મારા ચોથા ભાઈ સમાન છો. તું મહાબળવાન છો, તેથી હવે હું તારી સહાયતાથી સ્વર્ગનાં ઇન્દ્ર સમાન પોતાની જાતને ઇન્દ્ર માનવાવાળા રાજા ઇન્દ્ર પર આક્રમણ કરીશ અને મારી પટરાણી મંદોદરીની નાની બહેન સ્વયંપ્રભાનો વિવાહ પણ તારી સાથે કરાવીશ, જેની સાથે તું સુખેથી રાજ્ય કરીશ.

આ સાંભળીને સહસ્ત્રરશ્મિએ કહ્યું કે આપે મને જે સન્માન આપ્યું, તે આપ જેવા વીર, ઉદાર સમ્રાટને યોગ્ય જ છે, પરંતુ હું તો હવે અવિનાશી પદની પ્રાપ્તિ ઈચ્છું છું. તેથી હવે મને આ ક્ષણિક પદની આવશ્યકતા નથી. આટલું કહીને તેઓ પોતાના પુત્રને રાજ્યભાર સોંપીને નગ્ન દિગંબર સાધુ બનવા વનમાં ચાલી નીકળ્યા. તથા પોતાનાં પરમમિત્ર અયોધ્યાનાં રાજા અનરણ્ય (દશરથનાં પિતા) ને પણ સમાચાર મોકલ્યાં. કેમકે તે બંનેએ એકબીજાને વચન આપ્યું હતું કે જે પહેલાં મુનિ થશે, તે મુનિ થતાં પહેલાં બીજા મિત્રને જરૂરથી સમાચાર આપશે.

જ્યારે આ સમાચાર અનરણ્યને મળ્યા ત્યારે તેમણે પણ **પોતાનાં ૧ માસ નાં પુત્ર દશરથને રાજ્યતિલક કરીને મોટાપુત્ર અનંતરથની સાથે દીક્ષા લઈ લીધી, જેની ચર્ચા શરૂઆતમાં કરી છે.**

એ પછી દશાનને ઉત્તર દિશાનાં બધાં જ અભિમાની રાજાઓને પોતાનાં વશમાં કર્યા તથા ફરીથી અત્યધિક સન્માનપૂર્વક તેમનું રાજ્ય તેમને જ પાછું સોંપીને, રાજપુરનાં અતિ અભિમાની રાજા મરુત ની પાસે પોતાની આધીનતા સ્વીકારવા માટે દૂત મોકલ્યો. કેમકે શક્તિનાં અભિમાનમાં તે પોતાની સામે કોઈને ગણતો ન હતો તથા નિર્ભય થઈને પશુની હિંસારૂપ હલકું કાર્ય કરતો હતો.

જ્યારે દશાનનનો દૂત ત્યાં પહોંચ્યો ત્યારે તેણે નારદને બેહોશ પડેલા જોયા. તપાસ કરતાં ખબર પડી કે રાજા મરુત યજ્ઞમાં પશુઓની બલિ ચડાવી રહ્યાં હતાં, તે જોઈને નારદે તેમને સમજાવ્યાં તથા આવું હિંસક કાર્ય કરતાં રોક્યા પરંતુ નારદની વાત સાંભળતાં જ રાજા મરુત ગુસ્સે થઈ ગયા અને નારદની આ દશા કરી દીધી છે.

આ સાંભળીને દૂત તરત જ પાછો ફર્યો અને દશાનનની પાસે જઈને રાજા મરુતનાં યજ્ઞની બધી જ વાત કરી. આ સાંભળીને દશાનને રાજા મરુત પર તુરંત જ આક્રમણ કર્યું અને તેને પકડી લીધો તથા નારદને છોડાવ્યા.

નારદને છોડાવ્યાં પછી દશાનન મરુતની સામે જોઈને બોલ્યાં - 'તમે મારા રાજ્યમાં આ પ્રકારનાં હિંસક કાર્ય કેવી રીતે કરી શકો ? પશુવધ કરતાં તમને જરાપણ દયા ન આવી. તે અબોલ પશુ તો પોતાની પીડા વ્યક્ત કરવામાં અસમર્થ છે, તો શું તેમને કષ્ટ નહીં થતું હોય ? શું તેઓ મરણતુલ્ય પીડા નહીં અનુભવતાં હોય ? તેઓ પણ દુ:ખ - દર્દ અનુભવે છે. દર્દ બધાને થાય છે! પરંતુ કોઈ તે પીડાને વ્યક્ત કરી શકે છે અને કોઇ તે વ્યક્ત કરવામાં અસમર્થ હોય છે. તું વાતોથી નહીં સમજે, તેથી જેવો વ્યવહાર તેં એ અબોલ પશુઓ સાથે કર્યો હતો તેવોજ હું તારી સાથે કરું છું જેથી તને પણ એવા જ દુ:ખનો અહેસાસ થશે. આટલું કહીને દશાનન મરુતને એવી જ રીતે મારવાં લાગ્યાં કે જેવી રીતે તેઓ પશુઓને મારી રહ્યાં હતાં. આ બધું જોઈને નારદે દયાળુ બનીને દશાનનને આ હિંસક કાર્ય કરતાં રોક્યો તથા સમજાવ્યું કે તું પણ સજાનાં રૂપે પણ નિંદનીય કાર્ય તો કરી રહયો છે, **મોટાંને તો ક્ષમા જ શોભે છે.** ત્યારે દશાનન પ્રસન્ન થઈને બોલ્યા - હું તો મજાક કરી રહ્યો હતો. ઇન્દ્ર, તો

મારો ચોથો ભાઈ છે. તે પહેલાં જેવી રીતે રાજ્ય કરતો હતો તેવી જ રીતે ભલે કરે.

તેમને જોવાથી પોતાને ખુશનસીબ માનવા લાગ્યા. બધા અંદરો-અંદર વાતો કરતાં હતાં કે – **'આ દશાનન ખૂબ જ દયાળુ છે. જે પણ એની પાસે જાય છે તેની બધી ઈચ્છાઓ પૂરી થઈ જાય છે. મનુષ્યની સાથે સાથે પશુઓનું દુઃખ પણ તેમનાથી સહન ન થયું તેથી જ તો પશુયજ્ઞ કરનારા મરુતને તેમણે દંડ આપ્યો. તેમણે નાની ઉંમરમાં જ અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી લીધી છે. તેઓ અત્યંત શક્તિશાળી છે, પરંતુ જરા પણ અભિમાન નથી. અને તેથી જ મોટા - મોટા રાજાઓ સ્વયં તેમની સેવામાં હાજર થયા છે. અનેક રાજાઓની સુંદર કન્યાઓ તેમને વરી છે, તેઓ જે - જે નગરીમાં પહોંચે છે, તે - તે નગરીને ધન - ધાન્યથી સમૃદ્ધ કરી દે છે. તે નગરીમાં કોઈને પણ કોઈ જાતની તકલીફ રહેતી નથી. તેથી જ, જે નગરમાંથી તેઓ પસાર થાય છે ત્યાંના રહેવાસી પોતાને ધન્ય માનવા લાગે છે.'**

આ પ્રમાણે સર્વત્ર સુખ - શાંતિ ફેલાવનાર, સર્વ સાધન સંપન્ન દશાનનને જો કે કોઈ ખોટ ન હતી તેમ છતાં પોતાના દાદા માલીનાં મૃત્યુ માટે જવાબદાર રાજા ઇન્દ્રને જીવિત જોઈને શાંતિ પણ ન હતી. તેથી તેઓ નિરંતર ઠેકાણે - ઠેકાણે આરામ કરીને રથુનૂપુર તરફ આગળ વધતાં રહ્યા. આ પ્રમાણે વર્ષો વીતી ગયા. જ્યારે તેઓ ગંગાકિનારે પહોંચ્યાં ત્યારે ચોમાસુ ચાલુ થઈ ગયું હતું. તેથી ચાર મહિના ત્યાં જ વિશ્રામ કરવાનો નિર્ણય કર્યો.

શત્રુ પણ પોતાના જેટલી જ શક્તિવાળો છે એની ખબર હોવાથી દશાનને પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું કે આ લડાઈમાં રાજા ઇન્દ્રની સામે જીતવાનો મને પાક્કો કોઈ ભરોસો નથી. જીત મારી અથવા ઇન્દ્રની પણ થઈ શકે છે. તેથી પહેલાં દીકરીનું લગ્ન કરીને નિશ્ચિંત થઈ જાઉં, કેમકે હું શત્રુ પર નિશ્ચિંત થઈને આક્રમણ કરવા માંગુ છું. પુત્રી કૃતચિત્રાની ચિંતા મને કમજોર બનાવશે.

આ સાંભળીને મુખ્ય મંત્રીએ વિનયપૂર્વક કહ્યું કે તમારું વિચારવું બરાબર જ છે. કેમકે **પોતાના ઉદ્દેશ્યની સફળતા માટે નિશ્ચિંત થઈને**

**આગળ વધવું આવશ્યક છે, નહીંતર વચ્ચે આવતી મુશ્કેલીઓથી આપણે વિચલિત થઈ જઈએ.**

રાજકુમારી કૃતચિત્રાનાં લગ્નની વાત સાંભળીને ત્યાં ઉપસ્થિત મથુરા નરેશ હરિવાહને પોતાનાં પુત્રનો પ્રસ્તાવ સમ્રાટ દશાનન સામે મૂક્યો - જે સાંભળીને દશાનને તરત કોઈ જવાબ ન આપ્યો. તેમણે મંત્રીઓ સાથે એકાંતમાં વિચારણા કરી. બધા મંત્રીઓએ એકમત થઈને કહ્યું કે રાજકુમાર મધુ આપની પુત્રી માટે શ્રેષ્ઠ વર છે. તે વિનયસંપન્ન અને પરાક્રમી છે. પૂર્વભવની મિત્રતાને લીધે અસુરેન્દ્રએ મહાગુણવાન શૂલરત્ન તેને ભેટ આપ્યું છે. આ શૂલરત્ન કયારેય નકામું જતું નથી. જો તેને શત્રુની સેનામાં ફેંકવામાં આવે તો હજારો શત્રુઓને નાશ કરીને સ્વામીના હાથમાં પાછું આવી જાય છે. તેથીજ રાજા મધુ એ શૂલરત્ન ને પામીને અજેય (કોઈનાથી જીતી ન શકાય તેવા) બની ગયા છે.

અ પ્રમાણે મંત્રીઓની સહર્ષ સ્વીકૃતિપૂર્વકની સલાહ પ્રમાણે તેમણે રાજકુમાર મધુને લાયક વર સમજીને ગંગાકિનારે જ તેમનો વિધિપૂર્વક વિવાહનો પ્રસંગ કર્યો તથા દીકરી તરફની જવાબદારીથી મુક્ત થઈને યુધ્ધ માટે આગળ વધ્યા.

આ પ્રમાણે ધીરે-ધીરે રથુનૂપુર તરફ આગળ વધતાં તેઓ ૧૮ વર્ષે કૈલાશ પર્વત પર પહોંચ્યા. ત્યાં દશાનને બાલી મુનિનું સ્મરણ કર્યું તથા જિનમંદિરોની વંદના કરી.

રાજા ઇન્દ્રને જીતવા નીકળેલા દશાનનને નજીક આવેલો જાણી દુર્લંધ્યપુરનાં લોકપાલ નલકુંવરે રાજા ઇન્દ્રને સમાચાર મોકલ્યા. તે વખતે ઇન્દ્ર પાંડુકવનની વંદના કરવા જઇ રહ્યા હતા તેથી ભક્તિભીના હૃદયવાળા ઈન્દ્રે શત્રુ તરફ ધ્યાન આપ્યા વિના નલકુંવરને જ રક્ષા કરવાની જવાબદારી સોંપીને તેઓ સ્વયં ભગવાનનાં દર્શન કરવા ચાલી નીકળ્યા.

નલકુંવરે પોતાના રાજાની આજ્ઞા પ્રમાણે વિદ્યામયી વજશાલ નામનો કોટ બનાવ્યો. જેની ચારે દિશાઓમાં ભયાનક સાપ લટક્તાં હતાં. તેમાં શત્રુઓનો પ્રવેશ દુર્લભ હતો.

દશાનન ને જ્યારે ગુપ્તચરોએ આ માયામયી કોટ (કિલ્લો) ની સૂચના આપી ત્યારે તેને તોડી પાડવાનો તેમણે વિચાર કર્યો. એટલામાં જ નળકુંવરની પત્ની ઉપારંભા ની દાસી દશાનનની પાસે પોતાની સ્વામિનીનાં સમાચાર લઈને આવી. તેણે દશાનનને કહ્યું કે મારી સ્વામિની નાનપણથી જ તમને ચાહે છે પરંતુ અંતરાય કર્મનાં ઉદયથી તેમને અત્યાર સુધી આપનું સાનિધ્ય પ્રાપ્ત થયું નથી. હવે પુણ્યોદયથી આપ નજીક આવી ગયા છો, તેથી.......

દશાનને પૂરી વાત સાંભળ્યાં પહેલાં જ પોતાનાં કાન પર હાથ મૂકી દીધાં અને કહ્યું કે આ તું કેવી વાત કરી રહી છે ? **આ કામ પાપમય છે. જો રાજા જ આવું કાર્ય કરે તો પછી પ્રજાને કોણ દંડ આપશે ? હું પરસ્ત્રીને ચાહવામાં અસમર્થ છું, જિનશાસનની આજ્ઞા છે કે પરસ્ત્રી વિધવા હો યા સધવા કે વેશ્યા હો, બધી જ પરસ્ત્રી સર્વકાલ, સર્વથા ત્યાગવા યોગ્ય છે.**

ત્યારે વિભીષણે વચ્ચે જ વાત અટકાવતાં કહ્યું કે 'ભાઈ ! અહીં આવો, એક મિનિટ મારી વાત ધ્યાનથી સાંભળો. ત્યારબાદ તેમણે કાનમાં વાત કરી કે - રાજાઓએ સામ,દામ,દંડ અને ભેદનીતિથી વ્યવહાર કરવો જોઈએ. તેથી જ આ સમયે નલકુંવરની પત્નીનો પ્રસ્તાવ નકારો નહીં. કેમકે જો નલકુંવરની પત્ની તમારા આધીન થઈ ગઈ તો આપણને કોટ (કિલ્લો) ને ભેદવાનો ઉપાય અવશ્ય બતાવશે. જેનાથી આપણો વિજય થશે.

**'સમજદારને ઈશારો જ ઘણો છે'** - એ કહેવત પ્રમાણે રાજવિદ્યામાં ચતુર દશાનને તરત જ પોતાની વાત ફેરવી નાંખી અને દૂતી વિચિત્રમાલાને કહ્યું કે જો કે પરસ્ત્રીની કામના અયોગ્ય છે, તેમ છતાં દુ:ખીઓનાં દુ:ખ દૂર કરવાં તે તો રાજાનું પરમ કર્તવ્ય છે, તેથી અમે તમારી સ્વામિનીનો પ્રસ્તાવ સ્વીકારીએ છીએ. હવે તમે જાઓ અને તેમને જલ્દીથી અહીં લઈ આવો.

રાણીને તો એટલું જ જોઈતું હતું. મનપસંદ સમાચાર મળતાં તે થોડી જ વારમાં દશાનન પાસે પહોંચી ગઈ તથા દશાનનની સાથે લગ્ન કરવાની ઈચ્છા પ્રગટ કરવા માંડી. દશાનને કહ્યું કે મારી ઈચ્છા તો તમારી સાથે સુખ - શાંતિથી રહેવાની છે, પણ અહીં જંગલમાં શું આનંદ આવી શકે ? તેથી હું નગરમાં કેવી રીતે પ્રવેશ કરી શકું એ રસ્તો બતાવો.

દશાનનની સાથે રહેવાની કલ્પનામાં ડૂબેલી રાણીએ પ્રસન્ન થઈને તરત જ આશાલિકા નામની વિદ્યા દશાનનને આપી તથા કેટલાંક દિવ્યઅસ્ત્ર પણ આપ્યા.

આશાલિકા વિદ્યા દ્વારા તરત જ માયામયી કિલ્લાને ભેદીને દશાનને નગરમાં પ્રવેશ કર્યો તથા વિભીષણે નલકુંવરને જીવતો જ પકડી લીધો. દશાનને જેવો દુર્લંઘ્યપુર ને જીત્યો કે તરત જ તેની આયુધ શાળામાં સુદર્શનચક્ર પ્રગટ થઈ ગયું.

નળકુંવરની પત્નીએ દશાનનને ફરીથી લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે દશાનને તેને સમજાવતાં કહ્યું કે તેં મને વિદ્યા આપી તેથી તું મારી ગુરુ થઈ. વળી, પોતાનો પતિ હોવા છતાં મારી સાથે લગ્ન કરવાથી તારા ઉત્તમ કુળની બદનામી થશે. તેથી મારી સાથેનાં લગ્નનો વિચાર છોડીને પોતાનાં પતિ સાથે સુખેથી રહો.

ઉપારંભા આ બધું સાંભળીને, સમજણ આવતાં, પોતાની ભૂલ પર શરમાઇ તથા પતિની પાસે ગઈ.

નલકુંવરને છોડીને દશાનને તેનું રાજ્ય તેને આપી દીધું. પત્નીની કપટનીતિથી અજાણ નલકુંવર તેની સાથે સુખપૂર્વક પોતાનો સમય પસાર કરવા લાગ્યો.

એ પછી ધીરે ધીરે સેના સહિત આગળ વધતાં દશાનન વિજયાર્ધ પર્વતની નજીક પહોંચ્યા. ત્યારે દશાનનને નજીક આવેલો જાણીને રાજા ઇન્દ્રએ પોતાના પિતા પાસે સલાહ માંગી.

સમયને પારખીને તેમજ દુશ્મનની શક્તિને ઓળખીને અનુભવી પિતાએ સલાહ આપી કે તું રાક્ષસોનાં સ્વામી દશાનન સાથે મિત્રતા કરી લે. અને પોતાની પુત્રી તેને આપીને નિષ્કંટક રાજ્ય કર.

આ સાંભળતાં જ ગુસ્સે થઈને ઇન્દ્રએ કહ્યું - 'પિતાજી ! આ તમે શું કહી રહ્યાં છો ? મારવા યોગ્ય શત્રુને તમે કન્યા આપવા માંગો છો. આવું કાર્ય તો કાયરોને શોભે, વીરને નહીં. વળી, આપને તો એ ખબર જ છે કે **જે વખતે કોઈ વ્યક્તિ કોઇની આધીનતા સ્વીકારે છે તે વખતે જ તેની અર્ધી યોગ્યતા**

**નષ્ટ થઈ જાય છે.** તેથી હું તો આધીનતા નહીં સ્વીકારું, યુધ્ધ જ કરીશ. ભલે મને હારવું પડે.

હું તે દશાનનથી જરા પણ ઊતરતો નથી. મેં તેના દાદા માલીને યુધ્ધમાં માર્યા. જ્યારે તે નાનો હતો, ત્યારે પણ હું તેને મારવા ઇચ્છતો હતો કેમકે, **જ્યારે રોગ થાય ત્યારે તેને સરળતાથી નષ્ટ કરી શકાય છે, પણ જ્યારે રોગ ઘર કરી જાય પછી સરળતાથી નષ્ટ થઈ શકતો નથી.** તે વખતે પણ આપના કહેવાથી મેં તેને છોડી દીધેલો પણ હવે દુશ્મન શક્તિ ભેગી કરીને (મજબૂત) બનીને આવ્યો છે, તેમ છતાં હું તેને મારવામાં સમર્થ છું. જો કે તેની પર કાબૂ મેળવવામાં થોડો સમય અને તાકાત ચોક્કસ લાગશે. મોટાંને પૂછીને જ કોઈ પણ કાર્ય કરવું જોઈએ, એથી આપણી કુળની મર્યાદા પ્રમાણે હું તમારી પાસે આજ્ઞા લેવા આવ્યો છું. પરંતુ તમે જ મને યુધ્ધ કરતાં રોકી રહ્યાં છો, તેને કન્યા આપવાનું કહી રહ્યા છો તો શું આ કાર્ય આપણાં કુળને દોષ નહીં લગાવે ?' - આટલું કહીને ઇન્દ્ર દશાનન સાથે યુધ્ધ માટે નીકળી પડયો.

એ પછી દશાનન તથા ઇન્દ્ર બંનેની સેનાઓ વચ્ચે ભયંકર યુધ્ધ થયું. બંને પક્ષનાં ઘણાં યોધ્ધાઓ મરાયા પરંતુ છેવટે જીત દશાનનની થઈ. તેમણે ઇન્દ્રને જીવતો પકડી લીધો તથા તેને લઈને આકાશમાર્ગે લંકા રવાના થયા.

લંકાવાસીઓએ ઇન્દ્રવિજયી દશાનનનું ઘણું સન્માન કર્યું. દશાનન પણ વૃધ્ધ તેમજ પૂજ્ય વડીલો સાથે યોગ્ય સન્માનપૂર્વક મળ્યા.

ઇન્દ્રનાં પિતા સહસ્ત્રાર ઇન્દ્રને છોડાવવા માટે લંકા આવ્યા તથા દશાનનને કહેવા લાગ્યા કે હે ઇન્દ્રને જીતનાર દશાનન ! તમારું પરાક્રમ બધાંએ જોઈ લીધું છે. અમે પણ તેનાથી આનંદિત છીએ પણ હવે તમે એને છોડી દો.

આ સાંભળીને દશાનને મજાક કરતાં કહ્યું કે 'જો ઇન્દ્ર પૃથ્વીના જળને સુગંધિત કરે, તેનાં ચારેય લોકપાલ પૃથ્વીની સફાઈ કરે તો હું તેને માફ કરું.' આ સાંભળીને ઇન્દ્ર અને લોકપાલે તો શરમિંદા થઈ નીચું મુખ કરી દીધું પણ સહસ્ત્રારે કહ્યું - "આપ તો ઇન્દ્ર માટે પૂજ્ય છો, આપ જેવી આજ્ઞા આપશો, તેમ જ થશે."

આ સાંભળીને સહસ્ત્રાર ગદ્-ગદ્ થઈને દશાનનને કહેવા લાગ્યાં - ’ધન્ય છે તમારા માતા-પિતા ! ધન્ય છે તમારું કુળ! તમારી ઉજ્જ્વલ કીર્તિ હંમેશાં બની રહે ! એ પછી સહસ્ત્રાર પોતાના દીકરા ઇન્દ્રની સાથે વિજયાર્ધ પર્વતની પાસે વસેલા રથુનૂપુર પાછા ફર્યા.

રથુનૂપુર પાછા ફર્યા પછી પણ ઇન્દ્ર નાં કાનમાં દશાનનનાં હાસ્યાસ્પદ શબ્દો ગુંજી રહ્યા હતા. તે મનમાં વિચારતો હતો કે અત્યાર સુધી હું દુશ્મનનાં માથા પર મારો પગ રાખતો હતો, તેમને નમાવતો હતો, પણ હવે એ જ રાજાઓની સાથે દશાનનનો સેવક થઈને કેવી રીતે રહું ? જે રાજા, વિદ્યાધર અત્યાર સુધી મારી આજ્ઞામાં હતા, આજે હું તેમની સામે હાથ જોડીને દશાનનની આજ્ઞા સ્વીકારું ?

ના, એ કયારેય સંભવ નથી. હું તો હવે એવા પદની પ્રાપ્તિ કરીશ, જ્યાં હારવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. જ્યાં કોઈ માલિક કે સેવક હોતા નથી. દશાનન મારો દુશ્મન નહીં પણ પરમમિત્ર બનીને આવ્યો. એણે મારી મજાક નથી કરી પરંતુ મને સાચો રસ્તો બતાવ્યો છે. મોક્ષમાર્ગે આગળ વધવાની મારી ઇરછાને જગાડી છે, હવે હું આ રાજ્યને નહીં સ્વીકારું - આ પ્રમાણે વિચારીને રાજા ઇન્દ્ર એ દીક્ષા લઈ લીધી.

કહ્યું પણ છે કે **માનવ જીવનને બનાવવા - બગાડવા માં હસી-મજાક, વ્યંગ, સહાનુભૂતિ, પ્રેરણા આદિનું ઘણું મોટું યોગદાન છે. ઉપહાસ (મજાક) દ્વારા માણસ કયારેક દેવતા બની જાય છે તો ક્યારેક દાનવ.** ઉપહાસથી મનુષ્યનું મન જ્યારે આઘાત પામે છે ત્યારે તે જુદાં-જુદાં પ્રકારનાં નિર્ણય કરી શકે છે. એક તો ઉપહાસ કરવાવાળાને મોંઢા પર જ જવાબ આપવા ઉતાવળો બની જાય અને બીજું એ રીતનાં કાર્યોમાં પ્રવૃત્ત થાય કે ફરીથી કયારેય લોકો તેની પર હસે નહીં.

ઇન્દ્ર પણ આવા જ રસ્તે આગળ વધી ગયા હતાં , જ્યાં હસી - મજાક નો કોઈ અવસર જ ન હતો. તેમણે શત્રુ - મિત્રમાં સમાનભાવ ધારણ કરવાવાળા નિગ્રંથ સાધુ બનીને ઉગ્ર તપ કરવાનું શરૂ કર્યું અને કેટલોક સમય પછી પોતાનું લક્ષ્ય પરમપદ ને (મોક્ષઅવસ્થા) પ્રાપ્ત કરી લીધું.

# છઠ્ઠો દિવસ

બધા ભૂમિગોચરી તેમજ વિદ્યાધર રાજાઓને વશમાં કર્યા પછી દશાનન પોતાનો સમય શાંતિપૂર્વક ધર્મધ્યાન આદિમાં પસાર કરવા લાગ્યા.

એક દિવસ તેમણે સુમેરુપર્વત પર સ્થિત અકૃત્રિમ જિન ચૈત્યાલયોનાં દર્શન કરીને પાછાં ફરતાં, રસ્તામાં ઘણો અવાજ સાંભળ્યો. તપાસ કરતાં ખબર પડી કે ત્યાં અનંતવીર્ય મુનિ (રાજા દશરથનાં મોટા ભાઈ) ને કેવલજ્ઞાન થયું છે અને અહીં તેમની ગંધકુટી છે.

આ સાંભળીને દશાનન પૃથ્વી પર ઉતર્યા અને તેમણે કેવલીની વંદના તથા સ્તુતિ કરી. એ પછી પોતાને યોગ્ય સ્થાન પર બેસીને ધર્મશ્રવણ કર્યું.

ધર્મોપદેશ બાદ ત્યાં ઉપસ્થિત ધર્મરથ મુનિરાજે દશાનનને કહ્યું કે તમે તમારી શક્તિ પ્રમાણે કોઈ નિયમ લો.

આ સાંભળીને દશાનન મનમાં વિચારવા લાગ્યાં કે ભોજન આદિ તો મારાં પવિત્ર છે, હું રાત્રિભોજન પણ કરતો નથી, કંદમૂળ આદિ ખાતો નથી. અભક્ષ્યનો મેં પહેલેથી જ ત્યાગ કરી દીધો છે. તથા અણુવ્રત લેવામાં હું સમર્થ નથી. તો પછી હું કઈ પ્રતિજ્ઞા લઉં ? તેઓ થોડું વિચારીને મુનિરાજ ને કહેવા લાગ્યાં કે, કોઈ પરસ્ત્રી અત્યંત રૂપાળી હોય પણ અગર તે મને ન ઇચ્છે તો હું જબરદસ્તી તેને ભોગવીશ નહીં.

આ પ્રમાણે ભાનુકર્ણ તથા વિભીષણ આદિએ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે પ્રતિજ્ઞાઓ લીધી તથા બધા લંકા પાછા ફર્યા.

કેટલાંક દિવસો પછી રાજા વરુણ દશાનનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા લાગ્યા, ત્યારે દશાનને વરુણની પાસે પોતાનો દૂત મોકલ્યો.

દૂતે જઈને વરુણને કહ્યું કે તમે વિદ્યાધરોનાં અધિપતિ સમ્રાટ દશાનનને પ્રણામ કરો અથવા યુદ્ધ માટે તૈયાર થાઓ.

આ સાંભળીને વરુણ અભિમાનપૂર્વક મજાક કરતાં બોલ્યા - ‘દશાનન કોણ છે ? શું કામ કરે છે ? હું ન તો વૈશ્રવણ છું, ન સહસ્ત્રરશ્મિ, ન તો હું મરુત

કે મય છું. વળી, ઇન્દ્ર પણ નથી, કે તે મને સરળતાથી હરાવી લે. દેવોએ આપેલા શસ્ત્રોનો તેને ગર્વ હોય તો ભલે, હું તેને એ શસ્ત્રોની સાથે જ યમલોક પહોંચાડી દઈશ.' એ સાંભળીને દૂત લંકા પાછો ફર્યો અને દશાનનને બધી વાત કરી.

વરુણનાં અભિમાન ભરેલાં વચન સાંભળીને ગુસ્સામાં આવીને દશાનને પ્રતિજ્ઞા કરી કે હું વરુણને દેવોપુનીત શસ્ત્ર વિના જ મારીશ અથવા જીવતો પકડીશ.

એ પછી બંને વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું. યુદ્ધમાં જ એક દિવસ વરુણનાં પુત્રોએ દશાનનનાં બનેવી ખરદૂષણને બાંધી દીધા. દેવોએ આપેલાં શસ્ત્રો વિના યુદ્ધ કરવાની પ્રતિજ્ઞાથી બંધાયેલા દશાનને કયાંક બનેવી સાથે અજુગતું (અયોગ્ય) ન બની જાય- એમ વિચારીને લાચાર થઈને યુદ્ધ બંધ કર્યું.

ખરદૂષણને છોડાવવાનો બીજો કોઈ ઉપાય ન હોવાથી દશાનને પોતાનાં મિત્રરાજાઓ પાસે મદદ માટે દૂત મોકલ્યો. એક દૂત રાજા પ્રહ્લાદ પાસે પણ ગયો. દૂતે ત્યાં જઈને યુદ્ધભૂમિનાં બધાં જ સમાચાર સંભળાવ્યા અને દશાનનનો પત્ર પણ આપ્યો. રાજા પ્રહ્લાદે પત્રને તરત જ મસ્તક પર લગાડ્યો અને વંચાવ્યો. પત્ર આ પ્રમાણે હતો -

"રાક્ષસવંશરૂપી આકાશનાંચંદ્રમા, વિદ્યાધર રાજાઓનાં સ્વામી, રાજા સુમાલીનાં પૌત્ર, પાતાળ લંકાની પાસે જેઓની સેના રોકાઈ છે - એવા અર્ધચક્રી સમ્રાટ દશાનન, આદિત્યનગરમાં રહેવાવાળા ન્યાય – નીતિજ્ઞ, દેશ - કાળની વિધીનાં જ્ઞાતા તથા અમારી સાથે સ્નેહ રાખવાવાળા ભદ્રપ્રકૃતિનાં ધારક રાજા પ્રહલાદને શરીરાદિની કુશળતા પૂછ્યા પછી આજ્ઞા આપે છે કે સમસ્ત વિદ્યાધર રાજા તો તરત જ આવીને મને નમસ્કાર કરી ચૂક્યા છે પરંતુ પાતાલનગરમાં જે દુર્બુદ્ધિ વરુણ રહે છે, તે પોતાની શક્તિ – સામર્થ્ય ને લીધે અમારા વિરોધમાં ઊભો થયો છે. આ વિદ્વેષને લીધે જ તેની સાથે અત્યંત ભયંકર યુદ્ધ થયું હતું. પરંતુ તેના ૧૦૦ પુત્રોએ ખરદૂષણને પકડી લીધો છે. યુદ્ધમાં તેનું મૃત્યુ ન થઈ જાય એમ વિચારીને, સમયની નજાકતા જોઈને મેં મહાયુદ્ધનો વિચાર પડતો મૂક્યો છે. તેથી તેનો પ્રતિકાર કરવા માટે તમારે જરૂરથી આવવું જોઈએ, કેમકે આપના જેવા પુરુષો ક્યારેય કરવા યોગ્ય

કાર્યમાં ભૂલ નથી કરતા. હવે હું તમારી સાથે ચર્ચાવિચારણા કરીને જ આગળ કાર્ય કરીશ."

પત્ર વાંચીને રાજા પ્રહલાદે પોતાના પુત્ર પવનંજયને બોલાવ્યો તથા પત્રનો સાર બતાવીને રાજ્યભાર તેને સોંપીને મંત્રીઓની સલાહથી તેઓ સ્વયં યુદ્ધભૂમિમાં જવા તૈયાર થઈ ગયા. આ જોઈને પવનંજયે પિતાને નમસ્કાર કરીને કહ્યું કે સમર્થ પુત્ર હોવા છતાં પિતા યુદ્ધ માટે જાય તે યોગ્ય નથી. આપ અહીં આરામથી રહો, હું દશાનનની મદદ માટે જાઉં છું.

આ પ્રમાણે પિતાની આજ્ઞા લઈને માતા આદિ બધાં કુટુંબીજનોથી વિદાય લઈને જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે તેમની દ્રષ્ટિ ખૂણામાં ઊભેલી રડતી અંજના પર પડી. પતિની પોતા પર દ્રષ્ટિ પડી એ જોઈને અંજનાએ તેમને કહ્યું કે આપના દ્વારા તરછોડાયેલી હું અત્યાર સુધી આપનાં દર્શનમાત્રથી જ જીવિત હતી, હવે આપનાં વિદેશગમન પછી હું કેવી રીતે જીવિત રહી શકીશ. અત્યારે તો મને મૃત્યુ જ શરણ છે.

આટલું સાંભળવા છતાં પણ પવનંજયનું હૃદય પીગળ્યું નહીં તથા તેની વાતને સાંભળી - ન સાંભળી કરીને તેનો તિરસ્કાર કરીને તેઓ આગળ વધી ગયા.

ત્યારે વિનયે પૂછ્યું - ગુરુજી ! પવનંજયે પોતાની પત્નીનો તિરસ્કાર કેમ કર્યો હતો ?. ગુરુજીએ કહ્યું - જ્યારે પવનંજયની અંજના સાથે સગાઈ થઈ હતી, ત્યારે પવનંજયે અંજનાને જોઈ પણ ન હતી. તેથી જયારે તેમણે અંજનાનાં રૂપની પ્રશંસા સાંભળી તો તેઓ અંજનાને જોવા આતુર થઈ ગયા. જોકે લગ્ન ત્રણ દિવસ પછી જ થવાનાં હતાં, પરંતુ પવનંજયને અંજનાને જોયા વિના ચેન પડતું ન હતું. તેથી તેઓ પોતાનાં ખાસમિત્ર પ્રહસ્તની સાથે આકાશમાર્ગે તેને જોવા ચાલી નીકળ્યા.

રાજા મહેન્દ્રનાં મહેલમાં પહોંચીને તેઓ સહેલીઓ વચ્ચે ઘેરાયેલી અંજનાની વાતચીત છૂપાઈને સાંભળવા લાગ્યા. વાતચીત વખતે જ્યારે અંજનાની એક સખી વસંતમાલા પવનંજયની પ્રશંસા કરવા લાગી ત્યારે વાતને અડધેથી જ અટકાવીને તેની બીજી સખી મિશ્રકેશી કહેવા લાગી કે પવનંજય

અને વિદ્યુત્પ્રભની કોઈ સરખામણી ન થઈ શકે. વિદ્યુત્પ્રભ બળ, પરાક્રમ, રૂપ બધામાંજ પવનંજયથી શ્રેષ્ઠ છે. 'તે શીઘ્ર મુનિ થશે' - એમ સાંભળીને રાજા વિદ્યુત્પ્રભની જગ્યાએ પવનંજયથી લગ્ન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. પવનંજયમાં અનુરક્ત (લીન) અંજના આટલું સાંભળવા છતાં પણ શરમથી કશું બોલી નહીં.

અંજનાને મૌન જોઈને પવનંજયને ખૂબ જ ગુસ્સો આવ્યો તથા તેઓ ત્યાંથી પાછા ફરી ગયા. તેમને શંકા થઈ કે અંજનાને પણ વિદ્યુત્પ્રભ જ પસંદ છે. જો તેને પસંદ ન હોત તો સખીની વાતો ચૂપચાપ ન સાંભળત. પવનંજય વિચારવા લાગ્યા કે જે સ્ત્રી અન્ય પુરુષ પર આસક્ત છે તેની સાથે લગ્ન કરવું યોગ્ય નથી.

**શંકા તે અમરવેલનાં જેવી છે. જે મૂળ વિનાની હોય છે અને બીજાને આધારે વૃદ્ધિ પામે છે.** એક રીતે તો શંકા અમરવેલથી પણ ભયંકર છે, કેમકે અમરવેલ તો પહેલાં બીજાને નષ્ટ કરે છે, પછી પોતે નષ્ટ થાય છે. પરંતુ શંકા તો પહેલાં પોતાનો નાશ કરે છે, બીજાનો નાશ થાય કે ના થાય.

**શંકા જેનાં મનમાં ઊઠે છે, તેને જ સૌથી પહેલાં બરબાદ કરે છે. તે પોતાને જ સમાપ્ત કરે છે, પારકાં તો એની મર્યાદામાં આવતાં જ નથી. વહેમ માણસનો દુશ્મન છે, જે મન પર વિપરીત અસર પાડીને વિવેકનો નાશ કરી દે છે.**

વિવેકરહિત, શંકાથી ઘેરાયેલા પવનંજયે પોતાનો પરિવારજનોને અંજના સાથે લગ્ન નહીં કરવાનો નિર્ણય જણાવ્યો. કુમારનો આ નિર્ણય સાંભળીને બંને રાજાઓનાં પરિવારમાં ખળભળાટ થઈ ગયો. કોઈને સમજમાં આવતું ન હતું જે હજી ગઈ કાલ સુધી તો રાજકુમાર લગ્ન માટે તૈયાર હતા અને હવે રાતોરાત આ શું થઈ ગયું ? માતા - પિતા દ્વારા ઘણું સમજાવવામાં આવતાં તેમણે લગ્ન તો કરી લીધું પણ લગ્ન પછી અંજનાનું મુખ પણ ન જોયું.

'પવનંજય અંજનાથી ઉદાસ છે, તેનું મુખ જોવાનું પણ પસંદ નથી કરતા, તેને એક જુદા મહેલમાં રાખવામાં આવી છે' - આ વાત જંગલમાં લાગેલી આગ સમાન આખા રાજ્યમાં થોડા જ સમયમાં ફેલાઈ ગઈ.

પતિથી તરછોડાયેલી અંજના પોતાનાં મહેલમાં પોતાની સહેલીની સાથે એકલવાયું જીવન વીતાવવા લાગી. તેનો આદર કરવાની તો વાત જ દૂર, કોઈ તેની સાથે બોલવું, જોવું પણ પસંદ કરતા નહીં. કેમકે પતિથી સન્માનિત સ્ત્રીઓ જ સર્વત્ર સન્માન પામે છે.

**શંકાનું બીજ જલ્દી ઊગે છે, પરંતુ નષ્ટ મહામુશ્કેલીથી થાય છે.** પવનંજયની શંકાના કીડાએ ૨૨વર્ષ સુધી અંજનાથી દૂર કરી દીધા. એવું કહેવાય છે ને કે - '**વહેમનો ઉપાય સ્વયં મનુષ્ય પાસે જ હોય છે.** પવનંજયની સાથે પણ આવું જ થયું.'

જ્યારે પવનંજય દશાનનનાં કહેવાથી દશાનનની મદદ માટે જઈ રહ્યાં હતાં, ત્યારે રસ્તામાં રાત પડતાં તેઓ તે સરોવરનાં કિનારે વિશ્રામ કરવા તંબુ બાંધીને રોકાયાં. રાત્રિનાં શાંત વાતાવરણમાં જ્યારે તેઓ આરામ કરી રહયાં હતાં ત્યારે તેમણે ચકલીને વિલાપ કરતાં સાંભળી, જે સાંભળીને તેમને વિચાર આવ્યો કે આ ચકલી તો પોતાનાં પ્રિયથી એક રાત માટે પણ જુદી રહી નથી શકતી તો મેં તો તે કન્યાને વગર કારણે ૨૨વર્ષ નો વિયોગ આપ્યો! એટલું જ નહીં, અહીં આવતી વખતે પણ તેનો તિરસ્કાર કરીને તેને છોડીને આવ્યો. હવે એ વાતમાં કોઈ આશ્ચર્ય નથી કે તે સાચે જ મૃત્યુને વરી હોય, તેથી તેને મળીને આશ્વાસન આપવા યોગ્ય છે; જેથી મારા પાછા ફરવા સુધી તે જીવિત રહે. પરતું અત્યારે તો હું પિતાજી તથા કુટુંબીજનોથી વિદાય લઈને આવ્યો છું, તેથી પાછા ફરવું યોગ્ય નથી. મને સમજાતું નથી હું શું કરું ?

પવનકુમારે જ્યારે પોતાના ખાસ મિત્ર પ્રહસ્ત સમક્ષ પોતાની મૂંઝવણ બતાવી તો મિત્રએ સમય અને બધાં જ સંજોગોને ધ્યાનમાં રાખીને એ મધ્યમમાર્ગ કાઢ્યો કે મુદ્દગર નામના સેનાપતિને સેનાની સુરક્ષાનો ભાર સોંપવો અને બંને જણા સુમેરુની વંદના કરવાનાં બહાને ત્યાંથી નીકળી જવું.

મિત્રની સાથે થોડી જ વારમાં તેઓ અંજનાની પાસે પહોંચી ગયા અને ઘણાં દિવસ અંજનાની સાથે રહ્યા. વર્ષોનાં વિરહ બાદ થયેલાં મિલનમાં તેઓ એટલાં ખોવાઈ ગયાં કે તેમને સમયનું ધ્યાન જ ન રહ્યું. તેઓ પોતાનાં કર્તવ્યને પણ ભૂલી ગયાં. પ્રહસ્તે કર્તવ્યની યાદ અપાવી તે પછી તેઓ ફરીથી યુદ્ધમાં

જવા તૈયાર થયા. ત્યારે અંજનાએ કહ્યું કે તમે તમારા આગમનની જાણ માતા - પિતાને કરતાં જાઓ. નહીંતર ઘણાં વર્ષોથી તરછોડાયેલી હું આપણાં આ છૂપાં મિલનથી કલંકિની ઘોષિત (જાહેર) થઈ જઈશ.

પવનંજયે અંજનાની આ વાતનો ગંભીરતાથી વિચાર ન કર્યો. લજ્જાવશ તેઓ માતા - પિતા પાસે

પણ ન ગયા, પરંતુ અંજનાનો ઘણો આગ્રહ કરવાથી પોતાનાં નામની વીંટી (મુદ્રિકા) આપીને કહ્યું કે જો કાંઇ જરૂર પડે તો આને સાક્ષીનાં રૂપમાં આપની પાસે રાખો. જોકે, આપણું આ છૂપું મિલન પ્રગટ થાય એ પહેલાં જ હું તને આવીને મળી લઈશ.

કેટલાંક દિવસો પછી અંજનાને ગર્ભ પ્રગટ થતાં પવનંજયનાં માતા - પિતા તથા પરિવારજનોએ તેને કલંકિત જાણીને તેની સહેલી સાથે તેના માતા - પિતાને ત્યાં મોકલી દીધી. તેણે પોતાની નિર્દોષતા માટે વીંટી પણ બતાવી પરંતુ તેની પર કોઈએ વિશ્વાસ ન કર્યો.

સાસરેથી પાછી મોકલાયેલી અંજનાનો પિતાને ઘરે પણ આશરો ન મળ્યો. તે યોગ્ય જ છે કેમકે **સ્થાનભ્રષ્ટ થતાં જ પોતાનાં મિત્ર પણ શત્રુ બની જાય છે.** જેવી રીતે જ્યાં સુધી કમળ પાણીમાં રહે છે ત્યાં સુધી સૂર્યનાં કિરણોનાં સ્પર્શથી પ્રસ્ફુટિત થાય છે. તે જ કમળ જ્યારે પાણીની બહાર હોય છે ત્યારે તે જ સૂર્યનાં કિરણથી કરમાઈ જાય છે. આ બધાં પુણ્ય - પાપનો ખેલ છે. **પુણ્યનાં ઉદયમાં શત્રુ પણ મદદ કરતાં જાય છે અને પાપનાં ઉદયમાં પોતાનાં ઇષ્ટજન પણ સાથ છોડી દેતાં જણાય છે.**

દુર્ભાગ્યવશ, પોતાનાં પૂર્વોપાર્જિત દુષ્કર્મોનું ફળ ભોગવતી અંજના પોતાની સખી વસંતમાલાની સાથે જંગલમાં ચાલી નીકળી.

ચાલતાં-ચાલતાં થાકી જવાથી બંને જણાએ પાસેની જ એક ગુફામાં આશ્રય લીધો. જંગલી પ્રાણીઓની ભયંકર ગર્જનાથી ડરેલી તે બંને સ્ત્રીઓ આજુબાજુ જોઈ રહી હતી કે ત્યાં જ તેમને એક શીલા પર બિરાજમાન મુનિરાજ દેખાયાં જેથી બંનેનો ડર થોડા પ્રમાણમાં દૂર થયો.

તેમણે મુનિરાજની વંદના કરી. મુનિરાજનું ધ્યાન જ્યારે ભંગ થયું

ત્યારે વસંતમાલાએ તેમને પૂછ્યું કે કોણ કમનસીબ આનાં ગર્ભમાં આવ્યો છે કે જેનાં આવતાં જ તે કલંકિની જાહેર થઈ તથા મહેલોમાં રહેવાવાળી રાજરાણીને અહીં જંગલમાં રખડવું પડે છે.

આ સાંભળીને મુનિરાજે કહ્યું - આના ગર્ભમાં આવવાવાળો જીવ કમનસીબ નથી પરતું મહાભાગ્યશાળી છે. તેને જે પુત્ર થશે તેનાથી માતાને પરમસુખની પ્રાપ્તિ થશે. આ જીવ અનંતશક્તિનો ધારક છે અને આ ભવથી જ મોક્ષ જશે. આ પ્રમાણે તેની જીજ્ઞાસા સંતોષીને મુનિરાજ તો આકાશમાર્ગે વિહાર કરી ગયા તથા તેમનાં કહેલાં શબ્દોથી પોતાની સખી અંજનાને ધૈર્ય બંધાવીને વસંતમાલાએ વિદ્યાબલ દ્વારા અંજનાનાં ભોજન આદિની વ્યવસ્થા કરી અંજનાને પ્રસન્ન રાખવાનો યથાયોગ્ય પ્રયત્ન કરતી. પોતાની શક્તિ પ્રમાણે સેવા પણ કરતી.

આ પ્રમાણે જંગલી જાનવરોથી ડરતાં-ડરતાં, અનેક પ્રકારનાં દુઃખ સહેતાં - સહેતાં મુનિરાજનાં કથનથી એકબીજાને આશ્વાસન આપીને તેઓ પોતાનાં દિવસો વીતાવવા લાગ્યા.

યોગ્ય સમયે અંજનાએ સુંદર પુત્રને જન્મ આપ્યો, જેના તેજથી આખી ગુફા ઝળહળી ઊઠી. આ સમયે તેમને આકાશમાંથી એક વિમાન જતું દેખાયું, જેને જોઈને પુત્ર પર કોઈ મુશ્કેલી આવશે એવા ડરથી અંજના રડવા લાગી. રડવાનો અવાજ સાંભળીને વિમાનમાં બેઠેલા વિદ્યાધર રાજા નીચે ગુફામાં આવ્યા અને તેમને રડવાનું કારણ પૂછતાં વસંતમાલાને કહ્યું કે - 'આ સ્ત્રી કોણ છે, અહીં ગાઢ જંગલમાં શું કરે છે, કેમ રડે છે ?.

વસંતમાલાએ બતાવ્યું કે - 'તે રાજા મહેંદ્રની પુત્રી છે. તથા રાજા પ્રહલાદનાં પુત્ર પવનંજયની પત્ની છે. લગ્ન પહેલાં જ્યારે મિશ્રકેશી નામની સખીએ તેની સામે પવનંજયની નિંદા અને વિદ્યુત્પ્રભની પ્રશંસા કરી ત્યારે પવનંજય પોતાના મિત્રની સાથે છૂપાઈને આ બધી વાત સાંભળી લીધી તથા શંકાશીલ મનવાળા તેમણે તેને લગ્ન કરીને છોડી દીધી. લગ્નનાં ૨૨ વર્ષ પછી જ્યારે તેઓ દશાનનની મદદ માટે જઈ રહ્યા હતા ત્યારે માનસરોવર પર વિયોગની વેદનાથી દુઃખી ચકલીને જોઈને તેનું મન અંજના પ્રત્યે દયાથી

ભરાઈ આપ્યું તથા વડીલોથી છૂપાઈને અંજનાને મળવા આવ્યા. કેટલાંક દિવસ અંજના સાથે રહીને, તેને ગર્ભ ધારણ કરાવીને તેઓ પિતાની આજ્ઞા પૂરી કરવા માટે યુદ્ધમાં જતાં રહ્યાં.

ગર્ભનાં ચિહનો દેખાતાં નિર્દોષ અંજનાને કુલટા જાણીને સાસરી પક્ષનાં લોકોએ તેને પિતાને ઘરે મોકલી દીધી. અપયશનાં ભયથી પિતાએ પણ તેને શરણ ન આપ્યું. તે યોગ્ય જ છે કે સજ્જન પુરુષ મિથ્યા દોષથી ડરે જ છે.

નિરાધાર અંજના આ ભયાનક જંગલમાં રહેવા લાગી અને હવે પુત્રજન્મ થતાં કુટુંબીજનોથી અલગ પડી જવાને લીધે રડી રહી છે.

આટલું સાંભળીને તેઓ બોલ્યાં કે હું હનુરુહ દ્વીપનો રાજા પ્રતિસૂર્ય છું. અંજના મારી ભાણી છે. મેં તેને ઘણા દિવસથી જોઈ નથી તેથી ઓળખી નહીં. જ્યારે તેમણે તેની કિશોરાવસ્થાની વાત સંભળાવી ત્યારે અંજનાએ મામા - મામીને ઓળખી લીધા. અંજનાએ ત્યાર બાદ તેમની સાથે ઘણી વાતો કરી. એ પછી તેઓ પોતાના મામાની સાથે હનુરુહદ્વીપ તરફ રવાના થઈ ગઈ.

રસ્તામાં અંજનાનાં ખોળામાંથી ઊછળીને બાળક પર્વત પર પડ્યો પણ આશ્ચર્યની વાત એ બની કે તે શિલાનાં ટુકડેટુકડા થઈ ગયા; પણ બાળકને જરા પણ ઈજા ન થઈ. તૂટેલી શિલા પર બાળક ખુશમિજાજમાં પડ્યો હતો.

આ જોઈને રાજાએ અંજનાને કહ્યું કે જ્યારે આ બાળક નાનો છે તો આટલી બધી તાકાત છે તો યુવાનાવસ્થામાં તો કેટલો બળવાન થશે ? આ તો ચરમશરીરી છે. આજથી તેનું નામ શ્રીશૈલ રાખીએ.

હનુરુહદ્વીપ પહોંચીને તેનો જન્મોત્સવ ધૂમધામથી મનાવાયો. હનુરુહદ્વીપમાં રહેવાથી બાળક હનુમાનને નામે પ્રસિદ્ધ થયો.

હનુમાનનાં પિતા પવનંજયે વરુણને યુદ્ધમાં જીતીને ખરદૂષણને છોડાવ્યો તથા દશાનનની આજ્ઞા લઈને અંજનાને મળવા આતુર તેઓ તરત જ ઘરે પાછા ફર્યા.

ઘરે પાછા ફરતાં માતા - પિતા આદિ બધાંએ તેમનું સ્વાગત સત્કાર કર્યો. એ બધાંને મળતી વખતે પણ પવનંજયની આંખો તો અંજનાને જ શોધી રહી હતી. એ બધાની વચ્ચે જ્યારે અંજના ન દેખાઈ તો તેઓ ખૂબ આકુળ -

વ્યાકુળ થયા. અને ચૂપચાપ તેને બધી જગ્યાએ શોધવા લાગ્યા. જ્યારે તે કયાંય ન મળી ત્યારે છેવટે શરમ બાજુપર મૂકીને તેમણે માતાને અંજના વિષે પૂછ્યું. અંજનાનું નામ સાંભળતાં જ માતાએ પોતાનાં કાન પર હાથ મૂકી દીધાં અને કહ્યું - એ કુલટાનું નામ ન લો. કોને ખબર એ ક્યાં પોતાનું મોં કાળું કરીને આવી હતી. તેથી અમે તેને તેના પિતાજીને ઘરે મોકલી દીધી.

પવનંજય એક પળ પણ રોકાયા વિના મહેન્દ્રનગર ગયા. સસરાજીએ તેમની ઘણી સરભરા કરી. બધાંને મળ્યા પછી જ્યારે તેમણે અંજના વિષે પૂછ્યું તો તેમને નિરાશ થવું પડ્યું. અંજના ત્યાં ન મળતા તેમણે તરત જ નગર છોડી દીધું.

નગર છોડ્યા પછી પવનંજયે પોતાના મિત્રને પોતાનાં માતા - પિતા પાસે મોકલી દીધો અને કહ્યું કે અંજના વિના મારું જીવવું નક્કી નથી, તેથી હું તેને શોધવા માટે જઈ રહ્યો છું, અને તમે જે યોગ્ય લાગે તે કરો.

પ્રહસ્તને મોકલ્યા પછી અંજનાને શોધતાં શોધતાં પવનંજય પાગલની જેમ આમ - તેમ ભટકવા લાગ્યા. ખાધા - પીધા વિના એમને એમ જ કલાકો સુધી વિચારોમાં ખોવાયેલાં રહેતાં.

વારેઘડીએ તે નિર્દોષ ચહેરો તેમના માનસપટલ પર છવાઈ જતો તે તેમને કહ્યાં કરતો કે આપના આગમનનાં સમાચાર માતા - પિતાને આપતાં જાઓ. જયારે પણ દર્પણમાં પોતાનો ચહેરો જોતાં ત્યારે તેમને અંજનાનો આસુંભરેલો ચહેરો દેખાવા લાગતો અને તેઓ તે પ્રતિબિંબને જોઈને ભૂતકાળમાં ખોવાઈ જતાં.

આ પ્રમાણે અંબરગોચર નામના હાથી પર ફરતાં - ફરતાં તેઓ ભૂતરવ નામનાં વનમાં પહોંચ્યા. ત્યાં તેમણે હાથીને છોડી દીધો અને તેને કહ્યું કે તમારી જ્યાં ઈચ્છા હોય ત્યાં જાઓ, મારા માટે તો અંજના વિના જીવવું મુશ્કેલ છે. આટલું કહીને તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી અંજનાનાં સમાચાર ન મળે ત્યાં સુધી હું ખાવા - પીવાનું તથા બોલવાનું છોડું છું.

પવનંજયના મિત્ર પ્રહસ્તે જયારે પવનંજયના સમાચાર તેમના માતા - પિતાને સંભળાવ્યા તો માતાએ બેબાકળી બનીને (આકુળવ્યાકુળ થઈને) કહ્યું કે

તું મારા પુત્ર ને એકલો મૂકી આવ્યો તે સારું નથી કર્યું. કોને ખબર, અત્યારે તે ક્યાં હશે? આ પ્રમાણે તેની યાદમાં તેના માતા - પિતા ખૂબ જ દુઃખી થયા. તે યોગ્ય જ છે કેમકે **જે મનુષ્ય વગર વિચાર્યે અચાનક નિર્ણય લઈ લે છે, તેને કષ્ટ તો થાય જ છે, પશ્ચાતાપ પણ થાય જ છે.**

પવનંજયનાં પિતા રાજા પ્રહલાદે પોતાના મિત્ર એવા બધાં જ વિદ્યાધરોને બોલાવ્યાં અને આકાશમાર્ગે બધાંની સાથે તેઓ પણ પુત્રને શોધવા નીકળી પડ્યાં.

આ પ્રમાણે વિજયાર્ધવાસી વિદ્યાધર તથા ત્રિકુટાચલવાસી રાક્ષસ રાજાઓ પ્રતિસૂર્યની સાથે મળીને પ્રયત્નપૂર્વક પૃથ્વી પર પવનંજયને શોઘવા લાગ્યા. શોધતાં, - શોધતાં જ્યારે તે ભૂતરવ નામનાં જંગલમાં પહોંચ્યા ત્યારે તેમણે પવનંજયનો હાથી જોયો, જેને જોઈને તેમને ત્યાં પવનંજયના હોવાની આશા જાગી. તેઓ વિમાનમાંથી ઊતરીને ધીમે - ધીમે પવનંજયને શોધવા માટે આગળ વધ્યા. સેના સહિત રાજાઓને જોઈને માલિકની રક્ષામાં તત્પર પવનંજયનો હાથી તેમની પર ઉપદ્રવ કરવા લાગ્યો. જેમ તેમ કરીને તેને વશમાં કરીને તેઓ પવનંજયની નજીક પહોંચ્યા તથા કુશળતાનાં સમાચાર પૂછવા લાગ્યા ત્યારે તેઓ મૌન જ રહ્યા. તથા તેમણે ઇશારાથી બતાવ્યું કે અંજના વિના હું મરી જઈશ એમ નિર્ણય મેં કરી લીધો છે. આ સાંભળીને માતા - પિતા ખૂબજ નિરાશ થઈ ગયા. તેમને વારં-વાર સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા કે અમે અંજનાને ખૂબ જ જલ્દી શોધી કાઢીશું. તમે અત્યારે ઘરે ચાલો, જમીલો, પરંતુ પવનંજય પોતાનાં નિર્ણય પર અડગ રહ્યા. જ્યારે રાજા પ્રતિસૂર્ય ત્યાં પહોંચ્યા તો તેમને પવનંજયનાં મૌન વ્રત તથા મૃત્યુને વરવાના નિર્ણયની ખબર પડી ત્યારે રાજા પ્રતિસૂર્યએ માતા - પિતાને ધૈર્ય બંધાવ્યું તથા બધા રાજાઓને બાજુ પર હટાવીને પવનંજય એકાંતમાં ધીમેથી કહ્યું કે અંજના મારી પાસે હનુરુહદ્વીપમાં પોતાના પુત્ર સાથે સકુશળ છે. આટલું સાંભળતાં જ પવનંજય તરત હનુરુહદ્વીપ તરફ ચાલી નીકળ્યા.

રાજા પ્રતિસૂર્યએ પવનંજયને સન્માનપૂર્વક રાખ્યા. અંજનાને પામીને પવનંજય પોતાનાં બધાં દુઃખ ભૂલી ગયા અને સુખપૂર્વક પોતાનો સમય

વીતાવવા લાગ્યા.

આ પ્રમાણે પવનંજય હનુરુહદ્વીપમાં ઘણાં વર્ષો રહ્યા. હનુમાન પણ યુવાન થઈ ગયા હતા. તેમની બધી વિદ્યાઓ સિદ્ધ થઈ ગઈ હતી. મહાબળવાન હનુમાન શસ્ત્ર ચલાવવામાં તથા શાસ્ત્રપઠનમાં બંનેમાં કુશળ થઈ ગયા હતા.

પવનંજય જ્યારે એક દિવસ રાજ્યસભામાં બેઠા હતા, ત્યારે દશાનનનો દૂત પ્રતિસૂર્યની પાસે આવ્યો. દૂતે દશાનનનો સંદેશ આપતાં કહ્યું કે વરુણ પોતાનાં ૧૦૦ પુત્રો તથા અભેદ્ય કિલ્લાનાં જોર પર ફરીથી આજ્ઞા ભંગ કરવા લાગ્યો છે; તેથી યુદ્ધ માટે જવાનું છે. આ સમાચાર સાંભળીને રાજા પ્રતિસૂર્ય અને પવનંજય હનુમાનનો રાજયાભિષેક કરી યુદ્ધમાં જવા માટે તૈયાર થયા પરંતુ હનુમાને તેમને જવા ન દીધાં અને યુદ્ધ માટે સ્વયં ચાલી નીકળ્યા.

જ્યારે હનુમાન દશાનનનાં પડાવ પર પહોંચ્યા ત્યારે દશાનને તેનું સ્વાગત કર્યું. તે પછી અત્યંત સ્નેહપૂર્વક દશાનનને કહ્યુંકે સજ્જનોત્તમ પવનંજયે મારી સાથે ઘણો પ્રેમ રાખ્યો છે કે જેથી પ્રસિદ્ધ ગુણોના ધારક આ પુત્રને મોકલ્યો છે! આ મહાબળવાન અને પ્રતાપી વીરને પામીને હવે સંસારમાં મારે માટે કોઈકામ મુશ્કેલ નથી.

આ પ્રમાણે દશાનન જ્યારે હનુમાનનાં ગુણોનું વર્ણન કરી રહ્યા હતા ત્યારે હનુમાન શરમાઇ ગયા. તે યોગ્ય જ છે કેમકે મહાપુરુષોની વૃત્તિ આવી જ હોય છે.

તે પછી તેઓ યુદ્ધ માટે નીકળી પડ્યાં. યુદ્ધમાં હનુમાનની મદદથી દશાનને વરુણને તેના ૧૦૦ પુત્રો સાથે પકડી લીધો. પછી વરુણની રક્ષાની જવાબદારી ભાનુકર્ણને સોંપીને ઘણા દિવસે આજે નિશ્ચિંત થઈને દશાનન આરામ કરવા જતા રહ્યાં.

દશાનનનાં ગયા પછી ગુસ્સામાં ભાનુકર્ણ દુશ્મનનાં નગરનો નાશ કરવા લાગ્યા. સિપાઈઓએ તે નગરની કીમતી વસ્તુઓ લૂંટી લીધી. તથા સુંદર સ્ત્રીઓને પકડીને દશાનનની પાસે લઈ ગયા. તે સ્ત્રીઓની દયનીય દશા જોઈને તથા કરૂણ અવાજ સાંભળીને દયાળુ દશાનને ભાનુકર્ણને કહ્યું કે તું આ જે કુલવાન સ્ત્રીઓને પકડી લાવ્યો છે તે અત્યંત નિંદનીય કાર્ય કર્યું છે. તેમાં આ

ભોળી સ્ત્રીઓનો શું વાંક હતો કે તું એમને પકડીને આવ્યો છું - આમ કહીને દશાનને તે સ્ત્રીઓને છોડાવી તથા તેમને આશ્વાસન આપીને ભયમુક્ત કર્યા તથા સહીસલામત ઘરે મોકલવાની વ્યવસ્થા કરી.

તે પછી વરુણને બોલાવીને દશાનને કહ્યું કે તમે યુદ્ધમાં પકડાઈ જવાથી દુ:ખી ન થાઓ. કેમકે, યુદ્ધમાં વીરનું પકડાઈ જવું તે તો તેની ઉત્તમકીર્તિનું કારણ છે. સ્વાભિમાની વીર યુદ્ધમાં બે ગતિ પ્રાપ્ત કરે છે - એક તો પકડાઈ જાય અથવા મૃત્યુ પામે. તમે પહેલાંની માફક બધા મિત્રો સાથે પોતાનાં રાજયનું પાલન પોતાની જગ્યાએથી જ કરો.

આ સાંભળીને ગદ્-ગદ્ વરુણ બોલ્યો કે આ સંસારમાં આપનું પુણ્ય ઘણું છે, જે આપની સાથે વેર રાખે છે તે મૂરખ છે. આપના અપૂર્વ બળે મને જીતી લીધો છે. વીરમાં શ્રેષ્ઠ આપ આ ધરતી પર સકુશલ રાજ્ય ભોગવો. હે ઉદાર યશનાં ધારક દશાનન ! આપ અમારા સ્વામી છો, તેથી મારા દુર્વચનોથી આપને જે દુ:ખ થયું છે, તે માટે મને માફ કરો. આપ અત્યંત પરાક્રમી છો, તેથી આપની સાથે સંબંધ બાંધીને હું કૃતકૃત્ય થવા માંગુ છું. આપ મારી પુત્રીનો સ્વીકાર કરો કેમકે તેને યોગ્ય આપ જ છો.

દશાનનની સ્વીકૃતિથી વરુણે પોતાની સુંદર સત્યવતી નામની પુત્રી સાથે દશાનનનાં લગ્ન કર્યા.

દશાનને પણ હનુમાનની વીરતાથી પ્રસન્ન થઈને પોતાની બહેન ચંદ્રનખાની પુત્રી અનંગકુસુમાનો વિવાહ હનુમાન સાથે કર્યો તથા કર્ણકુંડલપૂરનું રાજ્ય પણ આપ્યું, જ્યાં હનુમાન સુખેથી રહેવા લાગ્યા.

હનુમાનની વીરતા જોઈને નળ આદિ રાજાઓએ પણ પોતપોતાની પુત્રીઓનો વિવાહ હનુમાન સાથે કર્યા. આ પ્રમાણે હનુમાનને કુલ ૧૦૦૦ રાણીઓ હતી.

કેટલાંક દિવસ પછી સુગ્રીવની પુત્રી પદ્મરાગા હનુમાનનું ચિત્ર જોઈને મોહિત થઈ ગઈ. ત્યારે પદ્મરાગા ની સખીએ તેનું ચિત્ર હનુમાનને બતાવ્યું. ચિત્ર જોતાં જ હનુમાન પણ તેનાં પર મોહિત થઈ ગયા તથા તેઓ તરત જ કિષ્કિંધપુર તરફ ચાલી નીકળ્યા. કિષ્કિંધપુર પહોંચીને પદ્મરાગા સાથે લગ્ન

કરીને હનુમાન ત્યાં કેટલાંક દિવસ સુખશાંતિથી રહ્યા.

આ પ્રમાણે દશાનને સુગ્રીવ, હનુમાન આદિ બધા રાજાઓની મદદથી 3 ખંડનાં રાજાઓને પોતાનાં વશમાં કર્યા. બધા રાજાઓએ પોતપોતાની પુત્રીના લગ્ન દશાનન સાથે કર્યા. દશાનનને કુલ ૧૮૦૦૦ રાણીઓ હતી, શત્રુરહિત દશાનને તેઓની સાથે ઘણો સમય સુખેથી વીતાવ્યો.

બધા ભૂમિગોચરી તથા વિદ્યાધર રાજાઓએ મળીને દશાનનનો અર્ધચક્રી પદ પર અભિષેક કર્યો.

અનુપમ કાંતિનાં ધારી, મહાપ્રભાવશાળી દશાનને વંશપરંપરાગત લંકાપુરીને પોતાની તાકાતથી પ્રાપ્ત કરીને આશ્ચર્યકારી ઐશ્વર્ય તથા સંસારસંબંધી શ્રેષ્ઠ સુખોને ઘણો સમય ભોગવ્યા.

# સાતમો દિવસ

ગુરુજી વાર્તા શરૂ કરે એ પહેલાંજ વિનયે પૂછ્યું - ગુરુજી, દશાનન આટલો મહાન હતો, બધા તેમની પ્રશંસા કરતાં હતાં તો પછી આજ આપણે બધાં તેમનાં પૂતળાને કેમ બાળીએ છીએ ?

ગુરુજી બોલ્યા - એમની એક જ ભૂલને લીધે આ દુર્દશા થઈ. તેમને તો ખબર જ છે કે કષાય ચાર હોય છે. - ક્રોધ,માન,માયા,લોભ. આમાંથી તે માન કષાયનો શિકાર થઈ ગયો. જ્યાં સુધી તેણે રાજા ઇન્દ્ર ને જીત્યો ન હતો, ત્યાં સુધી તે ક્ષણે - ક્ષણે શંકાશીલ રહેતો હતો. દરેક પગલું સમજી વિચારીને ભરતો હતો. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં ૧૦ વાર વિચારતો હતો; મંત્રીઓ સાથે મંત્રણા કરતો હતો, ભાઇઓની સલાહ લેતો હતો, પરંતુ ઇન્દ્રને જીત્યા પછી તેને પોતાની વીરતાનું અભિમાન થઈ ગયું. ત્યારથી તે પોતાની સામે બધાને તુચ્છ માનવા લાગ્યો.

ત્યારે વચ્ચે જ વાત અટકાવીને એક વૃદ્ધ સજ્જન બોલ્યા -'પંડિતજી ! પરસ્ત્રી સીતાનાં સાથે લગ્નની ઈચ્છા જ તેનું કારણ હતી ને ?

ગુરુજીએ કહ્યું - એ સાચું છે કે દશાનને પરસ્ત્રી સાથે લગ્નની ઈચ્છા કરી હતી, તેનું અપહરણ પણ કર્યું હતું, પરંતુ તેને પોતાનાં પતિ રામમાં જ આસક્ત જોઈને તેઓ તેનાથી વિરક્ત થઈ ગયા હતા. સીતાને તેના પતિને પાછી સોંપવા પણ માંગતા હતા, પરંતુ જીતીને, હારીને નહીં. પોતાની શક્તિનાં મદમાં દશાનન છેવટે દશરથનાં બીજા પુત્ર લક્ષ્મણના હાથે મરાયા.

એ તો હું શરૂઆતમાં જ બતાવી ચૂક્યો છું કે દશાનનનાં ભયથી પ્રાણરક્ષા માટે રાજાદશરથ તથા જનક ઘણાં દિવસોથી ગુપ્તવાસમાં રહ્યાં હતાં.

કેટલાંક સમય પછી બંને છદ્મસ્થ વેશમાં (છૂપાવેશમાં) ફરતાં - ફરતાં કૌતુક્મંગલ નામના નગરમાં પહોંચ્યા. ત્યાં સર્વકલામાં પારંગત સુંદરી કૈકેયીનો સ્વયંવર થઈ રહ્યો હતો, રાજા દશરથ તથા જનક પણ ત્યાં જઈને બેસી ગયા. રાજકુમારી કૈકેયીએ બધા રાજાઓને છોડીને સાધારણ વેશમાં રહેવાવાળા

રાજા દશરથને પોતાના પતિ તરીકે પસંદ કર્યા. આ જોઈને ત્યાં ઉપસ્થિત રાજા ભડક્યા અને યુદ્ધ કરવા તૈયાર થયા. આ યુદ્ધમાં કૈકેયીએ દશરથનાં રથનું સારથીપદ સંભાળ્યું, તેનાં કુશળ નેતૃત્વથી રાજા દશરથ યુદ્ધમાં વિજયી થયા. તે પછી દશરથ તથા કૈકેયીનાં સંપૂર્ણ વૈભવ સહિત વિધિપૂર્વક લગ્ન થયાં.

કૈકેયી સાથે લગ્ન કરીને રાજા દશરથ અયોધ્યા તથા રાજા જનક મિથિલા પાછા ફર્યા. જ્યાં તેમનાં પરિવારજનોએ તેમનો પુનઃજન્મોત્સવ તથા પુનઃરાજ્યાભિષેક કર્યો.

પુનઃરાજ્યાભિષેક વખતે રાજા દશરથે અન્ય રાણીઓ તથા બધા રાજાઓની હાજરીમાં કૈકેયીને કહ્યું કે આજે હું તારાથી ખૂબજ પ્રસન્ન છું. કેમકે તારા લીધે જ હું આજે આ પ્રમાણે સુખી છું. જો તે સમયે ચતુરાઈથી તું રથ ન ચલાવત તો હું એકીસાથે હુમલો કરનારા ક્રોધિત દુશ્મનોનાં સમૂહને કેવી રીતે જીતી શકત? તેથી હવે તારી જે ઈચ્છા હોય તે કહે, હું પૂરી કરીશ.

પોતાની પ્રશંસા સાંભળીને કૈકેયી લજ્જાવશ ચૂપ રહી. રાજાનાં વારંવાર આગ્રહથી તે ધીમેથી બોલી કે મારી ઇચ્છિત વસ્તુની માંગણી તમારી પાસે અત્યારે ધરોહરરૂપે રાખો, સમય આવ્યે હું લઈ લઈશ.

'તું જેમ ઇચ્છીશ તેમ જ થશે' - એમ કહીને રાજા દશરથ ઘણાં દિવસો પછી મળેલાં રાજ્યસુખને ભોગવવાં લાગ્યા.

એક દિવસ રાણી કૌશલ્યાએ રાજાને કહ્યું કે મેં સવારે ૪ સ્વપ્ન જોયાં છે. (૧) ઉજ્જવલ હાથી (૨) કેસરી સિંહ (૩) સૂર્ય (૪) સર્વકલાથી પૂર્ણ ચંદ્ર-કૃપા કરીને તેનું ફળ બતાવો.

રાજાએ કહ્યું કે તને અંતર્બાહ્ય શત્રુને જીતનાર મહા પરાક્રમી મોક્ષગામી પુત્ર થશે.

કેટલાંક દિવસ પછી સુમિત્રાએ ૪ સ્વપ્ન જોયાં -

(૧) મોટો કેસરી સિંહ (૨) કમળથી ઢાંકેલ તથા જલથી ભરેલા સુંદર કળશોથી આદરપૂર્વક સ્નાન કરતી લક્ષ્મી અને કીર્તિ (૩) સુમિત્રા સ્વયં મોટા પહાડની ચોટી પર બેસીને સમુદ્રપર્યંત પૃથ્વીને જોઈ રહી છે (૪) જુદાં જુદાં રત્નોથી મંડિત ચક્ર- તેનું ફળ બતાવતાં રાજાએ કહ્યું કે તને પૃથ્વી પર પ્રસિદ્ધ શત્રુનાં

સમૂહનો નાશ કરનાર મહાતેજસ્વી પુત્ર થશે.

યોગ્ય સમયે બંને રાણીઓએ એક - એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ તેનાં જન્મનો ઘણો ઉત્સવ કર્યો તથા ગરીબોને દાન આપ્યું.

કમલ સમાન નેત્ર હોવાથી કૌશલ્યાએ પુત્રનું નામ 'પદ્મ' રાખ્યું તથા ઇંદીવર કમળની સમાન શ્યામસુંદર હોવાથી સુમિત્રાએ પુત્રનું નામ 'લક્ષ્મણ' રાખ્યું. જે દિવસે લક્ષ્મણનો જન્મ થયો, તે દિવસે દશાનનનાં રાજ્યમાં ઘણાં તોફાન થયા, શુભેચ્છકોને ત્યાં સારા શુકન થયા.

કેટલોક સમય પછી કૈકેયીએ દિવ્યરૂપને ધારણ કરવાવાળા પૃથ્વી પર પ્રસિદ્ધ ભરતને તથા સુપ્રભાએ શત્રુઓને જીતવાવાળા શત્રુઘ્નને જન્મ આપ્યો.

કૌશલ્યાએ પદ્મનું બીજું નામ 'બળ' રાખ્યું. સુમિત્રાએ પોતાની મરજીથી તેનું બીજું નામ 'હરિ' રાખ્યું. કૈકેયીએ પોતાનાં પુત્રનું નામ 'અર્ધચક્રી' રાખ્યું. આ બધું જોઈને સુપ્રભા વિચારે છે કે હું મારા પુત્રનું નામ શું રાખું ? ઘણું વિચાર્યા પછી અરિહંતનું સમાનાર્થી હોવાથી તેણે પોતાનાં પુત્રનું નામ 'શત્રુઘ્ન' જ રાખ્યું. 'અરિ' અર્થાત શત્રુઓને 'હંત' એટલે કે નાશ કરવાવાળા. આ પ્રમાણે 'શત્રુઘ્ન' શબ્દ અરિહંતનો જ સમાનાર્થી છે.

ચારેય પત્નીઓનો ચારેય પુત્ર પ્રત્યે અપાર પ્રેમ જોઈને દશરથ ખૂબ જ પ્રસન્ન હતા. તેમનો પ્રેમ જોઈને એ ખબર જ પડતી ન હતી કે કોણ કોની માતા છે તથા કોણ કોનો પુત્ર? આ પ્રમાણે ચારેય પુત્ર ચારેયમાતાની દેખરેખમાં ઉછરી રહ્યા હતા. મોટા થતાં તે પુત્રોને રાજા દશરથે ધનુર્વિદ્યામાં ખૂબજ કુશળ એવા 'ઐર' નામનાં ગુરુની પાસે વિદ્યા શીખવા માટે મોકલ્યા. આ પ્રમાણે ચારેય ભાઈઓ બધી જ વિદ્યામાં પ્રવીણ થયા.

એકવાર રાજા દશરથનાં પરમમિત્ર રાજા જનકની ધન - ધાન્ય, ગાય - ભેંસ તથા અનેક રત્નોથી સંપન્ન મિથિલાનગરીને અત્યંત દુષ્ટ મ્લેચ્છો એ લૂંટવાનું ચાલુ કર્યું. શ્રાવકોનાં પૂજા - વિધાનાદિ ધાર્મિક કાર્યમાં અંતરાય કરવા લાગ્યા, જેનાથી સમસ્ત પ્રજા દુઃખી રહેવા લાગી.ત્યારે રાજા જનકે પોતાનાં દૂતને અયોધ્યા મોકલીને મ્લેચ્છોથી બચવા માટે મદદ માંગી.

રાજા દશરથ રાજા જનકનાં મિત્ર હતા, તેથી મિત્રની મદદ માટે તેઓ

જવા માટે તરત જ તૈયાર થયા. તે યોગ્ય જ છે કેમકે **સાચા મિત્ર મુશ્કેલીમાં મોં ફેરવતા નથી પરંતુ આગળ વધીને મિત્રને મદદ કરે છે.**

રાજા દશરથે પોતાનાં મોટા પુત્ર રામને બોલાવીને કહ્યું કે રામ, તમે આ પૃથ્વીનું પાલન કરો, હું દેવો દ્વારા પણ જીતી ન શકાય તેવા શત્રુ સાથે યુદ્ધ કરવા જઈ રહ્યો છું. - આ સાંભળીને રામ બોલ્યાં - 'હે પિતાશ્રી ! આપ ખોટી જગ્યાએ ગુસ્સો કેમ કરો છો ? ઉંદરોનો વિરોધ કરવાથી ઉત્તમ ગજરાજ (હાથી) ને ક્ષોભ થતો નથી. તેથી ત્યાં જવા માટે આપ મને આજ્ઞા આપો. પિતાએ કહ્યું કે તમે હજી બાળક છો, સુકુમાર છો, તમે તેને કેવી રીતે જીતશો ? આ પ્રમાણે ઘણાં તર્ક દ્વારા દશરથે રામને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ રામ પોતાનાં નિર્ણયમાં અડગ રહ્યાં તથા કહ્યું કે આપને ચિંતા કરવાની જરૂર નથી. કેમકે એકલો બાલસૂર્ય જ ઘોર અંધકાર તથા નક્ષત્રોના સમૂહની કાંતિને નષ્ટ કરી દે છે. આ પ્રમાણેનો જવાબ સાંભળીને વિષાદમિશ્રિત હરખ સાથે રાજા દશરથે રામ અને લક્ષ્મણને વિદાય કર્યા.

મિથિલા પહોંચીને રામ - લક્ષ્મણે મ્લેચ્છોની સેનાનો થોડી જ વારમાં નાશ કરી દીધો. ભયભીત મ્લેચ્છોએ જીતનો વિચાર માંડી વાળીને સંધિ કરી લીધી તથા વિંધ્ય પર્વત પર રહેતાં રામની આધીનતા સ્વીકારી લીધી.

રાજા જનકે રામની વીરતા જોઈને તથા મિત્રતાને દ્રઢ કરવા માટે પોતાની પુત્રી સીતાનો વિવાહ તેમની સાથે કરવાનો વિચાર કર્યો. જ્યારે રાજા જનકે પોતાનો આ વિચાર રાજા દશરથ સમક્ષ વ્યક્ત કર્યો ત્યારે તેમણે સહર્ષ સ્વીકૃતિ આપી.

દશરથનાં મુખેથી રામની સાથે સીતાનાં વિવાહની વાત સાંભળીને નારદ સીતાને જોવાની ઈચ્છાથી તરત જ સીતાનાં મહેલમાં ગયા.

તે વખતે દર્પણમાં જોઈને સીતા પોતાનો શૃંગાર કરી રહી હતી. અચાનક દર્પણમાં નારદની જટા જોઈને તે ડરીને ભાગી. તે યોગ્ય જ છે કે, નારી સ્વભાવથી ભયભીત હોય છે.

સીતાની પાછળ નારદ પણ ભાગ્યાં. એ ભાગા - દોડી જોઈને પહેરેદાર પણ નારદની પાછળ ભાગ્યા. નારદે મહામુશ્કેલીથી પોતાનો જીવ બચાવ્યો.

તેના લીધે નારદને ખૂબ જ ગુસ્સો આવ્યો. એ યોગ્ય જ છે કે પોતાનું અપમાન કોઈને સહન થતું નથી.

તેઓ વિચારવા લાગ્યા - મારા મનમાં તો કોઈ દોષ હતો જ નહીં. હું તો માત્ર રામના સ્નેહથી સીતાને જોવા ત્યાં ગયો હતો, પરંતુ મારી એવી સ્થિતિ બની કે માંડમાંડ બચ્યો. તે પાપીણી હવે કયાં જશે ? હું તેને ચોક્કસ મુશ્કેલીમાં મૂકીશ. હું તો વાજાં વિના જ નાચું છું, અને જો વાજાં મળી જાય તો પછી તો કહેવાનું જ શું ? એમ વિચારીને સીતાથી બદલો લેવા માટે તેમણે સીતાનું સુંદર ચિત્ર બનાવીને ચંદ્રગતિ વિદ્યાધરનાં પુત્ર પ્રભામંડલને બતાવ્યું. ચિત્ર જોતાં જ તેઓ તેની પર મોહિત થઈ ગયા અને અન્ન - જળનો ત્યાગ કરી દીધો. પુત્રની આવી દશા જોઈને રાજા - રાણી ખૂબ જ ચિંતિત થઈ ગયા. તેમણે વિચાર કર્યો કે વિદ્યાધરોની એકથી એક સુંદર કન્યાઓને મૂકીને શું અમારે ભૂમિગોચરીઓ સાથે સંબંધ બાંધવો યોગ્ય છે ? બીજી વાત એ કે ભૂમિગોચરીઓનાં ઘરે જઈને તેમની પાસે કેવી રીતે માંગણી કરીએ ? પુત્રના પ્રેમને લીધે તેમની પાસે માંગણી કરીએ પરંતુ જો તેમણે સ્વીકાર ન કર્યો તો અમારું કેટલું અપમાન થશે ? તેથી કોઈ પણ તરકીબ કરીને કન્યાનાં પિતાને અહીં બોલાવવા જોઈએ.

વિદ્યાધર રાજા ચંદ્રગતિએ ચપલવેગ નામનાં વિદ્યાધરને રાજા જનકને લઈ આવવાનો આદેશ આપ્યો. તે યોગ્ય જ છે કે પુત્રને દુઃખી જોઈને કોણ માતા - પિતા શાંત રહી શકે ?

ચપલવેગ વિદ્યાધરે પોતાની વિદ્યાનાં બળથી સુંદર ઘોડાનો વેશ બનાવ્યો અને મિથિલામાં જઈને તોફાન કરવા લાગ્યો. રાજા જનકે તેને પોતાનાં વશમાં કરીને પોતાની અશ્વશાળામાં રાખી લીધો.

એક મહિના પછી એક દિવસ જ્યારે રાજા જનક તે ઘોડા પર સવારી કરી રહ્યા હતા ત્યારે ઘોડો તેમને લઈને ઊડી ગયો. રથુનૂપુરની પાસે પહોંચતાં જ ઉતરવા માટે જ્યારે ઘોડો નીચે થયો ત્યારે રાજા જનકે એક મોટા વૃક્ષની મજબૂત ડાળીને કસીને પકડી લીધી. ઝાડની ડાળી પર લટકેલા રાજા જનકને તેણે ત્યાંજ છોડી દીધા. કેમકે રાજા જનકને રથુનૂપુરની સીમામાં લાવીને તેણે

પોતાનું કામ કરી લીધું હતું. તેથી તે આ સૂચના આપવા રાજા ચંદ્રગતિ પાસે ચાલ્યો ગયો.

રાજા ચંદ્રગતિએ જ્યારે જનકનાં આવવાનાં સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ જનકને મળવા જતાં પહેલાં મંદિરમાં દર્શન કરવા માટે ગયા.

રાજા જનકે પણ ઝાડપર થી ઉતરીને હાથમાં તલવાર લઈને તે નગરમાં પ્રવેશ કર્યો. સોનાથી બનેલાં તે મંદિરને જોઈને તેઓ વિચારવા લાગ્યાં કે આ ઘોડાએ મારા પર ખૂબ જ ઉપકાર કર્યો છે. જેના લીધે આજે હું આવા અપૂર્વ મંદિરનાં દર્શન કરી શક્યો છું. તેઓ દર્શન કરી જ રહ્યાં હતાં ત્યાં અચાનક જ તેમણે ઘોડાનાં ડાબલાં (પગલાં) નો અવાજ સાંભળ્યો. જ્યારે તેમણે બહાર જોયું તો કોઈ રાજાને સેના સહિત આવતો જોયો તેથી રાજા જનક મંદિરનાં સિંહાસનની નીચે છૂપાઈ ગયા. પરંતુ રાજાને મંદિરમાં ભક્તિભાવથી પૂજા કરતાં જોઈને તેનો ડર દૂર થયો અને તેઓ સિંહાસનની પાછળથી બહાર નીકળ્યા.

અચાનક સિંહાસનથી બહાર નીકળતાં વ્યક્તિને જોઈને રાજા ચંદ્રગતિ વિચલિત થઈ ગયા, પરંતુ તરતજ પોતાની જાતને સંભાળી લીધી અને કહ્યું કે આપ કોણછો ? કયાંથી આવ્યા છો ?

રાજા જનકે કહ્યું - હું મિથિલાનો રાજા છું, મને માયાવી ઘોડો અપહરણ કરીને અહીં લાવ્યો છે.

આ સાંભળતાં જ રાજા જનકને ઓળખીને રાજા ચંદ્રગતિએ તેનું સન્માન કર્યું. ક્ષેમકુશળતા પૂછ્યા બાદ તેમણે રાજા જનક પાસે પ્રભામંડલ અને સીતાનાં લગ્નની વાત મૂકી.

જનકે વિનયપૂર્વક કહ્યું કે મેં સીતાનાં લગ્ન રામ સાથે કરવાનું વિચાર્યું છે.

ચંદ્રગતિએ પૂછ્યું - તે કન્યા રામને જ આપવાનું તમે કેવી રીતે નક્કી કર્યું ?

જનકે પૂરો પ્રસંગ બતાવીને કહ્યું કે કેટલાંક સમય પહેલાં મ્લેચ્છોએ અમારી પર આક્રમણ કર્યું હતું. ત્યારે વિનયવાન મહાપરાક્રમી રામ અને લક્ષ્મણે આ મહાયુદ્ધમાં મારી તથા મારા નાનાં ભાઈની રક્ષા કરીને દેવોથી પણ ન જીતી શકાય એવા તે બધાં જ મ્લેચ્છોને પરાજિત કર્યા. જો એ બંને ભાઈઓ

દ્વારા મ્લેચ્છોની એ સેના જીતી ન લેવાત તો ચોક્કસ આ પૃથ્વી મ્લેચ્છોથી ભરાઈ જાત.

પ્રજાપ્રિય, સર્વગુણ સંપન્ન તે બંને પુત્રોને મેળવીને રાજા દશરથ પોતાનાં મહેલમાં ઇન્દ્રનાં જેવું સુખ ભોગવી રહ્યાં છે. ન્યાયપ્રિય રાજા દશરથનાં રાજયમાં અત્યારે હવા પણ પ્રજાને કષ્ટ આપતી નથી તો પછી અન્ય મનુષ્યની તો વાત જ શી કરવી ?

આ ઉપકારનાં બદલામાં હું કયો ઉપકાર કરું - એ વિચારોને લીધે મને દિવસ - રાત ઊંઘ આવતી ન હતી. હું આ ઋણ ચૂકવવા મને પોતાને અસમર્થ સમજતો હતો. એક દિવસ મારી પુત્રીને યુવાનઅવસ્થામાં જોઈને રામ સાથે આપવાનો નિર્ણય કરી લીધો.

આ સાંભળીને ત્યાં ઉપસ્થિત અન્ય વિદ્યાધર તેમની નિંદા કરતાં કહેવા લાગ્યા - કયાં તમે ભૂમિગોચરી અને ક્યાં અમે વિદ્યાઘર, અમારા જેવું બળ ભૂમિગોચરીઓમાં ક્યાંથી ? રામે મ્લેરછને પકડ્યાં તો શું નવાઈ છે ? તેમને તો સાધારણ મનુષ્ય પણ હરાવી શકે છે, તમે તો બુદ્ધિમાન છો, અત્યારે તો તમારે એ ભૂમિગોચરી રામને છોડીને આકાશમાં ચાલનારા વિદ્યાધરોનાં અધિપતિ સાથે સંબંધ બાંધવો જોઈએ.

રાજા જનકે નીડરતાથી કહ્યું કે પાણીથી ભરેલા સમુદ્રથી તરસ છીપતી નથી. એ કામ તો નાનાં - નાનાં કૂવાનું મીઠું પાણી જ કરી શકે છે. અને વિદ્યાઘરો આકાશમાં ચાલે છે એમાં શી મોટી વાત છે ? આકાશમાં કાગડાઓ પણ તો ચાલે છે.

રામ ભૂમિગોચરી છે તો શું થયું ? ઋષભદેવનાં ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન રાજા દશરથનો વંશ નીંદનીય કેવી રીતે હોઈ શકે ? બધા તીર્થંકરો, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર જેવા મહાપુરુષ પણ ભૂમિગોચરી જ હોય છે.

ચાર મહારાણી તથા ૫૦૦ પત્ની ધરાવનાર રાજા દશરથનાં મોટાં પુત્ર રામનાં ગુણોની મહિમા કહી શકાય તેમ નથી. તેથી હું તો મારી પુત્રી તેમની સાથે જ પરણાવીશ.

જ્યારે જનક સીતાનો વિવાહ પ્રભામંડલથી કરવા જરા પણ તૈયાર ન

થયા તથા રામનાં બળની જ પ્રશંસા જ કરતાં રહ્યા, ત્યારે તે વિદ્યાઘરોએ કહ્યું કે અમે તમને સાગરાવર્ત અને વજ્રાવર્ત નામનાં બે ધનુષ આપીએ છીએ, જેની રક્ષા દેવ કરે છે. જો રામ - લક્ષ્મણ આ ધનુષને ચઢાવી શકે તો સીતા તેમને વરશે, નહીંતર અમે સીતાને જબરદસ્તી લઈ જઈશું.

રાજા જનકે લાચાર થઈને તેમની આ શરત માની તો લીધી, પરંતુ મિથિલા આવીને ખૂબજ ચિંતામાં પડી ગયા. રાણી પણ આ સમાચારથી ખૂબ જ દુ:ખી થઈ. છેવટે, જનકે સ્વયંવરની જાહેરાત કરી દીધી.

સીતાના સ્વયંવરમાં ઘણા દેશનાં રાજા આવ્યા જેમાંથી કેટલાંક તો ધનુષની ચારે બાજુ ઉઠતી જવાલાથી જ ડરી ગયા તથા કેટલાંક તેને વીંટળાયેલા સર્પોથી ડરી ગયા, કોઈએ ધનુષ ઉઠાવવાની તો વાત દૂર, તેની નજીક આવવાની પણ હિંમત ન કરી.

છેવટે રામ ધનુષ તરફ આગળ વધ્યા, તેની પાસે જતાં જ અગ્નિ શાંત થઈ ગઈ, સર્પ ભાગી ગયા. રામે જેવું ધનુષ ચઢાવ્યું ત્યાંજ ભયાનક અવાજ થયા જે સાંભળીને બધા પ્રજાજન ડરી ગયા. આ જોઈને રામે ઉઠાવેલું ધનુષ નીચે મૂકી દીધું.

લક્ષ્મણે બીજું ધનુષ ચઢાવ્યું. આ બધું જોઈને વિદ્યાધરોએ પુષ્પવૃષ્ટિ કરી, ઢોલ વગાડ્યાં.

લક્ષ્મણની શૂરવીરતાથી પ્રસન્ન થઈને ચંદ્રવર્ધન વિદ્યાધરે અત્યંત બુદ્ધિશાળી ૧૮ કન્યાઓનાં લગ્ન લક્ષ્મણની સાથે ધામધૂમથી કર્યા. રામના પણ સીતા સાથે વિધિપૂર્વક લગ્ન થયાં.

ભરતે આ બધું જોયું તો વિચારવા લાગ્યાં કે એક જ પિતાનાં પુત્ર હોવા છતાં હું ઓછો બળવાન કેમ છું ? રામ - લક્ષ્મણ જેવું સામર્થ્ય મારામાં કેમ નથી ? ચોક્કસ જ આ તેમનાં પૂર્વ જન્મનાં પુણ્યોનું ફળ છે.

સર્વકલામાં ચતુર કૈકેયીએ જ્યારે ભરતને વિચારમગ્ન જોયાં તો દશરથને કહ્યું કે ભરતને મનમાં વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું લાગે છે, કયાંક તે દીક્ષા ન લઈ લે. તેથી તમે જનકનાં ભાઈ કનકની પુત્રીનાં લગ્ન ભરત સાથે કરાવો.

દશરથનાં કહેવાથી રાજા જનકે ફરીથી સ્વયંવર રચ્યો તથા કનકની પુત્રી સ્વયંપ્રભાએ ભરતનાં ગળામાં વરમાળા નાંખી. ભરત તે રૂપાળી કન્યામાં મોહિત થઈ ગયા.

એ પછી રામ, લક્ષ્મણ તથા ભરત આદિ સર્વજન અયોધ્યા પાછાં ફર્યાં જ્યાં તેમનું જોરદાર સ્વાગત થયું.

# આઠમો દિવસ

પ્રજામાં બધે જ સુખ - શાંતિ હતી. પુત્રોનાં લગ્ન પછી દશરથ પણ પોતાનો સમય ધાર્મિક અધ્યયન - મનનમાં પસાર કરવાં લાગ્યાં.

કેટલાંક દિવસ પછી અષ્ટાનિકા મહાપર્વ પ્રારંભ થતાં, રાજા દશરથે ૮ દિવસનાં ઉપવાસ કર્યા. ઉપવાસ પૂરાં થતાં તેમણે જિનેંદ્ર ભગવાનનો ઉત્કૃષ્ટ અભિષેક કર્યો તથા પોતાના કુટુંબીજન સાથે જિનેંદ્રપૂજા કરી. પૂજા પૂરી થતાં રાણીઓ પોતાનાં મહેલમાં જતી રહી. થોડી વાર પછી સમસ્ત વિધિ પૂર્ણ થતાં રાજાએ શાંતિકારક ગંધોદક બધી રાણીઓ પાસે મોકલાવ્યું. ત્રણ રાણીઓ પાસે યુવાન દાસીઓ ગંધોદક લઈને પહોંચી તેથી ગંધોદક જલ્દી પહોંચી ગયું. પરંતુ સુપ્રભા માટે ગંધોદક વૃદ્ધ સેવક દ્વારા મોકલવામાં આવ્યું હતું, તેથી તે સમય પર ન પહોંચ્યું. પોતાની પાસે ગંધોદક ન પહોંચ્યુ એમ જાણીને સુપ્રભા પોતાને અન્ય રાણીઓથી અપમાનિત તથા દીનહીન મહસૂસ કરવા લાગી તથા આત્મઘાતનો નિર્ણય કરી લીધો. તથા વિશાખ નામનાં ભંડારી પાસે ઝેર મંગાવ્યું.

મંદિરથી પાછા ફરતાં રાજા દશરથે અંત:પુરમાં ત્રણ રાણીઓને જોઈ પરંતુ સુપ્રભા ન દેખાઈ. તપાસ કરવા માટે તેઓ સુપ્રભાનાં મહેલમાં ગયા. ત્યારે વિશાખ નામનો ભંડારી ઝેર લઈને આવ્યો. ઝેર જોઈને રાજાએ કહ્યું કે **મરણનું દુ:ખ સૌથી મોટું દુ:ખ છે.** અત્યારે તને એવું કયું દુ:ખ ઉત્પન્ન થયું છે કે જેનાં ઉપાય રૂપે તેં મૃત્યુને સ્વીકાર્યું છે ? રાણીએ કહ્યું અપમાનનું દુ:ખ ! આપે બધી રાણીઓને ગંધોદક મોકલાવ્યું, પરંતુ મને ન મોકલ્યું. રાજા કાંઈ કહે એ પહેલાં જ વૃદ્ધ સેવક ગંધોદક લઈને આવ્યો. રાણીએ ગંધોદક મસ્તક પર લગાવ્યું તથા રાજાએ ક્રોધિત થઈને વૃદ્ધ સેવકને મોડા આવવાનું કારણ પૂછ્યું.

વૃદ્ધ સેવકે કહ્યું - મેં કોઈ બેદરકારી કરી નથી. આ તો મારા ઘડપણનો વાંક છે.પહેલાં હું કોઈ પણ કાર્ય થોડીજ વારમાં કરી લેતો પણ હવે હું લાકડીનાં ટેકા વિના ચાલી શકતો નથી. મારા શરીરની કમજોર સ્થિતિને લીધે મને અહીં પહોંચવામાં થોડી વાર લાગી. તેથી મારા ઘડપણને લીધે તમે મારા પર ગુસ્સો ન કરો.

આ સાંભળીને રાજા દશરથનું મન વૈરાગ્યથી ભરાઈ આવ્યું. તેઓ વિચારવા લાગ્યા કે એ દિવસ ક્યારે આવશે જ્યારે હું પણ મારા પૂજ્ય પિતા તેમજ મોટા ભાઈની જેમ મુનિવ્રત અંગીકાર કરીશ. મેં ઘણો સમય સુખશાંતિથી પ્રજાનું પાલન કર્યું, યથાયોગ્ય ભોગને ભોગવ્યા, શૂરવીર પુત્રનાં પિતા બન્યો, હવે મારે કોની રાહ જોવાની છે ? આ તો અમારા વંશની પરંપરા છે કે પુત્ર સામર્થ્યશાળી થાય ત્યારે ધીર-વીર પુત્રોને રાજ્યનો ભાર સોંપીને તપોવનમાં જઈને બધા આત્મસાધનારત થઈ જાય છે; અને હું હજી સુધી તેમના માર્ગે ચાલવામાં અસમર્થતા કેમ અનુભવું છું ? આ પ્રમાણેનો વિચાર કરીને રાજા દશરથની ભોગો પ્રત્યેની આસક્તિ થોડી ઓછી તો ચોક્કસ થઈ પરંતુ રાગવશ તેઓ ગૃહત્યાગમાં સમર્થ ન થઈ શક્યા. આ પ્રમાણે ઘણો સમય વીતી ગયો.

કેટલાક સમય પછી અયોધ્યા ની પાસે મહેંદ્ર નામનાં ઉદ્યાનમાં સર્વભૂતહિત મુનિરાજનું સંઘસહિત આગમન થયું. વરસાદનો સમય નજીક હોવાથી તેમણે ત્યાંજ ચોમાસાના ૪ મહિના પસાર કર્યા.

રાજા દશરથ પોતાનાં કુટુંબ સહિત દરરોજ મુનિરાજનાં દર્શન કરીને ઉપદેશનું શ્રવણ કરતાં હતાં. આ પ્રમાણે વર્ષાઋતુ પૂરી થઈ તથા શરદઋતુ આવી. રાજા દશરથનું તત્વોપદેશ સાંભળવાનું કાર્ય પહેલાંની જેમ ચાલુ હતું. ત્યારે એક દિવસ અડધી રાત્રે 'રાજા જનકનો પુત્ર જયવંત રહે' - એવો મોટેથી અવાજ સંભળાતાં અયોધ્યાવાસી જાગી ગયા. સીતાનાં કાનમાં જયારે આ આવાજ સંભળાયો ત્યારે તે ભાઈને યાદ કરીને રડવા લાગી. કેમકે તેના ભાઈને જન્મ સમયે જ ચોરી લેવામાં આવ્યો હતો. રામ દ્વારા સમજાવવામાં આવતાં તે શાંત થઈ અને બીજા દિવસે સવારમાં જ તે મહેન્દ્ર ઉદ્યાન ગઈ.

રાજા દશરથ પણ જ્યારે સવારે મુનિરાજનાં દર્શન કરવા નીકળ્યા ત્યારે નગરની ચારેય બાજુ ફેલાયેલાં વિદ્યાધરોને જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. જ્યારે તેઓ મહેન્દ્ર ઉદ્યાન પહોંચ્યા ત્યારે તેમણે વિદ્યાઘર રાજા ચંદ્રગતિનો દીક્ષા મહોત્સવ જોયો. રાજા દશરથે જ્યારે વૈરાગ્યનું કારણ જાણવા ઇચ્છયું ત્યારે ખબર પડી કે જ્યારે રાજા જનકની રાણી વિદેહાને ગર્ભ

રહ્યો ત્યારે પૂર્વજન્મના વેરી જે દેવ બનેલો તેને એવી ઈચ્છા થઈ કે હું આ બાળકને મારી નાખું. 'ગર્ભમાંજ બાળકને મારવાથી માને દુ:ખ થશે' - એમ વિચારીને તે તેનાં જન્મની રાહ જોવા લાગ્યો. છેવટે યોગ્ય સમયે જ્યારે રાણીએ યુગલ પુત્ર - પુત્રીને જન્મ આપ્યો ત્યારે બદલો લેવા ઇચ્છતા તે દેવે પુત્રને ચોરી લીધો. જેવો તે દેવ તે બાળકને મારવા લાગ્યો, ત્યાં જ તેનો વિવેક જાગૃત થઈ ગયો. પાપકાર્યથી ભયભીત તે દેવે તે બાળકનાં કાનમાં દૈદીપ્યમાન કુંડળ પહેરાવ્યાં અને જમીન પર મૂકી દીધો.

કુંડળથી પ્રકાશિત તે બાળકને ચંદ્રગતિ નામના વિદ્યાધર રાજાએ ઉઠાવી લીધો અને પોતાની પત્નીને આપી દીધો. રાણીને કોઈ પુત્ર ન હતો તેથી બધાંને તેમણે એમજ કહ્યું કે રાણીને જ પુત્ર થયો છે અને તે બાળકનો જન્મોત્સવ ધામધૂમથી મનાવ્યો.

કુંડળનાં તેજથી શોભતાં તે બાળકનું નામ પ્રભામંડલ રાખવામાં આવ્યું, જો કે પછીથી તે ભામંડલનાં નામે પ્રસિધ્ધ થયો.

યુવાવસ્થા થતાં ભામંડલ નારદ દ્વારા બતાવાયેલા સીતાનાં ચિત્ર પર મોહિત થઈ ગયા.

સીતાની સગાઈ ભામંડલ સાથે કરવા માટે રાજા ચંદ્રગતિએ માયાવી અશ્વ દ્વારા રાજાજનકનું અપહરણ કરાવ્યું, પરંતુ જનકનો એ અડગ નિર્ણય કે 'સીતા રામને જ વરશે' વિદ્યાધરોએ ધનુષ ચઢાવવાની અને સ્વયંવરની શરત માન્ય રાખી. એ સ્વયંવરમાં સીતાએ રામને પસંદ કરી લીધા.

આ બાજુ સીતાનાં લગ્નથી અજાણ ભામંડલને જ્યારે સીતાનો વિયોગ અસહનીય લાગવા માંડ્યો ત્યારે પોતાની સ્વાભાવિક શરમને પણ બાજુ પર મૂકીને તે પિતા પાસે ગયો તથા કહેવા લાગ્યો કે સીતા વિના ઘણો સમય રહ્યો, હવે મારાથી તેનો વિયોગ સહયો જતો નથી. આપ સૌ તે માટે કેમ પ્રયત્ન્ન કરતાં નથી ?

ત્યારે ચંદ્રાયન નામનો વિદ્યાધર ધીમેથી બોલ્યો કે અમે કન્યાનાં પિતાને અહીં લાવેલા. તેમનાથી આપનાં માટે તે કન્યાની માંગણી પણ કરેલી પરંતુ તેઓ તેનાં લગ્ન રામ સાથે કરાવવાનો નિર્ણય કરી ચૂકેલા. તેમને અમે

ખૂબ સમજાવ્યા પરંતુ તેઓ ન માન્યા. ત્યારે અમે ખૂબ જ સમજી - વિચારીને ધનુષની શરત રાખી. વિચાર્યું કે રામ ધનુષ નહીં ચઢાવી શકે અને સીતા અમારી થઈ જશે. પરંતુ દેવો દ્વારા અપાયેલ તે ધનુષ પર ચઢીને રામે તે કન્યા પ્રાપ્ત કરી લીધી. અત્યારે તે કન્યા દેવો દ્વારા પણ જીતી શકાતી નથી તો પછી એ બંને ધનુષથી રહિત અમારું તો ગજું શું છે ? વળી, તેને સ્વયંવર પહેલાં પણ બળજબરીથી લાવી શકાતી ન હતી કેમકે દશાનનનો જમાઈ રાજા મધુ જનકનો મિત્ર છે. દશાનન ત્રિખંડી છે, બધા વિદ્યાધર ભૂમિગોચરી તેને આધીન છે. તેમની મદદ જેમને પ્રાપ્ત છે એવા જનકની કન્યાને અમે કેવી રીતે અપહરણ કરી શકીએ ?

સીતાનાં સ્વયંવરની વાત સાંભળીને ભામંડલ વિચારે છે કે મારો વિદ્યાધરોનો જન્મ નિરર્થક છે કેમકે હું તો સાધારણ મનુષ્યની જેમ પણ મારી પ્રિયતમાને પ્રાપ્ત ન કરી શક્યો.

આવો વિચાર કરીને તીવ્રમોહને વશ થઈને તેણે નિર્ણય કર્યો કે હું સ્વયં જ ભૂમિગોચરીઓને જીતીને તે ઉત્તમ કન્યા લઈ આવું છું. અને તૈયાર થઈને વિમાનમાં બેસીને આકાશમાર્ગે તે મિથિલા જવા લાગ્યો. મિથિલા જતાં રસ્તામાં તેને પોતાનાં પૂર્વભવનું નગર જોઈને જાતિસ્મરણ થયું. ત્યારે તેણે જાણી લીધું કે જે કન્યાનાં પ્રેમમાં તે પાગલ છે તે બીજું કોઈ નહીં પણ પોતાની સગી બહેન જ છે. આ ખબર પડતાં જ તે રથુનૂપુર પાછો ફરી ગયો અને રાજા ચંદ્રગતિને આખી ઘટના સંભળાવી.

રાજા ચંદ્રગતિને જ્યારે આ વાત ખબર પડી ત્યારે સંસારનાં સંબંધોની વિચિત્રતા તથા ક્ષણભંગુરતાનો ખ્યાલ આવતાં તેમને વૈરાગ્ય થઈ ગયો તથા તેમણે ત્યાં જ મુનિરાજની પાસે દીક્ષા લઈ લીધી.

ભામંડલને રાજા જનકનો પુત્ર જાણીને રાજા દશરથે તરત જ આકાશગામી વિદ્યાધર દ્વારા રાજાજનકને પત્ર મોકલ્યો તથા પોતે પણ અત્યંત પ્રેમપૂર્વક મળ્યા. સીતા પણ ભાઈને મળીને ખૂબ જ રાજી થઈ ગઈ.

રાજા જનકે પત્ર આપનાર દૂતને પોતાનાં મૂલ્યવાન વસ્ત્રાભૂષણ આપ્યા તથા વિદેહાની સાથે તરત જ અયોધ્યા પહોંચીને પોતાના છૂટાં પડી

ગયેલાં પુત્રને મળ્યા.

એ પછી તેઓ સૌ એક મહિના સુધી અયોધ્યા રહ્યા. ત્યાર બાદ ભામંડલે બધા લોકોની સલાહ માનીને મિથિલાનું રાજ્ય કનકને સોંપી દીધું અને પોતે માતા - પિતા સાથે રથુનૂપુર જતાં રહ્યાં.

કેટલાંક દિવસ પછી રાજા દશરથ મુનિરાજનાં દર્શન કરવા ગયા. તેમનાં મુખથી પોતાનાં પૂર્વભવ સાંભળીને તેમને જાતિસ્મરણ થઈ ગયું તથા તેમણે તરત જ મુનિદીક્ષા લેવાનો વિચાર કર્યો. મંત્રીઓને બોલાવીને પોતાનો પ્રથમ પુત્રનાં મહામંડલેશ્વર પદનાં અભિષેક કરવાની તૈયારી શરૂ કરાવી. મંત્રીઓ દ્વારા કારણ પૂછવામાં આવતાં તેઓ બોલ્યાં કે હવે હું ભવસમુદ્ર પાર કરીને શિવપુરી જવા ચાહું છું. તેથી નિશ્ચિંત થઈને તપ કરવાની મારી ઈચ્છા છે.

આ વાત જંગલમાં લાગેલી આગની જેમ પૂરા રાજ્યમાં ફેલાઈ ગઈ. પત્ની તથા પ્રજાજન બધાં જ દુઃખી હતા, પરંતુ વૈરાગી ભરત પિતાની સાથે દીક્ષાની તૈયારી કરવા લાગ્યા. તેઓ મનમાં વિચારતાં હતાં કે જ્યારે પિતાજી દીક્ષા લઈ જ રહ્યાં છે તો પછી તેમને રાજ્યની કેમ ચિંતા છે ? સાચે જ, બધાં બંધનોમાં પ્રેમનું બંધન મહામુશ્કેલીથી છૂટે છે. પણ મારે શું ? મારે તો કોઈને પૂછવાની જરૂરત પણ નથી કેમકે બધા રોગનું ઘર આ નશ્વર શરીર જ જ્યારે મારું નથી, તો, પછી તેનાંથી સંબંધિત ભાઈ વગેરે મારાં કેવી રીતે હોઈ શકે ?

કૈકેયી ભરતનાં આ ભાવને સમજી ગઈ તથા પોતાનાં પતિ તેમ જ પુત્ર બંનેને જંગલમાં જતાં રોકવાનો ઉપાય વિચારવા લાગી. ત્યાં અચાનક તેને પોતાનાં વચન જે ધરોહર (અમાનત) રૂપે રાખેલાં તે યાદ આવ્યા અને તે રાજા દશરથ પાસે ગઈ.

પહેલાં તો રાણીએ રાજાને મુનિવ્રત લેતાં રોકવાની ખૂબ જ કોશિશ કરી પરંતુ રાજાનો અડગ નિર્ણય જોઈને વિચારમાં પડી ગઈ. રાજાએ કૈકેઈને કહ્યું કે હું તો ચોક્કસ મુનિવ્રત લઈશ પણ તારે જે કાંઈ ઈચ્છા હોય તે માંગી લે.

રાણી નીચું મોં કરીને બોલી કે ભરત પણ તમારી સાથે દીક્ષા લેવા તૈયાર છે. પતિ અને પુત્ર વિનાનું મારું જીવન નકામું છે, તેથી આપ ભરતને રાજ્ય આપો તો..... કૈકેયી આગળ કંઈ બોલે એ પહેલાં દશરથે કહ્યું કે એમાં

શરમાવાની શું વાત છે ? તું જેમ કહીશ તેમ જ થશે. આ પ્રમાણેનું આશ્વાસન આપીને દશરથે કૈકેયીને વિદાય કરી તથા વિચારવા લાગ્યાં કે ભરતથી પણ વધારે રામને ચાહનારી કૈકેયી આ શું માંગી બેઠી ? શું તે સમજતી નથી કે ભરતનો રાજ્યાભિષેક રામલક્ષ્મણનાં વનવાસથી જ શક્ય છે. મોટાભાઈઓ રાજ્યમાં હોય ત્યારે નાનાંભાઈનો રાજ્યાભિષેક કેવી રીતે સંભવ છે ? રામને તો તેણે ભરતથી પણ વધારે ચાહ્યો છે. ભરતને તો તેણે માત્ર જન્મ જ આપ્યો છે પરંતુ રામને સ્વયં પાળીને મોટો કર્યો છે, ઉછેર્યો છે - એવા પ્રિયપુત્ર રામને શું તે પોતાનાથી દૂર જતાં જોઈ શકશે ? અથવા વૈરાગી ભરતને વનગમનથી રોકવાની ચિંતામાં વ્યાકુળ તે આ બધું વિચારી જ નથી શકી ? હું રામને ગૃહત્યાગની આજ્ઞા પણ નથી આપી શકતો અને વચનભંગ પણ નથી કરી શકતો. ભલે, જે પણ થાય, હવે રામ પોતે જ આ સમસ્યાનું સમાધાન કરશે.

આમ વિચારીને તેમણે રામ - લક્ષ્મણને બોલાવ્યા તથા કહ્યું કે સમસ્ત કલામાં નિપુણ રાણી કૈકેયીની વીરતાથી પ્રસન્ન થઈને એકવાર મેં તેને વચન આપેલું જેને તેણે કેટલાંક સમય માટે અમાનત રાખેલું ; હવે તે પોતાનાં પુત્ર માટે રાજ્ય માંગે છે. જો તેને રાજ્ય નથી આપતો તો ભરત મુનિદીક્ષા લે છે અને કૈકેયી પણ પુત્રશોકમાં જીવન પૂરું કરી લેશે. વચન ભંગ થવાથી મારી બદનામી થશે. બીજી બાજુ આ કાર્ય એ પરંપરાથી પણ વિરુધ્ધ છે કે મોટાં પુત્રને મૂકીને નાના પુત્રને રાજ્ય આપું. વળી ભરતને રાજ્ય રૂપે આખી પૃથ્વી આપું તો પરમતેજસ્વી એવા તમે બંને ભાઈઓ ક્યાં જશો ? એ મારી સમજણમાં નથી આવતું. તમે નિપુણ છો, બુદ્ધિમાન છો, તેથી આ દુ:ખદ સ્થિતિથી બચવાનો ઉપાય તમે જ મને બતાવો.

આ સાંભળીને વિનયપૂર્વક રામ બોલ્યા – આપ આપનાં વચનનું પાલન કરો. આપનાં વચનની રક્ષા માટે મને વનમાં પણ સ્વર્ગનો જ આનંદ મળશે તથા વચનભંગરૂપી અપકીર્તિ દ્વારા પ્રાપ્ત રાજય અત્યંત દુ:ખમયી નીવડશે. **સાચો પુત્ર તો તે જ છે કે જે પિતાને પવિત્ર કરે અર્થાત શોક (દુ:ખ) થી બચાવે. તેથી હું આપને વચનભંગરૂપી શોકથી અવશ્ય દૂર કરીશ.**

પિતા - પુત્ર વચ્ચે આ વાત થઈ રહી હતી કે દીક્ષા લેવા માટે તૈયાર

ભરત કોઈને કશું કહ્યા વિના મહેલની બહાર જવા માંડ્યા. આ જોઈને ભરતની રાણીઓ વિલાપ કરવા લાગી. રોકકળ સાંભળીને રાજા દશરથે પ્રેમથી ભરતને રોકયાં, તેને ગળે લગાવ્યો તથા કહ્યું કે અત્યારે તારી તપોવનમાં જવાની ઉંમર નથી. તું તો સુખેથી રાજ્ય કર. તપોવનમાં તો હું જઈશ. તું અત્યારે સંસારસુખ ભોગવ ત્યાર બાદ વૃદ્ધાવસ્થામાં દીક્ષા લેજે, અત્યારે તો તું ગૃહસ્થાવસ્થામાં જ રહીને ધર્મ કર.

આ સાંભળીને ભરતે આદરપૂર્વક કહ્યું કે પિતાજી ! મૃત્યુ બાળક, યુવાન કોઇની પણ રાહ જોતું નથી. તેથી હું તો અત્યારે જ નિગ્રંથરૂપ ધારણ કરીશ. બીજી વાત સંસારસુખ ભોગવવાની કરી, તો જયારે સંસારમાં સુખ છે જ નહીં, **સંસારનું નામ જ દુ:ખ છે**, હા, ક્યારેક તે ઓછા દુ:ખ જ સુખ જેવાં લાગે છે. જયાં સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને મુક્તિનાં પ્રયત્નની વાત છે તો પિતાશ્રી ! જો મુક્તિ સુખની પ્રાપ્તિ ઘરમાં રહીને થઈ શકે તો આપશ્રી પણ સ્વયં આ રાજ્યનો ત્યાગ કેમ કરી રહ્યાં છો ? જ્યારે આપ ત્યાગી રહ્યાં છો તો મને કેમ રોકો છો ? પિતાજી ! **જે પુત્રને દુ:ખથી બચાવે અને તપની અનુમોદના કરે તે જ પિતાનું પિતાપણું છે.** માટે આપશ્રી આ સંસારનાં દુ:ખથી મને બચાવો અને મારા તપની અનુમોદના કરો.

ભરતનો આવો તાર્કિક જવાબ સાંભળીને પિતા દશરથ ગદગદ થઈ ગયા અને બોલ્યાં કે હે વત્સ ! તું ઉત્તમ ભવ્ય છો, તું ચોક્કસ શીઘ્રતાતિશીઘ્ર મોક્ષ પામીશ. તું વિવેકી પુરુષોમાં પણ શ્રેષ્ઠ છો, તેં કયારેય મારી વાત ટાળી નથી. તો હવે મારી આજ્ઞાનું પાલન કેમ નથી કરતો ? પોતાની માતાને કેમ દુ:ખરૂપી સમુદ્રમાં ડૂબાડે છે ? **પુત્રનું પુત્રપણું એ છે કે તે માતા - પિતાને દુ:ખી ન કરે.** તેથી તમે અત્યારે થોડો સમય રાજ્ય કરો, પછી તમારી જેમ ઈચ્છા બને તેમ કરો.

ભરત પિતાજીને કંઈ કહે એ પહેલાં જ રામે ભરતને મધુર સ્વરમાં કહ્યું - પિતાજીએ જે કાંઈ કહ્યું છે તે યોગ્ય જ છે. અત્યારે તમારી અવસ્થા તપને યોગ્ય છે જ નહીં. તમારા સમાન ભાગ્યશાળી પુત્રની હયાતીમાં પિતાનાં વચનભંગ થાય અને માતા પ્રાણ તજે - એ યોગ્ય નથી. પિતાનાં વચનની રક્ષા

માટે આપણે શરીર પણ છોડી શકીએ છીએ તો પછી રાજ્યની તો વાત જ ક્યાં છે ? પિતાનાં વચનની રક્ષા માટે તમારે રાજ્ય કરવાનું છે અને મારે રાજ્ય છોડવાનું છે. હું આ નગર છોડીને જઈ રહ્યો છું તથા કોઈ નદીનાં કિનારે અથવા પર્વત પર કે વનમાં ક્યાંય પણ વેશ બદલીને રહીશ, તેથી કોઈ મને ઓળખી નહીં શકે. હવે તમે શાંતિપૂર્વક રાજ્ય કરો. આ પ્રમાણે ભરતને મનાવીને સ્વયં લક્ષ્મણની સાથે તેઓ માતાની આજ્ઞા લેવા ચાલી નીકળ્યા.

રામનાં મુખેથી દેશાંતર જવાની વાત સાંભળીને કૌશલ્યા બેહોશ થઈ ગઈ. કેટલાક સમય પછી હોશમાં આવતાં તે બોલી - 'બેટા ! કુલીન સ્ત્રીઓને ત્રણ જ આધાર છે - પિતા, પતિ અને પુત્ર. અત્યારે મારે પિતા નથી, પતિ દીક્ષા લઈ રહ્યાં છે અને જો તમે પણ મને છોડીને ચાલી જશો તો હું કેવી રીતે જીવીશ ?

રામ બોલ્યાં - મા ! હું તમને છોડીને જઈ નથી રહ્યો. હું તો હમેશાં આપની સાથે જ રહીશ. પરંતુ અત્યારે આપને સાથે લઈને જવું શક્ય નથી કેમકે અત્યંત ઊંચી - નીચી કઠોર જમીન, પહાડ તથા જંગલમાં આપ ચાલી નહીં શકો. પછીથી હું દક્ષિણ દિશામાં જઈને આપને રહેવા યોગ્ય સ્થળ બનાવીને આપને લેવા આવીશ અને વાહન દ્વારા લઈ જઈશ. આ પ્રમાણે માતાને મનાવીને અન્ય માતાઓથી વિદાય લીધા પછી તેઓ સીતાનાં મહેલમાં ગયા.

રામનાં દ્વારા ઘણું સમજાવવા છતાં અડગ નિર્ણયવાળી સીતા ન માની. બસ તેનો એક જ જવાબ હતો - 'જયાં આપ રહેશો ત્યાં હું પણ રહીશ'.

સીતા સહિત રામ અને લક્ષ્મણનું વન તરફ પ્રસ્થાન જોઈને માતા - પિતાનાં દુ:ખોનો પાર ન હતો. પરંતુ આશ્વાસન આપવામાં નિપુણ રામ - લક્ષ્મણે તેમને શાંત કર્યા અને તેઓ રાજમહેલથી બહાર નીકળી ગયા.

રામને નગરથી બહાર જતાં જોઈને અયોધ્યાવાસી આશ્ચર્યચકિત રહી ગયા. અને સમજ્યા વિનાં જ તેમની પાછળ - પાછળ ચાલવા માંડ્યા.

તેઓ રામની પાછળ - પાછળ ચાલી જ રહ્યાં હતાં. જેમજેમ તેમની ગતિ તીવ્ર થતી જતી હતી તેમતેમ તેમનાં વિચારવાની ગતિ પણ તીવ્ર થતી જતી હતી. એમને યાદ આવ્યું કે થોડો સમય પહેલાં તો તેઓ રામનાં

રાજ્યાભિષેકની તૈયારી કરી રહ્યા હતા. રામનાં મસ્તક પર મુગટ જોવા તેમની આંખો તરસતી હતી. પરંતુ ભરતને રાજ્ય સોંપીને તેમણે સ્વયં વનવાસ પસંદ કર્યો. સિંહાસન પર બેસવાની વાત તો દૂર, ભાઈને સુખી જોવાની ઈચ્છાથી તેઓ અયોધ્યાની સીમાથી પણ ઘણાં દૂર જઈ રહ્યાં હતા. પણ અમે તો રામની સાથે જ જઈશું - આ પ્રમાણે તેઓ (પ્રજાજનો) વિચારી રહ્યાં હતાં. એટલાંમાં જ રામનો અવાજ સાંભળીને તેમની તંદ્રા ભંગ થઈ ગઈ. તેમનાં પ્રિય રામ તેઓને અયોધ્યા પાછાં ફરવાનું કહી રહ્યાં હતાં, પરંતુ પ્રજા તેમનો સાથ છોડીને જવા તૈયાર જ ન હતી.

તેથી રામે રાત્રે સૂવાનું બહાનું કર્યું. બધાં સૂઈ ગયા પછી તેઓ તેમને છોડીને સીતા, લક્ષ્મણ સાથે આગળ વધી ગયા.

સવારે સીતા, રામ અને લક્ષ્મણ ન જોતાં બધાં દોડાદોડી કરવા લાગ્યા અને તેમની સાથે થઈ ગયા. તેઓ બધા સીતાનો આભાર માનવા લાગ્યાં કે આપનાં લીધે જ અમે રામ - લક્ષ્મણ ને ફરીથી મળી શક્યા. જો આપ ધીમે ન ચાલત તો શું અમે આપનો સાથ મેળવી શક્ત ?

થોડે દૂર નદીનો તીવ્રવેગ હતો. નદી પાર કરવામાં કુશળ રામ તો સીતાનો હાથ પકડીને લક્ષ્મણ સહિત નદી પાર કરી ગયા પણ પ્રજાજન આ તીવ્રવેગને પાર ન કરી શક્યા. તેથી લાચારીથી તેમને ત્યાં સુધી જતાં જોઈ રહ્યાં, જ્યાં સુધી આંખેથી દેખી શકાય.

રામનાં ગયા પછી તે લોકોમાંથી ઘણાંએ મુનિવ્રત ધારણ કર્યા, કેટલાંકે શ્રાવકવ્રત ધારણ કર્યા અને અયોધ્યા પાછાં ફર્યા.

પાછાં ફરેલાં વ્યક્તિઓ પાસેથી રામનાં સમાચાર સાંભળીને કૌશલ્યા તથા સુમિત્રાએ રાજા દશરથને રામને પાછા બોલાવવા ઘણું કહ્યું. રાજા દશરથ તો વિરક્ત થઈ ગયા હતા, તેથી તેમણે રાણીઓને કહ્યું કે આ વિકારરૂપ જગત મારે આધીન નથી. જો બધું જ કામ મારી ઈચ્છાનુસાર હોય (થાય) તો હું વિચારું છું કે સમસ્ત પ્રાણી હમેશા સુખી રહે ; કોઈને જન્મ – જરા આદિ રોગ સતાવે નહીં, પરંતુ કર્મોની તો જુદી જુદી સ્થિતિ બનતી રહે છે. જે પ્રમાણે પ્રાણી તેનું ફળ ભોગવે છે. તેથી વિવેકી મનુષ્યએ તેનો શોક ન કરવો જોઈએ. રાજ્ય

તો મેં છોડી જ દીધું છે અને સંસારથી પણ ભયભીત હવે હું મુનિવ્રત ધારણ કરીશ. આમ કહીને ભરતનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કરીને રામનાં જવાથી દુઃખી હૃદયવાળી રાણીઓનાં મનને શાંત કરીને દશરથે સર્વભૂતહિત મુનિની પાસે જઈને મુનિવ્રત અંગીકાર કર્યા.

મુનિરાજ દશરથ એકલવિહાર કરતાં-કરતાં હમેશાં ધ્યાન અને અધ્યયનમાં મગ્ન રહેતાં હતાં. આ પ્રમાણે વિષમ પરિષહોને સહન કરતાં-કરતાં તથા દુર્ધર તપ કરતાં કરતાં તેમનો સમય વ્યતીત થવા લાગ્યો. કેટલાંક સમય પછી તેઓ પોતે આ શરીરનો ત્યાગ કરીને ૧૩મા સ્વર્ગમાં ગયા.

# નવમો દિવસ

"અખૂટ વૈભવ (જાહોજલાલી) ની વચ્ચે જેણે આંખો ખોલી, હમેશાં જેણે પુષ્પો જ જોયા, દુઃખ શું છે - એ જેને ખબર જ નથી, બાળપણથી જ અપાર સ્નેહ વચ્ચે ઉછરેલી તે સીતા હવે વનમાં કેવી રીતે રહી શકશે ? રામે આ કેવી રીતે નિર્ણય લઈ લીધો ?"- એ વિચારીને કૈકેયી ખૂબજ ચિંતાતુર થઈ ગઈ; તે વિચારી રહી હતી કે મેં ભરતને દીક્ષા લેતાં અવશ્ય રોક્યો હતો, પરંતુ રામ, લક્ષ્મણ, સીતાનો વનવાસ તો ક્યારેય ઈચ્છયો ન હતો. પુત્રનાં સ્નેહવશ તેના માટે માંગેલા રાજ્યનું પરિણામ રામ - લક્ષ્મણનો વનવાસ થશે એની તો મેં કલ્પના પણ કરી ન હતી. પતિની સાથે - સાથે પુત્રના વનગમનનાં વિચારથી જ જ્યારે હું ધ્રુજી ઊઠી હતી તો આજે પતિની દીક્ષા અને પુત્રનાં ગૃહત્યાગથી થવાવાળા બંને (અપરાજિતા અને સુમિત્રા) નાં દુઃખોની તો કલ્પના જ કરી શકાતી નથી.

ના, ના, એ શક્ય નથી કે હું ભરતની સાથે સુખેથી રહું અને તેઓ વિલાપ કરે - એવું સુખ મને નથી જોઈતું. હું એટલી પણ સ્વાર્થી નથી કે પોતાના પુત્ર ભરતને માટે બે મોટાં પુત્રો તથા અત્યંત કોમળ સીતાને જંગલ - જંગલ ભટકવા દઉં. ભલે, ભરત દીક્ષા લેતો હોય તો લઈ લે, મારે રામ - લક્ષ્મણને તો પાછા વાળવા જ પડશે.

આ પ્રમાણે દ્રઢ નિશ્ચય કરીને કૈકેયી તરત જ ભરતની પાસે ગઈ તથા બોલી કે રામ, લક્ષ્મણ, સીતા વિનાનું આ રાજ્ય, આ મહેલ સૂનાં લાગે છે. તમે જલ્દીથી જાઓ અને તેમને આગળ વધતાં રોકો, હું પણ તમારી પાછળ - પાછળ સેના લઈને આવું છું. આપણે ત્રણેયને ફરીથી પાછા અયોધ્યા લઈ આવીશું. તેઓ મારી વાત માનશે.

ઝડપી દોડનારા ઘોડા દ્વારા જંગલ તેમજ નૌકા દ્વારા નદીને પાર કરીને ભરત છ દિવસમાં જ રામ પાસે પહોંચી ગયા. પાછળ - પાછળ કૈકેયી પણ રથમાં બેસીને સેના સહિત ત્યાં પહોંચી ગઈ.

બંનેએ મળીને રામને ઘણું સમજાવ્યા, અયોધ્યા પાછા ફરવા માટે

ઘણાં તર્ક આપ્યા, બંને માતાઓનાં દુઃખનું વર્ણન કર્યું, જેને રામ શાંતચિત્તે સાંભળતા રહ્યા.

આ બધું જોઈને કૈકેયીએ છેવટે કહ્યું કે મારા જે વચનની પૂર્તિ માટે તમે વનમાં જઈ રહ્યા છો, તેને જ હું પાછું લઉં છું. તેથી હવે તમે નિઃસંકોચ અયોધ્યા ચલો.

આ સાંભળીને રામ વિનયપૂર્વક બોલ્યાં - 'હે માતા ! જો હું આપની સાથે અયોધ્યા આવું છું તો દીક્ષા માટે જતા પિતાજીને આપેલા વચનનો ભંગ થાય છે, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે, જેનાથી આપણી ઉજ્જવલ કુલ પરંપરા બદનામ થશે. તેમ છતાં પણ જો આપ મને આજ્ઞા આપો છો તો મને સહર્ષ સ્વીકાર છે. રામનો આ તર્ક સાંભળીને કૈકેયી નિરુત્તર થઈ ગઈ. તે યોગ્ય જ છે કેમકે, **પતિના કુળની બદનામી કઈ પત્ની ચાહે ?**

માતાની મૌન મંજૂરી મેળવીને રામે ત્યાં જ બધાની હાજરીમાં ભરતનો ફરીથી રાજ્યાભિષેક કર્યો અને તેમને વિદાય કર્યા.

અયોધ્યા પાછા ફરીને શત્રુઓથી રહિત રાજ્યને ભરત સુખેથી ચલાવી રહ્યાં હતાં પરંતુ તેમનું મન એ બધાં કાર્યોમાં લાગતું ન હતું. તેઓ જળથી ભિન્ન કમળની જેમ જ રાજ્યકાર્ય કરતાં હતાં.

ઘણી રાણીઓ હોવા છતાં પણ તેમના પર આસક્ત થયા વિના તેઓ પોતાનો સમય અધ્યાત્મ - આગમાદિ ગ્રંથોનાં અધ્યયન કરવામાં જ પસાર કરી રહ્યાં હતા. અનેક શાસ્ત્રોનાં જ્ઞાતા, ધર્મનાં જાણકાર, વિનયવાન, શ્રધ્ધાવાન ભરતજી સાધુઓને યથાયોગ્ય દાન આપતાં હતાં. તેમનાં પ્રવચન સાંભળતાં હતાં.

આ પ્રમાણે ધર્મમય જીવન વ્યતીત કરી રહેલા, નિરંતર નિગ્રંથ થવાની ભાવના ભાવતાં તેઓએ આચાર્ય દ્યુતિ સમક્ષ પ્રતિજ્ઞા કરીકે હું રામનાં દર્શન થતાં જ મુનિવ્રત ધારણ કરીશ.

ભરતને વિદાય કર્યા પછી રામ, લક્ષ્મણ, સીતા ફરતાં - ફરતાં એક તાપસીનાં આશ્રમમાં પહોંચ્યા. જ્યાં તાપસીઓએ તેમનું યોગ્ય સન્માન કરીને ફળાદિનું ભોજન કરાવ્યું તથા તેમને રોકાઈ જવા માટે આગ્રહ કર્યો, પરંતુ

જ્યારે રામે આગળ જવા માટેનો પોતાનો દ્રઢ નિશ્ચય ફરી - ફરીને જણાવ્યો, ત્યારે તેમણે રામને સાવધાન કરતાં કહ્યું કે આગળ ત્રણ માઈલના અંતરે ગાઢ જંગલ છે. તેથી આ કોમળ સીતાની સાથે આપ ત્યાં ન જાઓ. પરંતુ નાનાં - નાનાં સંકટોથી જરાપણ ન ડરવાવાળા તે રામ વનમાં આગળ વધતાં ગયા. સીતાને આ ભયાનક વન રામની સાથે બાગ - બગીચા જેવું જ લાગ્યું.

આ પ્રમાણે આગળ વધતાં - વધતાં સાડા ચાર મહિના પછી ચિત્રકૂટ થઈને તેઓ અવંતી દેશ પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમને ખૂબજ આશ્ચર્ય થયું કેમકે તે નગર ફળ – પુષ્પોથી શોભિત હોવા છતાં માણસો વિનાનું હતું. તેઓ આ બાબતનો વિચાર જ કરી રહ્યાં હતાં કે તેમને એક ગરીબ મનુષ્ય આવતો દેખાયો. રામ દ્વારા નગર માણસો વિનાનું કેમ છે એ કારણ પૂછતાં તેમણે બતાવ્યું કે દશાંગપુર નામનાં નગરમાં જનમથી જ બળવાન, દુરાચારી રાજા વજ્રકર્ણ રાજ્ય કરતો હતો. એક દિવસ જ્યારે તેઓ જંગલમાં શિકાર કરવા ગયા, ત્યારે ત્યાં મુનિરાજને જોઈને તેમનું મન થોડું શાંત થયું અને તેણે તે મુનિરાજ સમક્ષ પ્રતિજ્ઞા કરીકે હું જિનેંદ્ર દેવ, જિનવાણી તથા જિનગુરુ સિવાય અન્ય કોઈને પણ નમસ્કાર નહીં કરું. સાથે - સાથે તેમણે શ્રાવકનાં વ્રત લીધાં, તે યોગ્ય જ છે કેમકે નિગ્રંથ દિગંબર મુનિરાજની સમક્ષ જ્યારે જન્મજાત વેરભાવ રાખનાર માંસાહારી પશુ પણ પોતાની ક્રૂરતા છોડી દે છે તો મનુષ્યનું તો કહેવું જ શું ?

રાજમહેલમાં પાછા ફરીને વજ્રકર્ણને ચિંતા થઈકે હું તો ઉજૈજનીના રાજા સિંહોદરનો સેવક છું, તેમને તો નમસ્કાર કરવા જરૂરી છે. જો તેમને હું નમસ્કાર નહીં કરું તો તેઓ મને સજા કરશે. નમસ્કાર કરીને હું મારી પ્રતિજ્ઞા તોડવા નથી માંગતો. હવે મારે શું કરવું જોઈએ ? આ પ્રમાણે ઘણું વિચાર્યા પછી તેમણે એક વીંટીમાં મુનિસુવ્રતનાથની પ્રતિમા બતાવીને તેને જમણા હાથમાં પહેરી લીધી અને જ્યારે-જ્યારે સિંહોદરને નમસ્કાર કરતાં ત્યારે તે વીંટીને આગળ રાખતાં. એક દિવસ આ વાત (રહસ્ય) રાજા સિહોંદરને કોઈએ કહી દીધી. ત્યારે તેમણે ગુસ્સે થઈને રાજા વજ્રકર્ણને મારવાનો વિચાર બનાવ્યો. તેથી તેમણે રાજા વજ્રકર્ણને મળવાનાં બહાને બોલાવ્યો.

સિંહોદરની કુટિલતાથી અજાણ વજ્રકર્ણ જ્યારે રાજાને મળવા જઈ રહ્યા હતા ત્યારે વિદ્યુદંગ નામનાં એક વ્યક્તિએ રાજા વજ્રકર્ણને સાવધાન કરતાં કહ્યું કે હે રાજન ! જો આપ શરીર અને ભોગથી ઉદાસીન થઈ ગયા હોય તો જ રાજા સિંહોદરને મળવા જાઓ, નહીંતર નહીં, કેમકે રાજા સિંહોદર તમને નમસ્કાર ન કરવાના અપરાધને લીધે તમારો વધ કરવા માટે જ તમને બોલાવી રહ્યા છે.

સિંહોદરમાં ખૂબજ વિશ્વાસ ધરાવનાર વજ્રકર્ણ વિચારે છે કે કોઈ દુશ્મને મારામાં અને સિંહોદરમાં લડાઈ કરાવવા માટે જ આ ષડયંત્ર રચ્યું છે, તેથી તેના વાતની ચકાસણી કરવા માટે રાજા વજ્રકર્ણ તે વ્યક્તિને પૂછ્યું કે તમને આ ગુપ્ત વાત કેવી રીતે ખબર પડી ? જો તમે રાજા સિંહોદરનાં સેવક હો તો મને આ રહસ્ય કેમ બતાવવા માંગો છો ? મેં તો તમારી પર કોઈ ઉપકાર કર્યો નથી, વળી હું તમને જાણતો પણ નથી.

ત્યારે તે વ્યક્તિએ પોતાની કથા કહેતાં કહ્યું કે - ‘હું ઉજજૈનીની એક વેશ્યા પર આસક્ત હતો. એક દિવસ તે રાણીનાં કુંડળ જોઈને તેનાં પર મોહિત થઈ ગઈ અને તેને પહેરવાની ઈચ્છા તેણે મારી સામે કરી. પોતાની પ્રિયતમાની ઈચ્છાપૂર્તિ માટે મેં તે કુંડળોની ચોરી કરવાની ઈરાદાથી રાજમહેલમાં રાણીનાં શયનકક્ષમાં ગયો. તે વખતે રાજા - રાણી જાગતાં હતા તથા એકબીજા સાથે વાતો કરતાં હતાં. રાણી વારંવાર રાજાને તેમની ચિંતાનું કારણ પૂછતી હતી. વધારે પડતો આગ્રહ કરવાથી રાજાએ કહ્યું કે જ્યાં સુધી હું રાજા વજ્રકર્ણને હું મારું નહીં ત્યાં સુધી મને શાંતિ નહીં મળે, ઊંઘ નહીં આવે. કેમકે જેવી રીતે જે દેવા (ઋણ) ની ચિંતાથી વ્યાકુળ હોય, કોઈની પત્ની ખોટા પુરુષનાં ચક્કરમાં ફસાઈ ગઈ હોય, જે સંસારનાં દુ:ખોથી ભયભીત હોય તથા જે શત્રુને જીતી શક્યો હોય - એવા મનુષ્યની ઊંઘ ઊડી જાય છે, તેવી રીતે જે અપમાનથી બળી રહ્યો હોય તેની ઊંઘ પણ ઊડી જાય છે. તેથી જ્યાં સુધી મને નમસ્કાર નહીં કરવાવાળા તે રાજા વજ્રકર્ણને ન મારું ત્યાં સુધી આ જીવનનો શો ફાયદો ?

આ પ્રમાણે ઘટના બતાવીને તે વ્યક્તિએ રાજા વજ્રકર્ણને કહ્યું કે જુઓ, સામે રાજા સિંહોદરની સેના પણ આવી રહી છે. જો આપને મારવાનો વિચાર ન

હોત તો સેનાનું શું પ્રયોજન હતું ? આપે હિંસાદિ ક્રૂરકર્મ છોડીને શ્રાવકનાં વ્રત લીધાં છે - એ જાણીને મને ખૂબ પ્રસન્નતા થઈ. તેથી મેં ચોરીનો વિચાર છોડીને આપને સાવધાન કરવા માટે આવી ગયો.

સેનાને ઝડપથી પોતાની તરફ આવતી જોઈને રાજા વજ્રકર્ણને વિદ્યુદંગની વાત પર વિશ્વાસ બેઠો તથા તે વિદ્યુદંગની સાથે પોતાનાં મહેલમાં જઈને સંતાઈ ગયો.

આ જોઈને સિંહોદરે ગુસ્સામાં આવીને વજ્રકર્ણ પર આક્રમણ કર્યું પરંતુ તેની સેના વજ્રકર્ણના અભેદ્ય કિલ્લામાં પ્રવેશી ન શકી. તેથી ક્ષોભ પામીને પોતાની ખીજ દૂર કરવા માટે આખું ગામ બાળી દીધું. તે આગમાં મારો પણ કેટલોક સામાન બળી ગયો. તેથી હવે મારી પત્નીએ મને તે બળેલા ઘરમાંથી સામાન લાવવા માટે મોકલ્યો છે.

આ સાંભળીને તે દરિદ્ર મુસાફરની ગરીબી દૂર કરવા માટે રામે પોતાનો રત્નજડિત સોનાનો હાર તેને આપી દીધો, જેને વેચીને તે ગરીબની ગરીબી દૂર થઈ.

એ પછી રામ અને સીતાને ચંદ્રપ્રભ ભગવાનનાં ચૈત્યાલયમાં મૂકીને લક્ષ્મણ રાજા વજ્રકર્ણનાં કિલ્લાની નજીક ભોજનની વ્યવસ્થા માટે ગયા. અજાણ્યા હોવાથી વજ્રકર્ણનાં સિપાઈએ તેને અંદર પ્રવેશ કરવા ન દીધો. જ્યારે રાજા વજ્રકર્ણને એમ ખબર પડી કે કોઈ અજાણ્યો માણસ ભોજન માટે બહાર આવ્યો છે પરંતુ દુશ્મનોનો જાસૂસ સમજીને સેવકોએ તેને અંદર આવવા નથી દીધો ત્યારે તેમણે તે અજનબીને આદરપૂર્વક બોલાવ્યો તથા સ્વાદિષ્ટ રસોઈ જમવા માટે કહ્યું. પરંતુ લક્ષ્મણે ભોજન ગ્રહણ ન કર્યું. તેમણે કહ્યું કે મારા ભાઈ - ભાભી ચંદ્રપ્રભ ચૈત્યાલયમાં છે તેમનાં વિના હું ભોજન નહીં લઉં. આ સાંભળીને વજ્રકર્ણએ પોતાનાં સેવક સાથે ઘણું સારું ભોજન ચૈત્યાલયમાં મોકલી આપ્યું.

લક્ષ્મણે જ્યારે રાજા વજ્રકર્ણ દ્વારા કરવામાં આવેલી આગતા - સ્વાગતાની સૂચના રામ - સીતાને આપી તો તેમણે લક્ષ્મણને કહ્યું કે વજ્રકર્ણએ અમારું ઓળખ્યા વિના પણ ખૂબ જ સારી રીતે સન્માન કર્યું છે. જાણે જમાઈનું

સન્માન કરતા હોય તેમ. તેથી અમારે પણ તેની મદદ કરવી જોઈએ. લક્ષ્મણ, તમે મહાશક્તિશાળી છો, બધા કાર્યોમાં પ્રવીણ છો તેથી તમે જ જાઓ અને જે પ્રમાણે યોગ્ય લાગે તેમ વજ્રકર્ણને સિંહોદરથી છોડવો. કેમકે સિંહોદર એટલો બળવાન છે કે તે ભરતથી પણ જીતી શકાયો નથી તો પછી વજ્રકર્ણથી તો કેવી રીતે વશમાં આવી શકે ?

રામની આજ્ઞા પ્રમાણે લક્ષ્મણ ભરતના દૂત બનીને સિંહોદર પાસે ગયા તથા કહ્યું કે ઉત્તમગુણોને ધારણ કરવવાવાળા રાજા ભરત આપને આજ્ઞા આપે છે કે રાજા વજ્રકર્ણ સાથે પ્રયોજન વિના વેર રાખવાથી શું ફાયદો છે ?

આ સાંભળીને સિંહોદર બોલ્યા કે તમે મારા તરફથી અયોધ્યાના રાજા ભરતને કહેજો કે અવિનયી સેવકોને વિનય શીખવવાનો દરેક માલિક પ્રયત્ન્ન કરે જ છે, એમાં તમને ક્યાં વિરોધ દેખાય છે ? આ વજ્રકર્ણ દુષ્ટ છે, અભિમાની છે તથા અવિવેકી છે. તેનો આ દોષ ક્યાં તો તેને મારવાથી છૂટશે અથવા તેના મૃત્યુથી તેથી હું જ તેનો ઉપાય કરું છું. આ વિષયમાં તમે મૌન રહો, વચ્ચે ન પડો.

સિંહોદરનો આવો ઉધ્ધતાઈ ભરેલો જવાબ સાંભળીને લક્ષ્મણ ખૂબ જ ગુસ્સે થયા તેમ છતાં તેમણે આક્રમણ ન કર્યું પરંતુ પોતાની વીરતાનાં અભિમાનમાં ચૂર, કોઈને પણ પોતાની આગળ ન ગણનાર સિંહોદરે સૈનિકોને આક્રમણનો હુકમ આપ્યો. તે સેનાને પરમ તેજસ્વી લક્ષ્મણે એકલાંજ થોડી વારમાં હરાવી દીધી. આ જોઈને સિંહોદર પોતે સેનાસહિત તેની પર તૂટી પડ્યા. પરંતુ લક્ષ્મણે પોતાની ચપળતા તથા વીરતા દ્વારા સિંહોદરની સેનાને હરાવીને સિંહોદરને બાંધી લીધો તથા તેને રામની પાસે લઈ જવા લાગ્યા. આ જોઈને સિંહોદરની પત્નીએ લક્ષ્મણની માફી માંગી તથા છોડી મૂકવા કહ્યું તેથી લક્ષ્મણે કહ્યું કે અમે તેને ચંદ્રપ્રભ જિનાલયમાં જઈને છોડી દઈશું.

જ્યારે લક્ષ્મણ સિંહોદરને લઈને રામની પાસે પહોંચ્યા ત્યારે રામે વજ્રકર્ણને બોલાવ્યો તથા બંનેમાં મિત્રતા કરાવી. ત્યાર બાદ સિંહોદર અને વજ્રકર્ણને રાજ્યની બધી સંપતિ અડધી - અડધી વ્હેંચી આપી.

રામ - લક્ષ્મણના ઉપકારથી દબાયેલા વ્રજકર્ણે તે બંનેની ખૂબ પ્રશંસા

કરી અને પોતાની ૮ કન્યાઓની સગાઈ લક્ષ્મણ સાથે કરી. આ પ્રમાણે સિંહોદર સહિત અન્ય રાજાઓએ પણ પોતાની ૩૦૦ કન્યાઓની સગાઈ લક્ષ્મણ સાથે કરી.

જ્યારે તેઓ બધા રાજા લગ્નનું મુહૂર્ત કઢાવવા લાગ્યા ત્યારે લક્ષ્મણે કહ્યું કે હું ત્યારે જ લગ્ન કરીશ જ્યારે મારા પોતાનાં બળથી રાજ્ય વસાવીશ અને ત્યારે મારી માતાઓને પણ બોલાવીશ. રામે પણ લક્ષ્મણની વાતને સંમતિ આપી તથા કહ્યું કે અમારું કોઈ નક્કી રહેઠાણ નથી. સ્વર્ગ સમાન ભરતનાં રાજ્યમાં જે દેશ છે તેને છોડીને અમે મલયગિરિ અથવા દક્ષિણ સમુદ્રની આજુબાજુ પોતાનું ઘર બનાવીશું. ત્યારે અમારી માતાઓને લેવા અમારા બંનેમાંથી કોઈ એક તો અવશ્ય આવશે, ત્યારે આપની કન્યાઓને પણ લઈ જઈશું. પરંતુ બધા રાજા રામ - લક્ષ્મણને ત્યાં જ રહેવાની પ્રાર્થના કરવા લાગ્યા, તેમને આગળ વધતાં રોકવા લાગ્યાં. તેથી સીતા અને લક્ષ્મણની સાથે રામ અડધી રાત્રે ચૂપચાપ તે જગ્યા છોડીને આગળ નીકળી ગયા.

સવારે જ્યારે રાજા - પ્રજા ચૈત્યાલયમાં આવ્યા ત્યારે ત્યાં શ્રીરામને ન જોતાં ખૂબજ દુઃખી થયા તથા તેમની ફરીથી આવવાની રાહ જોવા લાગ્યા.

આ પ્રમાણે ફરતાં ફરતાં તેઓ કુંવર નામનાં ગામની પાસે આવેલાં વનમાં પહોંચ્યા. પાણી લેવા માટે જ્યારે લક્ષ્મણ પાસેનાં સરોવર નજીક પહોંચ્યા ત્યારે રાજકુમારનો વેશ પહેરીને આવેલી કલ્યાણમાલા નામની રાજકુમારી પર પડી. તે લક્ષ્મણનાં રૂપ પર મોહિત થઈ ગઈ. તેથી તેણે પોતાનાં એક સેવકને મોકલીને લક્ષ્મણને પોતાનાં પડાવ પર બોલાવ્યા.

લક્ષ્મણનાં કુળ – ગોત્ર આદિ જાણવા માટે આતુર કલ્યાણમાલાએ જેવી વાત શરૂ કરી કે તરત જ તે બોલ્યા કે પહેલાં હું મારા ભાઈ - ભાભીને ખાવા - પીવાની સામગ્રી આપી આવું. ત્યાર બાદ તેમની આજ્ઞા લઈને આપની સાથે નિશ્ચિત થઈને વાતચીત કરીશ.

આ સાંભળીને કલ્યાણમાલાએ એક દૂતને મોકલીને રામ - સીતાને પણ પોતાની પાસે બોલાવ્યા તથા એક ઝડપી પુરુષ મોકલીને રસોઈની બધી સામગ્રી મંગાવીને ભોજન તૈયાર કરાવ્યું.

કલ્યાણમાલાએ રામ - લક્ષ્મણ તથા સીતાને યોગ્ય સ્થાન આપીને તેમનું યોગ્ય સન્માન કર્યું. ભોજન કરાવ્યું, પોતાનાં બધા સેવકોને બહાર મોકલી દીધા તથા આજ્ઞા કરી કે અંદર કોઈને આવવાં ન દેવા, જે કોઈ પણ અંદર આવશે તે મારા દ્વારા મારી નાખવામાં આવશે.

બધાં જતાં રહ્યા પછી રામ - લક્ષ્મણ અને સીતાની સમક્ષ કલ્યાણમાલાએ રાજકુમારનો વેશ છોડીને પોતાનું અસલી રૂપ ધારણ કર્યું. અત્યંત સુંદર કન્યાને જોઈને લક્ષ્મણ પણ તેના પર મોહિત થઈ ગયા અને એકી નજરે તેને જોતાં જ રહ્યાં.

રામ દ્વારા છોકરાનાં વેશમાં રહેવાનું કારણ પૂછતાં તેણે બતાવ્યું કે જ્યારે હું માતાનાં ગર્ભમાં હતી ત્યારે મારા પિતા બાલખિલ્યને મ્લેચ્છોનાં રાજાએ આક્રમણ કરીને બંદી બનાવી લીધા હતા. મારા પિતા રાજા સિંહોદરનાં સેવક હતા. તેથી રાજા સિંહોદરે કહ્યું કે બાલખિલ્યની ગેરહાજરીમાં તેની રાણીથી જો પુત્ર થશે તો તે રાજ્યનો અધિકારી બનશે. પરંતુ જ્યારે પુત્રની જગ્યાએ હું પુત્રી થઈ ત્યારે રાજ્ય જતું રહેવાનાં ડરથી મારી માતા તથા સુબુદ્ધિ નામનાં મંત્રીએ મળીને મને પુત્રનાં રૂપમાં જ જનતા સમક્ષ પ્રસ્તુત કરી અને ત્યારથી હું રાજકુમારનાં રૂપમાં ઉછેરવા લાગી.

મ્લેચ્છ રાજા અત્યંત શક્તિશાળી છે, તેની સાથેની લડાઈમાં રાજા સિંહોદર અસમર્થ છે તેથી તે પણ મારા પિતાને છોડાવવામાં મને મદદ કરી શકતા નથી. અત્યારે મારા પિતા ઘણા કષ્ટમાં છે. આ દેશમાં જે પણ ધન - ધાન્ય થાય છે તે બધું કિલ્લાની રક્ષા કરવાવાળા મ્લેચ્છ રાજાને મોકલી આપવામાં આવે છે.

આ પ્રમાણે કલ્યાણમાલાની વાત સાંભળીને તથા તેને અત્યંત દુ:ખી જોઈને લક્ષ્મણે કહ્યું કે હે સુંદરી ! તમે દુ:ખી ન થાઓ તથા પુરુષવેશમાં ધીરજથી રાજ્ય

કરો અને થોડા દિવસ રાહ જુઓ. હવે તમારા પિતા જલ્દીથી છૂટી જશે કેમકે મ્લેચ્છોનાં રાજાને વશમાં કરવું સરળ છે.

લક્ષ્મણની આ વાત સાંભળીને તે નિશ્ચિંત થઈ તથા તેમની સાથે ૩

દિવસ પ્રસન્નતાથી વીતાવ્યા.

કલ્યાણમાલા સૂઈ જતાં રાત્રે રામ - લક્ષ્મણ તેમ જ સીતા ચૂપચાપ ત્યાંથી નીકળી ગયા.કલ્યાણમાલા જ્યારે જાગી ત્યારે રામ વગેરેને ન જોતાં ખૂબ દુ:ખી થઈ, પણ મન કઠણ કરીને રાજકુમારનો વેશધારણ કરીને પોતાની નગરીમાં પાછી ફરી.

રામ - લક્ષ્મણ તથા સીતા નર્મદા નદીને પાર કરીને જ્યારે વિંધ્યાચલ પર્વતનાં ગાઢ જંગલમાં પહોંચ્યા ત્યારે ત્યાં તેમને મ્લેચ્છોનાં અધિપતિનો આમનો - સામનો થઈ ગયો. લક્ષ્મણે થોડી જ વારમાં તેને હરાવી દીધો તથા તેના દ્વારા બંદી બનાવાયેલ રાજાઓને છોડાવ્યા, જેમાં કલ્યાણમાલાનાં પિતા બાલખિલ્ય પણ હતા.

જ્યારે બાલખિલ્ય પોતાનાં નગરમાં પહોંચ્યા ત્યારે નગરવાસીઓએ તેમનું ખૂબ જ સ્વાગત કર્યું. કલ્યાણમાલા પણ પોતાનાં અસલી રૂપમાં આવી ગઈ. તેને રાજકુમારીનાં રૂપમાં જોઈને પ્રજા આશ્ચર્યમાં ડૂબી ગઈ.

આ પ્રમાણે દુ:ખી જીવોને દુષ્ટોથી બચાવીને રામ તથા લક્ષ્મણ, સીતા સહિત ગાઢ અંધકારમાં આગળ વધતાં રહ્યાં.

# દસમો દિવસ

ચાલતાં - ચાલતાં સીતાજી થાકી જાય છે તરસથી તેમનું મોં સૂકાય છે. સીતાજીને આશ્વાસન આપીને રામ - લક્ષ્મણ તેમને નજીકનાં ગામમાં લઈ જાય છે, જ્યાં પાસે જ આવેલા કપિલ બ્રાહમણનાં ઘરમાં તેની પત્ની દ્વારા અપાયેલ ઠંડા જળથી તેમની બધી જ થકાન દૂર થઈ જાય છે. બ્રાહમણી તેમનો આદર કરે તે પહેલાં જ તેનો પતિ કપિલ બ્રાહમણ લાકડીઓનો ભારો માથા પર મૂકીને આવ્યો અને રામઆદિનો સત્કાર કરતી બ્રાહમણીને જોઈને તેની પર ખૂબ ગુસ્સે થયો. રામ આદિનો તિરસ્કાર સહન કરવામાં અસમર્થ લક્ષ્મણ જ્યારે બ્રાહમણને વધ કરવા માટે તૈયાર થાય છે ત્યારે રામ અને સીતા તેમને સમજાવીને શાંત કરી દે છે.

જ્યારે તેઓ ત્રણેય બ્રાહમણીનાં ઘરેથી બહાર નીકળીને જંગલ તરફ જઈ રહ્યાં હતાં ત્યારે ધોધમાર વરસાદ પડવા માંડ્યો. તેનાથી બચવા માટે તેમણે એક વડનાં ઝાડ નીચે શરણ લીધું. તે વડનાં ઝાડ પર રહેવાવાળા યક્ષરાજે પોતાના અવધિજ્ઞાનથી તેમને બલભદ્ર અને નારાયણ જાણ્યા ત્યારે તેણે અત્યંત શોભાયમાન નગરીની રચના કરી અને તેમાં તેમને રોકાવા કહ્યું.

જ્યારે તે જ કપિલ બ્રાહમણ સવારે જંગલમા લાકડાં કાપવા આવ્યો ત્યારે જંગલની જગ્યાએ ભવ્યનગરને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. તે ફરીથી પોતાની પત્ની સહિત નગરની શોભા જોવા આવે છે. ત્યાં નગરમાં જિનમંદિરનાં દર્શન કરે છે તથા મંદિરમાં બિરાજમાન મુનિરાજનાં ઉપદેશામૃતનું પાન કરીને તેમની પાસેથી શ્રાવકનાં વ્રત ધારણ કરીને જ્યારે રાજદરબારમાં પહોંચે છે તો ત્યાં લક્ષ્મણને જોઈને ડરીને ભાગવા લાગે છે. રામ દ્વારા સાંત્વના મળતાં તે શાંત થઈને બેસી જાય છે અને રામની સ્તુતિ કરવા લાગે છે. રામ તેને અપરિમિત ધન – ધાન્ય તેમજ સંપત્તિ આપીને તેની ગરીબી દૂર કરે છે. અપકારનાં બદલે ઉપકારનો અનુભવ કરીને બ્રાહમણ ખૂબ જ શરમિંદો થઈ જાય છે. છેવટે ગૃહસ્થીનો ભાર પત્નીને સોંપીને જિનદીક્ષા લઈ લે છે.

વર્ષાઋતુ પૂરી થતાં જ્યારે રામ તે યક્ષ દ્વારા બનાવેલી નગરીમાંથી જવા લાગ્યા ત્યારે યક્ષે તેમને રોકવાનો ખૂબજ પ્રયત્ન કર્યો, પરંતુ રામને રોકવામાં તે સફળ ન થયો. ત્યારે યક્ષે રામને સ્વયંપ્રભ નામનો સુંદર હાર, લક્ષ્મણને દૈદીપ્યમાન મણિકુંડલ તથા સીતાને મહામાંગલિક ચુડામણિ તેમજ દેવોપુનીત વીણા આપી. તે પછી તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા ત્યારે યક્ષે પણ તે નગરી સમેટી લીધી.

ફરતાં ફરતાં રામ, લક્ષ્મણ તથા સીતા જ્યારે વૈજયંતપુર નગરની પાસે આવેલા વનમાં પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ. રામ અને સીતા તો સૂઈ ગયા પરંતુ જંગલમાંથી આવવાવાળી સુગંધીને લીધે લક્ષ્મણને ઊંઘ ન આવી. એ સુગંધથી આકર્ષાઈને લક્ષ્મણ ઉઠીને એ દિશામાં આગળ ચાલ્યા. થોડે દૂર જતાં જ તેમને એક સુંદર કન્યા દેખાઈ, જેને જોઈને લક્ષ્મણ વિચારવા લાગ્યાં કે અડધી રાત્રે આ કન્યા આ ભયાનક જંગલમાં અત્યંત દુઃખી થઈને આત્મહત્યાનાં વિચારથી જ આવી હોવી જોઈએ અથવા કોઈ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે તપ કરવા માટે આવી હશે. જે પણ હોય, હું તેનો પીછો કરીને જોઉં કે તે શું કરી રહી છે ?

આ પ્રમાણે તેઓ તેનો પીછો કરવા લાગ્યા. કન્યા ઊભી રહેતાં લક્ષ્મણ એક ઝાડની પાછળ છૂપાઈ ગયા. તે કન્યા તેજ ઝાડની સામે આવીને બોલીકે હે વૃક્ષ ! કદાચ ફરતાં-ફરતાં જો અહીં લક્ષ્મણ આવે તો તું તેમને મારી વિરહ વેદના કહેજે અને તેમને કહેજે કે વૈજયંતપુરની રાજકુમારી વનમાલા બાળપણથીજ તમારાં ગુણોની અનુરાગી છે. તે તમારી સાથે લગ્ન કરવા માંગે છે. તેનાં પિતા પૃથ્વીધરે તેમનાં વનગમનની વાત સાંભળી, ત્યારે લક્ષ્મણની પ્રાપ્તિની શક્યતા ન રહેતાં તેમણે વનમાલાની સગાઈ બીજે કરી દીધી. વનમાલાએ લક્ષ્મણ સિવાય બીજા કોઈની સાથે લગ્ન કરવાની અપેક્ષા મૃત્યુને સ્વીકાર્યું. તે પિતાજીને વ્રતસમાપ્તિનું બહાનું બતાવીને પુષ્પોની થાળી લઈને જંગલમાં આવી તથા આત્મહત્યા કરી લીધી. એમ કહીને વનમાલા જ્યાં ગળામાં ફાંસો ખાવા લાગી ત્યાં જ લક્ષ્મણે સામે આવીને આવા હલકા કાર્ય માટે રોકી.

અચાનક જીવનરક્ષક બનીને આવેલા તે વ્યક્તિને જોઈને પહેલાં તો વનમાલા ભયભીત થઈ, પછી લક્ષણોથી લક્ષ્મણને ઓળખીને વનમાલાએ તેમનાં ગળામાં વરમાળા નાંખી દીધી.

આંખ ખૂલતાં જ જ્યારે રામે લક્ષ્મણને પોતાની પાસે ન દેખ્યા તો તેઓ આકુળ - વ્યાકુળ થઈ ગયા. તથા મોટેથી બોલવા લાગ્યા કે હે ભાઈ લક્ષ્મણ ! તું કયાં છે ?

ભાઈનો અવાજ સાંભળીને લક્ષ્મણ વનમાલાને લઈને જલ્દીથી ભાઈ-ભાભીની પાસે આવ્યા.

અ બાજુ વનમાલાને નજીકમાં ન જોતાં તેની સખીઓ સિપાઇઓ સાથે વનમાં શોધવા નીકળી. વનમાં લક્ષ્મણની સાથે રાજકુમારીને જોઈને રાજી થયેલી ને સખીઓ રાજા પાસે ગઈ અને કહ્યું કે આપનાં જમાઈ લક્ષ્મણ નગરની નજીકમાં જ છે. આ સમાચારથી પ્રસન્ન થઈને રાજાએ તેમને ઈનામ આપ્યું અને તેઓ રામ - લક્ષ્મણ તથા સીતાને આદરપૂર્વક નગરમાં લઈ આવ્યા. જ્યાં તેઓ આનંદપૂર્વક રહેવા લાગ્યા.

એક દિવસ તેઓ રાજા પૃથ્વીધરની સાથે રાજસભામાં બેઠા હતાં ત્યાં જ નંદાવર્તનો સ્વામી, મહાપરાક્રમી રાજા અતિવીર્યનો દૂત આવ્યો. તેણે અતિવીર્યનો પત્ર રાજાને આપ્યો, જેમાં લખ્યું હતું કે હું અયોધ્યાનાં રાજા ભરત ઉપર સૈન્ય સહિત આક્રમણ માટે જઈ રહ્યો છું, તે માટે આપની રાહ જોઈ રહ્યો છું.

રામ દ્વારા ભરત અને રાજા અતિવીર્યનાં વિરોધનું કારણ પૂછતાં દૂતે બતાવ્યું કે રાજા અતિવીર્યએ ભરતની પાસે પોતાની આધીનતા સ્વીકારવા માટે દૂત મોકલ્યો હતો, પરંતુ શત્રુઘ્નએ દૂતનું અપમાન કરીને તેને ભગાડી દીધો. તેથી રાજા અતિવીર્ય તેની પર આક્રમણ કરીને તેને પોતાનાં આધીન બનાવવા માંગે છે.

રામે ઈશારો કરતાં રાજા પૃથ્વીધરે દૂતને આવવાનું આશ્વાસન આપીને વિદાય કર્યો તથા રાજા સાથે વિચાર - વિમર્શ કર્યા પછી રામ પૃથ્વીધરનાં પુત્રો સાથે અતિવીર્યની રાજધાનીની તરફ જવા માટે રવાના થયા.

અતિવીર્યની રાજઘાનીની નજીકનાં મંદિરમાં પહોંચીને રામે એકાંતમાં

લક્ષ્મણને કહ્યું કે શત્રુઘ્ને નાદાનીથી અત્યંત ઉદ્ધત થઈને અંધારી રાતમાં અતિવીર્યનાં સૈનિકો પર છાપો મારીને ઘણાં સૂતેલાં વીર યોધ્ધાને મારી નાંખ્યા છે, તેમનાં હાથી આદિ ચોરી કર્યા છે. તેથી અતિવીર્યનું ભડકી જવું સ્વાભાવિક છે. અતિવીર્ય યુદ્ધનાં મેદાનમાં ભરતથી જીતવાનો નથી તેમ છતાં ભરત યુદ્ધ માટે અયોધ્યાથી આવી રહ્યો છે અને નજીકમાં જ પડાવ નાંખ્યો છે. તેથી આપણે ભરતની મદદ એવી રીતે કરવી જોઈએ કે ભરતને ખબર પણ ન પડે કે આપણે અહીં છીએ. કેમકે અયોધ્યાથી વનવાસ માટે નીકળેલાં આપણે ગુપ્ત રહેવું જ યોગ્ય છે.

વિચારવિમર્શ બાદ સીતાને ત્યાં ઉપસ્થિત આર્યિકા વરધર્મા પાસે મૂકીને નર્તકીઓના વેશમાં રાજા અતિવીર્યનાં દરબારમાં ગયા. ત્યાં તેમણે પોતાનાં અનુપમ સંગીત તથા કલાપૂર્ણ નૃત્યથી સભાને મંત્રમુગ્ધ કરીને વશીભૂત કરી લીધી. રંગત જામેલી જોઈને નર્તકીઓએ ગુસ્સાનાં સ્વરમાં કહ્યું કે તું ભરતની સામે જે અભિયાન કરી રહ્યો છે તે તારાં જ મૃત્યુનું કારણ છે, તેથી જો જીવિત રહેવા માંગતો હોય તો ભરતને પ્રણામ કર – આ પ્રમાણે પોતાની નિંદા તથા ભરતની પ્રશંસા સાંભળીને ગુસ્સે થયેલ અતિવીર્યએ નર્તકીઓને તલવારથી મારવા ઇચ્છયું પણ તેને નર્તકી બનેલા લક્ષ્મણે ખેંચી લીધી ; તથા તેનાથી જ બધા રાજાઓને ડરાવીને અતિવીર્યને જીવતો જ પકડી લીધો. આ જોઈને બધા રાજા વિચારવા લાગ્યા કે જ્યારે ભરતની નર્તકી આટલી હોશિયાર છે તો પછી સ્વયં ભરતની તાકાતનું તો પૂછવું જ શું ? તેથી તેઓએ ચૂપચાપ ભરતની આધીનતા સ્વીકારી લીધી.

રામ - લક્ષ્મણ બંદી બનાવેલા અતિવીર્યને સીતાની પાસે લઈ ગયા. તેની આ દયનીય દશાથી સીતાએ તેમને માફ કરવા માટે કહ્યું. લક્ષ્મણે બંધન ખોલીને પૂર્વવત રાજ્ય કરવાનું કહ્યું પરંતુ અતિવીર્યએ રાજ્ય ન સ્વીકાર્યું તથા તેમણે શ્રુતધર મુનિરાજ પાસે જઈને દીક્ષા લઈ લીધી.

તે પછી રામે અતિવીર્યનાં પુત્ર વિજયરથને રાજ્ય સોંપી દીધું, વિજયરથે પોતાની નાની બેન રત્નમાલાનાં લગ્ન લક્ષ્મણ સાથે અને મોટી બહેનનાં વિજયસુંદરીનાં લગ્ન રામ સાથે કર્યા. તે પછી કાર્ય સમાપ્ત થતાં રામ -

લક્ષ્મણ જિનેંદ્રવંદના કરીને રાજા પૃથ્વીધરની પાસે પાછા ફર્યા.

જ્યારે આ સમાચાર રાજા ભરત તથા શત્રુઘ્ન મળ્યા કે નર્તકીઓ દ્વારા પકડાઈ જવાથી રાજા અતિવીર્ય વિરક્ત થઈને દિક્ષિત થઈ ગયા છે ત્યારે શત્રુઘ્ન તેમની મજાક ઉડાવવા લાગ્યા પરંતુ ભરતે તેમને રોક્યા અને કહ્યું કે સ્ત્રીઓમાં આટલી સામર્થ્ય કયાં છે ? ચોક્કસ કોઈ જિનશાસનની ભક્તદેવીએ જ આ કાર્ય કર્યું લાગે છે. તે રાજા અતિવીર્ય પ્રશંસનીય છે, જે તે નર્તકીની હરકતથી પ્રેરણા લઈને મુક્તિમાર્ગે આગળ વધી ગયા. ચાલો, તેમનાં દર્શન કરીને આપણે કૃતાર્થ થઈએ.

એ પછી અતિવીર્ય મુનિને ભક્તિભાવથી દર્શન કરીને તેઓ અયોધ્યા પાછા ફર્યા.

રામ - લક્ષ્મણે કેટલાંક દિવસ તો રાજા પૃથ્વીધરને ત્યાં સુખેથી પસાર કર્યા. પછી જ્યારે તેઓ ત્યાંથી આગળ વધવા લાગ્યા ત્યારે વનમાલાએ તેમને રોકવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો પરંતુ તેઓ તેને સમજાવીને અડધી રાત્રે જ ચાલી નીકળ્યા.

ચાલતાં - ચાલતાં થાકી જવાથી તેમણે ક્ષેમાંજલિ નામનાં નગરની નજીકનાં વનમાં પડાવ નાંખ્યો. લક્ષ્મણ રામની આજ્ઞા લઈને ભોજન - પાણીની વ્યવસ્થા કરવા માટે નગરની અંદર ગયા. નગરમાં તેમણે લોકોનાં મોઢે સાંભળ્યું કે અહીંની રાજકુમારી જિતપદ્મા અતિકઠોર છે. તેને દેવ પણ જોવા ગમતાં નથી, તો મનુષ્યની તો વાતજ શી કરવી ? તેની સામે કોઈ પણ પુરુષવાચક શબ્દ બોલીશકતા નથી. તેના પિતાએ પ્રતિજ્ઞા કરી છે કે જે કોઈ વ્યક્તિ મારી શક્તિ (બાણ) ની સામે જીવિત રહે તે મારી પુત્રી સાથે પરણી શકે છે.

રાજકુમારીને જોવાની ઈચ્છાથી લક્ષ્મણ રાજમહેલમાં ગયા તથા પોતાનો પરિચય ભરતનાં સેવકનાં રૂપમાં આપીને કહેવા લાગ્યા કે હું તમારી પુત્રીને જોવાની ઇચ્છાથી અહીં આવ્યો છું. તેનું અભિમાન તોડવા માંગુ છું. તેથી તમે એકી સાથે પાંચેય શક્તિ (બાણ) છોડો.

ઝરોખામાં બેસેલી જિતપદ્મા લક્ષ્મણનાં રૂપ પર મોહિત થઈ ગઈ તથા લક્ષ્મણને મરવાનાં ભયથી શક્તિની ચોટ (બાણને ઝીલવા) ન ખાવાનો ઇશારો

કરવા લાગી. લક્ષ્મણે તેને ઈશારાથી જ સાંત્વના આપી.

રાજાએ જેવી લક્ષ્મણ પર શક્તિ ચલાવી, તેમણે પહેલી શક્તિને હાથમાં, બીજીને ડાબા હાથમાં, ત્રીજીને જમણા ખભામાં, ચોથીને ડાબા ખભામાં તથા પાંચમીને મુખથી પકડી લીધી.

આ જોઈને નગરવાસી આનંદિત થઈ ગયા. જિતપદ્માએ લક્ષ્મણનાં ગળામાં વરમાળા નાંખી. રાજાએ જ્યારે પાણિગ્રહણની ચર્ચા કરીતો લક્ષ્મણે કહ્યું કે મારાં ભાઈ - ભાભી બાજુનાં વનમાં જ છે. તેમની અનુમતિ લઈને જ કંઈ કામ થઈ શકે. આટલું સાંભળતા જ રાજા સેનાસહિત રામ - સીતાની પાસે ગયા.

ધૂળ ઊડતાં તથા સેનાનો અવાજ સાંભળીને સીતા ડરીને રામને કહેવા લાગી કે ચોક્કસ લક્ષ્મણે ફરી કોઈ ઉપદ્રવ કર્યો લાગે છે, તેથી જ રાજા સેના સહિત આવી રહ્યો છે. એટલીવારમાં નૃત્ય કરતી મહિલાઓને નજીકમાં આવતી જોઈને સીતાનો ડર થોડો ઓછો થયો.

રામ-સીતાની અનુમતિથી જિતપદ્મા સાથે લક્ષ્મણનો વિવાહ વિધિપૂર્વક થયો. કેટલાંક દિવસ રાજા સાથે રહ્યા પછી તેઓ આગળ નીકળી પડ્યા. તેઓ જ્યાં પણ જતાં ત્યાં તેમને ખાવાપીવાની સામગ્રી સુલભ થઈ જતી.

આગળ જતાં જ્યારે તેઓ વંશધર નામનાં પર્વત પર પહોંચ્યા ત્યારે તેમણે નગરનાં લોકોને ભયથી ભાગીને બહાર જતાં જોયા. કારણ પૂછતાં ખબર પડી કે કોઈ દુષ્ટ દેવ રાત્રે ક્રીડા કરે છે જેનાથી જુદા જુદા પ્રકારના ભયંકર અવાજો આવે છે. તેથી નગરવાસી રાત્રિમાં બહાર જતા રહે છે અને સવારે પાછા ફરે છે. આ સાંભળીને સીતાએ નગરવાસીઓની સાથેજ જવાની ઈચ્છા વ્યક્ત કરી પરંતુ કારણ જાણવાનાં ઇચ્છુક રામ ત્યાં જ રોકાયા. પર્વત પર ચઢીને જોતાં તેમણે બે મુનિરાજોને ધ્યાનમગ્ન જોયા. મુનિરાજોને નમસ્કાર કરીને બાજુમાં તેઓ બેઠા ત્યાં જ ભયંકર અવાજ કરતો પેલો અસુર (એક પ્રકારનો દેવ) આવ્યો. થોડીજ વારમાં માયાવી સાપ, વીંછી આદિ મુનિરાજોનાં શરીર પર લપેટાઈ ગયા, જેને રામે પોતાનાં હાથથી દૂર કર્યા.

આ સાંભળીને ગુસ્સે થઈને ભયાનક અગ્નિની જવાળા છોડી, ભયંકર

જંગલી જાનવર છોડ્યા તથા અનેકોના હૃદય બેસી જાય એવી ક્રિયાઓ કરવા લાગ્યો. આ ઉપસર્ગોથી મુનિરાજને બચાવવા માટે રામે ધનુષ ચઢાવ્યું. ધનુષ ચઢાવવાનો અવાજ સાંભળતાં જ તથા અવધિજ્ઞાનથી રામ - લક્ષ્મણને બળભદ્ર - નારાયણ જાણીને તે અસુર પોતાની માયા સંકેલીને ભાગી ગયો. એ જ વખતે તે બંને દેશભૂષણ અને કુલભૂષણ મુનિરાજને કેવલજ્ઞાન થયું. ચારેય નિકાયનાં દેવોએ આવીને કેવલીને વિધિપૂર્વક નમસ્કાર કર્યા તથા ધર્મશ્રવણ કર્યું.

આ ધર્મસભામાં દેશભૂષણ - કુલભૂષણનાં પૂર્વભવનાં પિતા ગરુડેન્દ્ર પણ આવ્યા હતાં. તેમણે રામને કહ્યું કે તમે આની અસુરોથી રક્ષા કરી છે તેથી હું તમારાથી અત્યંત પ્રસન્ન છું. તમારે જે જોઈએ તે માંગી લો. રામ બોલ્યાં – તમે તો દેવોનાં સ્વામી છો, તેથી જ્યારે અમારાં પર કોઈ વિપત્તિ આવી પડે ત્યારે અમારી મદદ કરજો. ત્યારે ગરુડેન્દ્રએ કહ્યું કે જ્યારે તમને જરૂરત પડશે ત્યારે હું તમારી પાસે જ રહીશ.

કેવલીનો ઉપદેશ સાંભળીને અનેક વ્યક્તિઓએ મુનિવ્રત અંગીકાર કર્યા, અનેકોએ શ્રાવકનાં વ્રત લીધા તથા અનેકોએ પોતાની શક્તિ પ્રમાણે અન્ય પ્રતિજ્ઞાઓ લીધી.

કેવલીનાં મુખથી રામને તદભવ મોક્ષગામી સાંભળીને બધાએ રામની જયજયકાર કરી. વંશસ્થળનાં રાજા સૂરપ્રભે તેમને પોતાની સાથે નગરમાં આવવાની પ્રાર્થના કરી. જ્યારે રામ તેમની સાથે ન ગયા તો તેમણે ત્યાં જ પર્વત પર નગરની રચના કરી દીધી. જ્યાં રામની આજ્ઞાથી જિનેંદ્ર દેવનાં હજારો ચૈત્યાલય બન્યા.

આ નગરમાં સુખેથી રહેવા ઉપરાંત એક દિવસ રામે લક્ષ્મણને કહ્યું કે આ પર્વત પર આપણે ઘણો સમય સુખેથી વીતાવ્યો છે. હવે આપણે આગળ વધવું જોઈએ. કેમકે રાજાની ઉત્તમોત્તમ સેવા પ્રાપ્ત કરીને આપણે અહીં રોકાઈ જઈશું તો આપણું નક્કી કરેલું લક્ષ પૂરું નહીં થાય. સાંભળ્યું છે કે કર્ણરવા નદીની પેલી બાજુ વસ્તી પણ નથી. ભરતની આજ્ઞા પણ ત્યાં ચાલતી નથી. તેથી તેવી ત્યાં કયાંક સરસ જગ્યામાં અથવા સમુદ્રનાં કિનારે ઘર બનાવીને માતાને લઈ આવીશું.

આ પ્રમાણેનો નિર્ણય કરીને તેમણે વંશસ્થળપુરનાં રાજાથી વિદાય લીધી પરંતુ રાજા અને નગરવાસી પણ તેમની સાથે જ ચાલી નીકળ્યા. રાજા લક્ષ્મણ દ્વારા ખૂબ સમજાવવામાં આવતાં તેઓ દુ:ખી મને પાછાં ફર્યા.

દક્ષિણ સમુદ્રને જોવા આતુર તેઓ અનેક નગર, ગામ, દેશને પાર કરીને મહાભયાનક દંડકવનની નજીક કર્ણરવા નદીને કિનારે પહોંચ્યા. ત્યાં તેમણે વૃક્ષનાં પાકેલાં ફળાદિ લઈને ખાવાની તૈયારી કરી. મુનિરાજને આહાર આપવાની ઈચ્છાથી તેઓ ઊભા રહીને રાહ જોવા લાગ્યાં.

થોડીવાર પછી વનચર્યાની પ્રતિજ્ઞા લઈને બે ચારણ ઋધ્ધિધારી મુનિરાજ ત્યાં આવ્યા. જેમને રામ - લક્ષ્મણ તથા સીતાએ યથાવિધિ આહારદાન આપ્યું.

મુનિઓનાં આહાર ગ્રહણ પછી ત્યાં પંચાશ્ચર્ય થયાં તેમજ રત્નોની વર્ષા થઈ.

ત્રણ જ્ઞાનનાં ધારી મુનિરાજોનો આહાર જોઈને એક ગીધ (પક્ષી) મુનિરાજનાં ચરણોમાં આવીને પડ્યું. તેમની ચરણરજથી પક્ષીનું શરીર સ્વર્ણ સમાન બની ગયું. તેની ચાંચ, પગ વગેરે રત્ન જેવાં થઈ ગયા. રામ દ્વારા ઘણી બધીવાર હટાવવા છતાં જ્યારે તે ત્યાંથી ન હટ્યું તો તેમણે મુનિરાજને તેનું કારણ પૂછ્યું.

મુનિરાજે કહ્યું કે અમને જોઈને તેને પોતાના પૂર્વભવની યાદ આવી ગઈ, તેથી તે અમારા ચરણોમાં આવી ગયો છે. મુનિરાજે તે પક્ષીને શ્રાવકનાં વ્રત આપ્યાં અને વિહાર કરી ગયા.

સીતા તે પક્ષીની સંભાળ લેવા લાગી. રત્નોની કિરણોથી સુશોભિત જટા જોઈને રામે તેનું નામ જટાયુ રાખ્યું. કેટલાંક દિવસોમાં જટાયુ એ ત્રણેયની સાથે પ્રેમથી રહેવા લાગ્યો.

ધીમેધીમે ફરતાં - ફરતાં, વચ્ચે - વચ્ચે આરામ કરતાં - કરતાં, વનનાં સૌંદર્યને નિહાળતાં - નિહાળતાં તેઓ દંડકવનની વચ્ચે પહોંચ્યા. ત્યાં તેમણે એક જગ્યા પર ઝૂંપડી બનાવીને રામે લક્ષ્મણને કહ્યું કે હવે તમે જાઓ અને માતાઓને અહીં લઈ આવો. પછી વિચાર બદલતાં રામે કહ્યું - ના, ના તમે અહીં સીતા અને જટાયુ સાથે રહો, હું જ માતાઓને લઈને આવું છું. વળી, વિચાર

બદલાયો, ઠીક છે, હમણાં રહેવા દો, વરસાદનો સમય પૂરો થાય પછી લઈ આવીશું. કેમકે, આ ઋતુમાં નદીમાં પણ પાણીનો વેગ વધારે હોય છે, જમીનમાં કાદવ થઈ જાય છે, ત્રસજીવોની ઉત્પત્તિ પણ વધારે હોય છે તેથી વિવેકીજન આ ઋતુમાં ગમન કરતાં નથી.

આ પ્રમાણે નિશ્ચય કરીને તેમણે ત્યાં શાંતિપૂર્વક ચાર મહિના વિતાવ્યા.

# અગિયારમો દિવસ

વર્ષાઋતુ પૂરી થઈ ચૂકી હતી. સરસ વાતાવરણ હતું. ઠંડો પવન ચાલી રહ્યો હતો. તેથી રામની આજ્ઞા લઈને લક્ષ્મણ ફરવા નીકળ્યા.ચાલતાં - ચાલતાં સરસ સુગંધ આવી. તેમનાં પગલાં સહજ જ તે અદભુત સુગંધ આવી રહી હતી, તે દિશામાં આગળ વધ્યા. આગળ જતાં વાંસનાં ઝૂંડમાં એક તલવાર લટકતી દેખાઇ. તથા અજવાળામાં વાંસ દેખાઈ રહ્યો હતો. કુતૂહલતાથી લક્ષ્મણે તે તલવાર ઊઠાવી અને તેની તીક્ષ્ણતા જાણવા માટે વાંસના બીડા પર ચલાવી દીધી. તેજ ધારવાળી તલવારથી વાંસનાં બીડાની સાથે – સાથે તેમાં બેઠેલા સંબુકનાં પણ બે ભાગ થઈ ગયા. તલવાર પર લાગેલાં લોહીનાં ધબ્બા જોઈને તેને પોતાની ભૂલ સમજાઈ. પણ હવે શું – **'અબ પછતાયે હોત કયા જબ ચિડિયા ચુગ ગઈ ખેત.'**

તેની સૂચના રામને આપવા માટે તેઓ તલવારને લઈને તેની પાસે જવા માટે તૈયાર થયા.

સંબુકનું મરણ થતાં જ તલવારનાં રક્ષક હજારો દેવ લક્ષ્મણનાં હાથમાં તલવાર જોઈને બોલ્યાં કે આપ જ અમારાં સ્વામી છો.

લક્ષ્મણને પાછાં ફરતાં વાર લાગી તેથી રામ ચિંતિત થયા અને જટાયુ ને કહ્યું કે તું લક્ષ્મણને શોધી આવ. ત્યારે સીતા બોલી કે તે તો હાથમાં કોઈ અદભુત તલવાર લઈને આવતાં નજરે પડે છે. નજીક આવીને તેમણે રામને પૂરી વાત બતાવી. જે સાંભળીને રામ ગંભીરતાપૂર્વક બોલ્યાં કે તમારાથી જે પંચેન્દ્રિય જીવ (મનુષ્ય) નો વધ થઈ ગયો છે તેનું પરિણામ તો આપણને ભોગવવું જ પડશે. વળી, તમારાથી જે આ વનસ્પતિકાયનાં જીવનો પણ વધ થયો છે તેનું પણ તમારે પ્રાયશ્ચિત કરવું જોઈએ.

**વનસ્પતિમાં પણ જીવ છે, તેને પણ દુ:ખ થાય છે, તેને છેદવાથી – કાપવાથી માત્ર તેને દુ:ખ જ નથી થતું પરંતુ તેનું મૃત્યુ પણ થઈ જાય છે. તેનાં દુ:ખોથી અજાણ આપણે નિર્દયી થઈને પોતાની ક્ષણિક વાસનાની પૂર્તિ માટે તેમને તોડતાં રહીએ છીએ, કાપતાં રહીએ છીએ તે સારી વાત નથી.**

તેઓની વચ્ચે આ વાત થઈ જ રહી હતી કે અચાનક તેમને એક સ્ત્રીનાં રડવાનો અવાજ સંભળાયો. અવાજ સાંભળતાં જ તેઓ ત્રણેય બહાર આવ્યા અને સીતાએ તે સ્ત્રીને રડવાનું કારણ પૂછ્યું. તે સ્ત્રીએ કહ્યું – મારે માતા–પિતા નથી. હું એકલી અનાથ બનીને આ વનમાં ઘણાં દિવસોથી ભટકી રહી છું. આજે મારા પાપનો નાશ થયો અને આપનાં દર્શન થયાં. મૃત્યુ મને વરે એ પહેલાં તમારામાંથી કોઈ મને ગ્રહણ કરો.

પોતાની જ મુશ્કેલીઓમાં ફસાયેલા તે બંને ભાઈઓ થોડો સમય ચૂપ જ રહ્યા. બંનેને ઉદાસીન જોઈને તે સ્ત્રી ત્યાંથી ચાલી ગઈ.

તે વિચારે છે કે હું સમ્રાટ દશાનનની બહેન, મહાબળવાન ખરદૂષણની પત્ની ચંદ્રનખા પોતાનાં પુત્રનું દુઃખ ભૂલીને તેમને અપનાવવા આવી હતી, પરંતુ તેઓએ મારો તિરસ્કાર કર્યો, હવે હું તેનો બદલો લઈને જ રહીશ.

ચંદ્રનખાનાં ગયા પછી તેનાં રૂપ પર પાગલ થયેલાં લક્ષ્મણ વિચારે છે કે મારી પોતાની મુશ્કેલીમાં ફસાયેલા મેં, પેલી સુંદરીને વ્યર્થમાં જ જવા દીધી. તે મૃગનયની (હરણ જેવી આંખોવાળી) ને હવે હું કયાં શોધું ? તે રૂપશ્રી મને હવે કયાં પ્રાપ્ત થશે ? તે કોણ હતી ? આ પ્રમાણે અનેક વિકલ્પમાં ગૂંચવાયેલા તથા રૂપશ્રીને પામવા માટે વ્યાકુળ બનેલા લક્ષ્મણે કંઈક કામનું બહાનું બનાવીને જંગલ તરફ તેને શોધવા નીકળી પડ્યાં.

ઘણું શોધવા છતાં પણ જ્યારે તેમને રૂપશ્રી (ચંદ્રનખા) ન મળી ત્યારે તેઓ ઉદાસ થઈને પાછા ફર્યા.

રામ – લક્ષ્મણનાં ઇન્કારથી અપમાનિત થયેલી ચંદ્રનખા અતિવ્યાકુળ મને પોતાનાં પતિ પાસે ગઈ.

તેનાં ખુલ્લાં વાળ, ફાટેલાં કપડાં જોઈને ખરદૂષણે તેને દયનીય અવસ્થાનું કારણ પૂછ્યું. ચંદ્રનખાએ શરૂથી અંત સુધીની પૂરી ઘટના બતાવતાં કહ્યું કે રોજની જેમ હું મારા પુત્ર સંબુક માટે ભોજન લઈને પહોંચી તો દૂરથી જ મેં તે વાંસનું બીડ કપાયેલું જોઈ લીધું જેની નીચે સંબુકે ૧૨ વર્ષ તપસ્યા કરીને સૂર્યહાસ ખડગની સિદ્ધિ કરેલી. નજીક ગઈ ત્યારે પુત્રનું માથું કપાયેલું જોયું ત્યારે થોડીવાર તો હું બેહોશ થઈ ગઈ. હોશમાં આવતાં જ્યારે હું પુત્રનાં મોતનો બદલો લેવા તે વ્યક્તિની પાસે ગઈ. તો તેણે મારી છેડતી કરી અને આવી દુર્દશા કરી. માંડમાંડ મારાં શીલની રક્ષા કરીને હું ભાગીને અહીં આવી છું.

આટલું સાંભળતાં જ ગુસ્સે ભરાયેલા ખરદૂષણે તરતજ તેની સાથે લડાઈ કરવા તૈયારી કરી. તેમણે મંત્રીઓને કહ્યું કે જેણે સૂર્યહાસ ખડગ લીધું છે તે કોઈ સાધારણ વ્યક્તિ ન હોઈ શકે. તેથી ત્યાં એકલું જવું યોગ્ય નથી. તેથી દશાનનને પણ મદદ માટે સમાચાર મોક્લાવીએ.

મંત્રીઓની સલાહ લઈને ખરદૂષણે એક ઝડપી દૂતને દશાનનને સમાચાર આપવા તરત જ મોકલી દીધો. ત્યાર બાદ પોતે વિચારવા લાગ્યા કે મારી શૂરવીરતાને ધિક્કાર છે કે જે અન્ય મદદગારની ઈચ્છા કરે છે. મારું બાહુબલ શું કામનું કે જે બીજાનાં બાહુની મદદ ચાહે. આ પ્રમાણે પોતાની શક્તિનાં અભિમાનમાં ચૂર તે ખરદૂષણ, શત્રુઓની અવગણના કરીને એકલો જ આકાશમાર્ગે ચાલી નીકળ્યો, તેને યુદ્ધ માટે તૈયાર જોઈને તેનાં ૧૪૦૦૦ મિત્ર પણ તેની સાથે ચાલી નીકળ્યાં.

સેનાનો અવાજ સાંભળીને રામે અનુમાન લગાવ્યું કે લક્ષ્મણે જેનો વધ કર્યો છે તેનાં સગાંવ્હાલાં આવ્યાં હશે અથવા પેલી સ્ત્રીએ પોતાનાં ભાઈઓને આપણને મુશ્કેલીમાં મૂકવા માટે મોકલ્યાં હશે. કંઈ પણ કહો, **નજીક આવેલાં શત્રુની ઉપેક્ષા યોગ્ય નથી ;** તેથી તેઓ શત્રુની સાથે લડવા માટે નીકળ્યા. આ જોઈને તેમને રોકતાં લક્ષ્મણ બોલ્યાં કે – મારી હયાતીમાં આપને તકલીફ ઉઠાવવાની શી જરૂરત છે ? જો કોઈ મુશ્કેલી આવશે તો હું સિંહનાદ કરીશ, ત્યારે મારી મદદ માટે આપ ચોક્કસ આવજો.

આટલું કહીને અસ્ત્ર – શસ્ત્રોથી સુસજ્જ થઈને લક્ષ્મણ યુદ્ધ માટે નીકળી પડ્યા.

આકાશમાં સ્થિત વિદ્યાધરોએ બાણ, ચક્ર, ભાલાં વિભિન્ન અસ્ત્રોથી તેની પર પ્રહાર કરવાનું શરૂ કર્યું, જેને લક્ષ્મણે પોતાનાં બાણથી વચ્ચે જ રોકી દીધું. આ પ્રમાણે લક્ષ્મણ અને ખરદૂષણની સેનામાં ભયંકર યુદ્ધ થયું.

ખરદૂષણનાં દૂત પાસેથી શંબુકનાં વધનાં સમાચાર સાંભળતાં જ ગુસ્સે થયેલાં દશાનન ઝડપથી બનેવીની મદદ માટે પુષ્પક વિમાનમાં બેસીને દંડકવન તરફ રવાના થયા.

દંડકવનમાં પ્રવેશ કરતાં જ દશાનનને એક અપૂર્વ સુંદરી નજરે પડી.

તેનાં રૂપને જોઈને દશાનનનાં મનમાં ખરાબ ભાવ આવ્યા. અને શંબૂકનાં વધથી ઉત્પન્ન થયેલો ક્રોધ નષ્ટ થવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે મારા આવવાની ખબર પડે તે પહેલાં જ આ સુંદરીને લઈને હું ભાગી જાઉં. તેથી તેણે અવલોકિની વિદ્યાને તે સ્ત્રી વિષે પૂછ્યું. અવલોકિની વિદ્યાએ તેનું નામ, કુળ આદિ બતાવીને કહ્યું કે તે રામની સ્ત્રી છે, શંબૂકનો વધ કરનાર રામનો ભાઈ લક્ષ્મણ અત્યારે ખરદૂષણ સાથે લડાઈ કરવા ગયો છે. તથા રામને કહીને ગયો છે કે જ્યારે હું સિંહનાદ કરું ત્યારે તમે મારી મદદ માટે આવજો.

આ બધી જાણકારી મેળવીને દશાનને વિચાર્યું કે પુત્રનાં દુ:ખથી અત્યંત ગુસ્સે થયેલો ખરદૂષણ શત્રુસમૂહને જીતી શકે તેવો છે, તો અત્યારે તો અહીં માત્ર બે જ વ્યક્તિ છે, તેમને તે પોતાની શક્તિ અને શસ્ત્રોથી થોડી જ વારમાં મારી નાંખશે. તેથી અહીં મારી ખાસ કોઈ જરૂર નથી. તેથી હું સીતાને પ્રાપ્ત કરવાનો જ ઉપાય કરું. જયારે ખરદૂષણ અને લક્ષ્મણમાં ભયંકર યુદ્ધ થઈ રહયું હતું ત્યારે દશાનને કૃત્રિમ સિંહનાદ કરીને 'હે રામ !' કહ્યું, જે સાંભળીને વ્યાકુળ મને રામ સીતાને જટાયુનાં સંરક્ષણમાં છોડીને લક્ષ્મણની મદદ કરવા દોડ્યા.

રામ જતાં જ દશાનન સીતાને ઉઠાવીને લઈ જવા લાગ્યો ત્યારે જટાયુએ પોતાની પાંખ તથા પંજાથી દશાનન પર હુમલો કર્યો. પોતાનાં કાર્યમાં વિઘ્ન જોઈને દશાનને ગુસ્સે થઈને તે પક્ષીની પાંખો જ કાપી નાંખી તેથી તે જમીન પર બેહોશ થઈને પડ્યો. દશાનન પુષ્પક વિમાનમાં સીતાને બેસાડીને લંકા તરફ ભાગવા લાગ્યો.

જટાયુને મરણાસન્ન જોઈને તથા પોતાનું અપહરણ થયેલું જાણીને સીતા વિલાપ કરવા લાગી.

પતિપરાયણ સીતાનાં વિલાપને જોઈને દશાનન વિરક્ત થઈને વિચારે છે કે જે કોઈ અન્યમાં આસક્ત છે – એવી સ્ત્રીથી મારે શું પ્રયોજન ? તો શું એને મારી નાખું ? ના, ના, એ પણ યોગ્ય નથી કે હું કોઈ સ્ત્રી હત્યા કરું. તો પછી શું કરું ? આ પ્રમાણે ઘણા વિકલ્પો તેમને આવ્યા. છેવટે તે વિચારે છે કે મારા વૈભવથી પ્રભાવિત થઈને તે થોડાંજ દિવસમાં મને ચાહવા લાગશે, તેથી

મારે તેની પ્રસન્નતાની પ્રતિક્ષા કરવી જોઈએ.

સીતા વારે – વારે પોકાર કરી રહી – હે ભાઈ ભામંડલ ! મને બચાવ ! ઓ લક્ષ્મણ, તમે ક્યાં છો ? આ દુષ્ટ મને મારા પતિથી દૂર લઈ જાય છે.

આકાશમાર્ગે જતાં રત્નજટી વિદ્યાધરે સીતાનું આ રડવું સાંભળ્યું. તથા પોતાના સ્વામી ભામંડલની બહેન જાણીને તેને બચાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. ત્યારે લડાઈથી બચવા માટે દશાનને તેની વિદ્યા જ હરી લીધી. વિદ્યારહિત રત્નજટી આકાશમાંથી પૃથ્વી પર પડ્યો તથા ત્યાં જ પર્વત પર ફળ ખાઈને જીવન પસાર કરવા લાગ્યો.

લક્ષ્મણની સહાયતા માટે જ્યારે રામ યુદ્ધનાં મેદાનમાં પહોંચ્યા ત્યારે આશ્ચર્ય પામીને લક્ષ્મણે પૂછ્યું કે સીતાને એકલી મૂકીને તમે કેમ આવી ગયા ? રામે જયારે સિંહનાદની વાત બતાવી તો ચિંતિત લક્ષ્મણે કહ્યું કે આ દુશ્મનની જ કોઈ ચાલ લાગે છે. મેં તો કોઈ સિંહનાદ કર્યો જ નથી. તમે જલ્દીથી ભાભી પાસે પહોંચો. આટલું સાંભળીને કંઈક અમંગળ થયાની આશંકાથી ડરીને રામ તરત જ ઝૂંપડી પાસે પહોંચ્યા પણ દુર્ઘટના તો બની જ ચૂકી હતી. સીતા ત્યાં ન હતી તથા જટાયુ મરણાસન્ન પડ્યો હતો.

રામે સૌપ્રથમ જટાયુને ણમોકારમંત્ર સંભળાવ્યો. જટાયુ સમાધિમરણ કરીને સ્વર્ગમાં દેવ થયો. એ પછી રામ સીતાને શોધવા લાગ્યા.

દંડકવનમાં જ્યારે લક્ષ્મણ અને ખરદૂષણનું યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે ખરદૂષણથી બદલો લેવા માટે વિરાધિત યોગ્ય વીર સાથીની શોધમાં ફરતો – ફરતો ત્યાં આવી પહોંચ્યો. જયારે તેણે સેનાસહિત ખરદૂષણની સાથે એકલા લક્ષ્મણને લડી રહેલાં જોયા ત્યારે લક્ષ્મણને કોઈ નરોત્તમ જાણીને તથા ખરદૂષણથી બદલો લેવા માટેનો શ્રેષ્ઠ અવસર જાણીને પોતાની સેનાસહિત લક્ષ્મણ પાસે ગયો તથા લક્ષ્મણને કહેવા લાગ્યો કે તમે ખરદૂષણને સંભાળો, હું સેનાને જોઉં છું.

વિરાધિતની મદદથી લક્ષ્મણે થોડી જ વારમાં ખરદૂષણને મારીને યુદ્ધ જીતી લીધું તથા તેની પાતાલલંકાનું રાજ્ય વિરાધિતને આપ્યું.

યુદ્ધ પત્યા પછી જ્યારે લક્ષ્મણ ઝૂંપડી પર પહોંચ્યા ત્યારે રામને દુ:ખી

જોયા તથા સીતા કયાંય દેખાઈ નહીં. લક્ષ્મણનાં પૂછવા પર જ્યારે રામ સીતાનાં અપહરણ અને જટાયુની મૃત્યુનાં સમાચાર સંભળાવી જ રહ્યા હતા તેવામાં જ અચાનક સેનાનો અવાજ સાંભળીને રામ ખૂબ જ ચિંતામાં પડી ગયા. લક્ષ્મણે તેમને બતાવ્યું કે આ શત્રુસેનાનાં નહી પરંતુ રાજા ચંદ્રોદરનાં પુત્ર વિરાધિતની સેનાનો અવાજ છે. યુદ્ધમાં તેણે મને ખૂબ જ મદદ કરી છે જેથી હું જલ્દીથી શત્રુ પર જીત મેળવી શક્યો છું. હવે તે આપને મળવા પોતાનાં પૂરા સૈન્ય સાથે આવી રહ્યો છે.

ક્ષેમકુશળતાનાં સમાચાર પૂછ્યા પછી લક્ષ્મણે વિરાધિતને કહ્યું કે મારાં મોટા ભાઈની પત્ની સીતાને કોઈ દુષ્ટ કપટ કરીને ઉપાડી ગયો છે. તેથી જો તેનાં વિયોગમાં રામ મૃત્યુ પામ્યા તો હું પણ ચોક્કસ અગ્નિમાં પ્રવેશી જઈશ. તેથી આ પ્રસંગે તમે કોઈ ઉપાય શોધી કાઢો.

વિરાધિતે તરત જ પોતાનાં સેવકોને (વિદ્યાધરોને) સીતાની શોધ માટે દોડાવ્યા પણ તેઓ નિરાશ થઈને પાછા ફર્યા.

સીતાની ભાળ આજુબાજુ કયાંય ન મળવાથી વિરાધિતે રામ – લક્ષ્મણને સલાહ આપી કે હવે તમે મારી સાથે પાતાળલંકા ચાલો, ત્યાંથી આપણે સીતાની શોધ ચાલુ રાખીશું. અહીં વધારે સમય કાઢવો યોગ્ય નથી. કેમકે ખરદૂષણનાં મૃત્યુનાં સમાચાર સાંભળીને તેનાં પરમમિત્ર કિષ્કિંધાધિપતિ સુગ્રીવ,ઇન્દ્રજીત, ભાનુકર્ણ, હનુમાન કે જે તેમનો જમાઈ પણ છે વગેરે પરમવીર યોદ્ધા આપણી પર હુમલો કરશે. દંડક પર્વતની ગુફા નીચે સ્થિત સુંદર નગરી અલંકારોદય (પાતાળલંકા) માં આકાશમાં ઊડવાવાળા વિદ્યાધરો જ જઈ શકે છે. વિદ્યાથી રહિત મનુષ્ય માટે તે અત્યંત કઠિન છે. શત્રુનો પ્રવેશ તેમાં સરળ નથી તેથી આપણે ત્યાં જઈને સુરક્ષિત થઈને જ સીતાની શોધ કરવી જોઈએ.

રામ – લક્ષ્મણને પણ તે યોગ્ય લાગ્યું. તેથી તેઓ પણ પાતાળલંકા તરફ આગળ વધ્યા. તેમને આવતા જોઈને ખરદૂષણનો નાનો પુત્ર પોતાની માતા સાથે પોતાનાં મામા દશાનન પાસે ગયો.

દશાનને લંકામાં આવીને સીતાને પટરાણી બનાવવાનું પ્રલોભન

આપ્યું, માયાવી સર્પ, વીંછી આદિ ભયાનક પ્રાણીઓથી ડરાવ્યા. આ પ્રમાણે ઘણાં કષ્ટ આપીને સામ – દામ – દંડ – ભેદ બધી જ નીતિઓ અપનાવી. પરંતુ સીતા જરા પણ ડર્યા વિના દશાનનની શરણમાં ન ગઈ. ધન – સંપત્તિનું પ્રલોભન પણ તેને ડગાવી ન શક્યું. **સ્ત્રીનું હૃદય પ્રેમથી જીતાય છે, તાકાતથી નહીં. બંધનમાં રાખીને તેને કોઈ પોતાનું બનાવી શકતું નથી.**

દશાનનનાં બંધનમાં પડેલી સીતાએ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી પતિની કુશળતાનાં સમાચાર તેને નહીં મળે ત્યાં સુધી મારા અન્ન – જળનો ત્યાગ છે.

જ્યારે પોતાનાં મહેલમાં દશાનન પાછાં ફર્યા ત્યારે તેમને ખરદૂષણનાં મૃત્યુનાં સમાચાર મળ્યા. પોતાની રડતી બેનને સાંત્વના આપીને તેમણે કહ્યું કે હું જરૂર જલ્દીથી બદલો લઇશ. અને તેઓ પોતાનાં શયનકક્ષમાં જઈને વિચારવા લાગ્યા.

દશાનનને ઉદાસ જોઈને મંદોદરીએ કહ્યું કે મેં કયારેય તમને કોઈના મૃત્યુને લીધે આટલાં દુ:ખી જોયાં નથી અને આજે ખરદૂષણની મૃત્યુનાં સમાચાર સાંભળીને આપ આટલાં ઉદાસીન કેમ છો ? શું આપ ખરદૂષણને મારવાવાળી શકિતથી ચિંતિત છો ?

દશાનને કહ્યું – ના, ના હું ભૂમિગોચરી રાજાઓથી ડર્યો નથી પરંતુ મારી બેચેની બીજા કારણથી છે. જો તું મને જીવિત જોવા માંગતી હોય તો તારે મારી પર ગુસ્સો ન કરવો કેમકે પ્રાણ જ બધી વસ્તુમાં મૂળ કારણ છે. તેથી જો તું મને મદદ કરવા માંગતી હોય તો ગુસ્સો ન કરે તો જ તને મારાં દુ:ખનું કારણ બતાવું.

આ પ્રમાણે પોતાની મીઠી-મીઠી વાતોથી મંદોદરીને પહેલેથી જ પ્રતિજ્ઞાબધ્ધ કરીને પોતાને અનુકૂળ કાર્ય કરવા લાચાર બનાવીને દશાનને થોડી શરમિંદગી સાથે ધીમે ધીમે કહ્યું કે હું અપૂર્વ સુંદરી સીતા સાથે લગ્ન કરવા માંગુ છું પણ....

મંદોદરીએ વચ્ચે જ વાત અટકાવતાં કહ્યું કે – એમાં ચિંતાની શું વાત છે ? તે ન માને તો જબરદસ્તી તેની સાથે લગ્ન કરી લો. ત્યારે દશાનને કહ્યું કે હું એમ કરી શકતો નથી. કેમકે મેં પ્રતિજ્ઞા લીધી છે કે જે સ્ત્રી મને નહીં ચાહે

તેની સાથે હું બળજબરીથી લગ્ન નહીં કરું, પરંતુ તે સ્ત્રીરત્ન (સીતા) વિના હું જીવતો નહીં રહી શકું. તેથી હવે તું જ મારાં જીવનનો કોઈ ઉપાય શોધી કાઢ.

આ સાંભળીને પતિનું હમેશાં ભલું ઇચ્છનારી મંદોદરી અન્ય ૧૮૦૦૦ રાણીઓ સાથે સીતાની પાસે જઈને તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ સીતા તેમને સમજાવતાં કહે છે કે પતિવ્રતા સ્ત્રીઓને આવી વાત શોભતી નથી. તમે મને મારો કે કાપો પણ હું તો મારા પતિ સિવાય બીજા કોઈને મારા મનમાં લાવી શકતી નથી.

આ પ્રમાણે સીતાએ ટૂંકોને ટચ જવાબ આપતાં નિરાશ રાણીઓ રાજમહેલમાં પાછી આવી.

બીજા દિવસે ખરદૂષણનાં મૃત્યુથી દુઃખી વિભીષણ જ્યારે દશાનનને મળવા આવ્યા ત્યારે તેમણે સ્ત્રીઓનાં રડવાનો અવાજ સાંભળ્યો. તેઓ એ દિશામાં આગળ વધતાં ગયા અને તે સ્ત્રીને તેનું રડવાનું કારણ પૂછ્યું.

વિભીષણને પોતાનો હિતૈષી માનીને તેમને સીતાએ પોતાના અપહરણની વાત કહી તથા તેને તેના પતિની પાસે પહોંચાડવા માટે પ્રાર્થના કરી.

સીતાને આશ્વાસન આપીને વિભીષણ દશાનનની પાસે ગયા તથા તેને સમજાવીને કહેવા લાગ્યા કે ભાઈ આપ તો પોતે જ તો કહેતા હતાં કે પરસ્ત્રીની અભિલાષા અયોગ્ય છે, ઘૃણાસ્પદ છે. તો પછી આજે આવું કાર્ય આપે કેવી રીતે કર્યું ? આપ તે પરાયી સ્ત્રીને તેના પતિ પાસે જ મોકલી દો કેમકે તે તો આપ જાણો જ છો કે **મદાંધ તેમજ કામાંધ વનગજ (હાથી) મનુષ્યનાં બંધનમાં પડીને દુઃખ સહન કરે છે, હરણ પણ રાગનો લોભમાં શિકારીનાં જાળમાં ફસાઈને દુઃખ સહન કરે છે,** પરંતુ તેમાં કોઈ આશ્ચર્ય નથી. કેમકે તેમની આવી દશા તેમનાં અજ્ઞાનને લીધે થાય છે, બુદ્ધિહીનતાને લીધે થાય છે. પરંતુ આપ તો સમજદાર છો; બુદ્ધિશાળી છો. પછી શા માટે વાસનાને વશ થઈને આવું અયોગ્ય કાર્ય કરી રહ્યા છો ?

પરંતુ કામાંધ દશાનનને કોઈ જ હોશ ન હતો, તેનો વિવેક નષ્ટ થઈ ચૂક્યો હતો. તેથી તેના બધા તર્ક પોતાની વાસનાની તૃપ્તિને જ પોષતા હતા.

તેણે વિભીષણને કહ્યું – 'પૃથ્વી પર જેટલી સુંદર વસ્તુઓ છે, હું તેનો સ્વામી છું, બધી વસ્તુઓ મારી જ છે, તો આ પરવસ્તુ કેવી રીતે થઈ ગઈ ?'

ભાઈ દશાનનની આ દશા જોઈને વિભીષણે બધા મંત્રીઓ સાથે સલાહ કરી. ત્યારે એક મંત્રી એ કહ્યું કે આપણે ખૂબ જ ઝડપથી લંકાને મહાભયાનક મશીનો દ્વારા અભેદ્ય બનાવવી જોઈએ. તેથી કોઈને ખબર જ નહીં પડે કે સીતાનું હરણ કોણે કર્યું ? સીતાનાં વિના રામ ચોક્કસ પ્રાણ છોડી દેશે. તેનાં વિયોગથી દુઃખી લક્ષ્મણ વિરાધિત આદિની તુચ્છ મદદથી આપણું કંઈ જ નહીં બગાડી શકે.

આ દુર્ગની બાહ્ય સુરક્ષાનો ભાર સુગ્રીવાદિ વાનરવંશી રાજાઓને સોંપવો જોઈએ, જેથી તેઓ બહાર રહીને અંદરનો ભેદ જાણી ન શકે. તથા કાર્ય સોંપવાથી તેઓ એમ પણ સમજે કે સ્વામી અમારી પર પ્રસન્ન છે. આજકાલ તો સુગ્રીવ પણ દુઃખી છે કેમકે કોઈ વિદ્યાધર તેનું જ રૂપ બનાવીને તેનાં રાજ્યમાં બેઠો છે. તેથી તેનું દુઃખ તો માત્ર દશાનન દૂર કરી શકે છે. તેથી સુગ્રીવ વધારે શીઘ્રતાથી કિલ્લાની સુરક્ષા કરશે.

આ પ્રમાણે નિર્ણય લઈને બધાં મંત્રી પોત –પોતાનાં ઘરે જતાં રહ્યાં તથા વિભીષણે સુરક્ષાની યથાયોગ્ય વ્યવસ્થા કરી.

# બારમો દિવસ

રાજા સુગ્રીવ પોતાની પત્નીનાં વિરહથી દુઃખી તથા રાજ્યથી વંચિત થઈ જવાથી પોતાનું રાજ્ય તેમજ પત્ની બંનેને ફરીથી પ્રાપ્ત કરવા માટે ખરદૂષણની મદદ લેવા જઈ રહ્યા હતા કે રસ્તામાં દંડકવનમાં તેમણે ઘણાં મડદાં જોયા. કારણ પૂછતાં ખબર પડી કે અહીં ખરદૂષણ અને લક્ષ્મણનું યુદ્ધ થયું હતું, જેમાં વિરાધિતની મદદથી લક્ષ્મણે ખરદૂષણને મારી નાંખ્યો છે. લક્ષ્મણનાં મોટા ભાઈની પત્નીનું કોઈએ અપહરણ કરી લીધું છે તેથી તેઓ પાતાલલંકામાં રહીને શોધ કરી રહ્યાં છે.

ખરદૂષણની મૃત્યુનાં સમાચાર સાંભળીને સુગ્રીવ ખૂબજ દુઃખી થયા. કેમકે ખરદૂષણ સિવાય બીજું કોણ તેમનું દુઃખ દૂર કરવા માટે સમર્થ હોઈ શકે ? સુગ્રીવ વિચારે છે કે જોકે દશાનન મહાબળવાન, દૈદીપ્યમાન તેમજ મહાવિદ્યાઓમાં નિપુણ છે પરંતુ કદાચ બંનેમાં તફાવત ન શોધી શકે તો ગુસ્સામાં તે બંનેને મારી નાંખશે તો મહા અનર્થ થઈ જશે. તેથી હવે મારે એનાં જ શરણમાં જવું જોઈએ કે જેણે મહાબળવાન ખરદૂષણને યુદ્ધમાં માર્યો છે, જેની પત્નીનું અપહરણ થયું છે. રામને પણ સ્ત્રીનો વિયોગ થયો છે અને હું પણ સ્ત્રીનાં વિયોગથી દુઃખી છું. તેથી સરખા દુઃખી હોવાથી અત્યારે મારે તેમની પાસે જ જવું યોગ્ય છે કેમકે **આ જગતમાં સરખે – સરખાં મનુષ્ય જ પરસ્પર પ્રેમ ધારણ કરી શકે છે.**

આ પ્રમાણે નિર્ણય કરીને વિરાધિતને પોતાનાં અનુકૂળ કરવા માટે સુગ્રીવે તેની પાસે પોતાનો દૂત મોકલ્યો.

સુગ્રીવનો દૂત આવ્યો છે – એમ સાંભળીને વિરાધિત આશ્ચર્યમાં પડી ગયો. તે મનમાં વિચારે છે કે સુગ્રીવની તો અમારે સેવા કરવી જોઈએ એના બદલે તે અમારી સેવા કરી રહ્યો છે !

રામ – લક્ષ્મણ દ્વારા પૂછવામાં આવતાં આ કોનો દૂત છે, કેમ આવ્યો છે – એનો ટૂંકમાં જવાબ આપતાં વિરાધિતે કહ્યું કે તે મહાપરાક્રમી વાનરવંશી રાજાઓનો સ્વામી સુગ્રીવનો દૂત છે, તેને અંગ, અંગદ નામનાં પુત્ર તેમજ

સુતારા નામની પત્ની છે. જેનાં રૂપ પર મોહિત થઈને કોઈ વિદ્યાધરે સુગ્રીવનું રૂપ બનાવીને તેનાં રાજ્ય પર હક જમાવ્યો છે તથા તે હજી પણ સુતારાને પામી શક્યો નથી. કેમકે કેટલાંક વિશેષ ચિહનોથી સુતારા નકલી સુગ્રીવને ઓળખી ગઈ છે. પરંતુ તે પોતાનાં અસલી પતિનો સાથ પાછો પ્રાપ્ત કરી નથી શકી કેમકે મંત્રીઓએ રાણીનાં મહેલ પર કડક બંદોબસ્ત ગોઠવી દીધો છે, કે જેથી કોઈ પણ રાણીની પાસે ન જઈ શકે. સુગ્રીવનો અંગ નામનો પુત્ર પિતાનાં ભ્રમથી બનાવટી સુગ્રીવની સાથે છે અને અંગદ નામનો પુત્ર માતાનાં વચનો પર વિશ્વાસ કરીને અસલી સુગ્રીવની સાથે છે. મંત્રીગણ પણ અત્યંત સમાનતા હોવાથી ખૂબ જ શંકાશીલ છે, પરંતુ સુતારાનાં કહેવાથી જ તેને જ અસલી સુગ્રીવ માનીને તેની સાથે છે. આ પ્રમાણે સુગ્રીવની અડધી સેના તથા રાજ્ય તો નકલી સુગ્રીવની પાસે છે અને અડધી સેના તથા રાજ્ય અસલી સુગ્રીવ પાસે છે. નગરનાં દક્ષિણ ભાગમાં નકલી સુગ્રીવ રહે છે અને ઉત્તરભાગમાં અસલી સુગ્રીવ રહે છે. શંકા જવાથી સુગ્રીવનાં મોટાં ભાઈ બાલીનાં પુત્ર ચંદ્રરશ્મિએ પ્રતિજ્ઞા કરી છે કે – આ બંનેમાંથી જે પણ સુતારાનાં મહેલ સુધી પણ જશે તે મારી તલવારથી મારી નાંખવામાં આવશે.

આ બાબતમાં તેમનાં જમાઈ હનુમાન પણ તેમની કોઈ મદદ કરી શક્યા નથી. ખરદૂષણ યુદ્ધમાં માર્યો ગયો છે તેથી હવે તે આપની શરણમાં આવ્યો છે.

પૂરી ઘટનાનો ક્રમ સાંભળીને રામે વિચાર્યું કે આ તો મારાથી પણ વધારે દુ:ખી છે કેમકે તેને તો તેનાં દુશ્મનનો પ્રત્યક્ષ દુ:ખ આપી રહ્યાં છે. તેનું કામ ઘણું અઘરું છે. અત્યારે જો હું તેની મદદ કરું તો પછી એ પણ મને મદદ કરશે તથા કદાચ હું મદદમાં ન આવી શક્યો તો નિગ્રંથ મુનિ બનીને મોક્ષની તૈયારી કરીશ. આ નિર્ણય રામે સુગ્રીવને કહ્યો કે હું તેમને તમારી પત્ની તેમજ રાજ્ય મેળવવામાં મદદ કરીશ, પછી તમે પણ મારી સીતાની શોધમાં મદદ કરજો.

આટલું સાંભળતાં જ ગદગદ થઈને સુગ્રીવે કહ્યું – મારું કામ થઈ જશે તો પછી ૭ દિવસની અંદર અંદર જ સીતાની શોધ હું પૂરી કરીશ અને જો

શોધી ન શક્યો તો અગ્નિમાં પ્રવેશી જઈશ.

વિરાધિતની સેના તથા રામ, લક્ષ્મણની સાથે કિષ્કિંધાપુર પહોંચ્યા તથા સુગ્રીવ (બંને) ની પાસે દૂત મોકલ્યા. નકલી સુગ્રીવે તેનો તિરસ્કાર કર્યો તથા સ્વયં સેના સહિત અસલી સુગ્રીવ પાસે લડવા આવ્યો. બંનેમાં ભયંકર યુદ્ધ થયું. છેવટે નકલી સુગ્રીવે અસલી પર ગદાથી વાર કર્યો, જેનાથી અસલી સુગ્રીવ બેહોશ થઈને ઢળી પડ્યો, નકલી સુગ્રીવ તેને મરેલો સમજીને ખુશી – ખુશી પ્રસન્નતા પૂર્વક નગરમાં જતો રહ્યો.

અસલી સુગ્રીવને તેનાં પક્ષનાં લોકો ઉપાડીને લઈ ગયા. હોશમાં આવતાં જ તેણે રામને પૂછ્યું કે આપે હાથમાં આવેલા દુશ્મનને કેમ જવા દીધો ? ત્યારે રામે કહ્યું કે તમને બંનેને લડતાં જોઈને દૂરથી હું પણ અસલી – નકલી ન ઓળખી શક્યો. તેથી મેં વિચાર્યું કે ક્યાંક ભૂલથી મારા દ્વારા તમે માર્યા ન જાઓ. તેથી આજે મેં દુશ્મનને મારવો યોગ્ય ન સમજ્યો.

બીજા દિવસે રામે નકલી સુગ્રીવને યુદ્ધ માટે લલકાર્યો ત્યારે અસલી સુગ્રીવને લક્ષ્મણે જોરથી પકડી રાખ્યો જેથી તે ગુસ્સામાં આવીને નકલી સુગ્રીવ સાથે લડવા ન જતો રહે. જયારે રામે નકલી સુગ્રીવને લલકાર્યો અને તેની સામે આવતાં જ, રામનાં પ્રભાવથી નકલી સુગ્રીવની રૂપપરિવર્તિની વૈતાલી વિદ્યા ભાગી ગઈ. વૈતાલી વિદ્યા જતી રહેતાં સાહસગતિ વિદ્યાધર પોતાનાં અસલી સ્વરૂપમાં આવી ગયો, જેને જોઈને બધાનો ભ્રમ દૂર થયો. અને બધા વાનરવંશી વિચારવા લાગ્યા કે અરે ! આતો એજ વિદ્યાધર છે કે જે સુતારાનાં લગ્ન પહેલેથી જ સુતારાનાં રૂપ પર મોહિત હતો. સુતારાના પિતા પાસે તેણે લગ્નનો પ્રસ્તાવ પણ મોકલેલો. સુતારાનાં પિતાને પણ કાંઈ વાંધો ન હતો. પરંતુ જ્યારે નિમિત્તજ્ઞાનીઓએ તેનું અલ્પાયુ બતાવ્યું ત્યારે સુતારાનાં પિતાએ તેનાં લગ્ન સુગ્રીવ સાથે કરી દીધાં. તે યોગ્ય જ છે કેમકે અલ્પાયુ પુરુષને કયા માતા – પિતા પોતાની પુત્રી પરણાવે ?

પણ એ કોણ જાણતું હતું કે સુતારાને મેળવવા માટે પાગલ બનેલો સાહસગતિ તેનાં લગ્ન પછી પણ આ પ્રકારની અયોગ્ય હરકત કરી શકે ? તેથી જ તો કહ્યું છે કે કામાંધ વ્યક્તિ શું શું નથી કરતો ?

સાહસગતિનાં અસલીરૂપને જોઈને બધી વાનરવંશી સેના ભેગી થઈ ગઈ અને રામે યુદ્ધમાં સાહસગતિને મારીને સુગ્રીવનું રાજ્ય તથા તેની પત્ની તેને પાછી અપાવીને પોતાનું વચન પૂરું કર્યું.

સુગ્રીવે પોતાની ૧૩ પુત્રીઓનાં લગ્ન રામ સાથે કર્યા. આ પુત્રીઓએ રામનું મનોરંજન કરવા માટે ઘણાં પ્રયત્નો કર્યા. પરંતુ સીતાનાં વિયોગથી આકુલિત ચિત્તવાળા રામને તેઓ પ્રસન્ન ન કરી શકી. તેમણે એક – એક દિવસ માંડમાંડ પસાર કર્યો પરંતુ સુગ્રીવ તરફથી સીતાની શોધનાં કંઈ જ સમાચાર ન મળ્યા. રામ વિચારે છે કે સુગ્રીવ તો રાજ્ય અને પત્ની બંને પ્રાપ્ત થતાં આનંદ – પ્રમોદમાં મસ્ત થઈ ગયો લાગે છે. એને નથી તો પોતાના વચનની યાદ કે નથી અમારા દુઃખની યાદ.

સીતાની યાદમાં ભાઈને અત્યંત દુઃખી જોઈને લક્ષ્મણે ગુસ્સે થઈને સુગ્રીવનાં મહેલમાં જઈને કહ્યું કે તું તારું વચન ભૂલી ગયો લાગે છે, હવે હું તને પણ તારા દુશ્મન પાસે પહોંચાડું છું.

આ સાંભળતાં જ સુગ્રીવને પોતાનાં વચનની યાદ આવી તથા તેમણે લક્ષ્મણ પાસે માફી માંગી. તેમણે તરત જ પોતાનાં સૈનિકો તેમજ ગુપ્તચરોને ચારેય દિશામાં શોધવા માટે મોકલ્યા. ભામંડલને પણ આ સમાચાર આપ્યા તથા પોતે પણ આકાશમાર્ગે સીતાને શોધતાં શોધતાં જ્યારે મહેન્દ્રપર્વત પહોંચ્યા ત્યારે અત્યંત ભયભીત દયનીય અવસ્થામાં પડેલા રત્નજટીને જોયો. રત્નજટી વિચારવા લાગ્યો કે લંકાધિપતિ દશાનને જ મને મારવા આને મોકલ્યો લાગે છે. તેથી મરવાનાં ડરથી તે પોતાને છુપાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

સુગ્રીવે તેની પાસે જઈને અત્યંત કરુણાથી પૂછ્યું કે તમારી પાસે પહેલાં તો ઘણી વિદ્યાઓ હતી, આજે આવી દશા કેમ થઈ ? તમે આટલાં કેમ ડરો છો ? આ પ્રકારે વારંવાર પૂછવામાં આવતાં ધીમેધીમે રત્નજટીએ ડરતાં – ડરતાં કહ્યું કે મારો અપરાધ ક્ષમા કરો. પણ તમે જ કહો કે પોતાના સ્વામીની બહેનને કષ્ટમાં જોઈને કયો સેવક ચૂપ રહે ? મેં ભામંડળની બેન સીતાને બચાવવાનો પ્રયત્ન કરીને મારા કર્તવ્યનું પાલન જ કર્યું છે. આપને જે યોગ્ય

લાગે તે સજા કરો.

આ સાંભળીને સુગ્રીવે તેને હિંમત આપી તથા કહ્યું કે તમે તો ઈનામને પાત્ર છો, દંડને નહીં. અમે તો સીતાને શોધી – શોધીને થાકી ગયા પરંતુ તેની કયાંય ખબર ન મળી. તમે જલ્દીથી બતાવો કે તેનું અપહરણ કયા દુષ્ટે કર્યું છે.

આ પ્રકારે સુગ્રીવની હૈયાધારણ આપવાથી રત્નજટીએ સીતાહરણ અને પોતાની વિદ્યા કેવી રીતે હરાઈ ગઈ એની પૂરી ઘટના સંભળાવી. સુગ્રીવ તેને પોતાની સાથે લઈને રામ પાસે ગયા અને રામને બતાવ્યું કે ભરતક્ષેત્રનાં ૩ ખંડનાં અદ્વિતીય સ્વામી, કૈલાશપર્વતને ઉઠાવનાર, સમુદ્રના છેડા સુધીની પૃથ્વી જેની પાસે છે, દેવો અને દાનવો મળીને પણ જેને જીતવા માટે સમર્થ નથી, વિદ્ધાનોમાં શ્રેષ્ઠ તથા ધર્મ – અધર્મનાં વિવેકથી યુક્ત દશાનને મોહને વશ થઈને સીતાનું અપહરણ કર્યું છે.

રામે પ્રસન્ન થઈને તથા તેનું રાજ્ય તેને પાછું અપાવ્યું અને અન્ય વિદ્યાધરોને પૂછ્યું કે લંકા અહીંથી કેટલી દૂર છે ?

રામનો પ્રશ્ન સાંભળીને બધા વિદ્યાધર નીચું મોં કરીને મૌન બેસી રહ્યા. તેમને જોઈને રામ કહેવા લાગ્યાં કે મને ખબર છે કે તમે દશાનનનાં ડરથી ચૂપ છો.

ત્યારે વિદ્યાધરોમાંથી એકે કહ્યું કે - જેનું નામ સાંભળતાં અમે ધ્રુજીએ છીએ, તેની વાત કેવી રીતે કરીએ ? કયાં અમે અલ્પશક્તિધારી અને ક્યાં તે ત્રિખંડી લંકાધિપતિ ? તેથી હવે તમારે જીદ છોડી દેવી જોઈએ અને જેમ થવાનું હતું તેમ થઈ ગયું એમ માનીને સંતોષ રાખવો જોઈએ.

રામનાં ખૂબજ આગ્રહ કરવાથી તેમણે લંકા વિષે બતાવતાં કહ્યું કે આ નગર ત્રિકુટાચલપર્વત નું શિખર છે. તેની ચારેય બાજુ ખાઈ છે. તે અત્યંત સુંદર સ્વર્ણમયી નગરી છે. ત્યાંના ઘર વિમાન જેવાં છે ; જ્યાં લંકાધિપતિ પોતાનાં પરિવારજન સાથે રહે છે. તેને બે ભાઈ છે – વિભીષણ અને ભાનુકર્ણ. વિભીષણ બુદ્ધિમાં દેવોને પણ જીતે તેવા છે, તો પછી મનુષ્યની તો વાત જ છોડો. તેને ઇન્દ્રજીત અને મેઘનાદ એમ બે મહાબલવાન બે પુત્ર છે. તેનાં છત્રને જોઈને બધાંનો ગર્વ ખંડિત થઈ જાય છે. તેનું ચિત્ર દેખતાં કે માત્ર નામ

સાંભળતાં જ દુશ્મન ભયભીત થઈ જાય છે તો પછી તેની સાથે યુદ્ધ માટે તો કોણ વિચારે ? તેથી એ વાત કરવી વ્યર્થ છે માટે બીજી કોઈ વાત કરો. અહીં વિદ્યાધરોની કન્યાઓ સાથે લગ્ન કરીને સુખેથી રહો.

આ સાંભળીને લક્ષ્મણે કહ્યું – જ્યારે તે આટલો બળવાન હતો તો એક સ્ત્રીને ચોરીને કેમ લઈ ગયો ?

રામે કહ્યું – આ વિષે વધુ કંઈ કહેવાથી શું ? જ્યારે સીતાની ખબર મળી જ ગઈ છે તો તમે કહો છો કે તેને ભૂલી જાઓ, બીજી વાત કરો. અમને તો સીતા વિના કંઈ જ ન જોઈએ, સીતાને લાવવાનું જ એક માત્ર અમારું લક્ષ છે. તમે અમારી મદદ કરો અને જલ્દીથી સીતાને છોડાવો.

જ્યારે રામ કોઈ પણ રીતે ન માન્યા તો જાંબુનદ મંત્રી બોલ્યા – એકવાર અનંતવીર્ય કેવળીને દશાનને પોતાની મૃત્યુનું કારણ પૂછેલું. ત્યારે તેમણે બતાવેલું કે જે કોટિશિલાને ઉઠાવશે તેના દ્વારા જ તારું મૃત્યુ થશે.

આટલું સંભાળતાં જ લક્ષ્મણ બોલ્યા – ચાલો હું હમણાં જ કોટિશિલાને ઉઠાવું છું. બધા વિદ્યાધર રાજા પોતપોતાનાં વિમાનમાં બેસીને રાત્રે જ કોટિશિલા તરફ રવાના થયા.

કોટિશિલાની પાસે પહોંચીને લક્ષ્મણ સહિત રાજાઓએ તે શિલાથી મુક્ત થયેલા સિદ્ધ જીવોનું સ્મરણ કરી નમસ્કાર કર્યા, પછી ત્રણ પ્રદક્ષિણા કરી. ત્યાર બાદ લક્ષ્મણે ઘુંટણ સુધી કોટિશિલાને ઊઠાવી. આકાશમાં દેવોએ જયજયકાર કર્યો.

એ પછી બધાં એ સમ્મેદશિખર, કૈલાસપર્વત આદિ બધા ક્ષેત્રોની વંદના કરી અને પછી કિષ્કિંધાપુર પાછાં ફર્યા.

કિષ્કિંધાપુર પાછા ફરીને રાજાઓ તથા મંત્રીઓમાં જાતજાતની ચર્ચા થવા લાગી. કોટિશિલા ઉઠાવવાથી ઘણાં બધાં રાજા રામની મદદ કરવા તૈયાર થઈ ગયા. કેમકે તેમને વિશ્વાસ થઈ ગયો કે ચોક્કસ હવે દશાનન લક્ષ્મણનાં હાથે મરશે, પરંતુ કેટલાંક રાજાઓ શંકામાં હતા કેમકે દશાનનની શક્તિનો તેમને અંદાજ હતો. તેણે પણ કૈલાશપર્વત ઉઠાવેલો. ભરતક્ષેત્રનાં ત્રણખંડમાં તેનું અવિચ્છિન્ન શાસન છે જ્યારે રામ-લક્ષ્મણ તો ઘર છોડીને આવેલાં

વનવાસી છે. તેથી અદભુત કાર્ય કરવાવાળા દશાનનથી યુદ્ધ કરવા માટે તેઓ તૈયાર ન હતા. રામમાં વિશ્વાસ રાખનાર રાજા પણ યુદ્ધ ઇચ્છતાં ન હતાં. તેથી ઘણી વિચારણા કર્યા પછી તેમણે મધ્યમમાર્ગ કાઢ્યો કે આપણને યુદ્ધથી શું પ્રયોજન ? સીતાને જ પાછી બોલાવી લઈએ. આ પ્રમાણે નક્કી કરીને તેઓ બધા રામની આજ્ઞા લેવા જ્યારે રામ પાસે પહોંચ્યા તો ક્રોધિત રામ બોલ્યાં – હવે તમે કોની રાહ જુઓ છો ? પ્રમાદ છોડીને ત્રિકુટાચલ પર જવાની તૈયારી કેમ કરતાં નથી ? ત્યાં સીતા મારા વિના દુઃખી જ હશે.

આ સાંભળીને નીતિનિપુણ વૃધ્ધ મંત્રી બોલ્યા – હે રાજન ! આપ સીતાને મેળવવા માંગો છો કે રાક્ષસો સાથે યુદ્ધ ! જો યુદ્ધ ઈચ્છો છો તો જીત ખૂબજ મુશ્કેલીથી થશે કેમકે રાક્ષસો અને આપનું યુદ્ધ સરખેસરખાંનું યુધ્ધ નથી. દશાનન ભરતક્ષેત્રનાં ત્રણખંડનો શત્રુવિનાનો અદ્વિતીય સમ્રાટ છે. ધાતકીખંડ નામનો બીજો દ્વીપ પણ તેનાથી ડરે છે, તેઓ જયોતિષી દેવોને પણ ડરાવે છે. અદભુત કાર્યને કરવાવાળા, જંબુદ્વીપમાં પરમ મહિમાને પ્રાપ્ત વિદ્યાધરોનાં અદ્વિતીય સ્વામી દશાનનને આપ કેવી રીતે જીતશો ? તેથી તેમની સાથે યુદ્ધનો વિચાર માંડી વાળીને શાંતિનો પ્રયત્ન કરવો જોઈએ. એવું પણ શક્ય છે કે દશાનન પોતે ન્યાય – નીતિનાં જાણકાર છે, તેના ભાઈ વિભીષણ પણ આવા દુષ્ટતાભર્યા કાર્યથી દૂર રહે છે, અણુવ્રતોનું દ્રઢતાથી પાલન કરે છે. દશાનન પણ તેમ જ કરે છે જે વિભીષણ કહે છે. બંને વચ્ચે અગાધ પ્રેમ છે. જો તે તેને સમજાવશે તો ઉદારતાથી અથવા અપયશનાં ભયથી અથવા લોકલાજનાં ભયથી પણ દશાનન સીતાને પાછી મોકલી દે. તેથી જલ્દીથી એવા કોઈ વ્યક્તિને આ કાર્ય માટે પસંદ કરવામાં આવે જે નીતિનિપુણ, બોલવામાં હોશિયાર તથા દશાનનને પ્રસન્ન કરવાવાળો હોય.

આ પ્રસ્તાવ સાંભળીને મહોદધિ નામનાં વિદ્યાધર રાજાએ કહ્યું કે શું તમે એ નથી સાંભળ્યું કે લંકા ઘણી રીતે ભયંકર મશીનો દ્વારા સામાન્ય પ્રજા માટે તો અગમ્ય બનાવી દેવાઈ છે. લંકામાં પ્રવેશની વાત તો દૂર, તેને દૂરથી જોવાનું પણ મુશ્કેલ છે. ચારે બાજુ ખાઈથી યુક્ત તે લંકામાં પ્રવેશીને ઝડપથી પાછાં ફરે એવો વિદ્યાધર અત્યારે અહીં કોઈ નથી. પરંતુ રાજા સુગ્રીવનો

જમાઈ તથા રાજા પવનંજયનો પુત્ર હનુમાન ત્યાં ચોક્કસ જઈ શકે. મહાબળવાન તે પવનપુત્રને દશાનન સાથે મૈત્રીભર્યો સંબંધ પણ છે. તેથી દશાનન તેમની વાત નહીં ટાળે. તેથી તેમને જ દૂત બનાવીને મોકલવો યોગ્ય છે.

આ પછી શ્રીભૂત નામનો દૂત હનુમાનજીને બોલાવવા માટે આકાશમાર્ગે હનુમાનની પાસે ગયા.

# તેરમો દિવસ

હનુમાન રાજસભામાં શોકમગ્ન બેઠાં હતાં. યુદ્ધમાં સસરા ખરદૂષણની મૃત્યુનાં સમાચારથી તેઓ દુ:ખી હતા. ત્યારે દ્વારપાળે લક્ષ્મણ દ્વારા મોકલવામાં આવેલાં દૂતના સમાચાર આપ્યા. પોતાનાં સસરાને મારનાર લક્ષ્મણનાં દૂતની આવ્યાની વાત સાંભળીને હનુમાન ખૂબ જ ક્રોધે ભરાયા તથા તેમનો સંદેશો સાંભળ્યા વિના જ તેને પાછો મોકલવા લાગ્યા. ત્યારે મંત્રીઓએ તેમને બતાવ્યું કે લક્ષ્મણના ભાઈ રામે આપની બીજી પત્નીનાં પિતા સુગ્રીવનું દુ:ખ દૂર કર્યું છે. તેમણે નકલી સુગ્રીવને મારીને અસલી સુગ્રીવને રાજ્ય પાછું અપાવ્યું છે, જેની મદદ માટે તમે પણ અસમર્થ હતા.

સંપૂર્ણ ઘટનાક્રમ સાંભળીને હનુમાન શાંત પડ્યા અને સેના સહિત પરોપકારી રામને મળવા ગયા.

રામે હનુમાનનું  સન્માન કર્યું, હનુમાને પણ રામ સાથે વિનયપૂર્વક વર્તાવ કર્યો તથા કહ્યું કે આપે અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. વિદ્યાબળની વિધિને જાણવાવાળા અમે પણ જેને ઓળખી ન શક્યા તેને આપે ઓળખ્યો અને સુગ્રીવનું રૂપ ધારણ કરવાવાળા સાહસગતિને યુધ્ધમાં મારીને આપે વાનરવંશનું કલંક દૂર કર્યું. તેથી હવે જો આપની આજ્ઞા હોય તો અમે યુદ્ધ કરવા તૈયાર છીએ.

ત્યારે જાંબુનદ મંત્રી બોલ્યાં કે તમે રામનાં દૂત બનીને જલ્દીથી લંકા જાઓ અને ત્યાં કોઈનો વિરોધ ન કરતાં.

આ સાંભળીને હનુમાને જવાની આજ્ઞા માંગતાં કહ્યું કે હું જઈને દશાનનને સમજાવીશ. તે બુદ્ધિમાન છે. તે જલ્દીથી સમજી જશે અને હું આપની પત્નીને પાછી લઈ આવીશ.

હનુમાનને જવા માટે તૈયાર થયેલાં જોઈને રામે સીતાને સમાચાર મોકલ્યાં કે મનુષ્ય દેહ અતિદુર્લભ છે, તેમાં પણ જિનધર્મની પ્રાપ્તિ કઠિન છે. વળી, તેમાં સમાધિમરણ પણ અતિદુર્લભ છે. તેથી તું ધર્મને ન છોડતી. મારા

વિયોગથી દુઃખી થઈને જોકે તું જીવન ત્યાગવા માંગતી હોઈશ પરંતુ ખોટા પરિણામોથી મરવું વ્યર્થ છે. તેથી જીવનનો ત્યાગ કરવો યોગ્ય નથી. એટલું કહીને સીતાને વિશ્વાસ રહે તે માટે પોતાનાં નામથી કોતરેલી વીંટી હનુમાનને આપી તથા સીતાનો ચુડામણિ આવતી વખતે સાથે લઈને આવવાનું કહ્યું.

લંકા જતાં રસ્તામાં મહેન્દ્રનગરને જોઈને હનુમાનને પોતાનાં જન્મની વાત યાદ આવી ગઈ. તેઓ વિચારવા લાગ્યાં કે મારા નાના એ મારી માતાને સગર્ભાવસ્થામાં ઘરેથી કાઢી મૂકેલી. તેથી મારે તેમનું અભિમાન દૂર કરવું જોઈએ તથા એટલું વિચારીને તરતજ તેમણે રણભેરી વગડાવી દીધી.

યુદ્ધભેરી સાંભળીને સર્વપ્રથમ રાજા મહેન્દ્રનો પુત્ર સેનાસહિત યુદ્ધનાં મેદાનમાં આવ્યો. બંનેની સેનાઓમાં ભયંકર યુદ્ધ થયું છેવટે હનુમાને મહેન્દ્રનાં પુત્રને બાંધી લીધો, ત્યારે રાજા મહેન્દ્ર ક્રોધિત થઈને શસ્ત્રોથી પ્રહાર કરવા લાગ્યા તથા હનુમાને વિદ્યાનાં પ્રભાવથી તેને વચ્ચે જ રોકી દીધા અને ઝડપથી કૂદીને રાજા મહેન્દ્રને પણ પકડી લીધા.

ચિહનો (લક્ષણ) થી હનુમાનને પોતાની દીકરીનાં પુત્ર તરીકે ઓળખી જવાથી રાજા મહેન્દ્ર તેને ખૂબ જ પ્રેમથી મળ્યા. હનુમાને પણ પોતાની આ ઉદ્ધતાઈની માફી માંગી તથા લંકાગમન માટે પોતે નીકળ્યા છે તેનું કારણ બતાવ્યું. ત્યારે રાજા મહેંદ્ર તો કિષ્કિંધાપુર તરફ આગળ વધ્યા અને હનુમાન લંકા તરફ આગળ વધ્યા.

રસ્તે જતાં અચાનકે હનુમાને જોયું કે બે મુનિરાજ ધ્યાનમગ્ન છે અને ચારેય બાજુ વનમાં આગ લાગી છે. ત્યારે મુનિરાજનો આ ઉપસર્ગ દૂર કરવા માટે હનુમાન સમુદ્રમાંથી પાણી લાવી લાવીને ધોધમાર વરસાદની જેમ વરસાવા માંડ્યા જેનાથી આગ શાંત પડી.

હનુમાન મુનિરાજને નમસ્કાર કરી જ રહ્યાં હતાં કે ત્રણ કન્યાઓએ પણ આવીને મહારાજને પ્રમાણ કર્યા. જેમને જોઈને હનુમાન આશ્ચર્યચકિત થઈ ગયા તથા તેમણે કન્યાઓને પૂછ્યું કે આ ભયાનક વનમાં તમે અત્યારે શું કરો છો ? ત્યારે તેમાંથી સૌથી મોટી બેન બોલી કે આ દધિમુખ વનની પાસેનાં નગર જેનું નામ દધિમુખ છે ત્યાંના રાજા ગંધર્વની અમે ત્રણ દીકરીઓ છીએ.

અમારાં લગ્ન માટે ચિંતિત અમારા પિતાએ એકવાર અષ્ટાંગ નિમિત્તનાં જાણકાર મુનિરાજને પૂછ્યું કે અમારી પુત્રીઓને કોણ વરશે ? ત્યારે તેમણે કહ્યું કે જે સાહસગતિ વિદ્યાધરને યુદ્ધમાં મારશે તે જ તેમનો પતિ થશે. તેથી અમે આપને જોવાની ઈચ્છાથી મનોનુગામિની વિદ્યા સાધી રહ્યાં હતાં. ત્યારે અમારી સાથે પરણવા માંગતા વિદ્યાધર અંગારક કુમારે ગુસ્સામાં આવીને વનમાં આગ લગાવી દીધી. પરંતુ અમે તેનાથી જરા પણ ડગ્યાં નહીં, જે વિદ્યા છ વર્ષમાં સિધ્ધ થવાની હતી, ઉપસર્ગને કારણે માત્ર ૧૨ દિવસમાં જ સિધ્ધ થઈ ગઈ. જો આજે આપ મદદ ન કરત તો અમારી સાથે સાથે મુનિરાજ પણ આ અગ્નિમાં ભસ્મ થઈ જાત.

હનુમાને તેમની દ્રઢતાની પ્રશંસા કરી તથા બતાવ્યું કે અત્યારે સાહસગતિને યુદ્ધમાં મારવાવાળા શ્રીરામ કિષ્કિંધાપુરમાં બિરાજમાન છે તથા હું તેમનાં જ કોઈ વિશિષ્ટ કાર્યનાં ઉપાય માટે લંકા જઈ રહ્યો છું.

હનુમાન દ્વારા રામની ખબર પડતાં જ રાજા ગંધર્વ પોતાની પુત્રીઓ તથા અનુચરોની સાથે જલ્દીથી કિષ્કિંધાપુર પહોંચી ગયા તથા રામની સાથે પોતાની પુત્રીઓના વિધિપૂર્વક લગ્ન કર્યા.

આ પ્રમાણે જોકે રામને સમસ્ત સુખસામગ્રી વિદ્યમાન હતી પરતું સીતા વિના તેમનું મન ક્યાંય લાગતું ન હતું. તેઓ તેની સુરક્ષા ન કરી શક્યા. તેથી તેમનું દિલ હમેશાં કચવાતું રહેતું હતું.

આકાશમાર્ગે ચાલતાં – ચાલતાં અચાનક હનુમાનની સેના રોકાઈ ગઈ ત્યારે હનુમાને મંત્રીઓને પૂછ્યું કે શું વાત છે ? શું પર્વતશિખર પર જિનમંદિર છે કે કોઈ મુનિરાજ ધ્યાનમગ્ન છે ? પૃથુ મંત્રીએ કહ્યું કે હે રાજન ! એવું કંઈ જ નથી. પરંતુ આ તો દશાનન દ્વારા રચિત માયામયી યંત્ર છે. અનેક પ્રકારનાં મુખોવાળો, બધાંનું ભક્ષણ કરવાવાળો તેજસ્વી માયામયી આ કિલ્લો દેવો દ્વારા પણ દુર્ગમ્ય છે. તે કોટ ભયંકર પૂતળીઓ સહિત છે. તેમાં ફણ ફેલાયેલાં સર્પ ફુંફાડા મારી રહ્યાં છે. સળગતાં અંગારાઓ સહિત આ કિલ્લા પાસે જે મનુષ્ય જાય છે તે ક્યારેય જીવતો પાછો નથી આવતો.

તેને જોઈને હનુમાન મનમાં વિચારે છે કે હવે દશાનનમાં પહેલાં જેવી

સરળતા રહી નથી. હવે મારે પોતાની વિદ્યાનાં બળથી જ તેમાં પ્રવેશ કરવો પડશે.

તે પછી હનુમાને પોતાની સેનાને સ્તંભિની વિદ્યાથી આકાશમાં જ ઊભી કરી દીધી એ પોતે પોતાની વિદ્યાનાં બળથી વિદ્યામયી બખ્તર પહેરીને, હાથમાં ગદા લઈને તે માયામયી યંત્ર (મશીન) તરફ આગળ વધ્યા. કોટની નજીક પહોંચીને તેની પર હનુમાને ગદાથી પ્રહાર કર્યો. અને ભયંકર અવાજ સાથે કિલ્લો તૂટી ગયો. કિલ્લો તૂટવાનો અવાજ સાંભળીને કોટનો રક્ષક વજ્રમુખ સેના સહિત આવ્યો અને હનુમાન સાથે યુદ્ધ કરવા લાગ્યો. પરંતુ થોડી જ વારમાં હનુમાને તેને મારી નાંખ્યો. ત્યારે તેની દીકરી ગુસ્સે થઈને હનુમાન પર બાણ આદિ શસ્ત્રો દ્વારા આક્રમણ કરવા લાગી. જેને હનુમાને પોતાનાં બાણથી વચ્ચે જ રોકી દીધી. પરંતુ તેઓ વજ્રમુખની પુત્રી લંકાસુંદરીનાં પ્રેમબાણથી બચી ન શક્યા. તેઓ બંને એકબીજા પર મોહિત થઈ ગયા. અને યુદ્ધ બંધ કરીને લગ્ન કરી લીધાં.

હનુમાને પોતાનાં માટે તથા સેના માટે સ્તંભિની વિદ્યાથી આકાશમાં જ નગર વસાવ્યું અને લંકાસુંદરીને સેનાની પાસે મૂકીને તેઓ જેવાં લંકા તરફ આગળ વધ્યાં કે લંકાસુંદરીએ સાવધાન કરતાં કહ્યું કે – કિલ્લો તોડવાથી આપની અને દશાનનની જૂની મિત્રતા સમાપ્ત થઈ ગઈ છે. હવે આપનો પ્રવેશ લંકામાં એક અપરાધીનાં રૂપમાં થશે તથા દશાનન આપના પર ગુસ્સો કરશે. તેથી જ્યારે તેમનું મન શાંત હોય, પ્રસન્ન હોય ત્યારે જ આપ તેમને મળજો.

જવાબ આપતાં હનુમાન બોલ્યાં કે હે વિદુષી ! તું જેમ કહે છે તેમ જ હું કરીશ. હું દશાનનનો અભિપ્રાય જાણવા માંગું છું. સાથે એ પણ જોવા માંગુ છું કે તે સીતા કેટલી રૂપાળી છે કે જેણે ધીર-વીર દશાનનનું મન પણ ડગાવી દીધું છે.

આ પ્રમાણે લંકાસુંદરીને આશ્વાસન આપીને હનુમાન નિ:શંક થઈને લંકામાં પ્રવેશ્યા.

હનુમાન લંકામાં સૌથી પહેલાં વિભીષણને મળવા ગયા. વિભીષણે તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. ત્યાર બાદ સીતાની વાત નીકળતાં હનુમાને કહ્યું

કે ત્રણખંડનાં અધિપતિએ પરસ્ત્રીની ચોરી કરવી યોગ્ય છે ? રાજા તો બધી મર્યાદાઓનું મૂળસ્ત્રોત છે. જો રાજા જ અનાચારી હોય તો પ્રજા પણ અનાચાર કરે જ. તો પછી બંને રાજા અને પ્રજામાં નિંદનીય, કીર્તિને નષ્ટ કરવાવાળા આ નિંદનીય કાર્યથી આપ પોતાનાં ભાઈને કેમ રોકતાં નથી ?

આ સાંભળીને વિભીષણ બોલ્યા કે મેં મારા ભાઈને ઘણીવાર સમજાવ્યો. પરંતુ તેઓ આ બાબતમાં કોઇની વાત જરા પણ સાંભળી રહ્યાં નથી. મારી સાથે તો તેમણે વાત જ કરવાનું છોડી દીધું છે. તેમ છતાં આપનાં કહેવાથી હું એકવાર ફરીથી પ્રયત્ન કરીશ.

વિભીષણથી સીતાનું ઠેકાણું પૂછીને હનુમાન સીતાને મળવા માટે પ્રમદ નામનાં ઉદ્યાનમાં ગયા. એકદમ સીતાની સામે જવું યોગ્ય નથી એથી તેઓ તેને છૂપાઈને જોવા લાગ્યા.

સીતા જોકે મૌન હતી, રડી રહી ન હતી પરંતુ તેના દુ:ખની એકે એક રેખા તેનાં મુખકમળ પર એવી રીતે સ્પષ્ટ તરી આવતી હતી જાણે કમળ પર પાણીનું ટીપું !

હનુમાન મનમાં વિચારે છે કે અત્યંત દુ:ખી અવસ્થામાં અને શણગાર સજ્યા વિના પણ તેનું રૂપ અદભુત છે જે અન્ય કોઈ સ્ત્રીઓમાં નથી. તેથી જ દશાનન જેવો ધીર વ્યક્તિ પણ બધું જ ભૂલીને તેમાં ફસાઈ ગયો છે. સીતાનાં દુ:ખને તરત જ દૂર કરવાની ઈચ્છાથી હનુમાન રૂપ બદલીને સીતાની પાસે ગયા અને રામ દ્વારા આપવામાં આવેલી વીંટી સીતાનાં ખોળામાં નાંખી જેને જોઈને સીતા રોમાંચિત થઈ ગઈ, તેનાં મુખ પર સ્મિત ફરી વળ્યું.

સીતાને પ્રસન્નચિત્ત જોઈને પાસે બેઠેલી દાસીઓએ દોડીને દશાનનને સમાચાર આપ્યા. દશાનને તેમને વસ્ત્ર તથા રત્ન દાનમાં આપ્યા તથા બધી રાણીઓ સહિત મંદોદરીને સીતાની પાસે મોકલી.

મંદોદરીએ સીતાની પાસે આવીને કહ્યું કે આજે તું પ્રસન્ન થઈ છો, હવે તું જગત્પતિ દશાનનનો સ્વીકાર કર.

આ સાંભળીને સીતા ક્રોધિત થઈને બોલી કે આજે મારા પતિની કુશળતાનાં સમાચાર આવ્યાં છે તેથી મને પ્રસન્નતા થઈ છે.

મંદોદરી મનમાં વિચારે છે કે અગિયાર દિવસથી તે ભૂખી છે તેથી અર્ધબેભાન અવસ્થામાં તે આમ કહી રહી લાગે છે.

મંદોદરી આદિ રાણીઓનાં અવિશ્વાસપૂર્ણ મજાકીયા ચહેરાને જોઈને તેમને વિશ્વાસ અપાવવા માટે સીતાએ મોટા અવાજે કહ્યું કે જે વીંટી લઈને આવ્યા છે તે મારે માટે ભાઈ સમાન છે. તેથી હવે તે મારા પરમપ્રિય ભાઈ મારી સમક્ષ હાજર થાઓ. આ સાંભળીને હનુમાન વિનયપૂર્વક સીતાની સામે હાજર થયા. તથા નમસ્કાર કરીને રામની કુશળતાનાં સમાચાર સાંભળ્યા. જે સાંભળીને જોકે સીતા રાજી થઈ પરંતુ હજી પણ તેને ભરોસો રહ્યો ન હતો. તે વિચારી રહી હતી કે આ દશાનનની તો કોઈ નવી ચાલ નથી ને ! તેથી તેણે હનુમાનને કહ્યું કે મારાં સ્વામી આપને ક્યાં અને કેવી રીતે મળ્યા ? તમારે એમની સાથે કેવી રીતે મિત્રતા થઈ ? તેમણે તમારો એવો કેવો ઉપકાર કર્યો કે તમે પોતાનાં જીવનની પણ પરવા કર્યા વિના મારી સમક્ષ ઉપસ્થિત થયા ? લક્ષ્મણ તો કુશળ છે ને? કયાંક એવું તો નથી ને કે લક્ષ્મણ મરાતાં મારાં સ્વામીએ પણ પ્રાણ ત્યજી દીધાં હોય ? અથવા કયાંક તેઓ વિરકત થઈને સકલપરિગ્રહનો ત્યાગ કરીને વનમાં તો ચાલી નીકળ્યા નથી ને ? અથવા મારાં વિયોગથી શરીર દુર્બળ બની ગયું હોય અને વીંટી નીકળીને પડી ગઈ હોય જેને તમે મારી પાસે લઈ આવ્યાં હોય ?

આ પ્રશ્નોને સાંભળીને સીતાનાં શંકાશીલ મનને વિશ્વાસ અપાવતાં હનુમાને સૂર્યહાસ ખડગની પ્રાપ્તિથી માંડીને બધી જ ઘટના સમજાવી તથા કહ્યું કે જ્યારે આપનાં પતિ રામ સિંહનાદ સાંભળીને લક્ષ્મણ પાસે ગયા ત્યારે લક્ષ્મણે તરત જ તેમને પાછાં મોકલી દીધાં. તથા વિરાધિતની મદદથી ખરદૂષણને યુધ્ધમાં મારીને પાતાળલંકા જતાં રહ્યા અને ત્યાંથી તમારી શોધ કરવા લાગ્યા. ત્યારે તમારા પતિ પાસે મારાં સસરા મદદ માટે ગયા, કેમકે કોઈ વિદ્યાધર તેમનું રૂપ બનાવીને તેમનાં રાજ્ય પર કબ્જો જમાવી લીધો હતો. આપનાં પતિ શ્રીરામે તે સાહસગતિને મારીને મારાં સસરાનાં કુળને કલંકિત થતું બચાવી લીધું. આ ઉપકારથી ઉપકૃત અમે બધાં આપનાં પતિની મદદ માટે કટિબધ્ધ છીએ. તેથી હું તમને પ્રેમથી છોડાવવા માટે આવ્યો છું, લંકાધિપતિ

દયાળુ છે, વિનયી છે, ધીર છે, કોમલ હૃદયનાં છે, સત્યવ્રતનું પાલન કરવાવાળા છે. તેથી ચોક્કસ જ મારું કહેવું માનશે અને તમને છોડી દેશે.

આ બધું સાંભળીને શાંત પડેલી સીતાએ પૂછ્યું કે આવાં ધૈર્યવાળા, રૂપવાળા, વિનયવાન તથા પરાક્રમ સહિત તમારાં સિવાય અન્ય કેટલાં વીર મારાં સ્વામીની સાથે છે ?

હનુમાન કંઈ બોલે તે પહેલાં જ મંદોદરીએ કહ્યું કે તું આને ઓળખતી નથી. એ તો પૂરા ભરતક્ષેત્રમાં એના જેવો અન્ય કોઈ નથી. તે લંકાધિપતિ નો ભાણેજ જમાઈ છે, યુદ્ધમાં ઘણીવાર તેણે તેમની મદદ કરી છે, પરંતુ ઘણું આશ્ચર્ય એ છે કે આજે તે પોતાનાં સસરા ખરદૂષણનાં હત્યારા ભૂમિગોચરીઓનો દૂત બનીને કેમ આવ્યો છે ?

પ્રત્યુત્તર આપતાં હનુમાને કહ્યું કે – તમે પણ રાજા મયની પુત્રી અને રાજા દશાનનની પટરાણી થઈને અહીં દૂતી બનીને આવ્યા છો તથા આવા નિંદનીય કાર્યમાં પતિની મદદ કરી રહ્યાં છો.

આ સાંભળીને ગુસ્સે થઈને મંદોદરીએ કહ્યું કે જો મારા પતિને ખબર પડશે કે તું રામનો સેવક બનીને આવ્યો છે તો એ તારી સાથે એવો વ્યવહાર કરશે જે કોઈની સાથે નથી કર્યો. સુગ્રીવાદિની મોત તો નજીક આવી ગઈ છે તેથી જ તેઓ ભૂમિગોચરીઓનાં સેવક બની ગયા છે.

પોતાનાં પતિની નિંદા સહન કરવામાં અસમર્થ સીતા બોલી કે મંદોદરી ! તું ઓછી બુદ્ધિવાળી છો. મારાં સ્વામી તો અદભુત પરાક્રમનાં ધની છે. તેઓ થોડા દિવસમાં જ સમુદ્ર તરીને અહીં આવશે અને થોડાં જ દિવસોમાં તું તારા પતિનું મરેલું મુખ જોઈશ.

સીતા દ્વારા કહેવાયેલાં આવા અપશબ્દ સાંભળીને સીતાને મારવા અન્ય રાણીઓ ગુસ્સે થઈને દોડી. હનુમાને સીતાનો બચાવ કર્યો, ત્યારે બધી રાણીએ પોતાનાં પતિ દશાનન પાસે ગઈ.

હનુમાને સીતાને જમી લેવા કહ્યું. પ્રતિજ્ઞા પૂરી થતાં સીતાએ ભોજન ગ્રહણ કર્યું. એ પછી હનુમાને કહ્યું – હે માતા ! તમે મારા ખભા પર બેસી જાઓ. હું તમને થોડી જ વારમાં આપનાં પતિ પાસે પહોંચાડી દઉં.

સીતાએ કહ્યું કે પતિની આજ્ઞા વિના મારે ક્યાંય જવું યોગ્ય નથી. જો તે પૂછે કે તું મારા બોલાવ્યા વિના કેમ આવી ? ત્યારે હું શું જવાબ આપીશ ? હવે તમે જાઓ અને તેમને મારી કુશળતાનાં સમાચાર આપજો. પ્રમાણ સ્વરૂપ મારો આ ચુડામણિ તેમને આપી દેજો.

હનુમાન ભૂમિગોચરીઓનો દૂત બનીને આવ્યો છે તથા તેણે મંદોદરી આદિનું અપમાન પણ કર્યું છે એ સાંભળીને દશાનને પોતાનાં સિપાઈઓને હનુમાનને મારી નાંખવાનો હુકમ કર્યો.

સિપાઈઓએ હનુમાન પર આક્રમણ કર્યું. તે વખતે હનુમાન શસ્ત્રરહિત હતાં તેથી તેઓ પોતાની સુરક્ષા માટે ઝાડ ઉખાડી – ઉખાડીને યુદ્ધ કરવા લાગ્યા, જેનાથી મહેલ તૂટી પડ્યા, હજારો યોદ્ધા માર્યા ગયા. આ બધું જોઈને મેઘવાહન અને ઇંદ્રજીત સેના સહિત આવ્યા. ઘણા સમય સુધી યુદ્ધ ચાલ્યા પછી ઇન્દ્રજીતે હનુમાનને નાગપાશમાં પકડી લીધા તથા પિતા દશાનનની પાસે તેમને લઈ ગયા.

હનુમાનને જોઈને દશાનન બોલ્યાં કે તમે ઘણીવાર અહીં આવ્યાં છો અને બધાં દ્વારા પૂજય પણ રહ્યાં છો. પરંતુ આ વખતે રાજદ્રોહી બનીને આવ્યા છો તેથી દંડને પાત્ર છો.

હનુમાને કહ્યું કે તમે તો પોતાનાં કુળને ડૂબાડવાવાળાં છો. પરસ્ત્રીની તૃષ્ણાથી જલ્દીમાં જ મૃત્યુ પામશો. કોઈએ સાચું જ કહ્યું છે કે – 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ.'

ગુસ્સે થયેલા દશાનને આદેશ આપ્યો કે આને નગરમાં ફેરવો અને જુદાંજુદાં પ્રકારનાં કષ્ટ આપો.

સેવકો હનુમાનને લંકાનગર તરફ લઈ ગયા. થોડીવારમાં તો હનુમાને પોતાનું બંધન તોડી નાંખ્યું અને નગરનાં મહેલ વગેરેને પગથી લાત મારીને તોડતાં-તોડતાં પોતાની સેના પાસે જતાં રહ્યાં.

આ પ્રમાણે લંકાને તહસનહસ કરીને હનુમાન કિષ્કિંધાપુર આવ્યા તથા સુગ્રીવને બધાં જ સમાચાર આપ્યાં. સુગ્રીવની સાથે તેઓ રામની પાસે ગયા. હનુમાને રામને સીતાની કુશળતાનાં સમાચાર આપ્યાં પછી સીતા દ્વારા

અપાયેલા ચૂડામણિ રામને આપ્યો. રામે બધાં સમાચાર જાણી લીધાં પછી લંકા તરફ આગળ વધવાનો વિચાર બનાવ્યો જેને સાંભળીને સિંહનાદ નામનાં વિદ્યાધરે કહ્યું કે આપ તો ચતુર છો, મહાપ્રવીણ છો, તો પછી આપ યુદ્ધનો કેમ વિચાર કરી રહ્યાં છો ? હનુમાને લંકામાં જઈને જે તોફાન કર્યું છે તેનાથી દશાનન પહેલેથી જ આપણી પર ગુસ્સે ભરાયો છે. તેથી હવે તો આપણી મોત નક્કી જ છે. જો કે, અમે તો આપની સાથે જ છીએ, જેમાં બધાનું હિત થાય એવું જ કાર્ય કરવું જોઈએ.

એનો જવાબ આપતાં ચંદ્રમારીચિ વિદ્યાધર બોલ્યો કે તમે નકામા ડરી રહ્યાં છો. આપણી સાથે હનુમાન, સુગ્રીવાદિ મોટાં મોટાં વિદ્યાધર રાજાઓ છે, ન્યાય – નીતિ આપણાં પક્ષમાં છે, તેથી આપણે અનીતિ – અન્યાયનો વિરોધ કરવો જ જોઈએ.

એ પછી રામ – લક્ષ્મણ બધાં જ વિદ્યાધર રાજાઓની સાથે આકાશમાર્ગે લંકા તરફ ચાલી નીકળ્યા. તથા લંકાનાં હંસપુર નામનાં નગરમાં પડાવ નાંખીને ભામંડળનાં આવવાની રાહ જોવા લાગ્યા.

**ગુણને અવગુણમાં બદલાતાં જરા પણ વાર નથી લાગતી.** ખબર નહીં ક્યારે કઈ ઘટના પોતાનાં જીવનનાં બધાં જ ગુણોને અવગુણમાં બદલી નાંખે. જેવી રીતે એક માછલી આખાં તળાવનું પાણી ગંદુ કરી શકે છે, તેવી જ રીતે એક અવગુણ બધાં ગુણો પર પાણી ફેરવી દે છે.

પરસ્ત્રી સાથે લગ્નની ઈચ્છા જ દશાનનનો એક એવો અવગુણ હતો કે જેનાથી તેનાં સમસ્ત ગુણો પર પાણી ફરી વળ્યું.

દશાનનનાં દયાદિ ગુણોમાં અનુરક્ત સુગ્રીવાદિની શ્રધ્ધા હવે દશાનનમાં રહી ન હતી. તેઓ અનીતિનો સાથ આપવા માટે તૈયાર ન હતાં, તેથી તેઓ બધા રામને તેમની પત્ની પાછી મેળવવામાં દશાનનની વિરુધ્ધ રામનો સાથ આપવા માટે તૈયાર થઈ ગયાં.

# ચૌદમો દિવસ

દશાનનને યુદ્ધ મંજૂર ન હતું પરંતુ નજીક આવી ચૂકેલી સેનાની ઉપેક્ષા પણ યોગ્ય ન હતી. તેથી તેઓ યુદ્ધની પણ તૈયારી કરવા લાગ્યા.

ભાઈને યુદ્ધ માટે તૈયારી કરતાં જોઈને વિભીષણે તેમને સમજાવતાં કહ્યું કે પરસ્ત્રીને લીધે આપની નિર્મલ કીર્તિ ક્ષણભરમાં નષ્ટ થઈ જશે. તેથી આપ રામને સીતા પાછી સોંપી દો. તેમાં કંઈ વાંધો નથી. આ પ્રમાણે જુદી જુદી રીતે વિભીષણે દશાનનને સમજાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો.

વિભિષણની વાત સાંભળીને દશાનન મનમાં વિચારે છે કે અત્યારે દુશ્મનોની ફોજ આવી પહોંચી છે ત્યારે મારો ભાઈ કે જે મારો જમણો હાથ છે તે જ મને મદદ કરવાની જગ્યાએ મને સમજાવી રહ્યો છે ! આ મારો નાનો ભાઈ, જેણે હમેશાં મને યુદ્ધમાં મદદ કરી – તે આજે મારી સાથે ઊંચા અવાજે વાત કરી રહ્યો છે ! જો અત્યારે મેં તેને ન રોક્યો તો પ્રજા પણ તેને સમર્થન આપશે. મારાં  પુત્રો તથા ભાઈ ભાનુકર્ણ પણ તેનો સાથ આપી શકે. હનુમાન સૌથી પહેલાં એની જ પાસે ગયો હતો. તેણે જ તેને સીતાનું ઠેકાણું બતાવ્યું હતું.

ત્યારે હું ચૂપ રહ્યો. તેથી હવે તેમની હિંમત વધી ગઈ છે. જો આજે નહીં રોકું તો આખી નગરી પણ મારી વિરોધી થઈ શકે છે, સેના પણ ભડકી શકે છે. એને એવી સજા થવી જોઈએ કે બધાંને ખબર પડે, ફરીથી કોઈ મારાં વિરુધ્ધ વાત કરવાની હિંમત ન કરી શકે, માથું ન ઊંચકી શકે.

આ પ્રમાણે નક્કી કરીને દશાનને વિભીષણને કહ્યું કે હું અર્ધચક્રી દશાનન, જેણે હમેશાં દુશ્મનોને નમાવવાનું શીખ્યું છે, દુશ્મનોથી નમવાનું નહીં. અને તું મને નમવાની સલાહ આપે છે. તું મારો ભાઈ નહીં, દુશ્મન છે. મારાં નજરથી દૂર થઈજા. એની સાથે જઈને રહે કે જેના પક્ષમાં તું આજે આવી વાત કરી રહ્યો છે !

સ્વાભિમાની વિભીષણ પોતાની ૩૦ અક્ષૌહિણી સેના સહિત તરત જ લંકામાંથી નીકળીને રામ પાસે પહોંચી ગયા. દૂરથી વિભીષણને આવતાં જોઈને

પહેલાં તો વાનરવંશીઓની સેના ગભરાઈ ગઈ પછી સાવધાન થઈને તરત જ બધા યોધ્ધાઓએ હથિયાર ઉઠાવી લીધા. પછી વિભિષણ દ્વારા મોકલેલાં દૂત દ્વારા શાંતિનાં સમાચાર સાંભળીને તેઓ નિશ્ચિત થઈ ગયા. ત્યારે એક મંત્રીએ રામને સલાહ આપી કે આ દશાનનની જ કોઈ ચાલ હોઈ શકે કેમકે રાજાઓની ચેષ્ટા વિચિત્ર હોય છે. ગુપ્તચરો દ્વારા એ સમાચાર મળ્યાં કે દશાનને સીતાનું હરણ કર્યું છે ત્યારથી બંને ભાઈઓમાં મતભેદ થઈ ગયેલો. જો કે ત્યારે તેનું ફળ વિભીષણને લંકા છોડવી પડી તે આવ્યું છે. હનુમાન દ્વારા પણ વિભીષણને સમર્થન આપવાથી રામે પોતાની સેનામાં તેમને લઈ લીધા અને તેમને લંકાનાં રાજા બનાવવાનું વચન આપ્યું.

આ પ્રમાણે ૮ દિવસ હંસનગરમાં રહીને તેમણે લંકા તરફ પ્રસ્થાન કર્યું.

લંકાની નજીક પહોંચતાં જ તેઓએ રણભેરી વગાડી. લંકામાંથી યુદ્ધ માટે સૌ પહેલાં હસ્ત અને પ્રહસ્ત આવ્યા. એ પછી ઇંદ્રજીત, મેઘનાદ, ભાનુકર્ણ, દશાનન આદિ યોદ્ધા પણ પોતપોતાની સવારી (હાથી –ઘોડા) પર આવ્યાં.

બંને સેનાઓમાં ભયાનક યુદ્ધ થયું. જેમાં અનેક યોદ્ધાઓની સાથે સાથે નલ,નીલ દ્વારા હસ્ત અને પ્રહસ્ત માર્યા ગયા. તેમનાં માર્યા જવાથી બીજા દિવસે દશાનનની સેનાએ ગુસ્સે થઈને બમણા ઉત્સાહથી યુદ્ધ કર્યું. તેથી સુગ્રીવને ઇન્દ્રજીતે અને મેઘનાદે ભામંડળને નાગપાશમાં બાંધી લીધા તથા ભાનુકર્ણએ હનુમાને પોતાની ભુજાઓથી બાંધી લીધા.

આ જોઈને વિભીષણે રામ – લક્ષ્મણને તેમને બચાવવા કહ્યું. આ વાતચીત ચાલી જ રહી હતી કે અંગદે ભાનુકર્ણનું ઉત્તરાસન હટાવી દીધું, શરમથી જ્યાં સુધી તે પોતાનાં વસ્ત્ર સંભાળવા લાગ્યા ત્યાં સુધી હનુમાન તેમનાં બંધનમાંથી નીકળી ગયા. સુગ્રીવ અને ભામંડળને બચાવવા વિભીષણ આગળ વધ્યા. વિભિષણને જોઈને ઇંદ્રજીત અને મેઘનાદ મનમાં વિચારે છે કે આ તો અમારા પિતા સમાન છે. તેમની પર શસ્ત્ર ઉઠાવવા યોગ્ય નથી. કાકાની સામેથી ભાગી જવામાં કોઈ વાંધો નહીં. ભામંડળ અને સુગ્રીવ તો મરી જ જશે.

તેથી કાકાનો મુકાબલો ન કરવો જોઈએ. તેથી બંને ત્યાંથી નીકળી ગયા. આ પ્રમાણે આજનું યુદ્ધ અહીં જ બંધ રહ્યું.

ભામંડળ અને સુગ્રીવને બેહોશ જોઈને રામે ગરુણેન્દ્રને યાદ કર્યો. અવધિજ્ઞાનથી રામ – લક્ષ્મણની પરેશાની જાણીને ગરુણેન્દ્રએ ચિંતાવેગ નામનાં વિદ્યાધરને બે વિદ્યાઓ આપીને મોકલ્યો. જેણે આવીને રામને સિંહવાહિની અને લક્ષ્મણને ગરુડવાહિની વિદ્યા આપી. સાથે – સાથે જલબાણ, અગ્નિબાણ, પવનબાણ આદિ ઘણાં દિવ્યાસ્ત્ર પણ આપ્યાં.

લક્ષ્મણે ગરુડવાહિની વિદ્યાથી ભામંડળ અને સુગ્રીવને નાગપાશથી મુક્ત કરાવ્યા. પછી બધાએ મળીને જિનેંદ્ર વંદના કરી.

બીજા દિવસે જ્યારે રાક્ષસવંશીઓની સેનાએ વાનરવંશી સેનાને ભયભીત કરી દીધી ત્યારે વિભીષણ વાનરવંશીઓને ધીરજ (હિંમત) આપી અને યુદ્ધ માટે તૈયાર થયા. દશાનને જ્યારે પોતાની સામે વિભીષણને જોયા ત્યારે કીધું કે તું મારો નાનો ભાઈ છે, મારવા યોગ્ય નથી તેથી મારી સામેથી હટી જા. ત્યારે વિભીષણે દશાનનને કહ્યું કે તું મોહથી પાગલ થયો છું, તારું મોત નજીકમાં જ છે, આવા અપશબ્દોથી દશાનનનો ક્રોધ ભડકી ઉઠ્યો અને તેમણે વિભીષણ પર પ્રહાર કર્યો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. બંને એ એકબીજાનાં રથ, છત્ર, ધ્વજા વગેરે તોડી નાંખ્યા.

આ પ્રમાણે રામ ભાનુકર્ણ સાથે તથા લક્ષ્મણ ઇન્દ્રજીત સાથે યુદ્ધ કરવા લાગ્યા.

ઇન્દ્રજીતે લક્ષ્મણ પર તામસ બાણ ચલાવ્યું. લક્ષ્મણે સૂર્યબાણથી તેને રોક્યું. પછી ઇન્દ્રજીતે આશીર્વિષ નામનું નાગબાણ ચલાવ્યું ; જેને લક્ષ્મણે ગરુડબાણથી રોક્યું. લક્ષ્મણે ઇન્દ્રજીત પર નાગબાણ ચલાવ્યું તો તેઓ બેહોશ થઈ ગયા. રામે પણ ભાનુકર્ણને બેહોશ કરી દીધા. બંનેને બાંધીને રથમાં નાંખીને તેમણે વિરાધિત અને ભામંડળને સોંપી દીધા.

એ જ વખતે દશાનને વિભીષણ પર ત્રિશૂળ ચલાવ્યું જેને લક્ષ્મણે વચ્ચે જ રોકી દીધું. તેથી ગુસ્સે થઈને દશાનને લક્ષ્મણ પર અમોઘક્ષેપા શક્તિ ચલાવી જેનાથી લક્ષ્મણ બેહોશ થઈ ગયા. આ જોઈને રામે ઘણાં પ્રકારનાં

અસ્ત્ર ચલાવ્યાં; પરંતુ દશાનન પર તેની કોઈ અસર થઈ નથી એમ જાણીને તેમણે દશાનનને કહ્યું કે તું લાંબુ જીવવાનો લાગે છે તેથી મારાં બાણ નિષ્ફળ થઈ રહયાં છે. હું તને પ્રાર્થના કરું છું કે યુદ્ધમાં મારાં જે ભાઈને તેં શક્તિથી ઘાયલ કર્યો છે તે મરણ સન્મુખ છે. જો તું મંજૂરી આપે તો હું મારા ભાઈનું મુખ જોઈ લઉં.

રામનાં કહેવાથી દશાનને તરત જ તેની વાત માન્ય રાખી કેમકે તે કોઈની પ્રાર્થના અવગણી શકતો ન હતો. તે યુદ્ધમાં કાયર, ભાગેડુ, ઘાયલ, શસ્ત્રવિહીન પર ક્યારેય આક્રમણ ન કરતો. વૃદ્ધ, યતિ, સ્ત્રી, તપસ્વી, પાગલ, પશુ, પક્ષી, ગરીબ, બેભાન, રોગી  તેમજ શરણે આવેલાંને મારવાં ન જોઈએ. તેથી રામની પ્રાર્થના સ્વીકારીને તેઓ યુદ્ધભૂમિમાંથી પોતાનાં મહેલમાં પાછા ફર્યા. મહેલમાં તેમને ઇંદ્રજીત અને કુંભકર્ણનાં પકડાઈ જવાનાં સમાચાર મળ્યાં જેનાથી તેમને ખૂબ જ દુ:ખ થયું.

રામે લક્ષ્મણનાં માર્યા જવાથી સ્વયં પણ અગ્નિમાં કૂદી પડવાનો નિર્ણય કર્યો. તેથી સુગ્રીવાદિ રાજાઓને બોલાવીને તેમણે કહ્યું કે મને લક્ષ્મણ વિના જરા પણ ગમતું નથી. હવે મને સીતાથી કોઈ મતલબ નથી. તમે બધાંએ મારી ખૂબ જ મદદ કરી, હવે તમારા પોતપોતાનાં ઘરે જાઓ.

જાંબુનદ તેમને સમજાવતાં કહેવાં લાગ્યાં કે આપ મહાધીર – વીર છો. આપને આ પ્રમાણે વિલાપ કરવો યોગ્ય નથી. આપનાં ભાઈ તો નારાયણ છે, તે મરી ન શકે. અત્યારે તેઓ શક્તિ લાગવાથી ઘાયલ થઈ ગયાં છે. તેથી આપણે શક્તિ કાઢવાનો ઉપાય કરવો જોઈએ, કેમકે સવાર સુધીમાં તો તેમનું જીવન ન પણ રહી શકે. અત્યારે કોઈ પણ વ્યક્તિને તેમની પાસે ન આવવાં દેવાય નહીંતર તે શક્તિ ઘાતક પૂરવાર થશે. તેથી મુખ્ય વ્યક્તિઓની દેખરેખમાં લક્ષ્મણને રાખ્યા. બધા સાવધાન થઈને લક્ષ્મણની સુરક્ષા કરી જ રહ્યાં હતાં કે ભામંડળે કોઈ અજનબીને આવતાં જોયો. તેને પૂછતાં ખબર પડી કે તેને રામને મળવું છે તથા તે લક્ષ્મણનાં જીવનનો ઉપાય બતાવી શકે છે. તેથી ભામંડળ તાત્કાલિક તે માણસને રામની પાસે લઈ ગયો.

રામને પોતાનો પરિચય આપતાં તેણે કહ્યું કે હું દેવગીત નગરનાં

રાજાનો પુત્ર છું. એક દિવસ હું આકાશમાર્ગે જઈ રહ્યો હતો ત્યારે સહસ્ત્રવિજય સાથે મારે યુદ્ધ થયું. તેણે મને ચંડરવા શક્તિથી બેહોશ કરી દીધો. હું અયોધ્યાનાં મહેન્દ્ર નામનાં ઉદ્યાનમાં બેહોશ અવસ્થામાં પડ્યો. મને ઉપરથી પડતો જોઈને ભરતરાજા ત્યાં આવ્યા. તેમણે મને ચંદનનો લેપ કર્યો જેનાથી તે શક્તિ નીકળી ગઈ અને હું પહેલાંના જેવો થઈ ગયો. આ પ્રમાણે ભરતે મને નવો જન્મ આપ્યો. રાજા ભરતને તે ચંદનનાં પાણીની ઉત્પત્તિ વિષે મેં પૂછ્યું તો તેમણે કહ્યું કે કેટલાંક સમય પહેલાં અમારે દેશમાં ઘણાં રોગ ફાટી નીકળ્યા હતા. કોઈ પણ ઉપાયથી એક પણ બીમારી મટતી ન હતી. પરંતુ રાજા દ્રોણમેઘ પ્રજા સહિત નિરોગ હતો. ત્યારે મેં (ભરતે) તેને બોલાવ્યો અને નિરોગ રહેવાનો ઉપાય કરવા કહ્યું. રાજા દ્રોણમેઘે સુગંધિત જળથી મને અને નગરને છંટકાવ કર્યો, જેનાથી બધી પ્રજા સ્વસ્થ થઈ.

સુગંધિત જળની ઉત્પત્તિ પૂછતાં રાજા દ્રોણમેઘે કહ્યું કે મારી વિશલ્યા નામની પુત્રી જ્યારે ગર્ભમાં આવેલી ત્યારે અનેક વ્યાધિઓથી યુક્ત મારો દેશ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો. અત્યારે પણ તેનાં સ્નાનનાં જળથી કોઈ પણ રોગ, જખમ દૂર થઈ જાય છે. તેના શરીરની સુગંધીથી આ જલ ખૂબ જ સુગંધિત છે. આ સુગંધિતજળ થોડી જ વારમાં બધાં રોગનો નાશ કરી શકે એમ છે. ભરતે રાજા દ્રોણને કહ્યું કે અવશ્ય જ આ તેની પૂર્વભવની કોઈ તપશ્ચર્યાનું ફળ છે.

લક્ષ્મણની શક્તિને દૂર કરવાનો ઉપાય મળતાં જ રામે હનુમાનને તથા અંગદ અને ભામંડળને અયોધ્યા મોકલ્યા. વિમાન દ્વારા તેઓ પલકારામાં જ અયોધ્યા પહોંચી ગયા. ત્યાં જઈને તેમણે ભરતને દુઃખની સાથે ક્રોધ પણ આવ્યો. તેથી તેમણે રણભેરી વગાડાવી.

અડધી રાત્રે રણભેરીનો અવાજ સાંભળીને અયોધ્યાવાસી ચોંકી ઉઠ્યા, ત્યાર બાદ શત્રુની સેના નજીક આવ્યાનું સમજીને યુદ્ધ માટે તૈયાર થઈને મહેલમાં આવવા લાગ્યાં.

હનુમાન વગેરે એ ભરતને સમજાવ્યા કે અહીંથી લંકા ઘણીજ દૂર છે, વચ્ચે સમુદ્ર પણ છે. તેથી સેના સહિત અહીંથી ત્યાં જવું મુશ્કેલ છે. અમને તો માત્ર વિશલ્યાનાં સ્નાનનું પાણી લાવી દો. તેથી ભરત બોલ્યાં કે તમે પાણીની શું

વાત કરો છો ? આખી ને આખી વિશલ્યાને જ લઈ જાઓ કેમકે મુનિરાજે કહેલું કે તે લક્ષ્મણની પત્ની થશે. તેથી રાજા દ્રોણમેધને પણ તેમાં કોઈ વાંધો નહીં આવે.

દ્રોણમેઘનાં રાજ્યમાં જઈને વિશલ્યા સહિત ૧૦૦૦ કન્યાઓની સાથે તેઓ આકાશમાર્ગે ઝડપથી લંકામાં સ્થિત પોતાની સેનાનાં પડાવ પર પહોંચ્યા.

જેમ – જેમ વિશલ્યા પડાવની નજીક આવતી ગઈ તેમ તેમ લક્ષ્મણનાં શરીરમાં આરામ થવા લાગ્યો અને એની નજીક પહોંચતાં જ તેજોપુંજ શક્તિ નીકળી ગઈ. તે ભાગતી શક્તિને હનુમાને પકડી લીધી ત્યારે તે શક્તિએ દિવ્યસ્ત્રીનું રૂપ ધારણ કરીને હનુમાનને કહ્યું કે આપ અમને છોડી દો. કેમકે આમાં અમારો કોઈ વાંક નથી. જે અમને સાધે છે, અમે તેને વશ થઈએ છીએ. હું અમોઘવિજયા નામની શક્તિ છું. જ્યારે દશાનને કૈલાશપર્વત પર ચૈત્યાલયમાં ભક્તિ કરેલી ત્યારે પોતાનાં હાથની નસ દ્વારા વીણા વગાડી હતી. ત્યારે ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું. ઘરણેન્દ્ર અત્યંત પ્રસન્ન થઈને દશાનને ના પાડી છતાં જબરદસ્તી મને તેમને પ્રદાન કરી. હું જેને લાગું છું તેનો જીવ લઈને જ નીકળું છું. હું પરાધીન છું. જે મને ચલાવે છે, હું તેના શત્રુનો નાશ કરું છું. આ સાંભળીને હનુમાને તેને છોડી દીધી.

વિશલ્યાએ રામને નમસ્કાર કર્યા, પછી એકાંતમાં લક્ષ્મણનાં આખાં શરીરે ચંદનનો લેપ કરી દીધો. જેનાથી ઊંઘીને ઊઠ્યાં હોય તેવી રીતે લક્ષ્મણ બેઠાં થયા. ઊઠતાં જ તેઓ બૂમ પાડવાં લાગ્યાં – કયાં છે દશાનન ? ક્યાં છે દશાનન ?

લક્ષ્મણનો અવાજ સાંભળીને રામ તેમની પાસે આવ્યા અને શક્તિ લાગવાથી માંડીને વિશલ્યાનાં આગમન સુધીનો બધો જ વૃતાંત સંભળાવતાં કહ્યું કે એની સાથે બીજી જે ૧૦૦૦ કન્યાઓ પણ આવેલી તેમણે ચંદનનો લેપ લગાવીને બધાંજ સૈનિકો તથા હાથી – ઘોડા વગેરેને પણ સ્વસ્થ કરી દીધાં છે.

પૂરી વાત સાંભળ્યા પછી લક્ષ્મણે વિશલ્યાને પ્રેમની નજરે જોઈ. એજ વખતે રાત્રે લક્ષ્મણ અને વિશલ્યાનાં લગ્ન થયાં.

આ બાજુ લંકામાં દશાનન વિચારી રહ્યા હતાં કે શક્તિ લાગવાથી

લક્ષ્મણ અવશ્ય મરી જશે. તેના લીધે ગુસ્સે ભરાયેલા રામનાં પક્ષના લોકોએ કેદી બનાવેલા મારા ભાઈ ભાનુકર્ણ તથા ઇન્દ્રજીત અને મેઘનાદ બંને પુત્રોને પણ ચોક્કસ મારી નાંખ્યા હશે. એમ વિચારીને તે મનમાં ને મનમાં ખૂબ જ દુ:ખી થઈ રહ્યો હતો. ત્યારે વિચારમગ્ન દશાનનની વિચારશૃંખલા ગુપ્તચરોનાં આવવાનાં સમાચારથી ભંગ થઈ. તેમનાં દ્વારા દશાનનને ખબર પડી કે લક્ષ્મણની શક્તિ નીકળી ગઈ છે અને વિશલ્યા સાથે લગ્ન પણ થઈ ગયાં છે.

દશાનને કહ્યું કે શક્તિ નીકળી ગઈ તો શું થયું ? તે મારાં બળની સામે કાંઈ જ નથી. પાછી મારીચિ આદિ મંત્રીઓએ સમજાવ્યું કે જો આપણે શત્રુઓને જીતી લઈએ તો પણ આપનાં ભાઈ તથા પુત્રોનો વિનાશ અવશ્ય જ થઈ જશે. તેથી તમારે સીતાને પાછી સોંપીને સંધિ કરી લેવી જોઈએ. ત્યારે કંઈક વિચારીને દશાનને પોતાનો દૂત રામ પાસે મોકલ્યો.

દશાનનનો સંદેશ રામને સંભળાવતાં દૂતે કહ્યું કે મારાં સ્વામી દશાનન કહે છે કે મને યુદ્ધથી કોઈ જ પ્રયોજન નથી. કેમકે યુદ્ધમાં અભિમાન કરવાવાળા ઘણાં મનુષ્ય નષ્ટ થઈ ગયાં. યુદ્ધથી તો માત્ર જીવોની હિંસા જ થાય છે. જો યુદ્ધમાં અસફળતા મળે તો સૌથી મોટો દોષ છે અને સફળતા મળે તો અનેક અપવાદોપૂર્વક મળે છે. કાર્યની સિદ્ધિતો પ્રેમભાવ વધારવાથી જ થાય છે. તેથી અમારી સાથે પ્રેમ વધારવો એ જ આપનાં માટે અત્યંત હિતકારી છે. યુદ્ધમાં દેવને પણ ડરાવનારા, ઇન્દ્રને જીતવાવાળો હું દશાનન તમને વિદ્યાધરો સહિત સમુદ્ર સુધીનું સંપૂર્ણ પૃથ્વી તથા લંકાનું અડધું રાજ્ય આપું છું. તમે મારા ભાઈ તથા પુત્રોને પાછાં મોકલો તથા સીતા મને સોંપો. તેનાથી તમારું જ કલ્યાણ થશે. જો તમે એમ નથી કરતાં તો સીતા તો અમારી પાસે છે જ તથા યુદ્ધમાં બાંધેલાં ભાઈ તથા પુત્રોને પણ હું બળજબરીથી છોડાવી લઈશ.

જવાબ આપતાં રામે કહ્યું કે મને રાજયનો કોઈ જ લોભ નથી કે નથી અન્ય કોઈ સ્ત્રીઓથી. જો તમે મારી સીતાને પાછી સોંપો છો તો હું પણ તમારા ભાઈ અને પુત્રોને પાછાં મોકલું છું. આખી પૃથ્વીનો ઉપભોગ તમે જ કરો. જો તમે પરસ્ત્રી માટે મરવા તૈયાર થયા છો તો હું મારી સ્ત્રી માટે કેમ પ્રયત્ન ન કરું

? સીતા વિના મને ઇન્દ્રનાં ભોગ પણ જોઈતાં નથી.

દૂતે કહ્યું કે આપ સીતાની આશા તો છોડી જ દો કેમકે જો દશાનનને ગુસ્સો આવ્યો તો સીતાની તો શી વાત, આપનું જીવન પણ નહીં રહે.

આ સાંભળીને ગુસ્સે થયેલા ભામંડળ દૂતને મારવા દોડ્યાં. લક્ષ્મણે તેમને સમજાવીને રોક્યા. પરંતુ સુગ્રીવાદિ બધાંએ તેનો તિરસ્કાર કર્યો ત્યારે તે દૂત પોતાનો જીવ બચાવીને ભાગ્યો અને દશાનન પાસે પહોંચ્યો.

દૂતે કહ્યું કે મેં આપનો સંદેશ રામને આપ્યો ત્યારે તેમણે કહ્યું કે મને સીતા સિવાય બીજું કંઈ જ ન જોઈએ. તેમણે અનુચરો દ્વારા મારું ખૂબ અપમાન કર્યું. ભામંડળ તો મારવા જ માંડેલા પરંતુ લક્ષ્મણ વચ્ચે પડવાથી હું જેમ તેમ કરીને મારો જીવ બચાવીને ભાગ્યો છું.

ભાઈ તથા પુત્રોને જીવતાં પાછાં લાવવા માંગતાં દશાનને ઘણું વિચારીને બહુરૂપિણી વિદ્યા સિધ્ધ કરવાનો નિર્ણય કર્યો તથા શ્રી શાંતિનાથ મંદિરને જલ્દીથી શણગારવાનો આદેશ આપ્યો.

ત્યારે અષ્ટાહિનકા મહાપર્વ શરૂ થયું. બધાં લંકાવાસીઓએ વ્રત-નિયમ ધારણ કર્યા, ત્યારે યુદ્ધથી નિશ્ચિંત થઈને બધા ધર્મધ્યાનમાં સમય પસાર કરવા લાગ્યાં. જ્યારે દશાનન શ્રીશાંતિનાથ ભગવાનનાં મંદિરમાં વિદ્યા સાધવા માટે જવા લાગ્યા ત્યારે મંદોદરીને આદેશ આપવા ગયા કે જ્યાં સુધી હું વિદ્યા સિધ્ધ ન કરી લઉં ત્યાં સુધી સમસ્ત પ્રજા જિનેંદ્રપૂજા કરે, અષ્ટાહિનકા મહાપર્વ ચાલુ છે. બધા દયાભાવ રાખે. જ્યાં સુધી મારો નિયમ પૂરો થતો નથી ત્યાં સુધી બધા શાંતિપૂર્વક રહે. કોઈ એક–બીજાને તકલીફ ન પહોંચાડે. જો કોઈ ઉપદ્રવ પણ કરે તો એને દંડ ન દેતા, એની પર ક્રોધ ન કરતાં. જે ક્રોધ કરશે એને હું મારી નાંખીશ.

દશાનને મંદિરમાં જઈને સૌપ્રથમ મહાપૂજા કરી. રામની સેનાએ જ્યારે સાંભળ્યું કે દશાનન ૨૪ દિવસમાં સિધ્ધ થવાવાળી, દેવતાઓનાં અભિમાનનો પણ નાશ કરવાવાળી બહુરુપિણી વિદ્યા સિધ્ધ કરવા ગયો છે ત્યારે તેમણે રામ પાસે જઈને કહ્યું કે અત્યારે આપણે લંકા જીતી શકીએ છીએ. નહીંતર વિદ્યા સિધ્ધ થઈ જશે તો દશાનન અજેય બની જશે, એને કોઈ જીતી

નહીં શકે.

રામે કહ્યું – ના, આ યોગ્ય નથી. તે નિયમધારી છે, મંદિરમાં શાંતિથી બેઠો છે, અને આપણે તેની પર આક્રમણ કેવી રીતે કરી શકીએ ?

બધા વાનરવંશી વિદ્યાધર રામથી છૂપાઈને લંકામાં ઉપદ્રવ કરવા લાગ્યા. બધી પ્રજાને દુ:ખી જોઈને રાજા મય તેનો પ્રતિકાર કરવા માટે નીકળ્યા તો મંદોદરીએ તેમને રોકી લીધા અને કહ્યું કે સ્વામીની આજ્ઞા છે કે આ દિવસોમાં ધર્મધ્યાન જ કરો. જો તમે બીજું કાંઈ કરશો તો તેમની આજ્ઞા ભંગ થશે અને ક્રોધનાં પાત્ર તમે બનશો. મંદોદરીનાં આ પ્રમાણેનાં વચનથી રાજા મય રોકાઈ ગયા.

કપિકુમારોનાં ઉપદ્રવથી લંકાની પ્રજામાં હાહાકાર મચી ગયો હતો. બધા આજુ – બાજુ મદદ માટે દોડી રહ્યા હતા. સ્ત્રીઓ રડી રહી હતી, બાળકો ચિચિયારીઓ પાડી રહ્યાં હતા. આ જોઈને શ્રીશાંતિનાથ મંદિરનાં સેવક પૂર્ણભદ્ર તથા મણિભદ્ર નામનાં દેવોએ કપિકુમારનાં ઉપદ્રવથી જનતાને બચાવી તથા રામ પાસે જઈને બોલ્યા કે નીતિપ્રિય રામ તમે અનીતિ કેમ કરી રહ્યાં છો ?

ત્યારે સુગ્રીવે કહ્યું કે તમે અન્યાયીનો પક્ષ કેવી રીતે લો છો ? તે બહુરૂપિણી વિદ્યા સિધ્ધ કરી રહ્યો છે. જો તે સિધ્ધ થઈ ગઈ તો તેની સામે કોઈ ટકી નહીં શકે. તેથી અમે તેને વિદ્યા સિધ્ધ ન થાય એવો પ્રયત્ન કરી રહ્યાં છીએ.

દેવોએ કહ્યું કે વિદ્યા સાધવામાં તમારે વિઘ્ન કરવું હોય તો કરો પરંતુ લંકાની પ્રજાને જરા પણ તકલીફ ન પડવી જોઈએ. અને તમે કોઈ દશાનનનાં શરીરને અડશો પણ નહીં. દૂરથી જે કાંઈ પણ કરવું હોય તે કરો, પરંતુ દ્રઢ પ્રતિજ્ઞાધારી દશાનનમાં ક્રોધ પેદા કરવો મુશ્કેલ છે.

દેવોની વાત સમજીને સુગ્રીવનો પુત્ર અંગદ શ્રી શાંતિનાથનાં મંદિરમાં પ્રવેશ કરવા લાગ્યો. પરંતુ તેને મંદિરનો રસ્તો જ ખબર ન પડ્યો. મંદિર સ્ફટિક મણિનું બનેલું હતું. તે મંદિરમાં રત્નોની માનવ તથા પશુઓની મૂર્તિઓ બનેલી હતી. જેઓ તેને વાસ્તવિક સમજવા લાગતાં તેઓ તો પશુથી ડરી જતાં. મનુષ્યને આગળનો રસ્તો પૂછતાં. કેટલાંક રસ્તાનાં ભ્રમથી દિવાલ સાથે

અથડાતાં. ઘણાં સમય પછી એક જીવતો માણસ મંદિરમાં પ્રવેશતો જોઈને અંગદ પોતાનાં સિપાઈઓ સાથે તેની મદદ કરવા માટે અંદર ગયા. અંદર જઈને દશાનનનું દયાન વિચલિત કરવા માટે તેમણે ઘણાં પ્રયત્ન કર્યા. રાણીઓને રડતી બતાવી, મંદોદરીને ખૂબ જ મુશ્કેલીમાં બતાવી, પરંતુ દશાનન જરા પણ વિચલિત ન થયાં. જ્યારે અંગદ આદિ મંદોદરીને પરેશાન કરી રહ્યાં હતાં ત્યારે દશે દિશાને પ્રકાશતી બહુરૂપિણી વિદ્યા દશાનનની સામે આવીને બોલી કે હે નાથ ! હું આપને સિધ્ધ થઈ ગઈ છું. હું આપની આજ્ઞાનું પાલન કરવા માટે તૈયાર છું. હું એક ચક્રધારી સિવાય બધાને વશમાં કરી શકું છું. કહો, આજે કોનો સંહાર કરવાનો છે ?

જયાં સુધીમાં દશાનને ઊઠીને જિનેન્દ્ર પ્રતિમાની પ્રદક્ષિણા કરી ત્યાં સુધીમાં તો અંગદ આદિ બધા સૈનિકો છાવણીમાં ભાગી ગયા.

રાણીવાસમાં પહોંચતાં જ મંદોદરીએ દશાનનને કપિકુમારો વિષે બતાવ્યું. દશાનને બધાંને સાંત્વના આપી. સ્નાનાદિ કરીને ભોજન કર્યું. પછી બહુરૂપિણી વિદ્યાની પરીક્ષા કરી. લંકાની સુરક્ષા માટે માયામઈ કોટ બનાવ્યો અને બીજા દિવસનાં યુદ્ધની યોજના વિચારતાં – વિચારતાં તેઓ સૂઈ ગયાં.

# પંદરમો દિવસ

આજનું યુદ્ધ બંને બાજુની સેનાઓ માટે મહત્વપૂર્ણ હતું. બધાંને એવું લાગતું હતું કે આજનું યુદ્ધ નિર્ણાયક યુદ્ધ બની રહેશે. બહુરૂપિણી વિદ્યા સહિત ચક્રધારી દશાનનની જીતમાં આજે કોઈને શંકા ન હતી, વાનરવંશી સેનાએ વિચારી લીધું હતું કે હવે આવતી કાલનો સૂર્યોદય અમે નહીં જોઈ શકીએ. તથા રાક્ષસવંશી સેનાએ તો પોતાને વિજયી માની જ લીધા હતા.

યુદ્ધમાં જતાં પૂર્વે દશાનન સીતાને મળવા માટે ગયા તો પતિ તથા દિયરનાં જીવન વિષે શંકાશીલ સીતાએ દશાનનને કહ્યું કે આપની શક્તિનો કોઈ સામનો નહીં કરી શકે. તેથી જ્યારે રામ તમારી સામે આવે તો એમને મારતાં પહેલાં મારો આ સંદેશ ચોક્કસ કહેજો કે ભામંડલની બહેન સીતા માત્ર તમારાં દર્શન થવા સુધી જ જીવિત છે – એટલું કહેતાં-કહેતાં સીતા બેહોશ થઈ ગઈ.

સીતાની આ દશા જોઈને દશાનન ઘણાં દુઃખી થયા. તેમનું હૃદય પરિવર્તન થઈ ગયું. તેઓ વિચારવા લાગ્યાં કે મેં આવા પ્રેમાળ યુગલ દંપતીને વિખૂટાં પાડી દીધા. મને ધિક્કાર છે ! આ તો માત્ર રામમાં જ અનુરાગિણી છે. અત્યાર સુધી એ મને સારી લાગતી હતી પરંતુ બીજા પર આસક્ત હૃદયવાળી હોવાથી તે મને ઝેર સમાન લાગે છે. હવે હું શું કરું ? જો દયા કરીને રામ પાસે મોકલું છું તો લોકો મને અસમર્થ માનશે. અને યુદ્ધ કરું છું તો વ્યર્થમાં જ ઘણી હિંસા થશે. છેવટે તેમણે નિર્ણય લીધો કે ન્યાયમાર્ગી રામ – લક્ષ્મને જીવતાં જ પકડી લઉં તથા તેમને ધનસંપત્તિ સહિત સીતાને પાછી આપું જેમાં મારો યશ થશે પરંતુ સુગ્રીવાદિ વાનરવંશીઓને તો હું નહીં છોડું કેમકે તેઓ અન્યાયમાર્ગી છે. હું ધરતી પરથી બધાં જ ક્ષુદ્ર ભૂમિગોચરીઓને હટાવીને પ્રશંસનીય વિદ્યાધરોનો વસવાટ કરાવીશ જેથી બધા તીર્થંકર, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર અમારા વંશમાં જ જન્મ લે.

દશાનનનાં આંતરિક મનથી અજાણ મંદોદરી તેમને સીતાથી વિરક્ત કરાવવાના ઉપાયોમાં પ્રયત્નશીલ હતી. મંત્રીઓથી મંત્રણા કરીને તે યુદ્ધ માટે

તૈયાર થયેલા પતિની પાસે ગઈ.

સીતાથી વિરક્ત થયેલું દશાનનનું હૃદય, મંદોદરીને જોઈને પ્રેમથી ભરાઈ ગયું. પતિને પ્રસન્નચિત્ત જોઈને મંદોદરીએ આ જ યોગ્ય મોકો છે એમ જાણીને કહ્યું કે હે સ્વામી ! આપ આ ભૂમિગોચરી સ્ત્રી પ્રત્યે કેમ આસક્ત છો ? શું તે મારાથી પણ વધારે સુંદર છે ? તમે કહો તો હું પણ એના જેવું રૂપ બનાવી લઉં ? દશાનને કહ્યું કે તું મને આવી જ નિખાલસ સુંદર લાગે છે તો પછી અન્યરૂપ ધારણ કરવાની શું જરૂરત છે ? તારા રહેતાં મને અન્ય કોઈ સ્ત્રીથી કોઈ જ પ્રયોજન નથી.

પતિનાં આવાં વચન સાંભળીને મંદોદરીએ તરત જ કહ્યું કે હું હમણાં જ સીતાને પાછી મોકલું છું અને ભાનુકર્ણ, ઇંદ્રજીત અને મેઘનાદને છોડાવીને લાવું છું.

આટલું સાંભળતાં જ દશાનન ગુસ્સે થયા. તેઓ કહેવા લાગ્યાં કે રાજા મયની પુત્રી અને સમ્રાટ દશાનનની પટરાણીમાં આવી કાયરતા ક્યાંથી આવી ? બહુરૂપિણી વિદ્યાથી યુક્ત મારા વિજય સંબંધી આજે તો દુશ્મનની પત્ની સીતા પણ નિઃશંક છે તો પછી તું કેમ શંકા કરે છે ?

મંદોદરી બોલી – આજે સવારથી જ મારું મન ઉદ્વિગ્ન છે, ચિત્ત અશાંત છે. અપશુકન પણ ઘણાં થઈ રહ્યાં છે. નિમિત્તજ્ઞાનીઓએ પણ આપનું મરણ જનકની પુત્રી તથા દશરથનાં પુત્રનાં નિમિત્તથી જ બતાવ્યું છે. સીતા જનકની પુત્રી છે. અને રામ – લક્ષ્મણ દશરથનાં પુત્ર છે. લક્ષ્મણે કોટિશિલા પણ ઉઠાવી લીધી હતી. શાસ્ત્રમાં બલભદ્ર અને નારાયણ વિષે આવે જ છે. લાગે છે કે બંને ભાઈઓ બલભદ્ર અને નારાયણ છે અને આપ તો પ્રતિનારાયણ છો જ. એ તો આપ જાણો જ છો કે પ્રતિનારાયણ નારાયણનાં હાથે જ મરાય છે. તેથી મારું હૃદય આશંકાથી ઘેરાયેલું છે. દશાનનને કહ્યું – નારાયણ નામ રાખવાથી કોઈ નારાયણ થઈ જતું નથી. હું મારી તાકાતથી યુદ્ધમાં જીતીને મારા ભાઈ તથા પુત્રોને છોડાવીને લાવીશ.

**જીવનમાં સત્યને સમજવું તથા સ્વીકાર કરવું કઠિન નથી પરંતુ એ જ સત્યને કોઈને કહેવું ઘણું કઠિન છે.** દશાનનની પણ આ જ હાલત હતી.

સીતા એની થઈ નહીં શકે એ સત્યને તેમણે ખૂબજ સારી રીતે જાણી લીધું હતું, તેઓ સીતા રામને પાછી સોંપવા પણ માંગતા હતા. પરંતુ તેઓ એ વાતને બધાની સામે સ્વીકાર ન કરી શક્યા.

તેમને રામ સાથે યુદ્ધમાં જીતીને સીતા પાછી સોંપવી મંજૂર હતી પરંતુ હારીને નહીં. સમાધાન કરવામાં તેઓ પોતાની હાર માનતા હતા. અને તેથીજ પટરાણી મંદોદરીનાં સંધિના પ્રસ્તાવથી તેઓ ભડકી ઊઠ્યા અને યુદ્ધ માટે ચાલી નીકળ્યા.

દશાનન બહુરૂપિણી વિદ્યાથી નિર્મિત એન્દ્ર નામનાં રથમાં બેસીને યુદ્ધનાં મેદાનમાં પહોંચ્યા. વિશાળકાય રથ દૂરથી પર્વતનો ભ્રમ ઉત્પન્ન કરતો હતો. તેથી આશ્ચર્યચકિત રામે પોતાનાં સૈનિકોને પૂછ્યું કે આ સોનાનાં શિખરોથી શોભાયમાન અતિ તેજસ્વી કયો પર્વત છે ?

જાંબુનંદે કહ્યું કે – સ્વામી ! આ પર્વત નથી, પરંતુ બહુરૂપિણી વિદ્યાથી બનાવવામાં આવેલો રથ છે કે જે અનેકનાં મૃત્યુનું કારણ છે.

પોતાની સેનાને ડરેલી જોઈને લક્ષ્મણે પોતાનાં રથમાં બેસીને દશાનન તરફ ગતિ વધારી. રાજા મય સાથે યુદ્ધ કરવા લાગ્યા અને જલ્દીમાં જ તેઓ હનુમાનનાં પ્રહારથી રથ વિનાનાં થઈ ગયા. આ જોઈને દશાનને બહુરૂપિણી વિદ્યાથી રથ બનાવીને રાજા મયની પાસે મોકલ્યો. એની પર સવાર થઈને રાજા મયે હનુમાનને હંફાવી દીધા. હનુમાનને હારતાં જોઈને ભામંડલ તેની મદદ માટે આવ્યા. પરંતુ રાજા મયની સામે તેઓ લાંબો સમય ટકી ન શક્યા. અને સુગ્રીવ તેની મદદ માટે આવ્યા. સુગ્રીવ હારતાં વિભીષણ આવ્યા. વિભીષણથી પણ રાજા મયનો મુકાબલો કઠિન લાગવા માંડ્યો ત્યારે રામ સ્વયં આગળ વધ્યા. રામનાં બાણથી રાજા મયને હારતાં જોઈને દશાનન તેમની મદદ કરવા માટે આગળ વધ્યા તો લક્ષ્મણે વચ્ચે જ તેને રોકતાં કહ્યું કે હે વિદ્યાધર ! ક્યાં જાય છે ? આજે મારો તારાથી મુકાબલો શરૂ થયો છે : ચોર, પાપી ! તું હવે કયાં ભાગીશ ? જો તારામાં બળ છે તો મારી સાથે યુદ્ધ કર.

દશાનને ગુસ્સે થઈને લક્ષ્મણ પર આગ્નેય અસ્ત્ર છોડ્યું, લક્ષ્મણે તેને વરુણાસ્ત્ર દ્વારા વચ્ચે જ રોકી લીધું. લક્ષ્મણે દશાનન પર પાપબાણ ચલાવ્યું

તેને દશાનને ધર્મબાણથી રોક્યું.

આ પ્રમાણે લક્ષ્મણે દશાનન પર મેઘબાણ, ઈંધનબાણ, તિમિરબાણ, નાગબાણ તથા સર્પબાણ ચલાવ્યા જેનો દશાનને પવનબાણ, અગ્નિબાણ, સૂર્યબાણ, વરુણબાણ તથા મયુરબાણથી સામનો કર્યો. આ પ્રમાણે દશાનને લક્ષ્મણ પર જુદાં જુદાં અસ્ત્ર છોડ્યાં જેને લક્ષ્મણે રોકી લીધાં. પરંતુ જ્યારે દશાનને લક્ષ્મણ પર વિઘ્નબાણ ચલાવ્યું તો તેનો સામનો સિધ્ધબાણથી થાય એ વાત લક્ષ્મને યાદ ન આવી. તેથી લક્ષ્મણ વજદંડ આદિ ઘણાં શસ્ત્રોથી યુદ્ધ કરવા લાગ્યાં. આ પ્રમાણે ૧૦ દિવસ સુધી બંને વચ્ચે ભયાનક યુદ્ધ ચાલુ થયું.

દશાનન તથા લક્ષ્મણનાં આ યુદ્ધને ચંદ્રવર્ધન નામના વિદ્યાધરની ૮ પુત્રીઓ વિમાનમાં બેઠાં બેઠાં આકાશમાંથી જોઈ રહી હતી. લક્ષ્મણ સાથે લગ્ન કરવા માટે તૈયાર તેઓ એકબીજા સાથે વાત કરી રહ્યાં હતાં ; જેનાથી લક્ષ્મણનું ધ્યાન ઉપર ગયું. લક્ષ્મણને પોતાની સામે જોતાં જોઈને તેઓ બોલી – હે સ્વામી ! આપનું કામ સર્વથા સિધ્ધ થાય. આ સાંભળીને લક્ષ્મણને વિઘ્નબાણનો સામનો સિધ્ધબાણથી કરવાનું યાદ આવી ગયું, જે ચલાવીને તેઓ ઘણી ઝડપથી દશાનન સાથે યુદ્ધ કરવા માંડ્યા. દશાનન બહુરૂપિણી વિદ્યાથી પોતાનાં ઘણાં માથાં બનાવતો જતો હતો, લક્ષ્મણ પોતાનાં બાણથી તેને વીંધતા જતાં હતા. આ પ્રમાણે બહુરૂપિણી વિદ્યાનાં બળથી દશાનને લક્ષ્મણ સાથે મહાયુદ્ધ કર્યું પરંતુ લક્ષ્મણને એ બધાંનું ખંડન કરતાં જોઈને તથા અન્ય અસ્ત્ર – શસ્ત્રો લક્ષ્મણની સામે અસફળ થતાં જોઈને દશાનને ચક્રરત્નનું ચિંતવન કર્યું. સૂર્યના તેજને પણ ઢાંકી દે એવા ચક્રરત્નને જ્યારે દશાનને લક્ષ્મણ પર ચલાવ્યું તો રામ, સુગ્રીવ, ભામંડલ, વિભીષણ, હનુમાન વગેરે યોદ્ધાઓ ક્રમશ : વજાવર્ત ધનુષ, હળ, ગદા, તલવાર, ત્રિશૂળ, ઉલ્કા વગેરે પોતપોતાનાં અસ્ત્ર લઈને ચક્રને રોકવાનો પ્રયત્ન કરવાં લાગ્યાં પરંતુ તેમાં કોઈ સફળ ન થયું. એ ચક્ર સીધું લક્ષ્મણ તરફ આગળ વધતું ગયું અને તેમની ત્રણ પ્રદક્ષિણા કરીને તેમનાં હાથમાં આવીને રોકાઈ ગયું.

લક્ષ્મણનાં હાથમાં ચક્રરત્ન જોઈને સુગ્રીવાદિ બધાં જ ખૂબ જ રાજી થયાં. લક્ષ્મણ પ્રત્યે નિશ્ચિંત રામે રાજા મયને શીઘ્રતાથી પકડી લીધા.

દશાનન મનમાં વિચારે છે કે અનંતવીર્ય કેવલીએ સત્ય જ કહ્યું હતું. આ લક્ષ્મણ ૮ મા નારાયણ છે. જેનું છત્ર જોઈને વિદ્યાધર રાજા ભયભીત થઈ જતાં હતાં, ત્રણ ખંડની પૃથ્વી દાસીની જેમ જેની આજ્ઞામાં હતી, તેવો હું આજે એક ભૂમિગોચરી રાજાથી પરાજિત થઈને કેવી રીતે જીવી શકીશ ? **આ રાજ્યલક્ષ્મી તો ચંચળ છે, વિનાશી છે. મેં વ્યર્થમાં જ મોહવશ તેની રક્ષામાં પોતાનો સમય બરબાદ કર્યો.**

દશાનનની વિચાર શૃંખલા લક્ષ્મણની ગર્જનાથી ભંગ થઈ. લક્ષ્મણ કહી રહ્યાં હતાં કે હજી પણ જો તમે રામની આધીનતા સ્વીકારશો તો એવું ને એવું જ તમને તમારું રાજ્ય પાછું આપી દેવામાં આવશે.

લક્ષ્મણનાં હાથમાં ચક્ર આવી જવાથી દશાનનને પોતાનું મૃત્યુ નિશ્ચિંત લાગ્યું, **પરંતુ તેમને ઇજ્જતવાળું મૃત્યુ પસંદ હતું, અપમાનિત જીવન નહીં.** તેથી તેમણે રામની ગુલામી સ્વીકારવાની અપેક્ષા યુદ્ધ કરવું જ સ્વીકાર્યું.

દશાનન દ્વારા રામની શરણાગતિ ન સ્વીકારવાથી લક્ષ્મણે દશાનન પર ચક્ર ચલાવ્યું જેને દશાનને ચંદ્રહાસ ખડગ આદિ અસ્ત્ર દ્વારા રોકવાનો પ્રયાસ કર્યો ; પરંતુ તે કોઈ અસ્ત્ર ન રોકી શક્યા અને સીધું જ દશાનનની આરપાર નીકળી ગયું.

**જે વ્યક્તિનું મૃત્યુ જે સમયે, જે નિમિત્તે થવાનું હોય છે તે એ જ સમયે તે જ નિમિત્તથી થાય છે.** મૃત્યુ પોતાનાં મુશ્કેલીરૂપી હાથ ફેલાવીને કોઈને કોઈ બહાને પોતાનાં શિકારીને પકડી જ લે છે. શત્રુનાં નાશ માટે પ્રાપ્ત કરવામાં આવેલી શ્રમસાધ્ય શક્તિઓ પણ સમય આવ્યે પોતાનાં જ વિનાશનું કારણ બની જાય છે.

દશાનનની સાથે પણ આ જ થયું. દશાનન દ્વારા લક્ષ્મણ પર ચલાવાયેલું ચક્રરત્ન જ તેનાં મૃત્યુનું કારણ બન્યું.

# સોળમો દિવસ

દશાનનનું મૃત શરીર દેખીને વિભીષણ બેહોશ થઈ ગયા. હોશમાં આવતાં જ પોતાનાં પ્રાણ તજવા તૈયાર થયા તો રામે તેમને મહામુશ્કેલીથી સમજાવ્યા.

નીતિ – ન્યાયની વાત પર ભાઈને ભાઈથી વિરોધ અવશ્ય થઈ ગયો હતો પરંતુ વિભીષણનાં હૃદયમાં રાવણ પ્રત્યે પ્રેમ હજી પણ વિદ્યમાન હતો. થોડીવાર પહેલાં તો જે ભાઈ બીજા ભાઈ પર આક્રમણ કરવા તૈયાર હતો તે જ હવે તેનું મૃત્યુ જીરવી ન શક્યો. રાગની વિચિત્રતા જ એવી છે કે તે ક્યારે કયું રૂપ લે, કહી શકાતું નથી.

દશાનનનાં અગ્નિસંસ્કાર પહેલાં જ ભાનુકર્ણ, ઇંદ્રજીત અને મેઘનાદને છોડી દેવામાં આવ્યા. આ સાંભળીને ભામંડલ હેરાન હતાં. તેઓ વિચારી રહ્યાં હતાં કે વિભીષણ ભાઈનાં મૃત્યુનો આઘાત સહન કરી શક્યાં નથી અને વળી જો ભાભીઓને રોકકળ કરતાં જુએ તથા ભાનુકર્ણાદિની દુર્દશા જોઈને જો તેમનું મન ડગ્યું તો તેઓ વિદ્રોહ કરશે અને ત્યારે કોઈનાથી પણ માનશે નહીં. બંધનથી છૂટેલાં ભાનુકર્ણ, ઇંદ્રજીત તથા મેઘનાદનો પણ ભરોસો નથી. તેથી ઘણું વિચાર્યા પછી મંત્રીઓ સાથે વિચારણા કરીને સિપાઈઓને તેમની નજર રાખવાનું કહ્યું.

રામની આજ્ઞા પ્રમાણે દશાનનનો તેમનાં કુટુંબીજનોની હાજરીમાં યોગ્ય સન્માનપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો.

અગ્નિસંસ્કાર પછી જ્યારે બધાં શાંત થઈ ગયા ત્યારે લક્ષ્મણે ભાનુકર્ણાદિને કહ્યું કે તમે પહેલાંની જેમજ ભોગોપભોગમાં આનંદથી જીવન વીતાવો. આ સાંભળીને ભાનુકર્ણ, ઇંદ્રજીત તથા મેઘનાદે કહ્યું કે મહાદુ:ખને આપનારાં આ ભોગથી હવે અમને કોઈ જ પ્રયોજન નથી. અમે બંધન અવસ્થામાં જ પ્રતિજ્ઞા કરેલી કે જો અમને બંધનથી છૂટકારો મળશે તો અમે નિગ્રંથ સાધુ થઈને પાણિપાત્રમાં જ આહાર લઈશું. તેથી બંધનમુક્ત થયેલાં અમે હવે મુક્તિરૂપી સુંદરીને વરવા માટે કાલે સવારે જ મોક્ષમાર્ગનાં સાધક

દિગંબર મુનિરાજનાં સાનિધ્યમાં દીક્ષા લઈ લઈશું.

રામ – લક્ષ્મણે તેમને ઘણું સમજાવ્યા, થોડાં દિવસ રાજ્ય ભોગવવાની સલાહ આપી, પરંતુ તેઓને તેમનાં નિર્ણયથી કોઈ ડગાવી ન શક્યા.

એ પછી બધાં પોતપોતાનાં સૈન્યોનાં સમૂહમાં પાછાં ફર્યા.

એ જ દિવસે અંતિમ પ્રહરમાં લંકાનાં કુસુમાયુધ ઉદ્યાનમાં મહાસંઘની સાથે અતિવીર્ય નામનાં મુનિરાજ પધાર્યા. જો દશાનનનાં જીવતાં જ મહામુનિ લંકામાં આવત તો દશાનનનું આ પ્રમાણે મૃત્યુ ન થાત. દશાનન અને લક્ષ્મણમાં અત્યંત પ્રેમ થઈ જાત કેમકે જે દેશમાં ઋધ્ધિધારી મુનિરાજ તથા કેવલી રહે છે, ત્યાં ૨૦૦ યોજન સુધીની ધરતી સર્વ ઉપદ્રવથી રહિત થઈ જાય છે અને ત્યાંના રાજાઓનો વેરભાવ પણ દૂર થઈ જાય છે.

નિર્મલ શિલા પર ધ્યાનમગ્ન અતિવીર્ય મુનિરાજને રાત્રે જ કેવલજ્ઞાન થઈ ગયું.

એ સમયે ચારેય પ્રકારનાં દેવ ધાતકીખંડ દ્વીપમાં ઉત્પન્ન થયેલાં કોઈ તીર્થંકરનો જન્મકલ્યાણ મહોત્સવ મનાવીને પાછાં ફરી રહ્યાં હતાં અને અહીં રસ્તામાં અતિવીર્ય મુનિરાજનો કેવલજ્ઞાન કલ્યાણક જોઈને ત્યાં જ રોકાઈ ગયા. દેવોનાં વિમાનોમાં લાગેલાં રત્નોની જ્યોતિથી અડધી રાત્રે પણ અજવાળું પથરાઈ ગયું. દેવોએ પ્રસન્ન થઈને દુંદુભી વગાડી. જે સાંભળીને શત્રુની આશંકાથી રામ – લક્ષ્મણ ચિંતામાં પડી ગયા. પરંતુ જ્યારે તેમને અતિવીર્ય મુનિનાં કેવલજ્ઞાનની સૂચના મળી તો તેઓ પ્રસન્નચિત્તે બધાં જ વાનરવંશી તેમજ રાક્ષસવંશીઓની સાથે તેમનાં દર્શન કરવા ગયા.

કેવલીનો ઉપદેશ સાંભળીને વિરક્તચિત્ત ભાનુકર્ણ, ઇંદ્રજીત, મેઘનાદ, મંદોદરીનાં પિતા રાજા મય આદિ રાજાઓએ જૈનેશ્વરી દિગંબરી દીક્ષા લઈ લીધી. ભાનુકર્ણ, ઇંદ્રજીત, મેઘનાદે પોતાનાં ઉગ્રતપ દ્વારા કેટલાંક દિવસમાં જ મુક્તિરમાનું વરણ કરી લીધું. મંદોદરીનાં પિતા રાજા મય ચારણમુનિ થઈને અઢી દ્વીપમાં કૈલાશ આદિ પર્વત પર સ્થિત ચૈત્યાલયની વંદના કરીને તથા તપ કરીને કેટલાંક દિવસો પછી ઉત્કૃષ્ટ શુદ્ધોપયોગની અવસ્થામાં આ શરીરનો ત્યાગ કરીને ઈશાન સ્વર્ગમાં ઉત્કૃષ્ટ દેવ થયા.

પિતા, પુત્ર, પતિ – એ ત્રણ જ સ્ત્રીઓની રક્ષા માટે નિમિત્ત છે. પતિનાં સ્વર્ગવાસ પછી હવે પિતા તથા પુત્ર પણ દીક્ષા લીધી એ સાંભળીને અત્યંત દુ:ખી મંદોદરી રૂદન કરતી વારંવાર બેહોશ થઈ જતી. હોશમાં આવતાં ફરીથી વિલાપ કરવા લાગતી. આ જોઈને શશિકાંતા નામની આર્યિકાએ તેમને સમજાવ્યું કે સંસારમાં જે જન્મે છે તે અવશ્ય મૃત્યુ પામે છે. આ સંસારમાં ભ્રમણ કરતાં – કરતાં કોણ જાણે કેટલાંય પુત્ર, પિતા તથા પતિ થયાં, પરંતુ બધા છેવટે એક ને એક દિવસે છોડીને ચાલ્યાં ગયા. અને તેમનાં વિયોગમાં દુ:ખી થઈને આપણે આપણો અનંત સંસાર જ વધાર્યો છે. હવે સૌભાગ્યથી તમને મનુષ્યભવ તથા ઉચ્ચકુળ પ્રાપ્ત થયું છે. તેથી એવું કાર્ય કરવું જોઈએ કે ફરીથી સંસારમાં ન આવવું પડે, ચારગતિમાં ન ભટકવું પડે. પિતા અને પુત્રનાં વિયોગમાં દુ:ખી થવાની જગ્યાએ તમે પણ એમનાં માર્ગે જ આગળ વધો. આ રીતે સુંદર ઉદબોધન મળવાથી સ્વસ્થચિત્ત થયેલી મંદોદરીએ વિરકત હૃદયે ચંદ્રનખાની સાથે આર્યિકાવ્રત ધારણ કર્યું.

બીજા દિવસે રામ – લક્ષ્મણે વિભીષણ, સુગ્રીવાદિ બધા રાજાઓની સાથે લંકામાં પ્રવેશ કર્યા. તેમને ઝરોખામાંથી જોઈને લંકાના નગરવાસીઓ તેમનાં રૂપ પર મુગ્ધ થઈ ગયા, તેમની વીરતાની પ્રશંસા કરવા લાગ્યા.

થોડે દૂર જઈને રામે એક સ્ત્રીને સીતા કયાં છે એમ પૂછ્યું. તથા એ દિશામાં સીતાને મળવા આગળ વધી ગયા.

સીતાએ જ્યારે રામનાં આવવાની વાત જાણી ત્યારે હરખથી નાચી ઉઠી. તેની પ્રસન્નતાનો પાર ન હતો. જે પતિને મળવાની આશા જ જેણે છોડી દીધેલી તેમને પોતાની નજીક આવતાં સાંભળીને તેનું હૃદય રોમાંચિત થઈ ગયું.

ધીરે ધીરે રામ સીતાની નજીક આવ્યા, પછી લક્ષ્મણ આવ્યા. તેમને જોઈને સીતાએ કહ્યું કે મહાજ્ઞાનનાં ધારક નિગ્રંથ મુનિઓએ જેમ કહ્યું હતું એવું જ ઉચ્ચપદ તમે પ્રાપ્ત કર્યું છે. એટલાંમાં જ ભામંડલને જોઈને સીતા તેને પ્રેમથી મળી. પછી હનુમાન, સુગ્રીવ, વિરાધિત આદિ રાજા ઘણી ભેટ આપીને સીતાને મળ્યા.

આ બાજુ રામે હાથ પકડીને સીતાને હાથી પર બેસાડી તથા લક્ષ્મણ

સહિત બધા રાજાઓની સાથે તેઓ દશાનનનાં મહેલ તરફ આગળ વધ્યા.

મહેલમાં પહોંચીને રામ – સીતા, લક્ષ્મણ – વિશલ્યા આદિ બધાંએ મહેલનાં મધ્યમાં સ્થિત શ્રીશાંતિનાથ ભગવાનનાં મંદિરનાં દર્શન કર્યા. જ્યારે તેઓ બધાં દર્શન કરી રહ્યાં હતાં ત્યારે વિભીષણે મહેલમાં જઈને દશાનનનાં દાદા સુમાલી તથા માલ્યવાન તેમજ પિતા રત્નશ્રવા આદિ પરિવારજનોને આશ્વાસન આપ્યું. પછી પોતાનાં મહેલમાં આવીને પોતાની ૧૦૦૦ રાણીઓમાં મુખ્ય વિદગ્ધા નામની રાણીને રામ, લક્ષ્મણ, સીતાને આમંત્રણ આપવા મોકલી. જ્યારે રામ, લક્ષ્મણ તથા સીતાઆદિ વિભીષણનાં મહેલમાં પહોંચ્યા ત્યારે તેમનું ખૂબ જ સ્વાગત થયું. એ પછી સ્નાનાદિથી નિવૃત્ત થઈને તેઓ વિભીષણનાં મહેલમાં સ્થિત પદ્મરાગમણિથી નિર્મિત પદ્મપ્રભ ભગવાનાનાં દર્શન કરવા ગયા. ત્યાંથી આવીને ઘણાં દિવસો બાદ તેમણે મન ભરીને સ્વાદિષ્ટ ભોજન કર્યું.

ઘણાં દિવસોનાં વિરહ પછી મળેલાં રામ અને સીતાનાં દિવસો ત્યાં સુખશાંતિથી વ્યતીત થવાં લાગ્યાં.

કેટલાંક દિવસો પછી વિભીષણાદિ બધા વિદ્યાધર મળીને રામ – લક્ષ્મણનાં રાજ્યાભિષેક ની તૈયારી કરવા લાગ્યા ત્યારે તેઓએ કહ્યું કે અયોધ્યામાં અમારા પિતાએ ભરતનો રાજ્યાભિષેક કર્યો છે. તેથી તે જ અમારા સ્વામી છે. ત્યારે બધાંએ તેમને સમજાવ્યાં કે ચક્રરત્નનાં ધારી હવે આપ ત્રણખંડના રાજા થયા. તેથી આ મંગલકલશ આપને જ યોગ્ય છે. ભરત મહા ધીર – વીર છે. એ આ સાંભળીને દુ:ખી નહીં થાય પરંતુ અત્યંત પ્રસન્નતાથી આપનાં અભિષેકની વાતની અનુમોદના કરશે.

આ પ્રમાણે તેમને સમજાવીને બધાએ રામ – લક્ષ્મણનો અભિષેક કર્યો. બધાં આ બલભદ્ર અને નારાયણની અત્યંત પ્રશંસા કરતાં. વિભીષણ લંકામાં તેમની આજ્ઞાથી રાજ્ય કરતાં હતાં. લક્ષ્મણે રાજ્યાભિષેક બાદ વનવાસ સમયે વિવાહિત પોતાની કલ્યાણમાલા, વનમાલા, જિતપદ્મા આદિ બધી પત્નીઓને લેવા માટે વિરાધિતને મોકલ્યો. તેમનાં આવતાં લક્ષ્મણે સુખેથી તેમની સાથે દિવસો વિતાવ્યા.

રામ, લક્ષ્મણ મનમાં નક્કી કરતાં કે અમે કાલે ચાલ્યાં જઈશું પરંતુ વિભીષણ આદિનો ગાઢ પ્રેમ મળતાં તેઓ જવાનું ભૂલી જતાં. આ પ્રમાણે ભોગોપભોગ કરતાં – કરતાં, આનંદપૂર્વક રહેતાં – રહેતાં ઘણાં વર્ષો થઈ ગયાં. વિયોગ બાદ મળેલી સીતા તથા અન્ય સુખ-સામગ્રીમાં રામ એવાં નિમગ્ન થઈ ગયાં કે માતાને પણ ભૂલી ગયા. તેમને પોતાની પાસે લઈ આવવાની વાત જ તેઓ ભૂલી ગયા.

આ બાજુ અયોધ્યામાં કૌશલ્યા પુત્રવિયોગમાં અત્યંત દુઃખી હતી. તેનો એક–એક દિવસ એક–એક વર્ષની માફક પસાર થતો હતો. તેમનાં વિયોગમાં તેઓ ઘણીવાર રડતી રહેતી હતી. એવી જ રીતે એક દિવસ જ્યારે તેઓ પુત્રોને યાદ કરીને વિલાપ કરી રહી હતી. ત્યારે ત્યાં ફરતાં-ફરતાં નારદજી આવી પહોંચ્યા તથા કૌશલ્યાને તેનાં દુઃખનું કારણ પૂછતાં કહ્યું કે રાજા દશરથની હયાતીમાં આ અયોધ્યામાં તમારું કોણ અપમાન કરે છે કે જેનાથી તું આટલી દુઃખી છો. જે તમારી આજ્ઞા નહીં માને, રાજા દશરથ તેને તરત જ દંડ આપશે.

આ સાંભળીને કૌશલ્યાએ કહ્યું કે હે દેવર્ષિ ! તમે અમારાં ઘરની વાત જાણતાં નથી તેથી જ આમ કહી રહ્યાં છો.

નારદે કહ્યું કે તમે સાચું જ કહી રહ્યાં છો. હું ધાતકીખંડ દ્વીપનાં પૂર્વવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર ભગવાનનાં જન્માભિષેકમાં ગયો હતો. જિનેન્દ્ર ભગવાનનાં દર્શનનો પ્રેમી હું ત્યાં ૨૩ વર્ષ સુધી રહ્યો. ત્યાંથી સીધો જ અહીં આવ્યો છું, બીજે ક્યાંય ગયો નથી. તેથી હવે તમે જ મને વિસ્તારથી કહો.

ત્યારે કૌશલ્યા દશરથનો વૈરાગ્ય, ભરતનો રાજ્યાભિષેક, રામનું વનગમન, સીતા વિયોગ, સુગ્રીવાદિનો રામથી મિલાપ, દશાનન સાથે યુદ્ધ, લક્ષ્મણને યુદ્ધમાં શક્તિ (બાણ) વાગી તથા દ્રોણમેઘની કન્યા વિશલ્યાનું ત્યાં જવું વગેરે બધી જ ઘટનાઓ વિસ્તારથી કહેતાં કહ્યું કે આટલું તો અમને ખબર છે. પણ એ પછી શું થયું ? એ કાંઈ ખબર નથી. કોને ખબર સીતા કેવી દશામાં છે ? લક્ષ્મણ જીવે છે કે નહીં ? રામની શું હાલત છે ?

આ સાંભળીને નારદે કહ્યું કે હે માતા ! આપ ધીરજ રાખો. હું જલ્દીથી

આપનાં પુત્રોની કુશળતાનાં સમાચાર લઈને આવું છું. પણ મને એ નથી સમજાતું કે દશાનન ત્રણખંડનો સ્વામી, અત્યંત ક્રોધી તથા સમસ્ત વિદ્યાધરનો સ્વામી છે તેમ છતાં સુગ્રીવ, હનુમાન વગેરેએ તેમને ગુસ્સે કેમ કર્યા છે ? જે કાંઈ પણ હોય, હું જઈને આપનાં પુત્રોનાં સમાચાર જાણી લાવું છું. હું તો માત્ર આટલું જ કરી શકું, બાકીનું કામ તો તમારાં પુત્રો જ કરી શકે.

નારદ આકાશમાર્ગે જલ્દીથી લંકાની નજીક પહોંચી ગયા. ત્યાં જઈને તેઓ વિચારવા લાગ્યાં કે હવે રામ – લક્ષ્મણ વિષે કેવી રીતે સમાચાર પૂછું ? જો તેમનાં વિષે પૂછું તો દશાનનનાં લોકોથી વિરોધ થશે. તેઓ મને જેલમાં પણ પૂરી શકે અથવા મારી નાંખે. તેથી દશાનનનાં જ ક્ષેમકુશળનાં સમાચાર પૂછું.

એમ વિચારીને નારદ પદ્મસરોવર પર ગયા. ત્યાં અંગદ પોતાની રાણીઓ સાથે ક્રીડા કરી રહ્યાં હતાં. તેમનાં સેવકોને નારદે દશાનનનાં સમાચાર પૂછ્યાં, જે સાંભળીને તથા દશાનનનાં હિતેરછુ માનીને નારદને સેવકોએ પકડી લીધા તથા તેમને પોતાનાં સ્વામી અંગદ પાસે લઈ ગયા. અંગદે કહ્યું કે આને તમે પદ્મનાભિ પાસે લઈ જાઓ, તે જ તેમની સજા નક્કી કરશે.

આ સાંભળીને નારદ ઘણાં ડરી ગયા અને વિચારવા લાગ્યાં કે ખબર નહીં આ પદ્મનાભિ કોણ છે, જેની પાસે મને લઈ જવામાં આવી રહ્યો છે. તેઓ મારી સાથે કેવો વ્યવહાર કરશે ? મેં નકામી મુસીબત ઉઠાવી છે. આ સંકટમાંથી બચવાનો ઉપાય તેઓ વિચારી જ રહ્યાં હતાં કે સામે જ વિભીષણનાં મહેલમાં રામને જોઈને તેઓ ખૂબ ખુશ થયા. રામે પણ ઊઠીને તેમનું સન્માન કર્યું. નારદે તેમને આશીર્વાદ આપીને કૌશલ્યા તથા સુમિત્રાનાં સમાચાર આપતાં કહ્યું કે આપના વિયોગમાં તે ખૂબ જ દુ:ખી છે. દિવસ – રાત અશ્રુધારાથી જ પોતાનું મુખ ધુએ છે. જો તમને જલ્દી નહીં જોઈ લે તો કયારે પણ મૃત્યુ પામી શકે છે. નારદ દ્વારા આ પ્રમાણે સાંભળીને તે બંને ભાઈઓ માતાનાં દુ:ખથી ઘણાં દુ:ખી થયા તથા નારદને કહ્યું કે આપે અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. સુખમાં અમે એવાં ડૂબી ગયા કે માતાઓને પણ ભૂલી જ ગયા હતાં, આપે અમને એમની યાદ આપવી છે. હવે આપણે જલ્દીથી માતાઓ પાસે જઈએ.

રામે તરત જ વિભીષણને બોલાવ્યા અને કહ્યું કે અમે ઘણો સમય

તમારા મહેલમાં સુખેથી રહ્યા. હવે અમારી ઈચ્છા આયોધ્યા જઈને માતાઓને મળવાની છે.

વિભીષણે કહ્યું કે હે સ્વામી ! આપ જેવી આજ્ઞા આપશો, તેમ જ થશે. હું હમણાં જ આપની કુશળતાનાં સમાચાર દૂત દ્વારા માતાઓ પાસે મોકલાવું છું. જેનાથી તેમને પ્રસન્નતા થશે. અત્યારે આપ ૧૬ દિવસ અમારી સાથે જ રહો.

જ્યારે દૂત અયોધ્યા પહોંચ્યો ત્યારે કૌશલ્યા અને સુમિત્રા મહેલની છત પર ઊભી ઊભી વાતો કરી રહી હતી. દૂરથી જ વિદ્યાધરોને આવતાં જોઈને તેમને પુત્રનાં સમાચારની આશા બંધાઈ. કૌશલ્યાએ સુમિત્રાને કહ્યું કે મારું મન કહે છે કે આ વિદ્યાધર અમારાં પુત્રોની કુશળતાની વાત કહેશે. સુમિત્રાએ કહ્યું કે બહેન, આપનાં વચન સત્ય નીવડે.

તે વિદ્યાધર પુષ્પોની વર્ષા કરીને રાજા ભરત પાસે ગયા તથા કહેવા લાગ્યાં કે લક્ષ્મણને ચક્રરત્ન પ્રગટ થવાથી નારાયણનું પદ તથા રામને બળદેવનું પદ પ્રાપ્ત થયું છે. લક્ષ્મણ દ્વારા દશાનન માર્યો ગયો તથા બંને ભાઈઓને ભરતક્ષેત્રનું ઉત્કૃષ્ટ સ્વામીપણું પ્રાપ્ત થયું છે.

આ પ્રમાણે રામ – લક્ષ્મણનાં ઉન્નતિનાં સમાચારથી પ્રસન્ન થયેલ રાજા ભરતે તે દૂતોનું પણ સન્માન કર્યું. પછી તેમને લઈને તેઓ માતા પાસે ગયા. માતાઓનાં મનને પ્રસન્નતા આપનાર સમાચાર સાંભળીને તે દૂત અયોધ્યામાં રત્નોની વર્ષા કરવા લાગ્યાં. અયોધ્યાવાસીઓનાં ઘરને ધન-ધાન્યથી સમૃદ્ધ કરીને તેઓ લંકા પાછાં ફર્યાં.

સિલાવટ નામનાં વિદ્યાધરોએ આયોધ્યાને ૧૬ દિવસમાં લંકાથી પણ વધુ સુંદર બનાવી દીધી.

અયોધ્યાવાસી ખૂબ જ પ્રસન્ન હતા. બધાંનું દારિદ્રય દૂર થયું હતું. રત્નમયી સ્વર્ણમયી મંદિરોને જોઈને તેઓ આશ્ચર્યચકિત થયા. રામ – લક્ષ્મણ તથા સીતાને જોવા માટે બધાં અયોધ્યાવાસી તલપાપડ થઈ ગયા હતા.

# સત્તરમો દિવસ

આજે લંકાવાસી ઉદાસ હતા. જે બલભદ્ર – નારાયણનું સાનિધ્ય તેઓને આટલાં વર્ષોથી પ્રાપ્ત હતું, તેઓ હવે પ્રસ્થાન કરવાવાળા હતાં. તેઓ ઇચ્છતાં હતાં કે રાત્રિ રોકાઈ જાય, સવાર થાય જ નહીં, પરંતુ પ્રકૃતિનાં ચક્રને કોણ રોકી શકે છે ? સમય તો પોતાની ગતિથી આગળ વધતો જ રહે છે.

સૂર્યોદય થતાં જ રામ અને સીતા લક્ષ્મણની સાથે પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા જવા તૈયાર થયા. સાથે વિભીષણ, સુગ્રીવ, હનુમાન, ભામંડલ આદિ રાજા પણ પોતપોતાનાં વાહન પર સવાર થઈને ચાલ્યા ગયા.

રસ્તામાં રામે સીતાને એ બધી જ જગ્યાઓ બતાવી કે જયાં તેમણે સીતાને શોધી હતી, જે જગ્યા પર તેઓ સીતા સાથે રહ્યા હતા.

અચાનક નીચે એક સુંદર નગરીને જોઈને સીતાએ રામને પૂછ્યું કે આ કઈ અદભુત નગરી છે કે જેને મેં આજ સુધી જોઈ જ નથી. રામે કહ્યું – આ તો અયોધ્યા છે. સિલાવટોએ તેને આ પ્રકારે મનોહર બનાવી દીધી છે. તેથી તું ઓળખી શકી નથી. એટલામાં જ દૂરથી ભરતને આવતાં જોઈને તેઓએ વિમાન નીચે ઊતાર્યું. ભાઈઓ એકબીજાને પ્રેમથી મળ્યા. પછી ભરતને પણ વિમાનમાં બેસાડીને તેઓ નગર તરફ આગળ વધ્યા.

અયોધ્યાવાસીઓની પ્રસન્નતાનો કોઈ પાર ન હતો. આખી નગરીને દુલ્હનની રીતે શણગારી હતી. તેઓ રામ – લક્ષ્મણને આવકારવા આતુર હતા. જેવો ભરતની સાથે સીતા, રામ તથા લક્ષ્મણે નગરીમાં પ્રવેશ કર્યો ત્યાં જ રામ – લક્ષ્મણની જયજયકારથી આસમાન ગુંજી ઊઠ્યું. પાછળ વિભીષણ, હનુમાન, સુગ્રીવ, ભામંડલ ને પણ આવતાં જોઈને તેમની વીરતાની ચર્ચા પણ પ્રજાજન અંદરોઅંદર કરી રહ્યા હતા.

આ પ્રમાણે પ્રજાનું અભિનંદન સ્વીકારીને જ્યારે તેઓ રાજમહેલમાં પહોંચ્યા ત્યારે માતાઓએ તેમનું સ્વાગત કર્યું. તથા તેઓ ખૂબ જ ગદગદભાવે વર્ષોથી વિખૂટાં પડી ગયેલાં પોતાનાં પુત્રોને મળી.

રામ – લક્ષ્મણનાં આવતાં જ વૈરાગી ભરત મુનિવ્રત ધારણ કરવા માટે જેવા પ્રયત્નશીલ થયાં કે કૈકેયીએ રામ – લક્ષ્મણને ભરતને રોકવા માટે કહ્યું. પરંતુ ભરત પોતાના નિર્ણય પર અડગ રહ્યા અને બોલ્યાં કે હું આજ સુધી મોહનાં બંધનોમાં જકડાયેલો હતો. **રાગ તો આગ છે તે હમેશાં બાળે જ છે.** એ ખબર હોવા છતાં હું આજ સુધી તેને છોડવા માટે અસમર્થ હતો. કેમકે પ્રતિજ્ઞાથી બંધાયેલો હતો પરંતુ હવે મેં એ રાજમાર્ગને ત્યાગવાનો નિશ્ચય કરી લીધો છે, હું તો હવે વીતરાગી માર્ગ પર જ ચાલીશ.

એ પછી તેઓ માતાઓ અને પત્નીઓથી વિદાય લેવા ગયા, બધાંએ તેમને રોકવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો, પરંતુ ભરત કોઈ પણ પ્રકારે ન રોકાયા ત્યારે તેમની પત્નીઓ કહેવા લાગી કે આપ અમારી અંતિમ ઈચ્છા પૂર્ણ કરો. અમે બધાં આપની સાથે જલક્રીડા કરવા માંગીએ છીએ. અને ભરત સરોવર પર જલક્રીડા કરવા તેમની સાથે ગયા. સરોવરમાં સ્નાન કર્યા પછી જ્યાં ભરત કિનારે આવીને બેઠા કે એક ત્રૈલોકયમંડન નામનો હાથી પોતાનાં બંધન તોડીને અયોધ્યાવાસીઓને ભયભીત કરતો કરતો સરોવર તરફ આગળ વધ્યા. ભરત તરફ આગળ વધતા ઉન્મત્ત હાથીને રોકવા માટે જ્યાં સુધીમાં રામ – લક્ષ્મણ આવ્યા ત્યાં સુધીતો હાથી શાંત પડી ચૂક્યો હતો. ભરતને દેખતાં જ હાથીને જાતિ સ્મરણ થઈ ગયું અને તેની ઉદંડતા, ચંચળતા સમાપ્ત થઈ ગઈ હતી. તેમ છતાં રામ – લક્ષ્મણ ધીમે ધીમે તેની પાસે ગયા અને તેને પકડીને ગજશાળામાં બાંધી દીધો.

ચાર દિવસ પછી હાથીનાં મહાવતે આવીને રામ – લક્ષ્મણને સમાચાર આપ્યા કે આજે ચોથો દિવસ છે. ગજરાજ કંઈ પણ ખાતો – પીતો નથી. બસ, હાલ્યા – ચાલ્યા વિના નિશ્ચલ બેઠો છે. તેનો રોગ ગજવૈદ્યોને પકડાતો નથી. હવે આપ જ કોઈ ઉપાય બતાવો.

આ સાંભળીને રામ વિચારે છે કે અદભુત પરાક્રમનાં ધારી, કૈલાસપર્વતને પણ હલાવનાર દશાનનનો આ હાથી બંધન તોડીને બહાર કેમ નીકળ્યો ? પછી ભરતની પાસે જતાં જ શાંત કેવી રીતે થઈ ગયો ? અને હવે શા માટે આહાર લેતો નથી ?

રામ આ પ્રમાણે વિચારી જ રહ્યાં હતાં કે દ્વારપાલે આવીને સમાચાર આપ્યાં કે દેશભૂષણ – કુલભૂષણ કેવલી મહેન્દ્ર ઉદ્યાન વનમાં સંઘસહિત આવ્યાં છે એ સાંભળીને ચારેય માતાઓ, ચારેય ભાઈઓ, તેમની પત્નીઓ તથા સમસ્ત પ્રજાજનની સાથે સાથે ત્રૈલોકયમંડન હાથી પણ કેવલીનાં દર્શન કરવા ગયો. બધાએ તેમનાં દર્શન કરીને ઉપદેશ સાંભળ્યો. છેવટે લક્ષ્મણે હાથી વિષે પૂછ્યું કે મહારાજ ! ત્રૈલોકયમંડન હાથી શેના લીધે ક્ષોભ પામ્યો ? અચાનક જ શાંત કેમ પડી ગયો ?

કેવલીએ કહ્યું કે આ હાથી પરાક્રમની અત્યંત ઉત્કૃષ્ટતાને લીધે બંધનમાં ક્ષોભ પામેલો એ પછી ભરતને જોઈને પૂર્વભવનું સ્મરણ થતાં શાંત થઈ ગયો.

ઉદાસ ચિત્તવાળા ભરતે પોતાનાં તથા હાથીનાં પૂર્વભવ સાંભળીને તરત જ મુનિવ્રત ધારણ કર્યા. ભરતની સાથે – સાથે ઘણાં રાજાઓએ દીક્ષા લીધી. ભરતને દીક્ષા લેતાં જોઈને ભરતની માતા કૈકેયી બેહોશ થઈ ગઈ. હોશમાં આવતાં જ પૃથ્વીમતી આર્યિકા દ્વારા સંબોધન કરાતાં બોધને પ્રાપ્ત થયેલી કૈકેયીએ પણ તેમની સમક્ષ જ આર્યિકાવ્રત લીધાં.

ત્રૈલોકયમંડન હાથીએ શ્રાવકનાં વ્રત લીધા તથા ૧૫- ૧૫ દિવસનાં ઉપવાસ–માસોપવાસ કરતાં-કરતાં છેવટે તે હાથી સંલેખનાપૂર્વક આ દેહનો ત્યાગ કરીને છઠ્ઠા સ્વર્ગમાં દેવ થયો. મહામુનિ ભરત મહાગુણોનું પાલન કરતાં–કરતાં, ૨૨ પરિષહને સહન કરતાં–કરતાં કઠિન તપશ્ચર્યા કરવા લાગ્યા. જેનાં પ્રભાવથી તેમને ઘણી ઋધ્ધિઓ પ્રગટ થઈ, પરંતુ તેનાથી પણ અજાણ ભરતમુનિ ધ્યાનમાં જ મગ્ન રહ્યા. અને તરત જ ખૂબ જ ઝડપી કર્મશત્રુનો નાશ કરીને નિર્વાણપદને પ્રાપ્ત કર્યું.

ભરતની દીક્ષા લેવાથી રામ – લક્ષ્મણનું મન પણ રાજકાર્યમાં લાગતું ન હતું. ત્યારે પણ રાજ સભા થતી ત્યારે ભરતનાં ગુણોની ચર્ચા કરતાં રહેતાં. આ પ્રમાણે થોડાં દિવસ નીકળ્યા.

થોડો દિવસો પછી ભૂમિગોચરી તથા વિદ્યાધર રાજા રામની પાસે આવીને વિનયપૂર્વક બોલ્યાં કે અમે બધાં હવે આપનો રાજ્યાભિષેક કરવા

માંગીએ છીએ. તેથી આપ સ્વીકૃતિ પ્રદાન કરો. રામે પોતાની અસહમતિ બતાવીને લક્ષ્મણ પાસે તેઓને મોકલ્યા. જ્યારે બધા રાજા લક્ષ્મણ પાસે ગયા તો લક્ષ્મણે રામ પાસે આવીને કહ્યું કે હું તો આપનો સેવક છું, આપ જ આ પદને યોગ્ય છો. રામે કહ્યું – ના, તું જ નારાયણ છો. ત્રિખંડી દશાનનને તમે જ માર્યો છે. તેથી રાજયાભિષેક તમારો જ થવો જોઈએ. આ પ્રમાણે ઘણી ચર્ચા પછી જ્યારે કોઈ નિષ્કર્ષ ન નીકળ્યો તો બધા રાજાઓએ છેવટે બંનેનો રાજયાભિષેક કરવાનો વિચાર બનાવ્યો તથા શુભમુહૂર્તમાં રામ – સીતા તથા લક્ષ્મણ – વિશલ્યાનો અભિષેક કર્યો.

એ પછી રામે વિભીષણ આદિ રાજાઓને જુદાં-જુદાં રાજય આપ્યા ત્યારે શત્રુઘ્ન મથુરાનું રાજ્ય માંગ્યું. એ સાંભળીને રામે કહ્યું કે તે આપણા અધિકારમાં નથી. ત્યાં દશાનનનો જમાઈ મધુ નામનો રાજા જે આપણો દુશ્મન છે તે રાજ્ય કરે છે. એની પાસે ચમરેન્દ્ર દ્વારા આપવામાં આવેલ ક્યારેય નિષ્ફળ ન જાય એવું શૂલરત્ન છે, જે હજારોનાં પ્રાણ લઈને ફરીથી પોતાનાં હાથમાં આવી જાય છે. વળી, તેનો પુત્ર પણ વિદ્યાધરોનો અધિપતિ મહાશૂરવીર છે, જેના વિષે વિચારતાં જ એટલી ચિંતામાં અમે મૂકાઈ જઈએ છીએ કે આખી રાત ઊંઘી નથી શકતા તો તું એને કેવી રીતે જીતીશ ?

આ સાંભળીને શત્રુઘ્ને કહ્યું કે આ વિષે ઘણું શું કહેવું ? આપ તો મને મથુરા આપી દો, હું મારી તાકાતથી સ્વયં તેને જીતીશ. ઘણું સમજાવવા છતાં જ્યારે શત્રુઘ્ન ન માન્યા ત્યારે રામે શત્રુઘ્ન પાસે વચન લીધું કે જ્યારે રાજા મધુનાં હાથમાં ત્રિશૂળ રત્ન ન હોય ત્યારે જ યુદ્ધ કરજે, પછી, શત્રુઘ્ન માતાઓથી વિદાય લઈને, જિનેંદ્ર વંદના કરીને યુદ્ધ માટે નીકળ્યા.

રામ અને લક્ષ્મણ તેમને ૩ માઈલ સુધી મૂકવા ગયા. અને પાછાં ફરતી વખતે લક્ષ્મણે શત્રુઘ્નને સાગરાવર્ત ધનુષ તથા અગ્નિમુખબાણ આપ્યા તથા સાથે કૃતાંતવક્ર સેનાપતિને પણ મોકલ્યો.

મથુરા નજીક પહોંચતાં જ શત્રુઘ્નને જાસૂસો દ્વારા ખબર પડી કે રાજા મધુ છ દિવસથી પોતાની રાણીઓ સાથે ઉપવનમાં છે. તેને શત્રુનો જરા પણ ભય નથી. તે પોતાની (શત્રુઘ્ન) પ્રતિજ્ઞા વિષે પણ જાણતો નથી અને શત્રુઘ્નનાં

અહીં આવવા સંબંધી વાતથી પણ અજાણ છે. આ સમાચાર મળતાં ત્રિશૂળરત્ન વિનાનો, અસાવધાન મધુને જીતવાનો શ્રેષ્ઠ મોકો જાણીને શત્રુઘ્નએ અર્ધરાત્રિમાં જઈને મથુરા પર કબજો જમાવી લીધો.

બીજા દિવસે જ્યારે ખબર પડી ત્યારે રાજા મધુ શત્રુઘ્ન સાથે યુદ્ધ કરવા નીકળ્યો અને તેણે અનેક પ્રકારથી મથુરામાં ઘૂસવાનો પ્રયત્ન કર્યા, પરંતુ તે ફાવી શક્યો નહીં. યુદ્ધમાં મધુનાં પુત્રનું મરણ થયું. એ જોઈને મધુને વૈરાગ્ય થયો તેથી તેઓ હાથી પર બેઠાં – બેઠાં જ કેશલોચ કરવા લાગ્યા. રાજા મધુની વૈરાગ્ય પ્રવૃત્તિને જોઈને શત્રુઘ્નએ યુદ્ધ બંધ કર્યું અને મુનિમધુને નમસ્કાર કર્યા. મુનિમધુ સમાધિમરણ દ્વારા થોડી જ વારમાં સનતકુમાર સ્વર્ગમાં ઉત્તમ દેવ થયા.

જુઓ, પરિણામોની વિચિત્રતા ! ક્ષણભર પૂર્વે રાજ્ય માટે લડવા – મરવા તૈયાર થયેલા રાજા મધુ ક્ષણભરમાં તો વીતરાગી માર્ગ પર આગળ વધી ગયા.

શત્રુઘ્ને મથુરામાં પ્રવેશ કર્યો અને રાજ્ય કરવા લાગ્યા.

મધુનાં મૃત્યુ પછી ત્રિશૂલ રત્નનાં અધિષ્ઠાતા દેવ તેને લઈને ચમરેન્દ્ર પાસે ગયા. તથા મથુરાની પૂરી ઘટના બતાવી. શત્રુઘ્નનાં આવા દુષ્કૃત્યથી ખૂબ જ દુ:ખી થઈને ચમરેન્દ્ર પાતાળથી નીકળીને ખૂબ જ ગુસ્સે થઈને મથુરા આવવા માટે તૈયાર થયા. ત્યારે ગરુણેન્દ્ર ચમરેન્દ્રની પાસે આવ્યા અને પૂછ્યું કે તમે કઈ બાજુ જઈ રહ્યા છો ? ચમરેન્દ્રે કહ્યું – જેણે મારા મિત્ર મધુનાં પુત્રને માર્યો છે તેને મુશ્કેલીમાં મૂકવા જઈ રહ્યો છું. ગરુણેન્દ્ર બોલ્યા કે તમે વિશલ્યાનું માહાત્મય સાંભળ્યું નથી ? ચમરેન્દ્રે કહ્યું કે એ અદભુત અવસ્થા તો વિશલ્યાની યુવાનીમાં હતી, અત્યારે નથી. તે ગરુણેન્દ્ર પાસેથી વિદાય લઈને મથુરા આવ્યા. મથુરા પહોંચતા ત્યાંના નગરજનોને એવા જ પ્રસન્નચિત્ત જોયા જેવા મધુ રાજાનાં રાજ્યમાં રહેતા હતાં. તેથી ચમરેન્દ્રને તેમની પર ખૂબ જ ગુસ્સો આવ્યો કે નગરનો રાજાતો પુત્ર સહિત મૃત્યુને પ્રાપ્ત થયો અને પ્રજા દુ:ખ મનાવવાની જગ્યાએ ખુશીઓ મનાવે છે, તેથી હવે હું મથુરાનો મૂળમાંથી નાશ કરી દઈશ. ગુસ્સે ભરાઈને ચમરેન્દ્રે ઘણાં ઉપસર્ગ કર્યા, લોકોને જુદાં –

જુદાં રોગથી યુક્ત કર્યા. ઘણાં લોકો મરી ગયા, જેના ભયથી શત્રુઘ્ન અયોધ્યા આવી ગયા.

ભાઈને જીતીને પાછો આવેલો જાણીને રામ – લક્ષ્મણે સ્વાગત કર્યું. કેટલાંક દિવસ શત્રુઘ્ન ત્યાં જ રહ્યા. પરંતુ મથુરા વિના તેમનું મન અયોધ્યામાં લાગતું જ ન હતું. તેથી તેઓ ઉદાસ રહેતા હતા.

કેટલાંક સમય પછી ચોમાસામાં સપ્ત ચારણઋધ્ધિધારી મુનિઓ મથુરાની નજીકનાં વનમાં આવ્યા. ત્યારે તેમનાં પ્રભાવથી મથુરાની વિપત્તિ દૂર થઈ. બધી જગ્યાએ ફળ–પુષ્પ ખીલ્યાં, રોગ દૂર થયા.

એક દિવસ તે આહાર માટે અયોધ્યા આવ્યા તો શેઠ અર્હદદાસે વિચાર્યું કે આ મુનિ તો ઈચ્છાવિહારી લાગે છે કેમકે વરસાદમાં તો મુનિરાજ વિહાર કરતાં નથી તથા આની પહેલાં ક્યારેય તેમને અયોધ્યામાં જોયા નથી. તેથી તેમણે તેમને આહાર ન આપ્યો પરંતુ તેમની પુત્રવધૂએ તેમને આહાર કરાવ્યો. આહાર પછી સપ્તઋષિઓ મંદિરમાં ગયા, ત્યાં દ્યુતિ ભટ્ટારક સાથે એમને ચર્ચા – વાર્તા થઈ એ પછી તેઓ મથુરા પાછા ફર્યા. થોડી વાર પછી જ્યારે અર્હદદાસ શેઠ મંદિરમાં આવ્યા, ત્યારે તેમને ખબર પડી કે તેઓ તો મહાઋધ્ધિધારી ચારણમુનિ હતા. ત્યારે શેઠને ખૂબ જ પશ્ચાતાપ થયો. તેઓ મનમાં વિચારવા લાગ્યાં કે ચારણઋધ્ધિધારી તો ચોમાસામાં એક જ જગ્યાએ નિવાસ કરે છે અને આહાર અનેક નગરોમાં કરે છે. ચારણઋધ્ધિનાં પ્રભાવથી તેમનાં શરીરનાં અંગોથી જીવને કોઈ બાધા પહોંચતી નથી. તે ચારણઋધ્ધિધારી મુનિ આજકાલ મથુરામાં બિરાજમાન છે. એ જાણીને શેઠ અર્હદદાસ તેમના દર્શન માટે રવાના થયા. શત્રુઘ્ને પણ જ્યારે એમ સાંભળ્યું કે મુનિઓનાં આવવાથી મથુરાનો દુકાળ તથા બીમારી જતી રહી છે તો તેઓ પોતાની માતા સુપ્રભા સાથે મુનિરાજનાં દર્શન કરવા માટે મથુરા ગયા.

શત્રુઘ્ને મહારાજને કહ્યું કે આપનાં પધારવાથી અમારી નગરીમાંથી દુકાળ ગયો, મહામારી રોગ ગયો, સુકાળ થયો, પ્રજાનાં દુઃખ દૂર થયા. બધે જ સમૃધ્ધિ થઈ. તેથી અમે ઈચ્છીએ છીએ કે આપ થોડો સમય અહીં રહો. મુનિરાજે કહ્યું કે જિનઆજ્ઞામાં જેટલું રહેવું કહ્યું છે તેનાથી વધારે રહેવું યોગ્ય

નથી. આ ચતુર્થ કાળ છે. એ પછી પંચમકાળમાં ધર્મમાં ન્યૂનતા આવશે. એ વખતે પાખંડી જીવો દ્વારા જિનધર્મ ઢંકાઈ જશે. પાંખડી સાધુ દયા ઘર્મને છોડીને હિંસાનાં માર્ગ પર પ્રર્વતન કરશે. મહાકુધર્મમાં પ્રવીણ, ક્રૂર દુષ્ટ જીવો દ્વારા પશુ દુઃખી થશે, ખેડૂત દુઃખી થશે, પ્રજા નિર્ધન થશે, હિંસા વધશે, પુત્ર માતા – પિતાની આજ્ઞાથી વિમુખ થશે. તથા માતા – પિતા પણ સ્નેહ વાત્સલ્ય વિનાનાં થશે. કલિકાલમાં રાજા જ પ્રજાને લૂંટશે, કોઈ સુખી નહીં દેખાય. એ સમયે કષાયની માત્રા વધારે હશે, ચારણમુનિ, દેવ, વિદ્યાધરો અહીં નહીં આવે, અજ્ઞાની લોકો નગ્નમુદ્રા ધારી મુનિરાજોને જોઈને નિંદા કરશે, વિષયી જીવોની ભક્તિ (ના ગુણગાન ગાશે )કરશે. દીન – અનાથોની કોઈ દયા નહીં કરે તથા માયાચારી દુરાચારીઓને લોકો પૈસા આપશે.

તેથી હવે તમે ધર્મધ્યાનમાં પોતાનો સમય પસાર કરો અને જે–તે રીતે ધર્મની ઉન્નતિ થાય એવા કાર્ય કરો.

એ પછી મુનિ તો આકાશમાર્ગે વિહાર કરી ગયા તથા શત્રુઘ્ને તેમનાં કહેવા પ્રમાણે નગરીની બહાર અને અંદર અનેક વિશાળ જિનમંદિર બનાવ્યા તથા ઘણો સમય સુખેથી રાજ્ય કર્યું.

# અઢારમો દિવસ

આયોધ્યામાં સર્વત્ર સુખશાંતિ હતી. રામ – લક્ષ્મણનાં રાજ્યમાં પ્રજાજન પ્રસન્ન હતા. શત્રુરહિત રામ – લક્ષ્મણ સુખેથી સમય પસાર કરી રહ્યા હતા.

એક દિવસ રત્નપુરના રાજા રત્નરથની સભામાં અપમાનિત નારદ રાજા રત્નરથની પુત્રી મનોરમાનું ચિત્ર લઈને લક્ષ્મણની પાસે આવ્યા. ચિત્ર દેખતાં જ લક્ષ્મણ તે કન્યા પર મોહિત થઈ ગયા અને તેઓ મનમાં વિચારવા લાગ્યા કે જો આ સ્ત્રીરત્ન મને ન મળ્યું તો મારું નારાયણ હોવું નિષ્ફળ છે. એ કન્યાવિષે પૂછતાં નારદે કહ્યું કે તે રત્નપુરના રાજા રત્નરથની મનોરમા નામની રાજકુમારી છે. તેને માટે યોગ્ય વરની ચર્ચા ચાલતાં તેમની સભામાં જ્યારે મેં આપના નામનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે તેમનાં પુત્રોએ ક્રોધિત થઈને મારું અપમાન કર્યું અને કહ્યું કે તે અમારો શત્રુ છે. અમે તેને મારવા ઈચ્છીએ છીએ અને તમે એને અમારી કન્યા આપવાની વાત કરો છો. એટલું સાંભળતાં જ સ્વાભિમાની લક્ષ્મણે તેનું અભિમાન તોડવાનું મનોમન નક્કી કરી લીધું. તેથી તેમણે તરત જ વિરાધિત વિદ્યાધરને બોલાવીને કહ્યું કે સમસ્ત વિદ્યાધરોને પત્ર લખીને બોલાવો. આપણે બધા રત્નપુર તરફ પ્રસ્થાન કરીશું.

રામ–લક્ષ્મણ બાકીના બધા રાજાઓ અને સેના સહિત રત્નપુર તરફ આગળ વધ્યા. બંને બાજુની સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે રામ-લક્ષ્મણની જીત થઈ અને રાજા રત્નરથે રામની સાથે પોતાની શ્રીદામા નામની પુત્રી તથા લક્ષ્મણની સાથે મનોરમા નામની પુત્રીનો વિવાહ કરીને સુલેહ કરી લીધી. આ બધું જોઈને નારદે રાજા રત્નરથની મજાક ઉડાડી ત્યારે રાજા રત્નરથે કહ્યું કે આપનો ગુસ્સો પણ અમારે માટે પ્રગતિનું કારણ બન્યું, નહીંતર બળભદ્ર નારાયણ સાથે અમારે કેવી રીતે સંબંધ જોડાત ?

એ પછી લક્ષ્મણે દક્ષિણ શ્રેણીનાં સમસ્ત વિદ્યાધરોને જીત્યા. આ પ્રમાણે લક્ષ્મણને સંપૂર્ણ નારાયણ પદ મળ્યું. તેમની સેનામાં ૪૨ લાખ હાથી, ૪૨ લાખ રથ, ૯ કરોડ ઘોડા, ૪૨ કરોડ પ્યાદા હતા. ત્રણખંડનાં દેવ અને

વિદ્યાધર તેમનાં સેવક હતાં. સૂર્યથી પણ અધિક તેજસ્વી ૧૬ હજાર મુકુટબદ્ધ રાજા તેમને આધીન હતા. તેમનાં ઘર અદભુત રત્નોથી બનેલાં હતાં. તેમની પાસે શંખ, ચક્ર, ગદા, ખડગ, દંડ, નાગશૈયા, કૌસ્તુભમણિ એમ ૭ રત્ન હતાં. ૧૬ હજાર રાણીઓ હતી, જેમાં ૮ પટરાણી હતી. તેમનાં નામ (૧) વિશલ્યા (૨) રુપમતિ (૩) વનમાલા (૪) કલ્યાણમાલા (૫) રતિમાલા (૬) ભગવતી (૭) જિતપદ્મા (૮) મનોરમા – જેમાં ૮ પટરાણીઓનાં ૮ કુમાર મુખ્ય હતાં.

રામને ૪ રત્ન હતાં – હળ, મુસળ, રત્નમાલા અને ગદા. ૮ હજાર રાણીઓ હતી જેમાં ૪ પટરાણી હતી – તેમનાં નામ છે :- (૧) સીતા (૨) પ્રભાવતી (૩) રતિપ્રભા (૪) શ્રીદામા.

રામની પટરાણી સીતાએ એક દિવસ પાછલા પ્રહરમાં બે સ્વપ્ન જોયા. (૧) શરદ ઋતુનાં ચંદ્રમા સમાન ઉજ્જવલ બે ઉત્કૃષ્ટ અષ્ટાપદ, તેમનાં મુખમાં આવીને બેઠાં છે. (૨) તે સ્વયં પુષ્પક વિમાનમાંથી જમીન પર પડી ગઈ. રામે પ્રથમ સ્વપ્નનું ફળ બતાવતાં કહ્યું કે તમને મહાપ્રતાપી બે પુત્ર થશે. તથા દ્વિતીય સ્વપ્નનું ફળ સારું નથી. પરંતુ તમે ચિંતા ન કરો, દાનનાં પ્રભાવથી દુષ્ટ ગ્રહ દૂર થઈ જશે.

કેટલાંક દિવસો પછી ગર્ભવતી સીતાને જિનદર્શન કરવાની ઈચ્છા થઈ. રામે આજ્ઞા કરી કે મંદિરોની શોભામાં વૃધ્ધિ કરો. અમે સીતા સહિત ધર્મક્ષેત્રોમાં વિહાર કરીશું. લક્ષ્મણ અને અન્ય રાણીઓની સાથે રામ વનમાં સ્થિત જિનમંદિર ગયા. બધાંએ ભક્તિભાવપૂર્વક જિનેંદ્રપૂજન કરી અને કેટલોક સમય ત્યાં રહ્યા. ત્યારે પ્રજાજનો રામનાં દર્શનની ઈચ્છાથી ત્યાં આવી ગયા. રામ તેમને મળવા ગયા. ત્યારે સીતાની જમણી આંખ ફરકી.

સ્ત્રીસહજ ગભરાઈને સીતા વિચારવા લાગી કે – અનિષ્ટ બનતાં પહેલાં આ જમણી આંખનું ફરકવું મને અમંગલની નિશાની બતાવે છે કે જેની હું કલ્પના પણ ન કરી શકું. મારે દરેક પરિસ્થિતીને સહજરૂપે સ્વીકારવા માટે તૈયાર રહેવું જોઈએ. કોણ જાણે ક્યારે ક્યાં અને કેવી ઘટના અમારી સાથે બની જાય ? દંડકવનમાં લક્ષ્મણની જરાક જિજ્ઞાસાથી જ તો અમે આ પ્રમાણે દુર્ઘટનાઓનાં ચક્કરમાં ફસાઈ જઈશું એની અમને ક્યાં કલ્પના હતી ?

લંકાધિપતિ દશાનનનાં બંધનમાંથી છૂટવું પણ મને સ્વપ્ન જેવું જ તો લાગતું હતું અને હવે એનાથી મોટી બીજી કઈ ઘટના મારા જીવનમાં બની શકે ? જ્યારે મારા પતિનો પ્રેમ અને વિશ્વાસ મારી સાથે છે. હવે મને શો ભય કે શંકા ? આ પ્રમાણે સીતા પોતાને જ આશ્વાસન આપે છે તથા અન્ય રાણીઓનાં કહેવાથી દુષ્ટ ગ્રહોની શાંતિ માટે તથા ભદ્રકલશ ભંડારીને બોલાવીને આજ્ઞા આપે છે કે જ્યાં સુધી મારી પ્રસૂતિ ન થાય ત્યાં સુધી નિરંતર કિમિચ્છક દાન આપો. આ પ્રમાણે શાંતચિત્ત પૂર્વક તે ધર્મમાં લાગી.

આ બાજુ રામે પ્રજાજનોને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે બધા ભયનાં માર્યા મૌન રહ્યા. ત્યારે રામે અભયવચન આપ્યું એટલે તેમાંના એકે કહ્યું કે દુનિયામાં મોટાભાગનાં લોકો સાંભળીને જ વાતો કહે છે, જોતાં નથી. આ દુનિયા સ્વભાવથી જ પ્રપંચોથી ભરેલી છે તેમાં કોઈ વાત બની જાય તો ખોટી વાતો કરવાથી ડરતા નથી. રામે કહ્યું કે સ્પષ્ટરૂપે શું વાત છે તે કહો. ત્યારે તેણે કહ્યું કે આજકાલ નિર્બળની યુવાન સ્ત્રીઓને બળવાન પાપી મોકો જોઈને બળજબરીથી ઉપાડી જાય છે અને થોડો સમય રાખીને પાછી મોકલી દે છે. આવું કેમ કરો છો એના જવાબમાં કહે છે કે રાજા રામ તો બધા શાસ્ત્રોમાં પ્રવીણ છે તેમ છતાં તેમણે પણ બીજાના ઘરે રહેલી સીતાને પણ પોતાનાં મહેલમાં રાખી જ લીધી ને ? તો બીજાઓનો તો વાંક જ ન કઢાયને ? જેવી રીતે રાજા વર્તે છે તેવું જ પ્રજા કરે છે. આ પ્રમાણે દુષ્ટ પુરુષ નિરંકુશ થઈને અબળા સ્ત્રીઓ પર અત્યાચાર કરે છે. હવે આપ જ કંઈ ઉપાય બતાવો. આટલું કહીને તે પ્રજાનાં પ્રતિનિધિ તો ચાલ્યા ગયા પરંતુ રામનાં શાંત જીવનમાં તોફાન મચાવતા ગયાં.

રામ આજે ખૂબ જ ઉદ્વિગ્ન હતા, તેમની ઊંઘ ઊડી ગઈ હતી. એકીસાથે ઘણા બધાં વિચારો આવી ગયા. તેઓ કિંકર્તવ્યમૂઢ થઈ ગયા. નક્કી જ ન કરી શક્યા કે શું કરે ને શું ન કરે ? વર્ષો સુધી જંગલમાં ભટક્યા પછી હજી હમણાં જ તો સીતાને થોડી શાંતિ મળી હતી અને હવે .... જેને મેળવવા માટે સમુદ્ર પાર કરીને યુદ્ધમાં શત્રુને જીત્યા અને હવે તેને જ કેવી રીતે છોડી દઉં ? પરંતુ કુળની બદનામી ને લીધે હવે ઘરમાં પણ તો નથી રાખી શકતો.

પ્રશ્ન માત્ર અપયશનો જ ન હતો પરંતુ એક ખોટી પ્રથા ચાલુ થઈ જાય તેનો હતો. જો આ વિષે વિચારવામાં ન આવે તો બીજાના ઘરમાં મહિનાઓ સુધી રહેલી સ્ત્રીઓ પણ કુળવાન નારીની જેમ જ કુલીન ઘરમાં શોભા પામશે. આવી સ્થિતિમાં તો શીલની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચશે.

જોકે સીતા પૂર્ણ પવિત્ર છે, શીલવતી છે પરંતુ તેનું અનુકરણ માત્ર શીલવાન સ્ત્રી જ નહીં, શીલભ્રષ્ટ સ્ત્રીઓ અને વ્યભિચારી પુરુષો પણ દુરૂપયોગરૂપે કરશે. તેથી કંઈક કરવું અત્યંત જરૂરી છે.

આ પ્રમાણે રામ કેટલાંક સમય પહેલા પ્રજાએ કહેલાં શબ્દો અને ઘટનાઓ વિષે વિચારી જ રહ્યાં હતાં કે લક્ષ્મણે આવીને તેમનું ધ્યાન ભંગ કરી દીધું અને તેમની ચિંતાનું કારણ પૂછ્યું.

રામે પૂરી વાત બતાવી જે સાંભળીને લક્ષ્મણ ગુસ્સે થઈને બોલ્યાં કે જે આવા ખોટાં વચન પણ બોલશે, હું તેની જીભ કાપી લઈશ. રામે લક્ષ્મણને શાંત કર્યા પછી કહ્યું કે જોકે સીતા તો શીલવાન છે પરંતુ મારી બદનામી કરાવનાર છે. અને હું મારી બદનામી નહીં થવા દઉં. તેથી તેનો ત્યાગ જ એકમાત્ર ઉપાય છે. લક્ષ્મણે કહ્યું કે હે દેવ ! લોક તો મુનિઓનો પણ અપવાદ કરે છે, જૈનધર્મનો પણ અપવાદ કરે છે તો શું આપ લોકાપવાદને લીધે ધર્મને છોડી દેશો ? નહીં ને, તો પછી સીતાનો ત્યાગ કરવો પણ અયોગ્ય જ છે. રામે કહ્યું – તમારી વાત સાચી છે, પરંતુ જે ન્યાયમાર્ગી મનુષ્ય છે, તેઓ લોકવિરુધ્ધ કાર્ય કરતાં નથી. તો પછી લોકાપવાદની તો વાત જ દૂર રહી. મારો તો એ મોટો દોષ છે કે હું પરપુરુષ દ્વારા જબરદસ્તી ઉપાડી જવાયેલી સીતાને ફરીથી ઘરમાં લઈ આવ્યો છું. આ બધું સાંભળ્યા પછી પણ લક્ષ્મણે ઘણું સમજાવ્યા પણ રામ પોતાનાં નિર્ણય પર અડગ રહ્યા. તેમણે કૃતાંતવક્ર સેનાપતિને બોલાવીને કહ્યું કે સીતાને પહેલાં સમ્મેદશિખર આદિનાં દર્શન કરાવીને નિર્જનવનમાં છોડી આવો.

કૃતાંતવક્રએ માથું ઝૂકાવીને કહ્યું કે હે દેવ ! આપની આજ્ઞાનું પાલન જ મારો ધર્મ છે. તથા સીતાની પાસે જઈને કૃતાંતવક્ર બોલ્યો કે હે માતા ! ઉઠો ! રથમાં બેસો. આપને ચૈત્યાલયોનાં દર્શનની ઈચ્છા છે તો ચાલો. આ સાંભળીને સીતા અતિ ઉત્સાહથી રથમાં બેઠી. સીતાને મંદિરોનાં દર્શન કરાવીને

નિર્જનવનમાં રથ અટકાવીને કૃતાંતવક્ર રડવા લાગ્યો. સીતાએ રડવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે અપકીર્તિનાં ભયથી રાજા રામે આપનો ત્યાગ કર્યો છે.

આ સાંભળીને સીતા બેહોશ થઈ ગઈ. હોશમાં આવતાં તેમણે કહ્યું કે તમે સ્વામીને કહેજો કે પરનિંદાનાં ભયથી આપે મારો ત્યાગ કર્યો તેનો કોઈ વાંધો નથી, પરંતુ પરનિંદાના ભયથી આપ ધર્મનો ત્યાગ ક્યારેય નહીં કરતા. મારો ત્યાગ કરવાથી આપને કદાચ આ ભવમાં જ થોડું ઘણું દુઃખ થશે પરંતુ ધર્મનાં ત્યાગથી અનંત ભવમાં તમને દુઃખ ઉઠાવવું પડશે.

આ પ્રમાણે રામ દ્વારા ત્યજી દેવા છતાં પણ સીતા રામનું હિત જ ઈચ્છે છે તે યોગ્ય જ છે કેમકે **જેવી રીતે શેરડી મુખમાં મીઠાશ જ આપે છે તેવી જ રીતે શીલવાન સ્ત્રીઓ પણ અનુકૂળ વચન દ્વારા પતિને શાંતિ આપનાર જ હોય છે, કષ્ટ આપવા છતાં પણ તે પતિનું ભલું જ ઈચ્છે છે.**

કૃતાંતવક્ર પોતાને ધિક્કારતો, નિર્દોષ સીતાને વનમાં એકલી મૂકીને અયોધ્યા પાછો ફર્યો. તથા સીતાનાં સમાચાર તથા સંદેશ રામને સંભળાવ્યો જે સાંભળીને રામ દુઃખી થયા. તેઓ નિર્દોષ સીતાને વનમાં મોકલીને પશ્ચાતાપ કરવા લાગ્યા. તેમણે ભદ્રકલશ ભંડારીને બોલાવીને કહ્યું કે તમે સીતાની હયાતીમાં જે પ્રમાણે તેની ઈચ્છા પ્રમાણે કિમિચ્છક દાન આપતાં હતાં તેમ અત્યારે પણ કરતાં રહો. સીતાનાં વિયોગથી રામ અંદરથી ખૂબ જ અશાંત તેમજ વ્યાકુળ રહેતા હતા, પણ ઉપરથી શાંત દેખાવાનો પ્રયાસ કરતાં હતાં, હસતાં હતાં.

આ બાજુ સીતા હોશમાં આવતાં વિલાપ કરતી અને પાછી બેહોશ થઈ જતી, પાછી હોશમાં આવતી ત્યારે વિલાપ કરતી. આ પ્રમાણે કેટલો સમય વીતી ગયો એની ખબર જ ન પડી.

સીતાનાં નસીબે પુંડરીકપુરના રાજા વજ્રજંઘ હાથી પકડવા માટે તે જ વનમાં આવ્યા અને વિલાપનો અવાજ સાંભળીને તે તરફ ગયા. તથા સીતાને જોઈને તેમણે પૂછ્યું કે હે દેવી ! આપ આ નિર્જનવનમાં કેવી રીતે આવ્યા ? આપનું રડવાનું કારણ શું છે ?

ત્યારે તેમનાં આશ્વાસનભર્યા વચન સાંભળીને સીતા બોલી કે હું રાજા

જનકની પુત્રી તથા રાજા દશરથનાં પુત્ર રામની પત્ની છું. દશાનનને ત્યાં રહેવાથી લોકોએ તેનો વિરોધ કર્યો તેથી અપકીર્તિનાં ભયથી શ્રી રામચંદ્રજીએ મને જિનદર્શનનાં બહાને આ નિર્જનવનમાં છોડાવી દીધી છે.

ત્યારે રાજા વજ્રજંઘે પોતાના મિત્ર જનકની પુત્રી સીતાને ધીરજ બંધાવી અને તેને પોતાની બહેન બનાવીને પોતાની સાથે રાજમહેલમાં લઈ ગયા. ત્યાં પણ સીતાએ પોતાનો પૂરો સમય ધર્મધ્યાન તથા દાન – પુણ્યમાં જ લગાવ્યો.

જ્યારે લવ – કુશ ગર્ભમાં હતા ત્યારે સીતાને પોતાની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરે તો પસંદ ન હતું. તે દર્પણની જગ્યાએ તલવારમાં પોતાનું મુખ જોવાનું પસંદ કરતી હતી. તેને સંગીત ગમતું ન હતું, પરંતુ ધનુષનો (અવાજ) ટંકાર સારો લાગતો હતો. આ પ્રમાણે ધીમેધીમે સમય વીતતો ગયો અને ૯ માસ બાદ સીતાએ એકી સાથે બે પુત્રોને જન્મ આપ્યો. રાજા વજ્રજંઘે પુત્રનાં જન્મ સમયે ઘણી ખુશી મનાવી, દાન આપ્યું તથા પુત્રોનાં નામ અનંગલવણ અને મદનાંકુશ રાખ્યા, જે જગતમાં લવ – કુશનાં નામે જાણીતા થયા. મોટાં થતાં સિદ્ધાર્થ નામનાં ગુરુએ તેમને શસ્ત્રવિદ્યામાં નિપુણ કર્યા.

યુવાવસ્થામાં તેમનાં પ્રબલ પૌરુષથી અન્ય રાજાઓનું પૌરુષ પણ ફિક્કું પડી જતું તે રાજાઓ તેમની સેવામાં હાજર રહેતા. રૂપ અને ગુણમાં બંને ભાઈ એકબીજાથી ચડિયાતા હતાં.

બંનેને યુવાનીમાં પ્રવેશ કરતાં જોઈને રાજા વજ્રજંઘે પોતાની શશિચૂલા રાણીથી જન્મેલી ૩૨ કન્યાઓનાં લગ્ન લવ સાથે કરવાનું વિચાર્યું તથા કુશ માટે પૃથ્વીપુરનાં રાજા પૃથુની પુત્રી કનકમાલા માટે દૂત મોકલ્યો. પરંતુ અજાણ્યા કુળવાળા આ કુમારથી પોતાની પુત્રીનાં લગ્ન કરવાનું તેમણે ન સ્વીકાર્યું. ત્યારે રાજા વજ્રજંઘે યુદ્ધની તૈયારી કરી. લવ – કુશે યુદ્ધનું કારણ જાણ્યું તો તેઓ સ્વયં યુદ્ધ માટે નીકળી પડ્યા.

તે બંને ભાઈઓનાં પ્રતાપની સામે રાજા પૃથુની સેનામાં થોડી જ વારમાં ભાગદોડ શરૂ થઈ ગઈ. તેમનાં બાણનો સામનો કરવામાં અસમર્થ પૃથુ પણ ભાગવા લાગ્યા. ત્યારબાદ તેમની પૃથુએ માફી માંગી તથા કહ્યું કે

**શૂરવીરનું કૂળ તેનાં બાણથી જ જાણી શકાય છે.** તેથી આપ મારી પુત્રી કનકમાલા સાથે લગ્ન કરો.

એ પછી લવ – કુશે ઘણાં રાજાઓને જીત્યા, તેમને વશમાં કર્યા. દેવો દ્વારા સન્માનિત નારદને પ્રણામ કરીને નારદે તેમને આશીર્વાદ આપ્યા કે તમને રામ – લક્ષ્મણ જેવો વૈભવ પ્રાપ્ત થાઓ.

આ સાંભળીને એ બંનેએ પૂછ્યું કે રામ – લક્ષ્મણ કોણ છે ? ક્યા કુળમાં ઉત્પન્ન થયા છે ? તેમનાં કયા ગુણ છે ? ત્યારે નારદ બોલ્યા – બળભદ્ર – નારાયણની આ વાર્તા તમે આજ સુધી કેવી રીતે નથી સાંભળી ? રામને તો આખો લોક જાણે છે. રામ – લક્ષ્મણનાં ગુણ તો અપાર છે તેમ છતાં હું તેમની વાર્તા ટૂંકમાં કહું છું.

ઈક્ષ્વાકુવંશમાં રાજા દશરથને ૪ પુત્ર થયા – રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. મોટા પુત્ર રામનાં લગ્ન જનકની પુત્રી સીતા સાથે થયા. તેઓ લક્ષ્મણ સહિત પિતાની આજ્ઞાથી વનમાં ગયા, ત્યાં દશાનન કપટપૂર્વક સીતાને ઉપાડી ગયો. પછી રામ – લક્ષ્મણે સુગ્રીવ આદિ રાજાઓની મદદ લઈને દશાનનને યુદ્ધમાં જીત્યો તથા સીતાને લઈને અયોધ્યા પાછાં ફર્યા. કેટલાંક દિવસ શાંતિથી પસાર થયા પછી પ્રજાએ સીતાનો અપવાદ કરવાનું શરૂ કર્યું તથા રામે સીતાને વનવાસ આપી દીધો.

ત્યારે કુશે કહ્યું કે રામે આ સારું નથી કર્યું. **રાજાએ બધાનું કહેવું તો સાંભળવું જોઈએ પરંતુ માત્ર સાંભળીને સત્ય – અસત્યનો નિર્ણય કર્યા વિના દંડ દેવો યોગ્ય નથી. આ નીતિજ્ઞ અને કુળવાનની રીત નથી. અપવાદ દૂર કરવાનાં ઘણાં ઉપાય છે. એના દ્વારા પરીક્ષા કરીને જ દંડ આપવો યોગ્ય છે. માત્ર કહેવાથી સીતા દંડનીય ન હતી. અમે સીતાને ન્યાય અપાવીશું.**

યુદ્ધ માટે તૈયાર લવ – કુશે પૂછ્યું કે અહીંથી અયોધ્યા કેટલું દૂર છે ? નારદે કહ્યું – ૧૦૮ યોજન. ત્યારે બંને કુમાર બોલ્યા કે અમે રામ – લક્ષ્મણથી યુદ્ધ કરીશું અને સીતાને ન્યાય અપાવીશું. આ પૃથ્વી પર એવા કોણ છે જે મારાથી ઘણાં બળવાન છે ?

એ બંને રાજા વજ્રજંઘ પાસે જઈને કહ્યું કે કલિંગ, સિંધુ આદિ બધાં દેશને પત્ર મોકલો. અમે હમણાં જ અયોધ્યા તરફ આગળ વધીશું.

સીતાએ જ્યારે આ સાંભળ્યું ત્યારે તે ઘણી દુઃખી થઈ તથા નારદને કહ્યું કે આ તમે શું કર્યું ? પિતા – પુત્રને દુશ્મન બનાવી દીધા ? નારદે કહ્યું હું તો કશું જાણતો ન હતો. બસ, મેં તો આશીર્વાદ આપ્યા. તેમણે રામકથા પૂછી તો મેં બતાવી દીધી. પણ તમે ચિંતા ન કરો. જે થશે તે સારા માટે જ થશે.

બંને ભાઈઓએ જ્યારે માતાને રડતી જોઈતો તેમને રડવાનું કારણ પૂછ્યું. સીતાએ કહ્યું કે તમારી પોતાનાં પિતા સાથેનાં યુદ્ધની વાત સાંભળીને હું રડી રહી છું ત્યારે બંનેએ પોતાનાં પિતા વિષે પૂછ્યું. સીતાએ સ્વયંવરથી લઈને વનવાસ, અપહરણ, તથા લવ – કુશ ઉત્પત્તિનો પૂરો ઘટનાક્રમ બતાવ્યો અને કહ્યું કે તમારું તેમની સાથે યુદ્ધ સાંભળીને હું ચિંતામાં પડી ગઈ છું. કેમકે હવે ખબર નહીં પતિ તરફથી માઠાં સમાચાર સાંભળું અથવા તમારી કે લક્ષ્મણની અવગતિનાં સમાચાર સાંભળું. તેથી મને રડવું આવી રહ્યું છે.

બંનેએ કહ્યું કે હે માતા ! **આપ તો સહનશીલતાની મૂર્તિ છો. નારીનો સ્વભાવ છે કે તે પ્રિયજનનાં દોષને ગૌણ કરીને તેમનું હિત જ ચાહે છે,** પરંતુ મહાધનુષધારી વિશાલકીર્તિનાં ધારક અમારાં પિતાએ આપને વનમાં છોડી દીધા – એ સારું ન કર્યું. તેથી અમે તેમનું માનભંગ તો ચોક્કસ કરીશું પરંતુ આપની સલાહ પ્રમાણે અમે તેમની પર વાગે તેવું બાણ નહીં છોડીએ. તેથી આપ દુઃખી ન થાઓ, નિશ્ચિંત રહો.

સીતાએ કહ્યું કે તેઓ તમારાં વડીલ છે, તેમનાંથી વિરોધ યોગ્ય નથી. તમે શાંતચિત્તે પિતાજીને પ્રણામ કરો એજ યોગ્ય છે.

લવ – કુશે કહ્યું – અમારા પિતાથી અમને વેરભાવ થયો છે તો પછી અમે કેવી રીતે તેમને પ્રણામ કરીએ અને દીનતાનાં વચન કહીએ કે અમે તમારાં પુત્ર છીએ ? જો અમે કહીએ કે આપનાં પુત્ર છીએ અને એમણે અમને ન સ્વીકાર્યા તો ? તેથી લડાઈમાં મરણ સારું પણ કાયરતાભર્યા વચન અમે કેવી રીતે કહીએ – એ સાંભળીને સીતા ચૂપ થઈ ગઈ અને બંને પુત્ર જિનેંદ્ર વંદના કરીને તથા માતાને ધીરજ આપીને યુદ્ધ માટે ચાલી નીકળ્યા.

# ઓગણીસમો દિવસ

જયારે લવ અને કુશ અયોધ્યાની નજીક પહોંચ્યા ત્યારે રામ – લક્ષ્મણે સુગ્રીવ આદિ બધા રાજાઓ પાસે દૂતને મોકલ્યા. બધા રાજાઓ સેના સહિત જલ્દીથી આવી ગયા.

નારદે ભામંડલની પાસે જઈને સીતામિલનનાં બધાં જ સમાચાર કહ્યાં તેથી ભામંડલ માતા – પિતા સહિત પુંડરીકપુર આવી પહોંચ્યા. ક્ષેમકુશળતા પૂછ્યા પછી ભામંડલે સીતાને કહ્યું કે બલભદ્ર – નારાયણની સામે કોઈ ટકી શકતું નથી તેથી યુદ્ધવિરામ માટે મદદ કરવા તમે અમારી સાથે ચાલો. સીતા વહુઓની સાથે ભામંડલનાં વિમાનમાં બેસીને ચાલી નીકળી.

બધા વિદ્યાધર તથા હનુમાને એમ જાણ્યું કે લવ – કુશ તો રામનાં જ પુત્ર છે તો તેઓ યુદ્ધથી વિરક્ત થઈ ગયા, પરંતુ લવ – કુશ સાથેનાં પોતાના સંબંધથી અજાણ રામ અને લક્ષ્મણ તો યુદ્ધ કરતાં રહ્યાં. લવ – કુશે તો રામલક્ષ્મણ ને પિતા તથા કાકા જાણીને સંભાળીને (સાચવીને) આક્રમણ કર્યું તથા રામ – લક્ષ્મણ તેમને શત્રુ માનીને ઘાતક હુમલો કરતાં હતાં.

આ પ્રમાણે ઘણો સમય રામ અને લવ તથા લક્ષ્મણ અને કુશમાં યુદ્ધ થતું રહ્યું. પોતાનાં દરેક શસ્ત્રનો કુશ પર નિષ્ફલ હુમલો જોઈને ગુસ્સે થયેલા લક્ષ્મણે ચક્ર ચલાવી દીધું પરંતુ ચક્રરત્ન પણ કુશની સામે પ્રભાવહીન થઈ ગયું. ચક્રરત્ન નિષ્ફળ જતાં બધાં સૈનિકો આશ્ચર્યચકિત રહી ગયા અને પ્રભાવહીન થઈ ગયું. ચક્રરત્ન નિષ્ફળ જતાં બધાં સૈનિકો આશ્ચર્યચકિત રહી ગયા અને વિચારવા લાગ્યાં કે શું આ બીજાં બલભદ્ર નારાયણ છે ? શું જિનમુનિનું કથન વિપરિત હોઈ શકે ? લક્ષ્મણને વિચારમાં પડેલાં જોઈને નારદે તેમની પાસે જઈને કહ્યું કે જિનવચન અન્યથા હોતાં નથી. આ તમારાં ભત્રીજા છે, સીતાનાં પુત્ર છે, આ તમારું જ અંગ છે. તેથી તેમની પર ચક્રાદિ શસ્ત્ર ચલાવી શકાતું નથી.

સીતાનાં પુત્ર જાણીને રામ – લક્ષ્મણે તેમને ગળે લગાવ્યાં.

સીતા પિતા – પુત્રનો મેળાપ જોઈને નિશ્ચિંત થઈને પ્રસન્નતાથી પુંડરીકપુર પાછી ફરી. ભામંડલ ભાણિયાઓને મળ્યા. ત્યારબાદ રામ પુત્ર સહિત મંદિર ગયા ત્યાર બાદ તેમણે અયોધ્યામાં પ્રવેશ કર્યો.

કેટલાંક દિવસ પછી હનુમાને, સુગ્રીવાદિએ સીતાને પાછા બોલાવવા માટે વિનંતી કરી. રામે કહ્યું કે લોકાપવાદને લીધે સીતાને મેં છોડી હતી હવે પરીક્ષા વિના એમને એમ હું તેને કેવી રીતે બોલાવું ? તેથી હવે બધા દેશનાં સામંતોને બોલાવો તથા બધાંની સામે સીતા પોતાની પવિત્રતા સાબિત કરે તો હું તેને મારી સાથે રાખી શકું છું.

એ સાંભળીને હનુમાન આદિ પુંડરીકપુર જઈને સીતાને લઈ આવ્યા.

અયોધ્યાની નજીક મહેન્દ્ર ઉદ્યાનમાં સીતાએ રાત પસાર કરી. બીજા દિવસે જ્યારે સીતાએ રાજ્યસભામાં પ્રવેશ કર્યો ત્યાર ત્યાં ઉપસ્થિત બધા રાજાઓએ સીતાનું યથાયોગ્ય સન્માન કર્યું.

સીતા જેમ જેમ રામની નજીક આવવા લાગી ત્યારે તેમણે રામનો કોઈ પ્રતિભાવ ન જોયો. રામને ઉદાસીન જોઈને તે મનમાં વિચારે છે કે કદાચ હજી મારાં વિયોગનાં દિવસો પૂરાં થયાં લાગતાં નથી. મારાં સ્વામી હજી પણ મારાથી નારાજ છે, તેથી અત્યારે તેમની પાસે જવું યોગ્ય નથી – એમ વિચારીને તે દૂર જ ઊભી રહી ગઈ.

સીતાને સામે ઊભેલી જોઈને રામ ગંભીરતાથી બોલ્યાં – હે સીતા ! જો કે તમારી નિર્દોષતા જાણું છું તેમ છતાં સ્વભાવે કપટચિત્તવાળી પ્રજાને વિશ્વાસ અપાવીને તમે તેમની શંકા દૂર કરો.

સ્વામીનાં આવા ભરોસાપૂર્ણ વચન સાંભળીને પ્રસન્નચિત્ત સીતાએ કહ્યું કે હું દરેક પ્રકારે પરીક્ષા આપવા તૈયાર છું. જો આપ આજ્ઞા કરો તો આ ભયંકર ઝેર પી જાઉં અથવા અગ્નિની જવાળામાં પ્રવેશ કરું અથવા આપની જે ઈચ્છા હોય તે કરવા હું તૈયાર છું.

સમજી વિચારીને રામે સીતાને અગ્નિ પરીક્ષાની આજ્ઞા આપી. સીતાએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો. પરંતુ હનુમાન આદિ ઘણાં ચિંતાતુર બન્યા. તેઓ વિચારવા લાગ્યાં કે આ અગ્નિનો શો ભરોસો ? પરંતુ રામે કોઈની વાત

સાંભળ્યા વિના નોકરોને અગ્નિવેદી બનાવવાની આજ્ઞા આપી. આ બાજુ જ્યારે અયોધ્યામાં અગ્નિવેદી બની રહી હતી ત્યારે અયોધ્યાની નજીક મહેન્દ્ર ઉદ્યાનમાં સર્વભૂષણ મુનિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી તેમનાં દર્શન માટે દેવતાગણ આવી રહ્યા હતાં. તેમણે સીતાની પરીક્ષા કરવા માટે તૈયાર કરાયેલ અગ્નિવેદીને જોઈ તેથી ઇન્દ્રએ મેઘકેતુ નામનાં દેવને મહાસતી સીતાનો ઉપસર્ગ દૂર કરવાની આજ્ઞા આપી અને સ્વયં કેવલીનાં દર્શન કરવા ચાલી નીકળ્યા. ઇન્દ્રની આજ્ઞાનું પાલન કરવા માટે મેઘકેતુ દેવ અગ્નિકુંડની ઉપર આસમાનમાં છૂપી રીતે બેસી ગયો.

અગ્નિવેદી તૈયાર હતી, અગ્નિની જવાળાથી આખું વાતાવરણ તપ્તાયમાન થઈ રહ્યું હતું. ઉપસ્થિત સમસ્ત પ્રજા આશ્ચર્યચકિત હતી. સીતા ધીમે ધીમે અગ્નિવેદી તરફ આગળ વધી રહી હતી. તેઓ નિશ્ચિંત હતા, ક્યાંય જરાપણ ભય કે વ્યાકુળતાનો અંશપણ તેમનાં મુખ પર દેખાતો ન હતો, પરંતુ રામ બેચેન હતા. તેઓ વિચારી રહ્યાં હતાં કે હું પતિવ્રતા શીલવતી સીતાને વ્યર્થ જ અગ્નિપ્રવેશની આજ્ઞા આપી બેઠો. હવે હું એનાં આગળ વધેલાં કદમ કેવી રીતે પાછાં વળું ? જો રોકું તો તે શરમજનક છે અને નથી રોકતો તો સીતાનું મૃત્યુ નિશ્ચિંત જ છે. કેમકે **અગ્નિનો સ્વભાવ તો બાળવાનો જ છે, કોઈપણ સ્ત્રી–પુરુષ અગ્નિનો સ્પર્શ કરશે તો બળશે જ......**

આ પ્રમાણે અસહાય બનેલા રામ કિંકર્તવ્યમૂઢ થઈ ગયા.

અગ્નિવેદીની પાસે પહોંચીને સીતાએ તીર્થંકરનું સ્મરણ કર્યું અને કહ્યું જો મન – વચન – કાયાથી અગર મેં કોઈ અન્યની ઈચ્છા પણ કરી હોય તો આ અગ્નિમાં મારો દેહ બળી જાઓ. જો હું પતિવ્રતા અણુવ્રતધારી શ્રાવિકા છું તો હે અગ્નિ ! મને ન બાળતી. એમ કહીને ણમોકારમંત્રનો જાપ કરતાં-કરતાં સીતાએ અગ્નિમાં પ્રવેશ કર્યો. ત્યારે મેઘકેતુ દેવે અગ્નિવેદીને જલકુંડમાં પરિવર્તિત કરી દીધી તથા એટલું પાણી ભરી દીધુંકે ત્યાં ઉપસ્થિત જન ધીમે-ધીમે તેમાં ડૂબવા લાગ્યા. પાણીને તીવ્રગતિથી આગળ વધતું જોઈને બધા ભૂમિગોચરી રાજાઓ ડરી ગયા તથા પાણીથી રક્ષા માટે સીતાને પ્રાર્થના કરવા લાગ્યા. સીતાનાં કહેવા પ્રમાણે દેવે પાણી અટકાવ્યું તથા એ સરોવરની વચ્ચે

એક સિંહાસન બનાવ્યું. જેના પર સીતા બેઠી. પછી લવ–કુશ સીતાની પાસે તરીને ગયા.

રામ પણ સીતાની પાસે પહોંચ્યા અને તેને પોતાની સાથે મહેલમાં ચાલવાનો આગ્રહ કર્યો. ખૂબ જ ગંભીર સીતાએ કહ્યું કે હે નાથ ! મેં સંસારનાં સ્વરૂપને ખૂબ જ સારી રીતે સમજી લીધું છે. હવે મારી ઈચ્છા મોક્ષમાર્ગે આગળ વધવાની છે, તેથી હું તો જૈનેશ્વરી દીક્ષા ધારણ કરીશ.

એ સાંભળીને રામ બેહોશ થઈ ગયા તથા સીતાએ પૃથ્વીમતી આર્યિકા પાસે જઈને દીક્ષા લઈ લીધી.

આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ કે મહાસતી શીલવતી સીતાને ત્રણવાર વનવાસ ભોગવવો પડ્યો હતો.

પહેલીવાર તો જ્યારે તેઓ પોતાનાં પતિ રામની અનુગામિની બનીને રામ–લક્ષ્મણની સાથે વનમાં ગયાં હતાં. ત્યારે તેમને રાવણ દ્વારા ઉપાડી જવામાં આવતાં મહામુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

બીજીવાર લોકાપવાદનાં ભયથી પતિ દ્વારા નિર્જનવનમાં છોડી દેવાઈ હતી. ત્યારે પણ ગર્ભાવસ્થામાં સીતાને અનેક કષ્ટ સહન કરવા પડ્યાં હતાં.

હવે ત્રીજીવાર સ્વયં વૈરાગ્ય ધારણ કરીને બધી જ લૌકિક સુવિધાઓને ઠુકરાવીને, બધાં જ કુટુંબીજનોને છોડીને વનમાં જઈ રહી છે.

**વૈરાગ્ય વિના જે પણ વનમાં જશે, દુઃખ જ પામશે. રાગી ચાહે ભવનમાં રહે ચાહે વનમાં જાય, દુઃખ જ પામે છે. વૈરાગ્ય વિના સુખ પ્રાપ્ત થઈ શકતું નથી.** હવે મહાસતી સીતાજી વૈરાગી બનીને વનમાં જઈ રહી છે. તેથી કોઈ મુશ્કેલીનો પ્રશ્ન જ નથી ઊઠતો.

**પહેલીવાર સાસુ – સસરા ને લીધે વનવાસ મળ્યો હતો, બીજીવાર પ્રાણનાથે જ કહ્યા વિના મોકલાવી દીધી. જ્યારે સાસુ – સસરાએ મોકલી ત્યારે પતિ અને દિયરનો આધાર હતો, પરંતુ શું થયું એ આધારથી ? છેવટે તો રાવણ તેનું હરણ કરીને લઈ ગયો.**

**બીજીવાર જ્યારે પતિએ મોકલી ત્યારે પણ કોઈ આધાર ન હતો.**

**પણ કોઈ તેને ઉપાડી ન ગયું, ધર્મનો ભાઈ બનીને મદદ કરનાર મળી ગયા.**

**હવે ત્રીજીવાર નથી કોઈ હરણ કરવાવાળું કે નથી કોઈ ધર્મનો ભાઈ આવવાનો, હવે તો ધર્મ જ સહારો છે. ખરેખર સાચો આધાર તો ધર્મ જ છે.**

હોશમાં આવતાં જ સીતાને પાસે ન જોતાં રામ શૂન્યચિત્ત થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યાં કે પ્રિયજનનું મરણ સારું પણ વિયોગ નહીં. દેવોએ સીતાની મદદ કરી, તે તો ખૂબ જ સારું કર્યું પણ હવે તેઓ મારી રાણી મને પાછી નહીં આપે તો એમની સાથે મારે યુદ્ધ થશે. લક્ષ્મણનાં સમજાવવા છતાં તેઓ ન માન્યા તથા ગુસ્સે થઈને કુલભૂષણ કેવલીની ગંધકુટી તરફ ગયા. દૂરથી જ ગંધકુટીને જોઈને રામનો ક્રોધ શાંત થઈ ગયો. તેઓ હાથી ઉપરથી ઉતર્યા. ભગવાનને નમસ્કાર કર્યા. તેમની ત્રણવાર પ્રદક્ષિણા કરી તથા તેમનાં ઉપદેશનું શ્રવણ કર્યું. સીતા પણ આર્યિકા બનીને તેમનો ઉપદેશ સાંભળી રહી હતી.

કેવલીનો વૈરાગ્યમય ઉપદેશ સાંભળીને રામે કેવલીને પૂછ્યું કે હું કેવી રીતે આ ભવભ્રમણથી છૂટું ? કેમકે હું રાણીઓ સહિત સમસ્ત પૃથ્વીનું રાજ્ય છોડી શકું છું પરંતુ ભાઈનો પ્રેમ છોડવા માટે અસમર્થ છું. તેમના સ્નેહબંધનને તોડવાનો કોઈ ઉપાય બતાવો. તેના જવાબમાં કેવલી ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે તું દુઃખી ન થા. તું બળદેવ છો. અત્યારે થોડાં દિવસો સુધી વસુદેવની સાથે તું સુખેથી રાજ્ય કરીશ અને પછી જિનેશ્વરી દીક્ષા ધારણ કરીને આ જ ભવમાં મોક્ષ જઈશ. કેવલીનાં મુખેથી રામનું ભવિષ્ય જાણીને બધાં ખૂબ જ ખુશ થયા.

એ પછી વિભીષણે પૂછ્યું કે દશાનને શા માટે સીતાનું હરણ કર્યું હતું ? ધર્મ, અર્થ, કામ, મોક્ષનાં જાણકાર, અનેક શાસ્ત્રોનાં પાઠી, અનેક ગુણોથી યુક્ત દશાનન પરસ્ત્રીની અભિલાષા કેમ કરી બેઠો ? લક્ષ્મણે એ ધીર-વીરનો સંગ્રામમાં કેમ સંહાર કર્યો ?

ઉત્તરસ્વરૂપે કેવલીની વાણીમાં આવ્યું કે દશાનનનો જીવ સીતાનાં જીવ પર ઘણાં ભવથી આસક્ત હતો, પરંતુ તેને પ્રાપ્ત ન કરી શક્યો. તેથી આ

ભવમાં પણ દશાનનનાં જીવે સીતાને પ્રાપ્ત કરવાની કોશિષ કરી. રામ – લક્ષ્મણ બંને અનેક ભવનાં ભાઈ–ભાઈ છે તથા રાવણનાં જીવને લક્ષ્મણનાં જીવ સાથે અનેક ભવથી વેર છે. તેથી પૂર્વવેરને લીધે લક્ષ્મણે દશાનનને માર્યો. સીતાએ પૂર્વભવમાં મુનિનો અપવાદ કર્યો હતો તેથી તેનો પણ અપવાદ થયો.

કેવલીનાં વૈરાગ્યમય ઉપદેશ સાંભળીને કૃતાંતવક્ર સેનાપતિએ રામને કહ્યું કે હું આ સંસારચક્રથી પાર થવા માંગુ છું. તેથી મને મુનિવ્રત ધારણ કરવાની ઈચ્છા છે. રામે ખૂબ જ સમજાવ્યું કે તમે કયારેય પણ દુઃખ સહન નથી કર્યા, હવે વનની વિષમ ભૂમિમાં કેવી રીતે રહેશો ? ત્યાંના દુઃખ કેવી રીતે સહન કરશો ? તમને શત્રુની સેનાના કઠોર શબ્દો પણ સહન થઈ નથી શકતાં તો નીચ લોકો દ્વારા કરવામાં આવેલું અપમાન કેવી રીતે સહન થશે ? રામનું ઘણું સમજાવ્યા છતાં પણ કૃતાંતવક્ર જ્યારે પોતાનાં નિર્ણય પર અટલ રહ્યા ત્યારે રામે કહ્યું કે જો આ ભવમાં આપનો મોક્ષ ન થયો અને તમે દેવ બન્યા તો સંકટ સમયે આવીને મને સંબોધન કરજો. જો તમે મારો જરા પણ ઉપકાર માનો છો તો દેવગતિમાં મને ભૂલી ન જતાં.

કૃતાંતવક્ર બોલ્યા – હે સ્વામી ! જેવી આપની આજ્ઞા ! એટલું કહીને તેઓ અંતર – બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને દિગંબર મુનિ થઈ ગયા. એ પછી રામ બધાં સાધુઓને નમસ્કાર કરીને સીતાની પાસે ગયા. વૈરાગ્યમયી સીતાને જોઈને તેઓ આશ્ચર્યચકિત રહી ગયા. તેઓ મનમાં વિચારવા લાગ્યા કે ડરપોક સ્વભાવવાળી, વાદળાની ગર્જનાથી પણ ડરી જનારી સીતા હવે મહાભયંકર વનમાં કેવી રીતે રહેશે ? ક્યાં તેનું કોમળ શરીર અને ક્યાં દુર્ધર જિનરાજનું તપ ? મારી ભૂલ હતી કે મેં આ મહાસતીને અપકીર્તિનાં ભયથી ઘરમાંથી કાઢી મૂકી. પરંતુ હવે શું કરી શકું ? હવે જ્યારે તે જે માર્ગ પર આગળ વધી ચૂકી છે ત્યાંથી પાછા ફરવું મુશ્કેલ છે ? હમણાં હમણાં જ મેં દિવ્યધ્વનિમાં સાંભળ્યું કે જે થવાનું છે તે નિશ્ચિંત છે. તેથી હવે જ્યારે સીતાનાં ભાગ્યમાં વનવાસ જ છે તો એ મહેલોનું સુખ કેવી રીતે ભોગવી શકે ? આ પ્રમાણે કેવલીનાં ઉપદેશને યાદ કરીને મનમાં ધૈર્ય ધારણ કરીને તેમણે સીતાને નમસ્કાર કર્યા, લક્ષ્મણ તથા લવ–કુશે પણ યોગ્ય સન્માન કર્યું અને તેઓ બધા અયોધ્યા પાછાં ફર્યા.

સીતાએ ખૂબ જ કઠિન તપસ્યા કરી. અનેક ઉપવાસોથી તેમનું શરીર ક્ષીણ થઈ ગયું. શરીર – સંસ્કાર રહિત, અત્યંત શાંતચિત્ત સીતા ઉગ્રતપ કરવા લાગી. પોતાનાં અધ્યયન મનનનાં બળ પર તે બધી આર્યિકાઓમાં પણ મુખ્ય રહી. તેમણે ૬૨ વર્ષ સુધી તપ કર્યું અને આયુષ્યનાં ૩૩ દિવસ બાકી રહ્યા ત્યારે સંલેખના ઘારણ કરીને શરીરનો ત્યાગ કર્યો, સ્ત્રીલિંગને છેદીને તે અરચુત નામનાં ૧૬મા સ્વર્ગમાં પ્રતીન્દ્ર થઈ.

બહેન સીતાને આર્યિકાનાં રૂપમાં જોઈને ભામંડલનું મન પણ વિરક્ત થઈ ગયું. પરંતુ પોતાનાં પુરુષાર્થની કમજોરીને લીધે તેઓ સ્વયં દીક્ષા ન લઈ શક્યા. આ પ્રમાણે ઘણાં વર્ષો વીતી ગયા.

બહેનનાં સમાધિમરણનાં સમાચાર સાંભળીને તેઓ વિચારવા લાગ્યાં કે હું જિનદર્શન, પૂજા આદિ દરરોજ કરું છું, મુનિરાજને આહાર પણ આપું છું, પરંતુ દીક્ષા કેવી રીતે લઉં ? જો મેં દીક્ષા લઈ લીધી તો મારી પ્રિય પત્નીઓ દુ:ખી થશે અને તેમનાં વિયોગમાં હું પણ જીવિત નહીં રહી શકું. અને હજી મારી ઉંમર પણ કયાં થઈ છે, ઘડપણમાં દીક્ષા લઈ લઈશ. આ પ્રમાણે પોતાનાં મનને સમજાવીને તેઓ પોતાની પત્નીઓ સાથે ભોગ ભોગવતાં રહ્યાં.

એક દિવસ જ્યારે તેઓ મહેલમાં સૂઈ રહ્યાં હતાં ત્યારે મહેલ પર વીજળી પડી તેથી તરત જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. ઉત્તમ પરિણામોને લીધે તેઓ ઉત્તમ ભોગભૂમિમાં જન્મ્યા.

પોતાની હજારો રાણીઓ સાથે આનંદમાં રહેતા હનુમાને જ્યારે ભામંડલનાં દુ:ખદ મૃત્યુનાં સમાચાર સાંભળ્યા તો તેઓ ખૂબ જ દુ:ખી થઈ ગયા. પોતાનાં મનને શાંતિ આપવા માટે રાણીઓ સહિત તેઓ સુમેરુપર્વત પર સ્થિત જિનમંદિરોનાં દર્શન કરવા ગયા. સુમેરુ પર્વત પર હનુમાનની રાણીઓએ રત્નોનાં ચૂર્ણથી માંડલું સ્થાપ્યું અને પછી બધાએ સાથે મળીને મંદિરમાં જિનેંદ્રપૂજન કરી.

રાત્રે હનુમાન આકાશ તરફ જોઈ રહ્યા હતા ત્યારે જ એક તારો તૂટતો તેમણે જોયો. તેને જોઈને તેઓ વિચારવા લાગ્યા કે હું આ વિનાશી રાજ્યસંપદા સ્ત્રી – પુત્રાદિમાં મશગૂલ છું પણ આ બધું ક્ષણિક છે ; ક્યારેય પણ નષ્ટ થઈ

શકે છે. તેથી આ ઉત્તમ જૈનકુળ પ્રાપ્ત કરીને મારે એવું કાંઈ કરવું જોઈએ કે જેનાથી અવિનશ્વર શિવસુખની પ્રાપ્તિ થાય.

સવારે હનુમાનનાં વૈરાગ્યનાં સમાચાર રણવાસમાં પહોંચ્યા તો રાણીઓ વિલાપ કરવા લાગી. હનુમાને તેમને સમજાવીને શાંત કરી, સમસ્ત પુત્રોને યથાક્રમે રાજ્યધર્મમાં લગાવીને હનુમાને ધર્મરત્ન મુનિરાજ પાસે જિનદીક્ષા લઈ લીધી. હનુમાનની સાથે અન્ય ૭૦૦ મોટા રાજા પણ મુનિ થયા તથા રાણીઓએ બંધુમતી આર્યિકાની પાસે જઈને આર્યિકાનાં વ્રત ધારણ કર્યા.

કેટલાંક સમય પછી હનુમાને તુંગીગિરિ પર ધ્યાન લગાવ્યું અને અષ્ટકર્મથી રહિત થઈને તેઓ સિધ્ધ થઈ ગયા.

# વીસમો દિવસ

રામ – લક્ષ્મણનાં સુખેથી દિવસો પસાર થઈ રહ્યાં હતાં. બધેથી શાંતિ હતી.

એક દિવસ કાંચનસ્થલ નામનાં રાજા કાંચનરથે પોતાની બે પુત્રીઓનાં સ્વયંવરનું આમંત્રણ રામ – લક્ષ્મણ પાસે મોકલ્યું જેમાં સમ્મિલિત થવા માટે રામ – લક્ષ્મણે પોતાનાં બધાં જ પુત્રોને મોકલ્યા.

સ્વયંવરમાં તે બંને રાજકુમારીઓ માંથી મોટી એ લવ તથા નાની એ કુશને વરમાળા પહેરાવી.

આ જોઈને લક્ષ્મણની ૮ પટરાણીઓનાં ૮ પુત્રો સિવાય બાકીનાં ૨૫૦ પુત્રોને તે કન્યાઓ પર ખૂબ જ ગુસ્સો આવ્યો. તેઓ વિચારવા લાગ્યા કે અમે નારાયણનાં પુત્ર છીએ. અમારામાં શું ખામી હતી કે અમને છોડીને તેણે સીતાનાં પુત્રોને વરમાલા પહેરાવી. ચાલો, આક્રમણ કરીએ પોતાનાં ભાઈઓને યુદ્ધ માટે ઉત્સુક જોઈને આઠેય મોટા ભાઈઓએ તેમને સમજાવીને શાંત કર્યા. સ્ત્રીઓ માટે ભાઈઓમાં ઝઘડો થતો જોઈને તે ૮ કુમારને વૈરાગ્ય આવ્યો અને રામ – લક્ષ્મણ પાસે આજ્ઞા લઈને તેમણે જૈનેશ્વરી દીક્ષા લઈ લીધી.

તેઓ અંતર – બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને, વિધિપૂર્વક ઈર્યાસમિતિનું પાલન કરતાં – કરતાં વિહાર કરવા લાગ્યા તથા કેટલાંક દિવસ પછી આત્મલીનતાની દશામાં શુભાશુભ કર્મોનો નાશ કરીને અનંતસુખ સિદ્ધપદને પ્રાપ્ત કર્યું.

રામ – લક્ષ્મણે જ્યારે હનુમાન અને અષ્ટકુમારનાં વૈરાગ્યનાં સમાચાર સાંભળ્યા ત્યારે રામ હસીને બોલ્યાં – આ લોકોએ મનુષ્યભવનાં કયા સુખ ભોગવ્યાં ? આટલી નાની ઉંમરમાં પ્રાપ્ત ભોગસામગ્રી છોડીને યોગ ધારણ કરવા પાછળ શું તાત્પર્ય છે ? આ પ્રમાણે વિચાર કરતાં-કરતાં રામ સંસારનાં સુખ ભોગવતાં-ભોગવતાં લક્ષ્મણની સાથે ન્યાયપૂર્વક રાજ્ય કરતાં રહ્યાં.

અનુરાગે પૂછ્યું – ગુરુજી, અમે તો સાંભળ્યું છે કે રામ લક્ષ્મણનું મડદું લઈને છ મહિના સુધી ભટકતાં રહ્યા – તો લક્ષ્મણને શું થયું હતું ? તેમનું મૃત્યુ કેવી રીતે થયું ?

ગુરુજીએ કહ્યું - એક દિવસ સ્વર્ગમાં ઇન્દ્ર પોતાની સભામાં તત્વચર્ચા કરી રહ્યાં હતાં. ત્યારે તત્વચર્ચા કરતી વખતે તેઓ બોલ્યાં કે એ દિવસ ક્યારે આવશે જ્યારે હું સ્વર્ગનો સમય પૂર્ણ કરીને મનુષ્યભવ પ્રાપ્ત કરીને મુનિવ્રત ધારણ કરીશ ?

આ સાંભળીને એક દેવ બોલ્યો – અહીં સ્વર્ગમાં તો આપણને એવું જ મન થાય છે પણ મનુષ્ય દેહ પ્રાપ્ત કરીને આપણે એ ભૂલી જઈએ છીએ (આત્મહિત કરવાનીવાત). જો તમને મારી વાત પર વિશ્વાસ ન હોય તો પૂર્વનાં પાંચમા સ્વર્ગના બ્રહ્મેન્દ્ર નામનાં ઇન્દ્ર કે જે અત્યારે રામચંદ્ર છે, એમને જ જોઈ લ્યો. તેઓ અહીં તો આવું જ કહેતાં હતાં પરંતુ હવે વૈરાગ્યનો વિચાર જ કરતાં નથી.

સૌધર્મ ઈન્દ્રે કહ્યું – બધા બંધનોમાં સ્નેહનું બંધન ઘણું મજબૂત છે. જો એકાદ અંગ બંધનમાં હોય તો વ્યક્તિ છૂટી શકે છે પરંતુ સ્નેહબંધનથી બંધાયેલા જીવ જરાપણ છૂટી શકતો નથી.

લક્ષ્મણને રામ પ્રત્યે ખૂબ જ પ્રેમ છે, રામને જોયા વિના લક્ષ્મણને તૃપ્તિ નથી, તે પોતાનાં પ્રાણથી પણ વધારે રામને ચાહે છે, તેથી આવા ભાઈને છોડીને રામ કેવી રીતે વૈરાગ્ય પ્રાપ્ત કરી શકે ?

આ સાંભળીને સભામાં ઉપસ્થિત રત્નચૂલ અને મૃગચૂલ નામનાં દેવોએ વિચાર્યું કે ચાલો, આપણે ત્યાં જઈને એ બંનેની પરીક્ષા લઈએ. જોઈએ કે જે ભાઈ રામ વિના એક દિવસ પણ જુદો રહી શકતો નથી, તે રામનાં મૃત્યુનાં સમાચાર સાંભળીને શું કરે છે ? શોકાતુર નારાયણની કેવી દશા થાય છે ? એમ વિચારીને બંને અયોધ્યા આવ્યા તથા વિક્રિયા કરીને સમસ્ત અંત:પુરની સ્ત્રીઓ પાસે બનાવટી રોકકળ કરાવી તથા વિક્રિયા દ્વારા બતાવ્યું કે સમસ્ત દ્વારપાળ, મંત્રી, પુરોહિત નીચું મોં કરીને લક્ષ્મણ પાસે આવ્યા અને તેમણે રામનાં મૃત્યુનાં સમાચાર સંભળાવ્યા જે સાંભળીને લક્ષ્મણે 'હા' કહી તથા

પ્રાણ છોડી દીધા. આ જોઈને બંને દેવ ગભરાઈ ગયા. લક્ષ્મણને જીવાડવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ જેનુ મૃત્યુ જે નિમિત્તથી થવાનુ હોય છે તે પ્રમાણે જ થાય છે – એમ પોતાને હૈયાઘારણ આપીને તેઓ પોતાનાં સ્થાને પાછાં ફર્યા.

જ્યારે આ વાત રાણીઓને મળી ત્યારે રાણીઓએ વિચાર્યું કે તેમનાં પતિએ તેમનાથી નારાજ થઈને આ બધું દૈવી માયાથી કર્યું છે. તેથી તેઓ બધા તેમને જુદી જુદી રીતે કોઈ વાત પર મનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ઘણા સમય સુધી પણ લક્ષ્મણ એમને એમ જ રહ્યાં તો તેમને શંકા ઊભી થઈ.

પ્રતિહારી પાસે આ બધા સમાચાર સાંભળીને રામ પણ પોતાનાં બધા મંત્રીઓ સાથે ત્યાં આવ્યા. જો કે તેઓ લક્ષ્મણમાં મૃત વ્યક્તિનાં બધાં જ ચિહન જોઈ રહ્યાં હતા, પણ મોહવશ તેને જીવતાં જ માની રહ્યા હતા. પીળું મુખ, શિથિલ શરીર તથા સમસ્ત ચેષ્ટાઓ વિનાનાં લક્ષ્મણને જોઈને તેઓ કહેતાં હતાં કે તને કોઈ ઘા પણ નથી લાગ્યો તો આ પ્રમાણે કેમ અચેત પડી રહ્યો છે, કેમ ઊઠતો નથી ? ઊઠ, આંખો ખોલ. જો, તારી આ દશા જોઈને બધા લોકો કેટલાં આકુળ – વ્યાકુળ થઈ રહ્યા છે ? આમ તો તું ક્યારેય નારાજ નથી થતો અને આજે અમને બધાને હેરાન કરવા માટે તૈયાર થયો છે ? અરે ભાઈ ! તું જે કહીશ તે કરવા તૈયાર છું, હવે વાર ન કર. દુનિયાને ખાલી ફોગટનો તમાશો ન બતાવ. ઊઠ, જલ્દી ઊઠ. એમ જુદી જુદી રીતે ઉઠાડવાનાં પ્રયાસ કર્યા. તેમણે ખૂબ જ જલ્દી કુશળ વૈદ્યોને પણ બોલાવ્યા.

જ્યારે તેમણે યોગ્ય તપાસ કર્યા પછી તેમને મૃતક જાહેર કર્યા તો રામ બેહોશ થઈ ગયા. અંત:પુરમાં દુ:ખની લાગણી ફેલાઈ ગઈ.

જ્યારે લવ – કુશ વિદ્યાધરોથી પણ ન જીતી શકાય એવા વાસુદેવને ક્ષણભરમાં કાળનો કોળિયો બનતાં જોયું તો તરત જ વિનશ્વર રાજસંપત્તિનો ત્યાગ કરીને મહેન્દ્ર ઉદ્યાનમાં જઈને અમૃતેશ્વર મુનિરાજ પાસે દીક્ષા લઈ લીધી.

રામને તો કોઈ વાતની ચિંતા જ ન હતી, તેઓ તો લક્ષ્મણનાં શરીરની સાથે જ રહેતા. તેને રામ એક ક્ષણ પણ ન છોડતાં. તેનાં શરીરથી જુદા જુદા પ્રકારની વાતો કરતા. અને ગુસ્સો કરીને કહેતાં – આજ સુધી તેં ક્યારેય મારી

આજ્ઞા ભંગ નથી કરી અને આજે તું મારી વાત કેમ નથી સાંભળતો ? મારી સાથે વાત કેમ કરતો નથી ? જલ્દી ઊઠ, મારાં પુત્ર વનમાં ગયા, હજી દૂર નહીં ગયા હોય. ચાલ, તેમને પાછાં લઈ આવીએ. અરે, કેમ ઊઠતો નથી ? ચાલ, ઊઠ. હવે જિનદર્શન કરવા જવાનું છે. હવે મુનિઓનાં આહારનો સમય છે – આ પ્રમાણે દરરોજ દિનચર્યાની વાતો કરતાં રહ્યાં. રાતે પોતાની પાસે જ સુવડાવતાં અને ઊઠીને ફરીથી જૂની વાતો યાદ કરાવતાં તથા જુદી જુદી રીતે વિલાપ કરતાં.

આ બધાં સમાચાર સાંભળીને વિભીષણ, વિરાધિત, સુગ્રીવ આદિ બધા પોતાનાં પરિવાર સાથે જલ્દી અયોધ્યા આવ્યા તથા રામને નમસ્કાર કરીને રામને ધીરેથી વિનયપૂર્વક કહ્યું કે આપ તો જિનવાણીનાં જ્ઞાતા છો. સંસારનું સ્વરૂપ જાણો છો, તેથી આપે શોક ન કરવો જોઈએ. વિભીષણે કહ્યું કે આ તો અનાદિકાળથી ચાલ્યું આવે છે કે જે જન્મે છે તે મરે છે, આ શરીર વિનાશી છે તેથી શોક કરવો વ્યર્થ છે. માટે આપણે આત્મકલ્યાણનો ઉપાય કરવો જોઈએ.

આ પ્રમાણે અનેક યુક્તિઓથી તેમને સમજાવતાં રહ્યાં પરંતુ રામ પર તેની કોઈ જ અસર ન થઈ. તેઓ લક્ષ્મણના મરેલાં શરીરને છોડવા તૈયાર જ ન હતાં તથા તેનાં અગ્નિસંસ્કાર પણ કરવા દેતાં ન હતાં જે અગ્નિસંસ્કારની વાત કરતું તેની પર ગુસ્સે થઈ જતાં, તેને પોતાનો શત્રુ માનતાં. લક્ષ્મણનાં શબને પોતાનાં ખભે ઊઠાવીને ચાલતાં, કોઈની પર પણ વિશ્વાસ ન કરતાં. પોતે જ નવડાવતાં, તૈયાર કરતાં, દૂધ પીવડાવવાની તથા ભોજન કરાવવાની પણ કોશિષ કરતાં.

જ્યારે આ વાત આખાં રાજ્યમાં ફેલાઈ ગઈ કે લક્ષ્મણ મૃત્યુ પામ્યા, લવ – કુશ મુનિ બની ગયા અને રામની દશા પાગલ જેવી બની ગઈ છે. ત્યારે બધાં દુશ્મનો ફરીથી પોતાનું માથું ઊંચકવા લાગ્યા. ખરદૂષણનો મોટો પુત્ર શંબૂકનો ભાઈ સુંદનાં પુત્ર ચારુરત્ને ઇન્દ્રજીતનાં પુત્ર વર્ણમાલીની પાસે આવીને કહ્યું કે અમારા પિતા તથા દાદા બંનેને લક્ષ્મણે માર્યા છે, અમારી પાતાલલંકા છીનવી લીધી તેથી રઘુવંશી આપણા શત્રુ છે, હજી તો લક્ષ્મણને મર્યે ૧૧

પખવાડિયા થયા છે, ૧૨મું પખવાડિયું ચાલુ થયું છે. રામ પાગલ જેવા થઈ ગયા છે. ભાઈના મરેલાં શરીરને ખભા પર મૂકીને ફરે છે. હજી તેઓ શસ્ત્ર ઉઠાવવામાં સમર્થ નથી. તેથી અત્યારે અયોધ્યા પર આક્રમણ કરવાનો સુંદર મોકો છે. આ પ્રમાણે ઇંદ્રજીતનો પુત્ર તથા સુંદનો પુત્ર ભેગાં મળીને રણભેરી વગાડાવી. તથા અયોધ્યા તરફ કૂચ કરી. આ સાંભળીને સુગ્રીવ આદિ બધા આધીન રાજાઓ રામ પાસે ગયા. આ સાંભળીને રામ લક્ષ્મણને ખભા પર લઈને જ લડવા નીકળી પડ્યા.

આ વખતે કૃતાંતવક્ર તથા જટાયુના જીવ (જે સ્વર્ગમાં દેવ થયા હતા) નું આસન કંપાયમાન થયું, અવધિજ્ઞાન જોડતાં ખબર પડી કે શત્રુ દ્વારા રામ પર આપત્તિ આવી છે. તેથી તે ખૂબ ગુસ્સે ભરાયા. આ જોઈને કૃતાંતવક્રનો જીવે તેમનાં ગુસ્સાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે જ્યારે હું જટાયુ હતો ત્યારે રામે મને પોતાનાં પુત્રની જેમ પાળ્યો તથા જિનધર્મનો ઉપદેશ આપ્યો, મરતી વખતે ણમોકારમંત્ર સંભળાવ્યો, જેને લીધે હું દેવ થયો. હજી પણ તેઓ પોતાનાં ભાઈનાં મૃત્યુનાં શોકમાં સંતપ્ત છે, દુશ્મનોનું સૈન્ય તેમની પર આક્રમણ કરી રહ્યું છે ત્યારે કૃતાંતવક્રનાં જીવે અવધિજ્ઞાન જોડીને કહ્યું કે હે મિત્ર ! પહેલાંના ભવમાં તેઓ મારાં સ્વામી હતાં. હું તેમનો સેનાપતિ હતો. જ્યારે મેં મુનિવ્રત લીધું તો તેમણે મને કહેલું કે આપત્તિમાં મારી મદદ કરજો. તેથી ચાલો, હું પણ તમારી સાથે જ આવું છું. ચોથા સ્વર્ગથી તેઓ બંને દેવ અયોધ્યા આવ્યા.

કૃતાંતવક્રનાં જીવે જટાયુનાં જીવને કહ્યું કે તમે શત્રુસેના તરફ જાઓ અને તેમની બુદ્ધિ બીજે વાળો તથા હું રઘુનાથ (રામ) ની પાસે જાઉં છું. ત્યારે જટાયુનાં જીવે શત્રુસેનાને મોહિત કરી તથા માયાથી એવું બતાવ્યું કે અયોધ્યાની આગળ અને પાછળ દુર્ગમ પહાડ છે, અયોધ્યા યોધ્ધાઓથી ભરેલી પડી છે. કિલ્લો આકાશને અડે છે, અયોધ્યાની અંદર અને બહાર વિદ્યાધર પડ્યા છે. તેઓ શત્રુથી જીતી શકાતા નથી, અજેય છે. આ બધું જોઈને પોતાનો જીવ બચાવવા માટે શત્રુસેનામાં દોડભાગ મચી ગઈ. તેમને ભાગવાનો રસ્તો જ દેખાતો ન હતો ત્યારે દેવે પોતાની વિક્રિયા દ્વારા દક્ષિણદિશામાં ભાગવાનો રસ્તો બનાવ્યો.

થોડે દૂર જઈને ઇંદ્રજીતનાં પુત્રે વિચાર્યું કે હવે અમે વિભીષણને શું જવાબ આપીશું ? રાજ્યમાં શું મોં બતાવશું ? એમ વિચારીને શરમથી સુંદના પુત્ર અને ઇંદ્રજીતનાં પુત્રએ રતિવેગ નામનાં મુનિની પાસે દીક્ષા લઈ લીધી. ત્યારે જટાયુ નો જીવ જે દેવ પર્યાયમાં હતો તેણે મુનિઓનાં દર્શન કરીને પોતાનો સમસ્ત વૃતાંત કહ્યો તથા માફી માંગીને અયોધ્યા પાછા ફર્યા.

અયોધ્યા આવીને તેમણે રામને લક્ષ્મણનાં વિયોગમાં બાળકો જેવી ચેષ્ટા કરતાં જોયાં.

તેમને સમજાવવા માટે કૃતાંતવક્રનાં જીવે સૂકાયેલાં વૃક્ષને પાણી સીંચવા માંડયું. જટાયુનાં જીવે પણ મરેલા બળદો પર હળ મૂકીને શિલાની ઉપર બીજ વાવવાનો પ્રયત્ન કર્યો. કેટલોક સમય વીત્યા પછી કૃતાંતવક્રનો જીવ પાણીથી ભરેલા ઘડાને વલોવવા લાગ્યાં અને જટાયુનો જીવ રેતીને ઘાણીમાં પીલવા લાગ્યો.

આ પ્રમાણે અનેક પ્રકારનાં નિરર્થક કાર્ય તે બંને દેવોએ રામની સામે કર્યા. આ જોઈને રામે તે બંનેને વારાફરતી કહ્યું કે તમે તો ઘણાં મૂરખ છો. સૂકાવૃક્ષમાં પાણી સીંચવાથી શું લાભ ? અને તમને એટલી પણ ખબર નથી કે મરેલા બળદોથી ખેતી થાય ? આ પ્રમાણે શિલા પર બીજ વાવવાથી શું થાય ? અને રેતીને પીલવાથી શું તેલ નીકળે ? ખરેખર, આ બધાં કાર્ય વ્યર્થ છે, નિષ્ફળ છે.

ત્યારે તે બંને બોલ્યાં કે તમે પણ ભાઈનાં મરેલાં શરીરને લઈને ફરો છો એનાથી શું ફાયદો ? આ સાંભળીને લક્ષ્મણનાં શરીરને ગાઢ આલિંગન કરીને રામે ગુસ્સે થઈને કહ્યું કે તમે ભાઈ વિષે આવા અયોગ્ય વચન શા માટે કહો છો ? આ પ્રમાણે કૃતાંતવક્રનાં જીવ તથા રામ વચ્ચે આ વાત ચાલી જ રહી હતી કે જટાયુનો જીવ એક મડદાને માથા પર લઈને આવ્યો ત્યારે રામે કહ્યું – મડદાને માથાં પર રાખીને કેમ ફરો છો ? ત્યારે જટાયુનો જીવ બોલ્યો કે તમે તો પ્રવીણ છો ; તમે કેમ અચેતન લક્ષ્મણનાં શરીરને લઈને ફરો છો ? **પોતાનો આવડો મોટો દોષ દેખાતો નથી અને બીજાનો નાનો અમથો દોષ પણ નજરે પડે છે.** આપણે બંને એકસરખાં જ છીએ, તેથી મને તમારી પર વધારે

પ્રેમ ઊભરાય છે. ફાલતુ કામ કરવાવાળાઓમાં તમે મુખ્ય છો. અમે પાગલ છીએ તો તમે પાગલોનાં સરદાર છો. તેથી જ તમારી પાસે આવ્યા છીએ.

આ પ્રમાણે એ બંને દેવમિત્રોનાં વચન સાંભળીને રામનો મોહ (અજ્ઞાન) તૂટ્યો. તેમને તત્વજ્ઞાન મળ્યું, તેઓ મનમાં વિચારે છે કે મનુષ્યનું જીવન તો ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે. ચતુર્ગતિ સંસારમાં ભ્રમણ કરતાં-કરતાં મેં અત્યંત કઠિનાઈથી મનુષ્યભવ પ્રાપ્ત કર્યો છે તથા મોહવશ વ્યર્થ જ ગુમાવ્યો છે. આ સંસારમાં ભાઈ, પુત્ર, સ્ત્રી આદિ તો ક્ષણમાત્રમાં છૂટી જવાનાં છે.

રામને વાત સમજાઈ છે એમ ખ્યાલ આવતાં બંને દેવોએ માયા દૂર કરી પોતાનું અસલીરૂપ પ્રગટ કર્યું અને લોકોને આશ્ચર્ય પમાડે તેવી અદભુત વિભૂતિ બતાવવા લાગ્યા. પછી રામને કહ્યું – આપે આટલો સમય રાજ્ય કર્યું, સુખ મેળવ્યું ત્યારે રામ બોલ્યા – રાજયમાં શેનું સુખ ? અહીં તો અનંતવ્યાધિ છે જે છોડીને જેઓ મુનિ થયાં તે અત્યંત સુખી છે. પણ એ તો બતાવો કે આપ કોણ છે ? અને મારા પર શા માટે આવો પરમ ઉપકાર કર્યો છે ? ત્યાર બંનેએ કહ્યું કે હું જટાયુનો જીવ છું તે તમારા દ્વારા અપાયેલ ણમોકાર મંત્રથી ૪ થા સ્વર્ગમાં દેવ થયો અને આ આપનાં સેનાપતિ કૃતાંતવક્રનો જીવ છે.

રામે કહ્યું – તમે બંને મારાં પરમ મિત્ર છો, તમારે મને સંબોધન કરવું યોગ્ય જ હતું.

એ પછી તેમણે સરયૂ નદીને કિનારે લક્ષ્મણની દાહક્રિયા કરી તથા શત્રુઘ્નને રાજતિલક કરીને કહ્યું કે હું તો મુનિવ્રત ધારણ કરીને સિધ્ધપદ પ્રાપ્ત કરવા ઈચ્છું છું. તમે આ રાજ્યને સંભાળો. ત્યારે શત્રુઘ્ને કહ્યું – હું પણ ભોગોનો લોભી નથી. હું તો તમારી સાથે જ મુનિવ્રત ધારણ કરીને સિધ્ધપદ પ્રાપ્ત કરવા માંગુ છું. ત્યારે રામે અને અનંગ લવણનાં પુત્ર અનંત લવણને રાજ્ય આપ્યું તથા દીક્ષા માટે નીકળી પડ્યા. રામની સાથે જ વિભીષણ, સુગ્રીવ વગેરેએ પોતપોતાનું રાજ્ય પોતપોતાનાં પુત્રોને સોંપીને દીક્ષા લઈ લીધી.

જ્યારે રામચંદ્રજીએ ચારણઋદ્ધિધારી મહાવ્રતી સુવ્રતમુનિરાજ પાસે જઈને જિનદીક્ષા લીધી ત્યારે દેવોએ પંચાશ્ચર્ય કર્યા. કૃતાંતવક્ર તથા જટાયુનાં જીવે પણ પરમ ઉત્સવ કર્યો.

રામને આધીન અન્ય વિદ્યાધર, ભૂમિગોચરી બધા રાજા મનમાં વિચારે છે કે જ્યારે પૃથ્વીપતિ રામ પૃથ્વીને છોડીને મુનિ થયા તો અમારી પાસે તો એવો કંઈજ પરિગ્રહ નથી જેના લોભમાં અમે ઘરમાં રહીએ – આ પ્રમાણે રામની સાથે સાથે ૧૬ હજાર રાજાઓથી વધારે રાજાઓ મુનિ થયા અને ૨૮ હજાર રાણીઓ આર્યિકા થઈ.

# એકવીસમો દિવસ

કેટલાક દિવસ પછી રામ ગુરુની આજ્ઞાથી એકલવિહારી થયા તથા સઘનવનમાં ધ્યાન કરતાં કરતાં અવધિજ્ઞાનને પ્રાપ્ત થયા, જેનાથી તેમને પરમાણુ – જેવું સૂક્ષ્મ પુદગલ પણ દેખાવા લાગ્યું. લક્ષ્મણનાં પણ અનેક ભવ દેખાયા પરંતુ મોહ તૂટી જવાથી હવે તેમને રાગ ન ઊપજયો. તેઓ વિચારતા હતાં કે જેમણે ૧૦૦ વર્ષ કુમાર અવસ્થામાં, ૩૦૦ વર્ષ મંડલેશ્વર અવસ્થામાં તથા ૪૦ વર્ષ દિગ્વિજયમાં વ્યતીત કર્યા, જેમણે ૧૧,૫૦૮ વર્ષ સુધી સામ્રાજય પદનું સેવન કર્યું તથા ૧૨,૦૦૦ વર્ષમાં ૨૫ વર્ષ ઓછા – એટલો સમય ભોગાવસ્થામાં વ્યતીત કર્યો – એ લક્ષ્મણ પણ છેવટે ભોગથી તૃપ્ત ન થવાથી નીચે (નરકે) જ ગયા.

એક દિવસ તે મહામુનિ રામ પંચોપવાસની પ્રતિજ્ઞા પછી ઈર્યાસમિતિનાં પાલનપૂર્વક નંદસ્થલી નામની નગરીમાં પારણા માટે ગયા. નગરમાં નર – નારી મનમાં વિચારતા હતા કે એ મહા ભાગ્યવાન હશે જેનાં ઘરમાં આ મહામુનિ આહાર લેશે તથા બધા તેમને પોતાના ઘરમાં આહાર કરાવવા માટે ઉત્સુક થઈ ગયા.

નગરમાં મુનિરાજને જોઈને રાજાને આહારદાનનો વિકલ્પ આવ્યો પરંતુ રાજા આહારદાનની વિધિ જાણતાં ન હતાં. તેથી તેણે પોતાનાં મંત્રીઓને મુનિરાજને લઈ આવવા માટે કહ્યું. મંત્રીગણ પણ આહારવિધિ જાણતાં ન હતાં. તેથી પ્રજાને આહાર આપવાની ના કીધી અને રામ મહામુનિને પોતાની સાથે આવવા માટે કહ્યું. રામ અંતરાય જાણીને વનમાં પાછાં ફર્યા અને કાયોત્સર્ગ ધારણ કર્યો.

મુનિરાજ આહાર કર્યા વિના પાછાં ફર્યા તેથી બધા દુ:ખી થયા. ફરીથી રામે પાંચ ઉપવાસ કર્યા તથા તેમણે મનમાં નિયમ લીધો કે વનમાં કોઈ શ્રાવક શુદ્ધ આહાર આપે તો લેવો, નગરમાં જવું જ નહીં.

એ જ દિવસે પ્રતિનંદ નામનાં રાજાને દુષ્ટ ઘોડો લઈને ભાગી ગયો, ત્યારે તેઓ વનમાં સરોવરમાં ફસાઈ ગયા. રાજાને નજરથી દૂર થયેલા જાણીને

રાણી પણ બીજા ઘોડા પર ચઢીને રાજાની પાછળ ગઈ તથા થોડી જ વારમાં રાણી રાજા પાસે પહોંચી ગઈ. તેઓ બંને પરસ્પર વાતો જ કરી રહ્યાં હતા કે રામ મુનિરાજ આહાર ચર્યા માટે પહોંચ્યા. રાજા – રાણીએ નવધાભક્તિ પૂર્વક આહાર કરાવ્યો, રામ મુનિરાજનો નિરંતરાય આહાર થયો. ત્યારે પંચાશ્ચર્ય થયા તથા મુનિરાજ શ્રીરામ અક્ષીણ મહાઋદ્ધિનાં ધારક હતાં તેથી તે દિવસે રસોઈનું અન્ન અખૂટ રહ્યું.

એ પછી રામ સઘનવનમાં ધ્યાન કરવા લાગ્યા જેનાથી તેમને અનેક ઋદ્ધિઓ ઉપજી. પરંતુ ધ્યાનમગ્ન તેમને ઋદ્ધિઓની કંઈ જ ખબર ન હતી. તેમનાં તપનાં પ્રભાવથી વનમાં જંગલી જાનવરોનાં પરિણામ શાંત થઈ ગયા. જીવોનો જાતિગત વિરોધ મટી ગયો. તેઓ મુનિરાજ રામનું શાંતસ્વરૂપ જોઈને શાંત થઈ ગયા. આ પ્રમાણે તપ કરતાં-કરતાં, વિહાર કરતાં-કરતાં તેઓ કોટિશિલા પર પહોંચ્યા અને ત્યાં ધ્યાન લગાવીને બેઠા.

સીતાનો જીવ કે જે પ્રતીન્દ્ર બન્યો હતો તેણે અવધિજ્ઞાન લગાવીને જ્યારે એ જાણ્યું કે મારા પૂર્વભવનાં પતિ રામ કર્મોને નષ્ટ કરવા માટે ઉદ્યમી થયા છે. ત્યારે પૂર્વભવનાં રાગવશ તે એમ વિચારે છે કે હું મારી દેવમાયા દ્વારા કંઈક એવું કરું કે એમનું મન ડગી જાય અને તેઓ શુકલધ્યાનથી ચ્યુત થઈને શુભોપયોગમાં આવી જાય, જેથી એ પણ મારી સાથે સ્વર્ગમાં દેવ બને ૨૨ સાગર સુધી અમે બંને સાથે સાથે રહીએ અને બંને સાથે મળીને લક્ષ્મણનું ધ્યાન રાખીએ.

આમ વિચારીને સીતાનો જીવ પ્રતીન્દ્ર અન્ય દેવોની સાથે જ્યાં રામ ધ્યાનારૂઢ હતાં ત્યાં આવ્યો અને રામને ધ્યાનથી ડગાવવા માટે દેવમાયા રચી. વનમાં વસંતઋતુ પ્રગટ કરી, જુદાં જુદાં પુષ્પ ખીલવ્યાં, સુગંધિત વાયુ ચાલવા લાગી. ઈચ્છાનુસાર રૂપ બદલનાર તે પ્રતીન્દ્ર સ્વયં સીતાનું રૂપ લઈને રામની પાસે આવ્યો. રામને અનેક પ્રકારનાં પ્રેમભર્યા વચન કહ્યાં કે મેં વગર વિચાર્યે તમારી આજ્ઞા વિના દીક્ષા લઈ લીધી. પછી તપસ્વિની બનીને જ્યાં–ત્યાં વિહાર કરવા લાગી. ત્યારે વિદ્યાધરોની ઉત્તમ કન્યાઓ મને ઉપાડીને લઈ ગઈ. મને જુદી-જુદી રીતે સમજાવા લાગી કે આવી અવસ્થામાં દીક્ષા લેવી વ્યર્થ છે. આ

દીક્ષા તો અત્યંત વૃદ્ધ સ્ત્રીઓને જ શોભે છે. અમે બધા તમને આગળ રાખીને ચાલીએ છીએ જેથી તમારા આશ્રયથી બળદેવની સાથે વિવાહ કરીશું.

આ પ્રમાણે સીતાનાં જીવ પ્રતીન્દ્રએ ઘણાં પ્રકારે માયાજાળ રચી પરંતુ રામને ધ્યાનથી ડગાવવા માટે કોઈ જ સમર્થ ન થયું. શ્રી રામચંદ્રજીને શુકલધ્યાનની અવસ્થામાં માહ સુદ બારસની રાત્રિનાં પાછલા પ્રહરમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

મુનિરાજ રામને કેવલજ્ઞાન થતાં જ દેવોનાં આસન કંપાયમાન થઈ ગયા. અવધિજ્ઞાનથી રામને કેવલજ્ઞાન થયું જાણીને દેવોએ આવીને ગંધકુટીની રચના કરી તથા કેવલજ્ઞાની રામની દિવ્યધ્વનિ ખરી.

સીતાનાં જીવ પ્રતીન્દ્રે કેવલીની પૂજા કરી, ત્રણ પ્રદક્ષિણા કરીને વારંવાર ક્ષમાયાચના કરી ત્યારબાદ દિવ્યધ્વનિ સાંભળી. જ્યારે શ્રીરામ કેવલીએ વિહાર કર્યો ત્યારે દેવ પણ વિહાર કરી ગયા.

એ પછી લક્ષ્મણને સંબોધન કરવાની ઈચ્છાથી સીતાનો જીવ ત્રીજી નરકમાં ગયો. ત્યાં તેમણે જોયું કે લક્ષ્મણ દ્વારા મરાયેલ ખરદૂષણનો પુત્ર શંબૂક અસુરકુમાર દેવનાં રૂપમાં એકબીજા નારકીઓને લડાવવા માટે પ્રેરિત કરી રહ્યો હતો. લક્ષ્મણ તથા દશાનન આદિનાં જીવ એકબીજા પર પ્રહાર કરી રહ્યાં હતા. નારકીઓનાં દુ:ખ જોઈને સીતાનાં જીવને દયા આવી અને તેણે અસુરકુમાર જાતિનાં દેવોને ધમકાવ્યા. સીતાનાં જીવનો જોરદાર અવાજ સાંભળીને નારકી ડરીને ભાગવા લાગ્યા. ત્યારે સીતાનાં જીવે તેમને આશ્વાસન આપ્યું. તથા સમજાવતાં કહ્યું કે તમે ડરો નહીં. હમણાં જ તમને બધાને મારી સાથે લઈ જઉં છું. એમ કહીને જેવા પ્રતીન્દ્રે તેમને ઉઠાવવાનો પ્રયત્ન કર્યો, તેનાં શરીરનાં પરમાણુ પારાની જેમ વિખરાઈ ગયા. ત્યારે નારકીઓએ કહ્યું કે અમે જે પૂર્વમાં ખોટાં કર્મ કર્યા છે તેનું ફળ અમારે ભોગવવું જ પડશે. તેથી હવે તમે જ અમને આ દુ:ખથી છૂટવાનો ઉપાય બતાવો.

પ્રતીન્દ્રે કહ્યું – **'દુ:ખથી છૂટવાનો એકમાત્ર ઉપાય પોતાનાં આત્માને જાણવું – ઓળખવું તે જ છે, તેમાં જ જમવું – રમવું તે છે. જ્યારે આ જીવ સ્વ – પર ભેદવિજ્ઞાન દ્વારા પોતાના આત્મામાં લીન થઈ જાય છે**

**ત્યારે તે સંસાર દુઃખનાં હેતુભૂત મિથ્યાત્વનો નાશ કરીને સમ્યકત્વને પ્રાપ્ત કરે છે. જેમજેમ જીવની સ્વાનુભવની દશામાં વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તેનો સંસાર ઘટતો જાય છે અને જો જીવ એક અંતર્મુહૂર્ત આત્મલીનતાની દશામાં ટકી જાય તો હમેશને માટે સંપૂર્ણ દુઃખોથી છૂટી જાય છે.**

તેથી તમે આ દેહદેવાલયલાં બિરાજમાન દેહથી ભિન્ન નિજ ભગવાન આત્માને જાણો, તેને જ પોતાનો માનો તથા તેમાં જ જામી જાઓ, સમાઈ જાઓ, સુખી હોવાનો એકમાત્ર આ જ ઉપાય છે.

આ નરકપર્યાયમાં પણ આત્માને જાણવા ઓળખવાનું કાર્ય થઈ શકે છે. જો કે આત્મામાં જામવું – રમવું આ પ્રતિકૂળ વાતાવરણમાં દુષ્કર અવશ્ય છે પરંતુ અસાધ્ય નથી.

લક્ષ્મણ અને દશાનનનાં જીવે પૂછ્યું કે આપ કોણ છો ? ત્યારે તે પ્રતીન્દ્ર બોલ્યો – હું સીતાનો જીવ તપનાં પ્રભાવથી સોળમાં સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયો છું, તમે વિષયવાસનામાં ફસાઈને અહીં આવી પડ્યા.

દશાનનનાં જીવે પૂછ્યું – અત્યારે રામ ક્યાં છે ?

પ્રતીન્દ્રે કહ્યું – રામે દીક્ષા લઈને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. તથા અત્યારે ભરતક્ષેત્રમાં તેઓનો ધર્મોપદેશ થઈ રહ્યો છે. હવે હું પણ તેમનો ઉપદેશ સાંભળવા જઈ રહ્યો છું.

આટલું કહીને પ્રતીન્દ્ર ત્યાંથી વિદાય થયા અને શ્રીરામ કેવલીની દિવ્યધ્વનિ સાંભળવા પહોંચી ગયા.

રામનાં તત્વોપદેશ સાંભળ્યા પછી પ્રતીન્દ્રે પૂછ્યું કે હે નાથ ! અત્યારે દશરથ વગેરે કયાં છે ? લવ – કુશ ક્યાં જશે ? ભામંડલની કઈ ગતિ થઈ ?

ત્યારે શ્રીરામ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે દશરથ, કૌશલ્યા, સુમિત્રા તથા સુપ્રભા તેમજ જનક અને કનક બધાં જ તપનાં પ્રભાવથી ૧૩મા સ્વર્ગે ગયા છે, તેઓ બધાં સરખી ઋદ્ધિનાં ધારક દેવ છે. લવ – કુશ આ જન્મમાં જ મોક્ષે જશે તથા તારો ભાઈ ભામંડલ પોતાની રાણી સુંદરમાલિની સહિત દેવકુરુ ભોગભૂમિમાં ગયો છે.

ત્યારે પ્રતીન્દ્રે પૂછ્યું કે મારાં, દશાનનનાં તથા લક્ષ્મણનાં હવે કેટલાં ભવ બાકી છે ?

કેવલીની દિવ્યધ્વનિમાં આવ્યું કે દશાનન તથા લક્ષ્મણ પહેલાં તો ભાઈ – ભાઈ થશે, પછી અનેક ભવ પછી તેઓ ૭મા સ્વર્ગમાં જશે. પછી તું જ્યારે ૧૬મા સ્વર્ગથી નીકળીને ભરતક્ષેત્રમાં રત્નસ્થલપુર નામનાં નગરમાં ચક્રરથ નામનો ચક્રવર્તી થઈશ ત્યારે તેઓ ૭મા સ્વર્ગથી નીકળીને તારો જ પુત્ર થશે.

ત્યાં દશાનનનાં જીવનું નામ ઇન્દ્રરથ અને લક્ષ્મણના જીવનું નામ મેઘરથ હશે.

ઇન્દ્રરથ અનેક શ્રેષ્ઠ ભવ ધારણ કરીને તીર્થંકર થશે ત્યારે તું ચક્રવર્તી પદ છોડીને મુનિપદ ધારણ કરીને પંચોત્તરમાં અહમિંદ્ર થઈશ તથા ત્યાંથી નીકળીને દશાનનનો જીવ તો તીર્થંકર થશે, અને તું તેનો પ્રથમ ગણધર થઈને મુક્તિ પ્રાપ્ત કરીશ. લક્ષ્મણનો જીવ વિદેહક્ષેત્રનાં શતપત્ર નગરમાં ચક્રવર્તી પદ ત્યાગીને મુનિપદ ધારણ કરીને તીર્થંકર થશે.

વાર્તા પૂરી કરતાં ગુરુજીએ કહ્યું – **જેવી રીતે સમુદ્ર અસીમ છે, તેની સીમા મર્યાદિત કરી શકાતી નથી, તેવી જ રીતે કેવલીનાં ગુણ પણ અસીમ હોય છે, તેને શબ્દોની સીમામાં બાંધી શકાતાં નથી. પોતાનાં અલ્પજ્ઞાન દ્વારા તેઓનાં પૂર્ણજ્ઞાનને શબ્દોની સીમામાં બાંધવું શક્ય જ નથી.**

કેવલી રામની કુલ આયુ ૧૭૦૦૦ વર્ષ હતી. આ દેહમાં રહેવાનો સમય હવે માત્ર ૭ વર્ષ રહી ગયો ત્યારે એ ૭ વર્ષમાં તેમનો નિરંતર ઉપદેશ થતો રહ્યો. ત્યારબાદ તેઓ ૮ કર્મોનો નાશ કરીને દેહનો ત્યાગ કરીને આવ્યાબાધ સુખમય સિધ્ધદશા ને પ્રાપ્ત કરીને લોકનાં અગ્રભાગમાં બિરાજમાન થઈ ગયા.

એટલું કહીને જ્યાં ગુરુદેવની ગંભીર વાણીએ વિરામ લીધો ત્યાં જ એક શ્રોતા બોલી ઊઠ્યો – 'પછી'....

'પછી શું, હવે તે રામ સિધ્ધ અવસ્થામાં અનંતકાળ સુધી અનંતસુખનો ઉપભોગ કરતાં રહેશે તથા હવે અહીં આ રામકહાની સમાપ્ત

થાય છે.

જો તમે ઈચ્છો તો રામનાં પવિત્ર જીવનમાંથી શિખામણ લઈને સ્વયં પણ રામની જેમ જ ભગવાન બની શકો છો, અનંત સુખી થઈ શકો છો.'

જય જીનેન્દ્ર.